THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

नमोऽर्हत् सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ।

श्री वीतरागाय नमो नमः

# શ્રી જૈનધર્મ અને સ્યાદ્વાદ

યાને

# ત્રિકાળાબાધિત-સાપેક્ષ-સત્ય

卐

न श्रद्धयैव त्वयि पक्षपातो
न द्वेषमात्रादरुचिः परेषु
यथावदाप्तत्व परीक्षया तु
त्वामेव वीर प्रभुमाश्रिताःस्मः


લેખક-સંયોજક :
સિદ્ધાંત તાત્ત્વિક પંડિત
શાંતિલાલ કેશવલાલ
અમદાવાદ


★

મૂલ્ય-વિનિયોગ


વિક્રમ સંવત-૨૦૩૭ વીર સંવત-૨૫૦૭ સને ૧૯૮૦



श्री ... ज्ञानमन्दिर

પ્રકાશક
શેઠશ્રી પાનાચંદભાઈ ભગુભાઈ,
કાંટાવાળા-સુરત

પ્રાપ્તિસ્થાન
(૧) શેઠશ્રી પાનાચંદભાઈ ભગુભાઈ
મું. પાલીતાણા-સૌરાષ્ટ્ર
કલ્યાણભુવન-ધર્મશાળામાં

*

(૨) શ્રીયુત્ અભયચંદ પ્રેમચંદ લાકડાવાળા
ઠે. ગોપીપુરા-કાયસ્થ મહોલ્લો
સુરત

મુદ્રક
શ્રી જસવંતલાલ ગીરધરલાલ શાહ
શ્રી પાર્શ્વ પ્રિન્ટરી,
દોશીવાડાની પોળ, તંબોળીનો ખાંચો,
અમદાવાદ-૧ (ફોન નં. ૩૮૩૭૦૬)

# પ્રસ્તાવના

**रागद्वेष विजेतारं, ज्ञातारं विश्व वस्तुनः ।**
**शक्रपूज्यं गिरामीशं, तीर्थेशं स्मृतिमानये ॥**

રાગ-દ્વેષરૂપ મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરી, સર્વજ્ઞ અને સર્વદર્શીપણું પ્રાપ્ત કરીને, તીર્થંકર નામકર્મના ઉદયે, ઈંદ્રાદિક દેવોએ રચિત, ત્રણ ગઢવાળા સમોસરણને વિષે બિરાજીને, ભવ્ય જીવોને મોક્ષમાર્ગના પ્રરૂપક અને ધર્મ-તીર્થની સ્થાપના કરનાર, ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીના શાસનના પસાય થકી હું આ પુસ્તિકા લખી શક્યો છું તેમાં મને પુત્રવત્ પ્રેમથી ભણાવનાર પંડિત ભગવાનદાસ હરખચંદનો મુખ્ય ઉપકાર છે. તેમજ ચાલુ સ્વાધ્યાયમાં શુદ્ધિ-વૃદ્ધિમાં સહાયક પંડિત ધીરજલાલ ડાહ્યાભાઈની સહાયતા મુખ્ય છે. તેમ છતાં મેં મારા ક્ષયોપશમાનુસારે આ પુસ્તિકાની રચના કરી છે. તો આમાં જે કાંઈ શાસ્ત્ર વિરૂદ્ધ લખાયું હોય તેને સુધારી વિદ્વદ્-વર્ગ મને ક્ષમા અર્પે એ જ અભ્યર્થના !

શ્રી મહાવીર પરમાત્માએ જણાવ્યું છે કે ધર્માસ્તિ-કાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એ પંચવિધ દ્રવ્યોના ગુણપર્યાયોથી પરિપૂર્ણ આ જગત અનાદિ-અનંત, ઉત્પાદ, વ્યય-ધ્રુવાત્મક ભાવે

સત્ છે. અર્થાત્-કથંચિત્ ઉત્પાદ,-કથંચિત્-વ્યય, તેમજ કથંચિત્-ધ્રુવ, પરિણામે પરિણામી હોઈ રૂપારૂપી તેમજ નિત્યાનિત્યત્વાદિ અનેક સ્વરૂપે સ્યાદ્ સ્વરૂપી છે. આ માટે ત્રિકાલિક નિત્યાનિત્ય સ્વરૂપી આ જગતને યથાર્થ-અવિરૂદ્ધ સ્વરૂપે જાણવા માટે સ્યાદ્-વાદનો આશ્રય કરવો અનિવાર્ય આવશ્યક છે.

ઉપર જણાવેલ દ્રવ્યોના કોઈ પણ ગુણ-પર્યાયને, ત્રિવિધ પરિણામીપણું પ્રત્યક્ષથી તેમજ અનુભવથી અવિરૂદ્ધ હોવા છતાં, જેઓ કોઈ પણ દ્રવ્યના કોઈ પણ ગુણ-પર્યાયને એકાંતે તત્-સ્વરૂપે જ માને છે, તેઓને મિથ્યાભિનિવેષિક જાણવા, આવા અનેક પ્રકારના મિથ્યાભિનિવેષિક જીવો, અનંત કાળથી મોહાંધભાવે સંસારમાં જન્મ-મરણાદિના દુઃખો ભોગવે છે, અને ભોગવતા રહેશે. આ સાથે પૂર્વે અનેક આત્માર્થી-આત્માઓએ આત્માર્થે સર્વજ્ઞ-કથિત ત્રિકાલાબાધિત ભાવોમાં યથાતથ્ય સ્યાત સ્વરૂપે-વિધિ-નિષેધરૂપે પ્રવર્તન કરીને, સર્વ કર્મોનો ક્ષય કરીને જન્મ-મરણરહિત પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે. વર્તમાનમાં પણ તથાવિધ-સ્વરૂપે પ્રાપ્ત કરે છે અને ભવિષ્યમાં પણ તેઓ અવશ્ય પરમાત્મપદને પ્રાપ્ત કરશે એમ જાણવું.

આ પુસ્તિકામાં જણાવ્યા મુજબ અનેકવિધ-મિથ્યાભાવોમાં તેમજ સમ્યગ્ભાવોમાં અનાદિથી પ્રવર્તતા અનેક આત્માઓના શુદ્ધાશુદ્ધ પરિણમનને-યથાર્થ-અવિરૂદ્ધભાવે જાણીને, તથાવિધ હેયોપાદેયતાનો આશ્રય કરનારા વિવેકવંત

આત્મા, પોતાના આત્માને કર્મના બંધનથી છોડાવી–અનંત–અક્ષય સુખને પ્રાપ્ત કરે છે. એમ જાણીને, સુ–દેવ–સુગુરુ અને સુધર્મ સ્વરૂપી નવેપદની કાર્ય–કારણતામાં–પૂજા–ભક્તિના અવષ્ટંભે કરી, સાધ્ય–સાધન ભાવે, અવિરૂદ્ધ–આરાધના કરતો આત્મા અવશ્ય અક્ષય સુખને પ્રાપ્ત કરે છે.

શ્રી જૈન–શાસનને વિષે સામાન્ય–વિશેષ સ્વરૂપથી પ્રવર્તતા શુદ્ધાશુદ્ધ ભાવો પ્રતિ આત્માર્થી આત્માઓને મૈત્રી–પ્રમોદ–કારૂણ્ય અને માધ્યસ્થ, એ ચતુર્વિધ ભાવનાએ યથાયોગ્યપણે પ્રવર્તન કરતાં થકાં, નિઃશંકભાવે આત્મારાધકતા પ્રાપ્ત થાય છે એમ જણાવ્યું છે. અન્યથા–અનેકવિધ કુવિકલ્પકભાવે કરી રાગ–દ્વેષની વૃદ્ધિ થવા થકી, તો અવશ્ય વિરાધકતા પ્રાપ્ત થાય છે એમ જાણવું.

આ માટે આત્માર્થે–આ સૂત્ર સર્વમાન્ય છે કેઃ—

**मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः**

ઉપરના સૂત્રનું વિશેષ સ્પષ્ટીકરણ કરતાં જણાવાયું છે કેઃ—

ક્લેશે વાસિત મન–સંસાર,
ક્લેશ રહિત મન તે ભવ પાર.

ઉપરના ભાષ્યનાં બીજા ચરણનું વિશેષ સ્પષ્ટીકરણ કરતાં જણાવાયું છે કે—

શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકુ દૂર નિવારી, જીવ વરે શિવનારી.

આ પુસ્તિકાના પ્રાથમિક લખાણમાં, મીતાબેન શાંતિલાલ તથા અમિતાબેન બાબુલાલ શાહની સહાયતા મુખ્ય છે, તથા પ્રુફ સુધારવામાં પંડિત રતિલાલ ચીમનલાલ તથા પંડિત હરજીવનદાસ ભાયચંદની યથાયોગ્ય સહાયતા લીધેલી છે.

આ પુસ્તિકા-પ્રકાશનનું તમામ ખરચ સાધ્વીજી શ્રી મનીષાશ્રીજીના સંસારી ભાઈ પાનાચંદભાઈ ભગુભાઈ કાંટાવાળાએ પ. પૂ. મૃગેન્દ્રશ્રીજી સાધ્વીજી મહારાજશ્રી સાથેની જ્ઞાનચર્ચાના પ્રાસંગિક સમયે-અપૂર્વ ભાવોલ્લાસથી, તેમના માતા-પિતા રૂક્ષ્મણીબહેન ભગુભાઈના સ્મરણાર્થે આપી-જ્ઞાન ભક્તિ કરી છે. આ માટે તેઓ સૌનો આભાર માનું છું.

दुःभासियाए भासाए, दुक्कडेण-कम्मुणा
वालमेहं वियाणेज्जा कज्जाकज्ज विणिच्छए

એજ સુજ્ઞેષુ કિં બહુના
લી. સિદ્ધાંત પાક્ષિક પંડિત
**શાંતિલાલ કેશવલાલની**
સબહુમાન વંદના.

# પ્રકાશકીય નિવેદન

જેમના સ્મરણાર્થે આ પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવ્યું છે. તે મારા પિતાશ્રી ભગુભાઈ કસ્તુરભાઈ કાંટા-વાળાનો જન્મ સંવત ૧૯૪૧ છે, અને તેમનો સ્વર્ગવાસ સંવત ૨૦૦૪ની સાલમાં થયો હતો. તેમજ મારા પૂજ્ય માતુશ્રી રૂક્ષ્મણીબહેનનો જન્મ સંવત ૧૯૪૫ છે અને તેમનો સ્વંર્ગવાસ મધ્યમવયમાં ટી. બી.ની માંદગી વડે સંવત ૧૯૮૫માં થયો હતો. તેઓ ધાર્મિક સંસ્કારવાળા હતા. મારા પૂજ્ય પિતાશ્રી ધાર્મિક સંસ્કારો વડે—

(૧) શ્રીવીશા ઓશવાલ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક જ્ઞાતિ (સુરત)ના વર્ષો સુધી સેક્રેટરી પદે હતા.

(૨) રત્નસાગરજી જૈન વિદ્યાશાળાની કમીટીના વર્ષો સુધી સભ્યપદે હતા.

(૩) શ્રી મગનભાઈ પ્રતાપચંદ જૈન લાયબ્રેરીની કમીટીના વર્ષો સુધી સભ્યપદે હતા.

(૪) શ્રી આનંદવર્ધક સભાના સેક્રેટરીપદે હતા.

(૫) જેમની અથાગ મહેનતને લઈને શ્રીમાળી સુરત સંઘમાં લાડુવા દાખલ થયા.

પૂજ્ય માતા-પિતાના ગુણોને સ્મરણમાં લાવી તેમના સ્મરણાર્થે મેં પુસ્તિકા છપાવી છે.

એજ લી.

પાનાચંદ ભગુભાઈ

કાંટાવાળા-સુરત

# પરમ-પૂજ્ય-પ્રાતઃસ્મરણીય મૃગેન્દ્રશ્રીજી મહારાજની જ્વલંત જીવન-જ્યોત

"Now and a again, a genions is born."
મહાન પ્રતિભાઓ કોઈકવાર જન્મ લે છે.

"Lives of greatmen all remind us, we can make our lives Sublime."

મહાન વિભૂતિઓના જીવન ચરિત્રો આપણને પ્રેરણા આપે છે કે આપણે પણ આપણા જીવનને ઉચ્ચ બનાવી શકીએ છીએ.

## તેજસ્વી રત્નનું ઉદ્દીપનઃ—

**રાજનગરની** રૂડી અને રળિયામણી ભૂમિમાં ધર્મ-પરાયણ સુંદર સ્થાનમાં, ધર્મની સીઝન ધમધોકાર ચાલુ હતી યાને ચાતુર્માસના દિવસો પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળમીંઢ પથ્થરોમાં રહેલી હીરાની અમૂલ્ય ખાણમાંથી પ્રથમ જ નીકળેલ અને **નવલગંગાના** નીર વડે વધુ ઓજસ થયેલ એક **કોહીનૂર હીરો** સંવત **૧૯૭૫**ની સુવર્ણસાલે, **શ્રાવણ** માસના **શુકલપક્ષના ત્રીજના** દેદીપ્યમાન દિને, એક પવિત્રપળે, મખમલની બંધ પેટીમાંથી બહાર નીકળી શ્રી કુંથુનાથ ભગવાનના જીનાલયથી આભૂષિત **સુરદાસ**

જેમની કૃપા દૃષ્ટિના યોગે અનેક સંત સમાગમની સાર્થકતાએ મને આ પુસ્તિકા લખવાનું સામર્થ્ય પ્રાપ્ત થયું તે પરમપૂજ્ય પરમેષ્ઠિપદાસ્થત, પ્રાતઃસ્મરણીય

પ્રવર્તિની શ્રી મૃગેન્દ્રશ્રીજી

જન્મ :- સંવત ૧૯૭૫ના શ્રાવણ સુદ-૩



દીક્ષા :- સંવત ૧૯૮૯ના જેઠ વદ-૭

यस्य दृष्टिः कृपा वृष्टिः गिरः शम सुधाकरः
तस्मै नमः शुभज्ञान ध्यानमग्नाय योगिने

પ્રયોજક :– સિદ્ધાંત પાક્ષિક

પંડિત શાંતિલાલ કેશવલાલ અમદાવાદ

**શેઠની પોળમાં** ઝળહળી રહ્યો. જન્મથી જ **બાવીસ અભક્ષ્યાદિને વર્જનાર** આ સંયમી આત્માની **જન્મ સાલનો સરવાળો પણ ૨૨ જ હતો.** લૌકિક વ્યવહારમાં **"પુત્રનાં લક્ષણ પારણામાંથી"** જણાય છે. પરંતુ આ પુણ્યાત્માના લક્ષણો-ગર્ભમાંથી જ પ્રદર્શિત થયા. આ અમૂલ્યરત્ન કુક્ષિમાં હતું ત્યારે જ માતુશ્રીને **ચોથાવ્રતના પચ્ચક્ખાણ** કરવાની ઉમદા ભાવના થઈ. આ સુંદર ભાવનાએ ઉત્તમ આત્માની પ્રતીતિ કરાવી. આ તેજસ્વી રત્નમાં પ્રદર્શિત થતાં **ભીમ અને કાન્તગુણોને** જોઇને ફોઇબાએ તેઓશ્રીને વહાલસોયા નામ **'કાન્તાબેન'**થી સુશોભિત કર્યા. આ **ભાવીસંયમીરત્ને,** સુશીલ-શ્રદ્ધાવંત માતા **જીવીબેનની** કુક્ષિ દીપાવી-પરમ શાસનપ્રેમી પિતા **પોપટભાઇના** કુળ અજવાળ્યા.

### શિશુવયમાં સંયમભાવના:—

પૂર્વજન્મોના સંસ્કારોથી બંધિત એવા ધર્મશ્રદ્ધાળુ પૂ. માતાપિતાએ સંતાનોના પ્રચ્છન્ન મનમાં જન્મથી જ ધર્મના-ત્યાગના જે સંસ્કારો રેડયા-પોષ્યા અને ખીલવ્યા તે યાદગાર છે. કાન્તાબેનને બે જ્યેષ્ઠ ભગિની તથા એક જ્યેષ્ઠ બંધુ પ્રેમચંદભાઈ નામે હતા. તેઓ નીતિપરાયણ જીવન જીવી, ગુજરી ગયા છે. તેમની પાછળ તેમના પત્ની તથા બે પુત્રીઓ છે. બે મોટી બેનો ભયંકર શીતળાના રોગથી પીડાવા છતાં શ્રદ્ધાશીલ જીવીબાએ કોઈ પણ જાતની બાધા-માનતા માની નહી. સમભાવે સહન કરતા બંને દીકરીઓ

સ્વર્ગવાસી બન્યા. પરંતુ **ધર્મનિષ્ઠ માતુશ્રીએ દર્શના-ચારની શુદ્ધિમાં ડાઘ ન લગાડયો.** ઘરમાં ધાર્મિક વાતાવરણ મઘમઘતું રહ્યું. કાન્તાબેનને વ્યવહારિક શિક્ષણ સાથે-મુખ્યત્વે આધ્યાત્મિક શિક્ષણ પણ આપવામાં આવ્યું. ઉંમર નાની હતી. બુદ્ધિપ્રભા મોટી હતી. ખંત અને ચીવટથી ટૂંક સમયમાં નવસ્મરણાદિ ઘણું ધાર્મિક અધ્યયન કંઠસ્થ થયું. ત્યારબાદ અચાનક માતુશ્રી પથારીમાં પડયા. ટી. બી.નો રોગ લાગુ પડયો. પરંતુ કાન્તાબેનને ધર્મ-ભાવનાનું-સંયમભાવનાનું પોષણ આપવાનું ચાલુ રહ્યું. પ્રતિભાસંપન્ન પૂ. તિલકશ્રીજી મ. પાસે સંયમ લેવા માટેની પ્રેરણા કરતા રહ્યા. અચાનક એક ગોઝારી ઘડીએ **અમ્તાજી માતાનો વિરહ થયો.** કાન્તાબેનનો આશા-દીપ-પ્રેરણાદીપ સદાકાળ માટે બુઝાઇ ગયો. **૧૨ વર્ષની કુમળી વયમાં** વજ્ર સો વ્યાઘાત હૃદય પર ઘા મારી ગયો. પરંતુ ?.... ....પરંતુ સંયમાનુરાગી પરમવત્સલ પિતાશ્રીએ કાન્તાબેનની ભાવનાના અંકુરા નવપલ્લવિત કર્યા. પિતાજીને દીક્ષા માટે છ વિગઇનો અભિગ્રહ હતો. કાન્તાબેનનું ધ્યેય નિશ્ચિત થયા પછી સર્વવિરતિ ગ્રહણ કરવાનો તેઓ-શ્રીએ નિર્ધાર કર્યો હતો. પરંતુ શાણા અને વિવેકી કાન્તા-બેને તુર્ત જ શિશુવયમાં પોતાની **સંયમભાવના વ્યક્ત કરી.**

### સંયમ પંથે સુખદ પ્રયાણ:—

સંસારના મોહમાં નહિ ફસાનાર અને જિંદગીના સુખોને ઠોકરે મારનાર આ બાલ બ્રહ્મચારીને કોમળવયમાં

ચારિત્રમાર્ગ અંગીકાર કરવાની-મુક્તિના પંથે વિહરવાની ભાવના જાગૃત થઈ. વિષયરૂપી વમળમાં અને કષાયરૂપી કીચડમાં ફસાયેલી જીવનનૌકાને સડતા-સળગતા સંસાર સાગરથી પાર ઉતારવાની ઝંખના થઈ. ત્યાગમાર્ગની રૂચિ કરનાર આ ત્યાગીનું, વીતરાગની વાણી સંભળાવનાર આ વિરાગીનું અને સંયમમાર્ગે દૃષ્ટિ વાળનાર આ જ્ઞાનીનું ઉત્કૃષ્ટ ધ્યેય, શ્રેષ્ઠ મનોબળ અને સર્વોત્તમભાવના જોઈ પૂ. પિતાશ્રીએ અનુમતિ, આશીર્વાદની વૃષ્ટિ કરી. ત્યારબાદ અઠવાડિયામાં જ ૧૪ વર્ષની નાજુક વયે સોનેરી રશ્મિદેવના ઉદય સાથે સંવત ૧૯૮૯ના જ્યેષ્ઠ માસના કૃષ્ણપક્ષની સાતમના યાને શ્રી વિમલનાથ ભગવાનના મોક્ષકલ્યાણકના શુભદિને, મુમુક્ષુ કાન્તાબેને પ્રશાન્તતપોનિધિ-સંઘસ્થવિર વયોવૃદ્ધ પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ સા.ના વરદહસ્તે પરમકૃપાળુ પરમાત્માએ પ્રરૂપેલી પવિત્ર પારમેશ્વરી પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કર્યું, ૧૯૮૯નો સરવાળો સત્તાવીશ હતો. એ ચાર આંકડા જાણે કાન્તાબેનને સાધુના ૨૭ ગુણોથી વિભૂષિત ન કરી રહ્યા હોય? આગમોદ્ધારક આગમદિવાકર, પ. પૂ. આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તિની વિદુષી સા. શીવશ્રીજી મ. સા.ના શિષ્યરત્ના તેજસ્વી વિભૂતિ પ. પૂ. સા. તિલકશ્રીજી મ. સા.ના શિષ્યા પૂ. સા. મૃગેન્દ્રશ્રીજી મ.

આ પ્રમાણે મંગલ અભિધાન થયું અને સુખદ સંયમપંથમાં મહાલવા લાગ્યા.

## કુટુંબમાં દીક્ષાની ફેક્ટરી:—

ધર્મપ્રેમી કુટુંબમાં જિનેશ્વર ભગવંતોએ ખેડેલા, અનુભવેલા અને આત્મકલ્યાણ તેમજ અંતે જગત કલ્યાણ માટે સિદ્ધ થયેલા માર્ગે પહેલેથી જ દીક્ષાની ફેક્ટરી ચાલુ હતી. પૂજ્યશ્રીની દીક્ષા પહેલા એમના ફોઈના સુપુત્ર જે પૂ. રામચંદ્રસૂરિ મ.ના શિષ્યરત્ન વર્ધમાનતપોનિષ્ઠાપક સુવિશુદ્ધસંયમી સ્વ. પૂ. **કાન્તિવિજય** મ. તથા તેમના માતુશ્રી પૂ. સ્વ. **કંચનશ્રીજી** મ. દીક્ષિત થયા હતા. અને પૂજ્યશ્રીની દીક્ષા પછી તુર્ત જ એમના પૂ. પિતાશ્રીજી જે પૂ. રામચંદ્રસૂરિ મ.ના શિષ્યરત્ન પ્રખરવૈયાવચ્ચી સ્વ. પૂ. **પુષ્પવિજય** મ.ના નામે સ્થાપન થયા હતા. ત્યારબાદ પૂજ્યશ્રીની બે ભત્રીજી—સ્વ. પૂ. **લબ્ધિશ્રીજી** મ., સ્વ. પૂ. **વિદ્યુત્‌શ્રીજી** મ., તથા પાછળથી તેઓશ્રીના માતા-પિતા સ્વ. પૂ. **સાર્દવશ્રીજી** મ. અને સ્વ. પૂ. **ચરણ-કાન્તવિજય** મ. તથા નાનાબેન સ્વ. પૂ. **ચેલણાશ્રીજી** મ. આદિ કુલ **નવપદજીના પ્રતિક સમ નવ—નવ સંયમરત્નોએ** આત્મકલ્યાણની કેડીએ આગેકૂચ કરી હતી.

## દિવ્ય દીક્ષિત જીવન:—

આ બાલ સાધ્વીએ બાલ્યાવસ્થામાં જ પોતાના નામને સાર્થક બનાવ્યું. મૃગેન્દ્રની જેમ શૂરાતન કેળવી, સિંહ-

વૃત્તિથી જ સંયમવિકાસ શરૂ કર્યો. આ નૂતનદીક્ષિત દીક્ષાના પ્રથમ દિવસથી જ સમર્પણભાવના મહાન પૂજારી બન્યા. સહનશીલતા, સ્વાશ્રયતા અને સૌજન્યતાના ત્રિવેણી સંગમને તેમણે વધાવી લીધો. આથી પોતાની ચાતકદૃષ્ટિ ઉપર પરમોપકારી **ગુરૂદેવશ્રીની અસીમ કૃપાદૃષ્ટિ, અમીદૃષ્ટિનો મેઘ નિરંતર વરસવા લાગ્યો.** નવદીક્ષિતે શરૂઆતમાં જ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાનો હાર કંઠે સોહાવી દીધો. ઇચ્છાકારાદિ દશવિધ સમાચારીનો મુગટ મસ્તકે પહેરી લીધો, જેને તહત્તિરૂપ રેશમ દોરીથી ટાઈટ કર્યો. આથી પંચમહાવ્રતો અને અષ્ટપ્રવચનમાતાનું યાને સંયમધર્મનું પાલન સહજ અને સુગમ થઈ પડયું. કિશોરાવસ્થામાં પણ-અપ્રતિમબુદ્ધિના કારણે નાના મહારાજ જ્યારે ભક્તામર આદિ સૂત્રોના શ્લોકો-ગાથાઓ-આલાવા વિગેરે શુદ્ધ-સ્પષ્ટ-મધુર ઉચ્ચારે પ્રકાશતા ત્યારે શ્રવણ કરનાર જનસમૂહ **આશ્ચર્યમુગ્ધ બની જતો.** વાત્સલ્યવારિધિ પૂ. તિલકશ્રીજી મ.નું આ રમતું રમકડું અલૌકિક પ્રભાવના કારણે સમુદાયમાં **લાડીલું અને હુલામણું બન્યું.** દીક્ષા પછી પ્રથમ ચાતુર્માસ અમદાવાદમાં હતું. સ્વભાવમાં જ વાત ઓછી અને કામ ઝાઝું હોવાથી લગભગ આખો દિવસ જ્ઞાન-ધ્યાનમાં જ પસાર થતો. અલબત્ત વિનય વૈયાવચ્ચનો લાભ લેવાનો એકપણ અવસર ચૂકતા નહી. સાથે તપ-ત્યાગમાં પણ એટલું જ વીર્ય ફોરવી શકતાં હતાં. ક્રિયાકાંડમાં પણ અત્યંત રૂચિ હતી. દીક્ષા લઈને અઠવાડિયામાં જ સાધુક્રિયા અર્થસહિત પૂરી કરી. **પક્ખીસૂત્ર**

માત્ર ત્રણ દિવસમાં જ શક્ય બન્યું. એકી સાથે ઓછામાં ઓછા ત્રણ-ચાર વિષયોનો અભ્યાસ ચાલુ રહેતો. રાત્રે અલ્પ નિદ્રા લેતા. પરમહિતકારી પૂ. ગુરૂદેવશ્રીના અંતરના ઠરેલા આશીર્વાદથી-પ્રેરણાથી અને તેઓશ્રીના વડીલ સમ્મેતશિખર જીર્ણોદ્ધારિકા **પૂ. રંજનશ્રીજી મ.ની** સાવધાનીપૂર્વકની સારસંભાળથી તથા પોતાના તીવ્ર ક્ષયોપશમથી ટૂંક સમયમાં જ આ બાલ સાધ્વીનો અભ્યાસ સૂર્યોદય થતાં કમળ વિકસે તેમ અત્યંત વિકસ્વર થયો. **પૂજ્યશ્રીના જીવનઘડતરમાં પૂ. રંજનશ્રીજી મ.નો વિશિષ્ટ સ્મરણીય ફાળો છે.**

ઉપસ્થાપના:—

સંવત ૧૯૯૦ના કાર્તિક માસના **કૃષ્ણપક્ષની સાતમના** મંગળદિને ઉગ્રતપસ્વી, વયોવૃદ્ધ પૂ. આ. શ્રીમદ્ વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મ. સા.ના વરદ હસ્તે પૂજ્યશ્રીની **વડીદીક્ષા** ધામધુમથી થઈ. ત્યારબાદ **એક દશકો** પસાર થયો. પરંતુ જીંદગીનું સાર્થક કરનાર આ આદર્શ સંયમીને, અડોળ અને અટલ આ જ્ઞાનપિપાસુને અને સંગીન સ્વાધ્યાય સૌરભના આ સાધકને પરના સંગની જરાય પરવા ન હતી. દરમ્યાનમાં ૧૯૯૯ની સાલમાં ૧૦૦ **ઓળી** પૂર્ણ કરનાર **વર્ધમાન તપોનિષ્ઠાયિકા રસેન્દ્રિય વિજેતા** સ્વ. પૂ. **સંવેગશ્રી મ.** તથા વાત્સલ્યપ્રેમી પૂ. **સુયશાશ્રી મ.** આ બંને પૂજ્યશ્રીના પ્રથમ શિષ્યારત્નો થયા. પૂ. સંવરશ્રી મ., પૂ. વિબુધશ્રી મ. આદિ શિષ્ય પરિવાર તો

કુદકે ને ભૂસકે વધવા લાગ્યો. પરંતુ પૂજ્યશ્રીની આરાધનામાં જરા પણ સ્ખલના નહીં થતી. દરેક સાધનામાં કર્મક્ષયનો હેતુ મુખ્ય રહેતો. હરકોઇ ઉપાસના આત્મહિતાર્થે જ કરવાનું સંપૂર્ણ ધ્યેય હતું. ત્યારબાદ અઘાતી એવા અશાતા-વેદનીયના ઉદયે પૂજ્યશ્રીને **ડીપ્થેરીયા** થયો. તે અદ્વિતીય સહિષ્ણુતા સાથે સહન કરતા રહ્યા. પરંતુ સંકલ્પો-વિકલ્પોથી મનને ઉદ્વિગ્ન ન કર્યું. ત્યારબાદ **ટી. બી.**નો ભયંકર રોગ સખત લાગુ પડ્યો. પરંતુ અદ્ભુત સમતા અને રોમેરોમમાં શ્રી નમસ્કાર મહામંત્રનું અખંડ સ્મરણ —આ બંને પ્રબળ ઢાલ આગળ ડી.બી.ની તીરંદાજી પણ આપડી બની ગઈ. A great men rise through ups and downs in life. મહાન વ્યક્તિ જીવનની વિષમતા-ઓની વચ્ચે ઉંચે આવે છે.

## ગુરૂદેવનો વિયોગઃ—

દીક્ષા પર્યાયના **બીજા દશકામાં** અગાધ આત્મા-નંદનો અવધિ ઉછળી રહ્યો હતો ત્યાં વચનસિદ્ધિદાતા ગુરૂદેવશ્રીજી પૂ. તિલકશ્રીજી મ.ની બિમારી શરૂ થઈ. અશાતાવેદનીયના પ્રચુર ઉદયમાં પણ અનુપમ સ્થિરતા-દૃઢતા કેળવી—ભેદજ્ઞાનથી આત્માને પરિણત કર્યો. અદ્વિતીય શાતા—શાંતિપૂર્વક સહન કરતાં કરતાં અણકલ્પ્યો—અણચિંતવ્યો એક પ્રસંગ બન્યો. સંવત ૨૦૦૯ના **પોષ** મહિનાના **કૃષ્ણપક્ષની એકાદશીએ રાજનગરમાં પૂજ્યશ્રીનો ઝગમગતો સિતારો સદાકાળ માટે અદૃશ્ય થયો.**

**તિલકભૂષણની મોટી ખોટ સાલી.** પ્રાતઃસ્મરણીય ગુરુજીની મહેર વિના જીવન નિરાશ લાગે તે-પહેલાંજ વિવેકી પૂજ્યશ્રીની જ્ઞાનદૃષ્ટિની ઉત્તેજીત અવસ્થાએ આત્માને સ્થિર કર્યો. ભવ્ય વ્યક્તિત્વ દર્શાવતા પૂ. તિલકશ્રીજી મ. કાળધર્મ પામ્યા તે વખતે **પૂ. રંજનશ્રી મ. તથા પૂ. મૃગેન્દ્રશ્રી મ.ને સમુદાયનું સુકાન સોંપ્યું હતું, તે નોંધપાત્ર છે.**

તપયુક્ત અજોડ જ્ઞાનગંગાઃ—

**ત્રીજા દશકાની** શરૂઆતમાં સ્વ. પૂ. ગુરૂજીની ગેરહાજરીમાં પણ અન્ય વડીલોની સાથે રહેતા, વિનયાદિ ગુણોથી અલંકૃત પૂજ્યશ્રી **પ્રીતિપાત્ર**-પ્રીતિવંત બની રહ્યા. શિષ્યા-પ્રશિષ્યાની પરંપરા વધતી જતી હતી. પૂજ્યશ્રીની **જ્ઞાનગંગામાં** સારો પરિવાર સ્નાન કરતો. એઓશ્રીના પ્રશમપીયુષપયોનિધિના વચનામૃતોનું પાન કરતાં હાલમાં પણ અનેરો આલ્હાદ અનુભવાય છે. તેઓશ્રીએ **મુખપાઠમાં** .... ....૪ પ્રકરણ-૩ ભાષ્ય-૬ કર્મગ્રંથ, ક્ષેત્રસમાસ, તત્ત્વાર્થ-સૂત્ર, બૃહત્સંગ્રહણી, જ્ઞાનસારાષ્ટક, હરિભદ્રીયાષ્ટક, સંબોધ-સત્તરિ, ષટ્ત્રિંશિકાચતુષ્ક, દશવૈકાલિકસૂત્ર સમૂલિક, ચઉસરણ, આઉરપચ્ચક્ખાણ, જયતિહુઅણ, જીનપંજર, ઋષિમંડલ, સિન્દૂરપ્રકરણ, ચન્દ્રિકા, લઘુવૃત્તિ, તર્કસંગ્રહ, ન્યાયબોધિની, પદકૃત્ય, તર્કદીપીકા, કારિકાવલી, મુક્તાવલી-સહ, પ્રાકૃતા-ષ્ટમાધ્યાય બે પાદ સાહિત્યમાં કુવલયાનન્દકારીકા આદિ કંઠસ્થ કર્યું છે. **વાંચનમાં** સ્વ. પૂ. ગુરૂદેવની અદૃશ્ય વરદ-કૃપાના બળે દશવૈકાલિક હરિભદ્રીય ટીકા, ઉત્તરાધ્યયન

જીવ વિ. ટીકા, આચારાંગ સૂત્ર શીલાંકાચાર્ય ટીકા; પન્નવણાજી શ્યામાચાર્ય ટીકા, જીવાજીવાભિગમ સૂત્ર, ધર્મસંગ્રહ ભા. ૧–૨, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ ભા. ૧, કર્મગ્રંથટીકા, નવતત્ત્વસુમંગલાટીકા, ષટ્ત્રિંશીકાચતુષ્ક ટીકા, ધર્મબિન્દુ, પંચલિંગી હારિભદ્રીયાષ્ટક ટીકા, જીનશતક વિગેરે અધ્યયન કર્યું છે. પૂજ્યશ્રી આ જ્ઞાનાભ્યાસનું સતત પરિશીલન કરતા.

'करणहरिणबन्धे वागुरा ज्ञानमेव ।'

ઇંદ્રિયોરૂપી હરણીયાને બાંધવા માટે કોઈ જાળ હોય તો તે માત્ર જ્ઞાન જ છે. સંવેગની તીવ્રતાની સાચી ભૂખ અને ક્ષણ–ક્ષણની જાગૃતિપૂર્વકની આરાધનાઓથી અન્ય સાધ્વી માટે એક ઉત્તમ ઉદાહરણરૂપ થયા. તેમ છતાં શાસ્ત્રનો અભ્યાસ, પઠનપાઠન, અર્થ–રહસ્યની ઉંડી વિચારણા, જીવાજીવનું–સંયમાસંયમનું ભેદજ્ઞાન એ જીવનનો અંતિમ ઉત્કૃષ્ટ આદર્શ હતો. કર્મક્ષય માટે સ્વાધ્યાયરૂપી અભ્યંતર–તપ રગેરગમાં વહેતો હતો, જેનો ઉપયોગ સ્વપર–કલ્યાણાર્થે જ કરતા. અખૂટ વિદ્વત્તાનું નિરાભિમાન હતું–અને અલ્પજ્ઞાનીઓનો પણ આદર કરતા.

શ્લોક

कलौ भीमभवारण्ये, हिंसा विषय प्राणिनः;
तेषां विनाश निपुणः, श्रीमृगेन्द्रो जयत्यसौ ॥१॥

अयं हि मुनिराड् दान्तः सौम्यः शान्तो विराजते ।
मृगेन्द्र इव गंभीरो विद्वन्मण्डलशेखरः ॥२॥

साम्यदृष्टिश्च पूतात्मा जितेन्द्रिय एव च ।
तत्पादपद्मलीनोऽहं श्रीमृगेन्द्रं नमाम्यहम् ॥३॥

તપ-ત્યાગની તન્મયતાઃ—

આત્મશુદ્ધિ તથા કષાયોના જય માટે આ આત્મ-સંયમીએ તપશ્ચર્યાને સાથે જ રાખી હતી. કષાયોના જય માટે ભારી શૂરવીરતા-પરાક્રમતા દાખવી છે. નવપદતપ, બાવન જીનાલય તપ, દીવાળી તપ, પંચમી તપ, વીશ સ્થાનક તપ, કલ્યાણક તપ, વર્ધમાન તપ (૨૯ ઓળી), રત્નપાવડીયા તપ, એકાદશી તપ વિગેરે તપશ્ચર્યા આહાર-સંજ્ઞા પર કાબૂ મેળવવામાં સહાયભૂત થઈ. ખાસ જરૂર વિના ગોચરીના ખોટા આંટાફેરા તેઓશ્રીને બિલકુલ માન્ય નથી. પૂજ્યશ્રીને છઠ્ઠની ઓળી ચાલતી હતી ત્યારે પણ જ્ઞાન-ધ્યાન-મંડળ-આદિ પ્રવૃત્તિ આ જ્ઞાનપિપાસુ કરી શકતાં હતાં. આ નિસ્પૃહ શિરોમણી ત્યાગી મહાત્માનું જીવન બિલકુલ સાદુ છે. કૃત્રિમ ભપકો, અજુગતો ઠાઠ-માઠ, ખોટી શેઠ-સાહિબી અને બાહ્ય દેખાવ એમની life dictionary (જીવનડાયરી)માં કયાંયે **જોવા સુદ્ધાં મળતાં નથી.** Simple living and high Thinking—જીવન સાદુ અને વિચારો ઉંચા છે. બે આંકડાથી વધારે સંખ્યાની કામળ નહી વાપરવાના તેઓશ્રીને પચ્ચ-

ફરમાણ છે. બેઠક માટે સંથારા માટે પણ જેમ બને તેમ અલ્પ ઉપકરણ વાપરવાનાં હિમાયતી છે. ૨૫ વર્ષ સુધી આ ત્યાગી મહાત્માએ **દહીં અને કડાવિગઇનો** ત્યાગ કર્યો હતો.

## જ્ઞાનગર્ભિત સમતાગુણની પરાકાષ્ઠા :—

જ્યારે ચોમેર રંગબેરંગી જ્ઞાનપુષ્પો સંપૂર્ણ વિકસ્વર થઈને સજ્જ થયા હોય ત્યારે માનમધુકરને જ્ઞાન-પુષ્પથી વિમુખ રાખવો કેટલો દુષ્કર છે? પરંતુ ૪૦૦ **સાધ્વીઓના અગ્રણી અને ૪૭-૪૭ સાધ્વીરત્નોના ગુરૂજી,** જ્ઞાનાદિ ગુણોથી વિભૂપિત આ પુણ્યાત્મા, માર્દવતાના અને સમતાના સાધક બન્યા છે. જ્ઞાન પરિણત થયું હોવાથી અંગે અંગે નમ્રતાના ઝરણા વહે છે.અને સમતા સરિતાને ભેટે છે. સમતારસ ઝીલી રહેલી શાંત મુદ્રા જાણે શીતલચંદના દીસે છે. **આ ગાંભીર્યમૂર્તિનો ઉંચો સાદ સાંભળવો દુર્લભ છે.** એમના સમતાદિ ગુણોનો કોઈ અવધિ નથી. ગર્વના સાગરને જેઓ પી ગયા છે, **યશ-કીર્તિના** સુંવાળા ખૂણાને જેમણે સીવી લીધો છે, **સત્કાર-સન્માનની** વધામણીને જેમણે લાત મારી છે, **મદ-માનને** જેમણે સર્વથા તિલાંજલિ આપી છે, **અહંકાર અને નામનાને** જેમણે ઠુકરાવી દીધાં છે, એવા આ સમતાશીલની અમી નિતરતી નેત્રપંક્તિમાંથી ઝરતાં એ સમતારસનું એક બિંદુ પણ સામાને **નમ્રાતિનમ્ર** બનાવવામાં **સુસમર્થ છે.** નિઃસંગી-નિઃર્મમી આ નિર્ગ્રંથનું નિર્દોષ-નિઃક્લેશી અને

નિરાશંસી જીવન ગંગોત્રીના નીર જેવું સ્વચ્છ, પવિત્ર અને મધુર છે. તેઓ સુખમાં છલકાતાં નથી દુઃખમાં ગભરાતાં નથી.

## સમુદાયના કાર્યકર્તા :—

વર્ધમાન તપોનિષ્ણાત પ. પૂ. સાધ્વીજી મ. શ્રી રેવતીશ્રીજી મ. સા. અને વિદ્વદ્દ્વર્ય પ. પૂ. ગુરૂદેવશ્રીજી મૃગેન્દ્રશ્રીજી મ. સા. આ બંને સમુદાયના સહકાર્ય-કર્તાઓ છે. ચારિત્ર-ચૂડામણિ પૂ. તિલકશ્રીજી મ. સા.ના સમુદાયના લગભગ ૪૦૦ સાધ્વીઓનું, પૂજ્યશ્રી હાલમાં નાદુરસ્ત સ્વાસ્થ્યે પણ આદર્શ સંચાલન કરી રહ્યાં છે. પૂજ્યશ્રી કુશળ કાર્યકર્તા તરીકે સમુદાયની ફરજો અદા કરી રહ્યા છે. અને તેઓશ્રીએ ભારી જવાબદારીઓ વહન કરી છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચે રહેલાં હીરા જેવી સાઠ સાઠ મિનીટથી જડેલાં એ સોનાના કલાકોનો તન-મનથી ભોગ આપી રહ્યા છે, તથા સમુદાય પ્રતિ પૂજ્યશ્રીએ ખૂબ ખૂબ ઉદારતા દાખવી છે. કુશળ કારકિર્દી, ઉમદા કાર્યવાહી, કુશાગ્રબુદ્ધિ અને કર્તવ્ય પરાયણતાના પ્રભાવે જિનશાસનના આ સાચા શણગાર! આદર્શ અણગાર! અને જિનાજ્ઞા-પ્રાણ શ્રમણીકુલ વિભૂષણ-વીરશાસનની અનુપમ પ્રભાવના કરી રહ્યા છે તે આનંદજનક છે-પ્રશંસનીય છે-અનુમોદનીય છે. આ ઉચ્ચ પદવી તેઓશ્રીને શાસનની સેવા, શાસનની પ્રભાવના, શાસ્ત્રોની શોધ, સમુદાયની સુરક્ષા અને સાધનાની સિદ્ધિ આ પાંચ 'સકાર'ની પ્રાપ્તિરૂપ

નીવડે એ જ અહ્યર્થના. ", Feelings are too difficult to express in words," હૈયાની–ઉત્તમ અને કલ્યાણકારી ભાવનાઓ અને તે તે ભાવ–અવસ્થાએ કરેલ દર્શન તે અભિવ્યક્ત થઈ શકે તેમ નથી. પૂજ્યશ્રીના વિશાળ દિલના ઉન્નતભાવો અને તેની અનુભૂતિ એટલી તો સૂક્ષ્મ છે કે તે ક્યારે પણ શબ્દસ્થ થઈ શકતી નથી. પૂજ્યશ્રીનો સમુદાય પ્રતિનો સ્નેહભાવ, ઐક્યતાનો–આગ્રહ અને સંગઠનની સદ્ભાવના આ બધું જોઈ–જાણી અને અનુભવીને સૌના અન્તર પ્રફુલ્લિત બને છે, નવપલ્લવિત બને છે, હર્ષથી ઉભરાય છે. ક્યા શબ્દોમાં તેઓશ્રીને સંબોધીએ? જેમ કુશળ કલાકાર પોતાની અદ્ભુત કલા પાછળ જીવન ન્યોછાવર કરી દે, પ્રસિદ્ધ ચિત્રકાર પોતાના મશહુર ચિત્રમાં સ્વપ્રાણ પૂરી દે તથા જગવિખ્યાત શિલ્પકાર આકર્ષક શિલ્પના સર્જન માટે સર્વ શક્તિઓ ક્ષીણ કરી દે તેમ આ ૪૦૦ સાધ્વીઓના સંયમી કલાકાર–ચારિત્ર ચિત્રકાર અને સર્વવિરતિ–શિલ્પકાર સમુદાય માટે સર્વસ્વ અર્પણ કરી રહ્યા છે.

સુવિશાળ પરિવાર :—

૪૭ વર્ષનો દીર્ઘ ચારિત્રપર્યાય અને ૪૭ શિષ્યા–પ્રશિષ્યાઓ! કેવો સુંદર સુમેળ? જાણે ગોચરીના સુડતાલીસ દોષોનું નિવારણ કરવાનું સૂચન ન કરતાં હોય? ૪૭ વર્ષના સંયમ આરાધક પૂજ્યશ્રીના દીક્ષિત જીવનના વિકાસવૃક્ષ પર દશયતિ-

ધર્મની પ્રતિતી કરાવતાં ૧૦ શિષ્યા અને ૩૭ પ્રશિષ્યા સહ ૪૮ ઝૂંમખાંનો વિશાળ પરિવાર-ફાલ ફૂલી ઝુમી રહ્યો છે, જેમાંથી હાલમાં ૪૩ ઠાણું બિરાજમાન છે. એ વિકાસવૃક્ષની છાયામાં સ્વાધ્યાયની આંતરમસ્તીની પ્રશસ્ય ફોરમ ફેલી રહી છે, એ પંચ મહાવ્રત પર મંડિત પૂજ્યશ્રીના ચારિત્રનો જ પ્રભાવ છે. એ ધર્મોપંકારક વૃક્ષ વિકસતું રહે તેવી મંગલકામના. વર્તમાનમાં ૬૧ વર્ષની ઉંમરે હાર્ટના રોગને, કર્મવિપાકની વિચારણા સાથે ચિત્તની પ્રસન્નતાથી સહન કરી, અપૂર્વ નિર્જરા કરી રહ્યા છે. તેમ છતાં વિશાળ પરિવાર પર પૂજ્યશ્રીના વાત્સલ્યપૂર્ણ હૃદયનો પ્રવાહ, કરૂણાપૂર્ણ કાયાનો ધોધ તથા પ્રેમભીની આંખોનો સ્રોત નિરંતર વહી રહ્યો છે. સ્મિત રેલાવતાં એ વહેણમાં વિશાળ પરિવાર આનંદકલ્લોલ કરી રહ્યો છે.

અંતે આપશ્રીનું મોક્ષનું પ્રસ્થાન યશસ્વી નિવડો! આપના કષ્ટો અનંત સુખમાં પરિણમો અને પરિણામ આપને માટે અખંડ શાંતિમાં પરિણમો! આપનો જયવિજય થાઓ! શાસનસેવાર્થે આપશ્રીજી ચિરંજીવો!

આપના પ્રત્યેની ભક્તિના પ્રભાવે આપનામાં રહેલાં ગુણો અમારા સૌમાં આવે અને આપના ચિદ્‌ની વર્ષા ઠેર ઠેર વરસતી રહે એ જ એકની એક અને સદા માટેની શુભ મનીષા.

ચરણકિંકર-ચરણપાદપદ્મરજ,

**મનીષાશ્રીજી-ચિદ્‌વર્ષાશ્રીજી**

# પૂજ્યશ્રીના ચાતુર્માસની ઉમદા કાર્યવાહી

**સંવત ૧૯૮૯–૯૦ અમદાવાદ :—**

દીક્ષા બાદ પ્રથમ ચાતુર્માસ ગુરૂદેવશ્રીજીની પાવનકારી નિશ્રામાં રાજનગર થયું હતું જ્યાં માણેકલાલ મનસુખભાઈના જબરજસ્ત અજોડ 'છ'રી પાળતા સંઘમાં ગયાં હતાં. દીક્ષા–વડીદીક્ષાના જોગ–સાધુક્રિયા આદિ અભ્યાસ કર્યો.

**સં. ૧૯૯૧–૯૨ સુરેન્દ્રનગર :—**

ત્યારબાદ સુરેન્દ્રનગર બે ચોમાસા કર્યાં. સં૦ ૧૯૯૩માં પૂ. આ. કસ્તુરસૂરીશ્વરજી મ. પાસે આચારાંગ સૂત્રની વાચના લીધી.

**સં. ૧૯૯૩–૯૪ અમદાવાદ :—**

આ બંને ચાતુર્માસ અમદાવાદ કર્યાં. દરમ્યાનમાં તરણતારણ–પતિતપાવન શ્રી ગિરિરાજની ૯૯ યાત્રા કરી.

**સં. ૧૯૯૫ રાજકોટ :—**

રાજકોટ ચોમાસું કર્યું. બેનોને સુંદર ધર્મારાધન કરાવ્યું. વિષયવાસનાની આગમાં બળતાને ઠાર્યાં–જલતાને શાંત કર્યાં.

સં. ૧૯૯૬ મહેસાણા :—

પોતાના જ્ઞાન-ઓજસ્ વડે મોહના પંકમાં ખૂંચેલા પ્રતિ દિવ્યપ્રકાશ પાથર્યો. બહેનોમાં પાર્શ્વ મહિલા મંડળની સ્થાપના કરી હતી. જે મંડળ આજે ૩૯ વર્ષોથી એકસરખી પ્રગતિ સાધી રહ્યું છે.

સં. ૧૯૯૭-૯૮ અમદાવાદ :—

અમદાવાદમાં બંને ચોમાસા કર્યા. ચાતુર્માસ બાદ વિ૦ સં૦ ૧૯૯૯ ની સાલે શ્રી કદમગિરિ તીર્થમાં, શાસનસમ્રાટ્ પૂ. આ. નેમિસૂરીશ્વરજી મ. સા. ના વરદ-હસ્તે, અમદાવાદ નિવાસી શારદાબેન અને રાજકોટ નિવાસી શારદાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રથમ બે શિષ્યા-રત્નો, વર્ધમાન તપો નિષ્ઠાપિકા સ્વ. પૂ. સંવેગશ્રીજી તથા જ્ઞાનાભ્યાસી પૂ. સુયશાશ્રીજી નામે જાહેર થયા.

સં. ૧૯૯૯, ૨૦૦૦-૧ કપડવંજ :—

ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક, આગમદિવાકર, પ. પૂ. આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ કર્યું. અનુયોગદ્વારસૂત્રની વાંચના લીધી. ત્યારબાદ સં૦ ૨૦૦૦ માં, રાજનગરે પૂ. આ. લાવણ્યસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં, સુનંદાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના ત્રીજા શિષ્યા સ્વ. સંવરશ્રીજી નામે જાહેર થયા. તથા સં. ૨૦૦૧ ની સાલમાં, શ્રી શેરીસાતીર્થમાં પૂ. આ.

ઉદયસૂરીશ્વરજી મ. ના. વરદહસ્તે વિદ્યાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા સ્વ. વિબુધશ્રીજી નામે થયા.

સં. ૨૦૦૨ સુરત :—

આગમસમ્રાટ્, આગમજ્યોતિર્ધર સ્વ. પરમ પૂજ્ય આચાર્યદેવશ્રીજી સાગરાનંદસૂરીશ્વરજી મ. સા. ની શુભ-નિશ્રામાં ચાતુર્માસ કર્યું. આ ચોમાસામાં ટાઇફોઇડમાં ૧૮ દિવસને આંતરે પૂ. વિબુધશ્રી મ. અને પૂ. સંવરશ્રી મ. કાળધર્મ પામ્યા.

સં. ૨૦૦૩ અમદાવાદ :—

ચોમાસું અમદાવાદ કર્યું. ચાતુર્માસ બાદ સં૦ ૨૦૦૪ ની સાલે, સૂર્યપુરનગરે, આગમૈદંપર્યજ્ઞાતા પૂ. આ. આનંદસાગરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં પદ્મબેન, નવલખીબેન અને પ્રભાબેનની દીક્ષા–વડીદીક્ષા–શ્રી વર્ધમાન જૈન તામ્ર પત્રાગમ મંદિરની પ્રતિષ્ઠા આદિકાર્યો ધામધૂમથી થયા. જે અનુક્રમે પૂજ્યશ્રીના પ્રશિષ્યા પ્રશમશ્રીજી–નિર્વેદશ્રીજી નામે થયા અને પૂજ્યશ્રીના ચોથા શિષ્યા પ્રબોધશ્રીજી નામે જાહેર થયા. ત્યારબાદ વાત્સલ્યસિંધુ ગચ્છાધિપતિ સ્વ. પરમ પૂજ્ય આચાર્ય શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી ભગવંતના વરદહસ્તે અમદાવાદ નિવાસી સુશીલાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા શુભંકરાશ્રીજી નામે થયા.

સં. ૨૦૦૪ ભુહારી :—

ભુહારી ચાતુર્માસ કર્યું. પૂજ્યશ્રીને ડીશ્થેરીયાનો રોગ લાગુ પડયો જે અતિસમભાવે સહન કર્યો.

સં. ૨૦૦૫ અમદાવાદ :—

પ. પૂ. ગુરૂદેવશ્રીજીની પુનિત નિશ્રામાં ચોમાસું કર્યું. ભયંકર અને ભીષણ ભવસાયરમાં ભમતાં ભૌતિકવાદીઓને વિશ્વ–વત્સલ વીતરાગદેવની વાણી સંભળાવી.

સં. ૨૦૦૬ પાલીતાણા :—

આદીશ્વરદાદાની છત્રછાયામાં અને શાસનકંટકોદ્ધારક સ્વ. પૂ. આચાર્યદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ. સા. તથા સ્વ. પૂ. પંન્યાસજી લબ્ધિસાગરજી મ. અને સુવિશુદ્ધસંયમી ઉપાધ્યાયજી મ. સ્વ. પૂ. ધર્મસાગરજી મ. સા. ની નિશ્રામાં ચાતુર્માસ કર્યું. પિંડનિર્યુક્તિ આદિની વાંચના લીધી. ઉપધાનતપની બેનોને સુંદર આરાધના કરાવી. ભવ્યજીવોને નરમાંથી નારાયણ અને વામનમાંથી વિરાટ બનવાનો બોધ આપ્યો. સિદ્ધગિરિની છત્રછાયામાં અપૂર્વ નિર્જરા કરવાની સુવર્ણ તક મળી. પૂજ્યશ્રીને ટી. બી.ના રોગની શરૂઆત થઈ.

સં. ૨૦૦૭ રાજકોટ :—

ચોમાસું રાજકોટ કર્યું. અશાતાવેદનીયકર્મનું વર્તુળ વધુ ને વધુ વિસ્તરતું ગયું. ટી. બી. નો હુમલો ત્રણ

સ્ટેજ સુધી વધી ગયો પરંતુ અખૂટ સમભાવનું મધ્યબિંદુ જરાપણ ખસ્યું નહીં.

સં. ૨૦૦૮ અમદાવાદ :—

અમદાવાદમાં ચાતુર્માસ કર્યા બાદ સં૦ ૨૦૦૯ માં, રાજનગરમાં જ, પોષ-વદ-એકાદશીએ પૂજ્યશ્રીના પ્રાણ-ત્રાણ-આધારરૂપ, ચારિત્રચુડામણિ, પરમકૃપાવંત ગુરૂદેવશ્રીજી પ. પૂ. તિલકશ્રીજી મ. સા. કાળધર્મ પામ્યાં.

સં. ૨૦૦૯ સુરેન્દ્રનગર :—

સુરેન્દ્રનગર ચોમાસું કર્યું. અણઘડ આત્માને આકાર આપ્યા. સુષુપ્ત આત્માને નવેસરથી ગુણવાન બનાવ્યા.

સં. ૨૦૧૦ મોરબી :—

મોરબી ચાતુર્માસ કર્યું. ત્યારબાદ સંવત ૨૦૧૧ ની સાલમાં પાનસર મુકામે વ્યાખ્યાન-વાચસ્પતિ પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં રાજકોટ નિવાસી વિનોદીનીબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીનાં પ્રશિષ્યા વિપુલયશાશ્રીજી નામે થયા.

સં. ૨૦૧૧ મહેસાણા :—

શાસનપ્રભાવક પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચોમાસુ કર્યું. આવશ્યકસૂત્રની વાંચના લીધી. કિંચિત્ સૂકાઈ ગયેલા ધર્મક્યારાને સિંચન કરી ફરી હરિયાળા બનાવ્યા.

સં. ૨૦૧૨ સુરત :—

શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવશ્રી ધર્મસૂરીશ્વરજી મ. સા ની નિશ્રામાં ચાતુર્માસ કર્યું. કમ્મપયડી તથા તત્ત્વાર્થસૂત્રની વાચના લીધી. ચોમાસા બાદ સં૦ ૨૦૧૩ ની સાલે, બબ્બરકોટનગરમાં, સ્વ. ગચ્છા. પૂ. આ. શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ. તથા વર્તમાન ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી હેમસાગરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં, તારાબેનની દીક્ષા થઇ જે પૂજ્યશ્રીના પાંચમા શિષ્યા મૃગલક્ષ્માશ્રીજી નામે જાહેર થયા.

સં. ૨૦૧૩ બાજીપુરા :—

બાજીપુરા ચોમાસું કર્યું. ત્યારબાદ સં૦ ૨૦૧૪ માં, મહેસાણા મુકામે પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. ના વરદહસ્તે વીરબાળાબેનની દીક્ષા થઇ જે પૂજ્યશ્રીના છઠ્ઠા શિષ્યા વિનિતયશાશ્રીજી નામે જાહેર થયા. તે જ વર્ષે નવસારી ગામમાં પૂ. પંન્યાસજી દોલતસાગરજી મ. ના વરદ હસ્તે રૂક્મણીબેન અને મધુબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના સાતમા શિષ્યા સ્વ. તત્વરશાશ્રીજી અને પૂજ્યશ્રીના પ્રશિષ્યા મોહજીતાશ્રીજી નામે જાહેર થયા.

સં. ૨૦૧૪ અમદાવાદ :—

ચાતુર્માસ અમદાવાદ કર્યું. માલવદેશોદ્ધારક સ્વ. પ. પૂ. આચાર્યદેવશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ. પાસે દ્રવ્યગુણ-

પર્યાયનો રાસ, સાડા ત્રણસો ગાથાનું સ્તવન; તથા સૂયગ-ડાંગસૂત્રની વાચના લીધી.

સં. ૨૦૧૫ મોરબી :—

મોરબી ચોમાસું કર્યું. બેનોમાં ધર્મની જાગૃતિ સાથે ધગશ આણી.

સં. ૨૦૧૬ પાલીતાણા :—

કાંકરે કાંકરે અનંતા સિદ્ધો થયા છે તે સિદ્ધગિરિની શીતળછાયામાં અનુપમ આરાધના કરી. પૂ. સંવેગશ્રી મ. ને ૯૯ મી ઓળી પૂર્ણ થઈ. ચાતુર્માસ બાદ સં૦ ૨૦૧૭ માં વઢવાણનગરે, સ્વ. પૂ. આ. હંસસાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પુષ્પાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા પદ્મયશાશ્રીજી થયા.

સં. ૨૦૧૭ મોરબી :—

ચાતુર્માસ મોરબી કર્યું. ત્યારબાદ સં૦ ૨૦૧૮ ની સાલમાં પાલીતાણામાં પૂજ્યશ્રીના પ્રથમ શિષ્યા રસેન્દ્રિય વિજેતા સ્વ. પૂ. સંવેગશ્રીજી મ. ની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે ૨૩ છોડનું ઉજમણું કરવા પૂર્વક ધામધૂમથી મહોત્સવ ઉજવાયો.

સં. ૨૦૧૮ ભાવનગર :—

ચાતુર્માસ ભાવનગર કર્યું. પૂજ્યશ્રીના પ્રથમશિષ્યા

સ્વ. પૂ. **સંવેગશ્રીજી મ. કાળધર્મ પામ્યા.** સાધક આત્મા નિસ્તેજ બન્યો. ત્યારબાદ સં૦ ૨૦૧૯ માં સૂર્યપુર-નગરે સિદ્ધચક્ર આરાધક સમાજના સ્થાપક સ્વ. પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ. સા. ના વરદહસ્તે મંજુલાબેનની દીક્ષા થઇ જે પૂજ્યશ્રીના આઠમા શિષ્યા **પુણ્યશાળી મહાત્મા મનીષાશ્રીજી નામે જાહેર થયા.** દીક્ષા-વડીદીક્ષા-જોગ બાદ જેઠ મહિનામાં પૂજ્યશ્રીના શિષ્યા મૃગલક્ષ્માશ્રીજીના ૫૦૦ આયંબિલનું-બીલીમોરા સ્થળે 'પંચાન્હિકા મહોત્સવપૂર્વક પારણું થયું.

સં. ૨૦૧૯ સુરત :—

સુરત ચોમાસું કર્યું. ચાતુર્માસ બાદ સં૦ ૨૦૨૦ માં વઢવાણનગરે સ્વ. પૂ. આ. હંસસાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં બુહારીનિવાસી રૂક્ષ્મણીબેન, લીલીબેન, સુશીલાબેન તથા સુલોચનાબેનની દીક્ષા થઇ જે અનુક્રમે પૂજ્યશ્રીના નવમા શિષ્યા સ્વ. પૂ. ઋજુપ્રજ્ઞાશ્રીજી નામે જાહેર થયા. અને પૂજ્યશ્રીના પ્રશિષ્યા અસિતાશ્રીજી-સૌમ્ય-તાશ્રીજી તથા સસીતાશ્રીજી નામે થયા.

સં. ૨૦૨૦ રાજકોટ :—

ચાતુર્માસ રાજકોટમાં સ્વ. પૂ. હંસસાગરસૂરી-શ્વરજી મ. સા. ની નિશ્રામાં કર્યું. ત્યારબાદ સં૦ ૨૦૨૧ માં પાલીતાણા તરફ પ્રયાણ કર્યું. જ્યાં થોડા સાધ્વીઓને ગિરિરાજની ૯૯ યાત્રા કરાવી.

## સં. ૨૦૨૧ મહુવા :—

ચોમાસુ મહુવા કર્યું. ત્યારબાદ સં૦ ૨૦૨૨ ની સાલમાં પાલીતાણા ધામમાં ગચ્છ. સ્વ. પૂ. આ. શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ. સા. ના વરદહસ્તે બોઢાન નિવાસી હસુબેન અને રાજકોટ નિવાસી મીનાક્ષીબેનની દીક્ષા થઇ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **માર્દવતાશ્રીજી** અને **વ્રતધરાશ્રીજી** નામે થયા.

## સં. ૨૦૨૨ નવસારી :—

ચાતુર્માસ નવસારી કર્યું. ચોમાસા બાદ સં૦ ૨૦૨૩ ની સાલમાં પાંચ દીક્ષા થઇ: મહામહિનામાં ભાવનગર મુકામે પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. કૈલાસ-સાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં વિમલાબેનની દીક્ષા થઇ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **વરધર્માશ્રીજી** થયા. અને સુરત નગરે પૂ. પંન્યાસજી રૈવતસાગરજી મ. ના વરદહસ્તે સોરબી નિવાસી તારાબેનની દીક્ષા થઇ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા પ્રશાન્તશ્રીજી નામે થયા. ત્યારબાર વૈશાખ મહિનામાં સૂર્યપુરીમાં પૂ. પંન્યાસજી પ્રબોધસાગરજી મ. ની નિશ્રામાં મહુવાનિવાસી રસીલાબેનની દીક્ષા થઇ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **ઋષિદત્તાશ્રીજી** નામે થયા. અને ભાવનગરમાં પૂ. પંન્યાસજી કંચનસાગરજી મ. ના વરદહસ્તે પ્રિયમતીબેન અને સરલાબેનની દીક્ષા થઇ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **પ્રશમધરાશ્રીજી–શીલધરાશ્રીજી** નામે થયા.

સં. ૨૦૨૩–૨૪–૨૫ સુરત :—

સુરત ચોમાસુ પૂ. પંન્યાસજી પ્રબોધસાગરજી મ. ની નિશ્રામાં કર્યું. ત્યારબાદ સં૦ ૨૦૨૪ ની સાલે સુરત નગરે ગચ્છા. સ્વ. પૂ. આ. શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં ૧૩ વર્ષની બાલ્યવયના કિરણબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા બાલસાધ્વી કલ્પધર્મા-શ્રીજી નામે જાહેર થયા. સં૦ ૨૦૨૪ માં ચાતુર્માસ, ગચ્છાધિપતિ સ્વ. પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી માણિક્યસા-ગરસૂરીશ્વરજી ભગવંતની પુનિત નિશ્રામાં કર્યું. ચાતુર્માસ બાદ સં૦ ૨૦૨૫ માં સૂર્યપુરનગરે, ચિંતામણિ પાર્શ્વનાથ જિનમંદિરની અંજનશલાકા–પ્રતિષ્ઠા પ્રસંગે, ગચ્છા. સ્વ. પૂ. આ માણિક્યસાગરસૂરીશ્વરજી મ. અને પૂ. આ. કસ્તુર-સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ૧૪ વર્ષની બાલ્યવયના નયનાબેન તથા મીનાક્ષીબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા બાલસાધ્વી યશસ્વિનીશ્રીજી અને મોક્ષરત્નાશ્રીજી નામે જાહેર થયા (સં૦ ૨૦૨૫ માં ચોમાસુ નવાપુરા ગચ્છા૦ સ્વ. પૂ. આ. માણિક્યસાગરસૂરીશ્વરજી મ.ની પવિત્ર નિશ્રામાં કર્યું.) ત્યારબાદ સં૦ ૨૦૨૬ ની સાલમાં મહુવા મુકામે પૂ. પંન્યાસજી કંચનસાગરજી મ. ના વરદ હસ્તે હીરાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા શુભયશા-શ્રીજી થયા અને તે જ વર્ષે રાજકોટમાં પૂ. પંન્યાસજી દોલતસાગરજી મ. ની નિશ્રામાં આફ્રિકાના વતની કુસુમ-બેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા સુસંયતાશ્રીજી નામે થયા. ત્યારબાદ પાલીતાણા તરફ પ્રયાણ કર્યું.

સં. ૨૦૨૬ પાલીતાણા :—

શત્રુંજયગિરિની પવિત્ર ભૂમિમાં, શાસનકંટકોદ્ધારક સ્વ. પ. પૂ. આચાર્યદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કર્યું. દરમ્યાનમાં કદમગિરિથી જેસર જતાં વચ્ચે નવું ચોકગામ વસ્યું હતું તેમાં સાધુ-સાધ્વીને રહેવાની સગવડ કે સાધન ન હતું. **પૂજ્યશ્રીની સત્પ્રેરણાથી પાનાચંદ ભગુભાઈ કાંટાવાલાએ ચોકમાં ઘરદેરાસર અને નાનો ઉપાશ્રય તૈયાર કર્યો.** આ શાસનપ્રભાવનાનું કાર્ય શ્રમણવર્ગ માટે લાભદાયી નીવડયું. ત્યારબાદ સં૦ ૨૦૨૭ માં રાજકોટનગરે પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. ના વરદહસ્તે ભદ્રાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **ધર્મશીલાશ્રીજી** નામે થયા. મહા મહિનામાં નવસારીધામમાં પૂ. પંન્યાસજી ચિદાનંદસાગરજી મ. ના વરદહસ્તે વિશાખાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **વિશદ્‌ગુણાશ્રીજી** નામે થયા.

સં. ૨૦૨૭ અમદાવાદ :—

ચાતુર્માસ અમદાવાદ જૈનસોસાયટી કર્યું. ચોમાસા બાદ સં૦ ૨૦૨૮ માં ભાવનગર મુકામે પૂ. આ. મેરૂપ્રભસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં જ્યોતિબેન અને નિર્મળાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **જિનધર્માશ્રીજી-નયધર્માશ્રીજી** નામે થયા. વૈશાખ મહિનામાં સુરતમાં

પૂ. આ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. ના વરદ હસ્તે રીટાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **વ્રતરતાશ્રીજી** નામે થયા.

સં. ૨૦૨૮ બોરીવલી :—

પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી દેવસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં કર્યું. પૂજ્યશ્રીના પ્રશિષ્યા માર્દવતાશ્રીજીને મહોત્સવ ઉજવવાપૂર્વક **૫૦૦ આયંબિલનું** પારણું થયું. ત્યારબાદ સં૦ ૨૦૨૯ ની સાલમાં બ્યારામુકામે પૂ. આ. દેવેન્દ્રસાગર-સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં વર્ષાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **વિરક્તાશ્રીજી** તરીકે થયા. ફાગણ મહિનામાં સુરત નગરે ગચ્છા. સ્વ. પૂ. આ. માણિક્યસા-ગરસૂરીશ્વરજી અને વર્તમાન ગચ્છાધિપતિ પૂ. આ હેમ-સાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉર્વશીબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **વર્યતાશ્રીજી** તરીકે થયા. ત્યાર-બાદ જેઠ મહિનામાં વદ સાતમના રોજ **પૂજ્યશ્રીના ૪૦ વર્ષના દીર્ઘચારિત્રપર્યાયની પૂર્ણાહુતિ નિમિત્તે સુશ્રાવક પાનાભાઈ કાંટાવાલાએ ઋષિમંડળ પૂજન ભણાવ્યું.**

સં. ૨૦૨૯–૩૦ સુરત :—

મુનિરત્ન પૂ. મનોજ્ઞસાગરજી મ. ની નિશ્રામાં કર્યું. ચાતુર્માસ બાદ સં૦ ૨૦૩૦ માં રાજકોટમાં વર્ત૦ ગચ્છા. પૂ. આ. હેમસાગરસૂરીશ્વરજી મ. સા. ની શુભ નિશ્રામાં રેખાબેન અને ભાવનાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના

પ્રશિષ્યા **રમ્યશીલાશ્રીજી-ભવ્યશીલાશ્રીજી** નામે થયા. ત્યારબાદ સં૦ ૨૦૩૦ ની સાલમાં પૂ. પંન્યાસજી સોભાગસાગરજી મ. ની નિશ્રામાં નવાપુરા ચોમાસુ કર્યું. ચાતુર્માસ બાદ સં૦ ૨૦૩૧ ની સાલે નવસારી નગરે, સ્વ. પૂ. પંન્યાસજી વિમલસાગરજી મ. ના વરદહસ્તે ચંદ્રિકાબેનની દીક્ષા થઈ જે **પૂજ્યશ્રીના અંતેવાસી દશમા શિષ્યા ચિદ્દવર્ષાશ્રીજી નામે જાહેર થયા.** જેઠ માસમાં પૂ. તત્વરશાશ્રીજી મ. કાળધર્મ પામ્યા.

## સં. ૨૦૩૧ બીલીમોરા :—

પ. પૂ. ગુણગરિષ્ઠ મુનિરત્ન શ્રી ગુણસાગરજી મ. ની નિશ્રામાં કર્યું. એનોમાં પાંડવચરિત્ર વાંચી મોહમાયાના બંધનમાં બંધાયેલાંને મુક્તિનો માર્ગ બતાવ્યો. જડવાદના ઝેરભરેલાં જમાનામાં અધ્યાત્મવાદની ઘોષણા કરી. ચોમાસા બાદ સં૦ ૨૦૩૨ માં પાલીતાણા તરફ પ્રયાણ કર્યું. આદીશ્વર દાદાએ જેની પૂર્વ નવ્વાણું વખત સ્પર્શના કરી તે પાવન સિદ્ધાચલની ફરી સ્પર્શના કરી. સાધ્વીઓએ ૯૯ યાત્રા કરી, ફાગણ મહિનામાં પૂ. કલ્પલતાશ્રી મ. ની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિના પ્રસંગે ૧૨૧ છોડોના ભવ્ય ઉદ્યાપન-યુક્ત દશાન્હિકા મહોત્સવ દરમ્યાન પૂ. રેવતીશ્રી મ. તથા પૂજ્યશ્રીની નિશ્રામાં **૨૧૧ ઠાણાં એકસ્થાને એકત્રિત થયા.** સુંદર પ્રકારની સુવિધાથી શાસનપ્રભાવના થઈ. ત્યાર બાદ શેષકાળમાં **લગભગ ૧૦૦ જેટલા સાધ્વીઓને ‘ધર્મસંગ્રહ’ તથા ‘ધર્મરત્ન’ની વાંચના આપી.**

ફાગણ વદ આઠમના રોજ સં૦ ૨૦૩૨ ની સાલમાં લગભગ ૩૨ સાધ્વીઓએ વર્ષીતપનો આરંભ કર્યો જે આશ્ચર્યાનંદરૂપ હતો.

## સં. ૨૦૩૨ પાલીતાણા :—

સિદ્ધક્ષેત્રમાં ચાતુર્માસ કર્યું. ચોમાસામાં પણ સાધ્વીગણમાં આચારાંગાદિ સૂત્રોની વાંચના ચાલુ રહી. ત્યારબાદ સં૦ ૨૦૩૩ માં બાલાપુર મુકામે પૂ. પંન્યાસજી સદ્ગુણવિજય મ. ની નિશ્રામાં કામિનીબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા પ્રીતિધર્માશ્રીજી નામે થયા. વૈશાખ મહિનામાં સાધ્વીઓને વર્ષીતપનાં પારણાં થયા.

## સં. ૨૦૩૩ સુરેન્દ્રનગર :—

વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા. ની શુભનિશ્રામાં કર્યું. બેનોમાં ચંદરાજાના રાસનું વાંચન કર્યું. ઉપદેશપ્રાસાદ વાંચી, સામાયિકની આરાધના સ્પર્ધા અને ઈનામ સહ કરાવી. ઉપધાન તપની આરાધના બેનોને કરાવી. પોતાના પ્રશિષ્યા વિરક્તાશ્રીજીને ૪૫ ઉપવાસની મહાન તપશ્ચર્યા કરાવી જે સમુદાયમાં પ્રથમ વખત જ થઈ હતી. ચાતુર્માસ બાદ સં૦ ૨૦૩૪ ની સાલે કાર્તિક મહિનામાં, પૂજ્યશ્રીની પ્રેરણાથી પોતાના પ્રશિષ્યા મોક્ષરતાશ્રીજીને ૫૦૦ આયંબિલનું પારણું થયું તથા પોતાના પ્રશિષ્યા વ્રતરતાશ્રીજી અને શિષ્યા ચિદ્વર્ષાશ્રીજીને શ્રેણીતપનું પારણું પંચા-

ન્હિકા મહોત્સવ પૂર્વક થયું. ત્યારબાદ અમદાવાદમાં પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. ના. વરદહસ્તે થરાદનિવાસી ગુણીબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **શમરતાશ્રીજી** નામે થયા.


## સં. ૨૦૩૪ અમદાવાદ :—

ચોમાસુ માકુભાઈ શેઠના બંગલામાં કર્યું. પૂજ્યશ્રીના પ્રશિષ્યા વિશદ્દગુણાશ્રીજીને ૫૦૦ આયંબિલનું પારણું મહોત્સવ ઉજવવાપૂર્વક થયું. આ ચોમાસામાં પૂ. ઋજુપ્રજ્ઞાશ્રી મ. કાળધર્મ પામ્યા. ત્યારબાદ સં૦ ૨૦૩૫ ની સાલમાં શ્રી શંખેશ્વરતીર્થમાં આગમમંદિરની અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગે શાસનજ્યોતિર્ધર પૂ. આ. દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મ. તથા પૂ. અભ્યુદયસાગરજી ગણિવર્ય આદિની પુનિત નિશ્રામાં સુરત નિવાસી પલ્લવીબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **પ્રશસ્યાશ્રીજી** નામે થયા. ફાગણ મહિનામાં વિરમગામ મુકામે પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. ના વરદહસ્તે જ્યોત્સનાબેનની દીક્ષા થઇ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **જયપ્રજ્ઞાશ્રીજી** નામે થયા. વૈશાખ મહિનામાં શિહોર નગરે પૂ. પંન્યાસજી કંચનસાગરજી મ. ની નિશ્રામાં પ્રફુલ્લાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **પ્રશમરતાશ્રીજી** નામે થયા.

## સં. ૨૦૩૫ સુરત :—

પરમ પૂજ્ય પંન્યાસજી મ. દોલતસાગરજી મ. સા.

ની નિશ્રામાં કર્યું. બેનોમાં 'શ્રી શત્રુંજય લઘુકલ્પ' વાંચ્યું. ચાતુર્માસ બાદ સં૦ ૨૦૩૬ માં, શેષકાળના મહામહિનામાં પૂ. પંન્યાસજી દોલતસાગરજી મ. તથા પૂ. મુનિરત્ન મહાસેનસાગરજી મ. ની નિશ્રામાં પૂજ્યશ્રીના પ્રશિષ્યા **પ્રબોધશ્રીજીને માસક્ષમણનું** પારણું, જલયાત્રાના વરઘોડા સહ પંચાન્હિકા મહોત્સવપૂર્વક ધામધૂમથી થયું. આ પૂર્વે પણ પૂજ્યશ્રીની નિપુણ પ્રેરણાથી-તેઓશ્રીના લગભગ **૧૫ સાધ્વીઓએ માસક્ષમણની તપશ્ચર્યા** કરી હતી. મહા વદમાં રાજનગરમાં પૂ. ગણિવર્ય અભ્યુદયસાગરજી મ. ના વરદહસ્તે કોકિલાબેનની દીક્ષા થઈ જે પૂજ્યશ્રીના પ્રશિષ્યા **કલ્પવિદાશ્રીજી** નામે થયા.



જેમના સંયમી જીવનના સાનિધ્યે આ પુસ્તિકા
પ્રકાશિત થઇ છે. તે પૂજ્ય મૃગેન્દ્રશ્રીજીના
પરમ-વિનેય શિષ્યા શ્રી **મનીષાશ્રીજી**

જન્મ :- સંવત ૧૯૮૨ના ભાદરવા સુદ-૭



દીક્ષા :- સંવત ૨૦૧૯ના મહા સુદ-૧૦

रूपे रूपवती दृष्टिर्दृष्टवा रूपं विमुह्यति
मज्जत्यात्मनि नीरूपे तत्त्वदृष्टिस्तरूपिणी

પ્રયોજક : સિદ્ધાંત પાક્ષિક પંડિત
શાંતિલાલ કેશવલાલ અમદાવાદ.

# પૂ. મનીષાશ્રીજીનો ટૂંક પરિચય

"જેના હૃદયાંગણમાં ગુરૂનો વાસ છે તેને તો ધન્ય જ છે પરંતુ જેનો ગુરૂ હૃદયમાં વાસ છે તે તો ધન્ય-અતિધન્ય છે" આ ઉક્તિ સાચે જ જેમને લાગુ પડી છે તે ધન્યાતિધન્ય પુણ્યશાળી મહાત્મા-મંજુલાબેનનો જન્મ સંવત ૧૯૮૨ ના ભાદ્રપદ માસના શુક્લપક્ષની સાતમના પવિત્રદિને મુંબઈમાં થયો હતો. કોમળકાયા હોવા છતાં કિશોરાવસ્થામાં છાની દીક્ષા લેવાથી ફરી ઘરભેગા થવું પડયું હતું. ત્યારબાદ કોઈ વિશિષ્ટ પુણ્યપ્રકર્ષે ફરી જ્યારે સાધનામાં સિતારો ચળકયો, સંસારનો સ્વાદ બેસ્વાદ લાગ્યો ત્યારે માયાનો મિનારો કકડભૂસ કરવા કટીબદ્ધ થયા. મંજુલ મંજુલ વાતાવરણને ત્યજી, મંજુલાબેનની સુંવાળી નાજુક કાયાએ મહાપુરુષોના માર્ગે મહાભિનિષ્ક્રમણ કર્યું. માલવદેશોદ્ધારક પ. પૂ. આચાર્યદેવશ્રી ચંદ્રસાગરસૂરિ મ. ના વરદહસ્તે સં૦ ૨૦૧૯ ના માઘ માસના શુક્લપક્ષની દશમના મંગળદિને સુરત મુકામે દીક્ષા થઈ, પૂ. મૃગેન્દ્રશ્રી મ. ના શિષ્યારત્ના પૂ. મનીષાશ્રી મ. નામે જાહેર થયા. તે જ વર્ષે ફાગણ સુદ ૫ ના શુભદિને પૂ. આચાર્યદેવશ્રીના હસ્તે વડીદીક્ષા જોગ આદિ થયા. પૂર્વભવના ઉત્કૃષ્ટ વિનયના પ્રભાવે આ ભવમાં પણ પરમવિનેયી ગુર્વાજ્ઞાંકિત બની અથાગ ગુરૂકૃપાને પ્રાપ્ત કરી શકયા છે. ગુરૂદેવશ્રીનો અસ્ખલિત આશીર્વાદ-આત્મપ્રદેશના અણુએ અણુએ

અંકિત કરી દીધો છે. સ્વ અર્પણ અને સમર્પણ કરતાં પણ આશીર્વાદ એ એવી જીવંત શક્તિ છે કે ગમે તેવા ઝંઝાવાતો સામે ઝઝુમવાની, બાથ ભીડવાની અને આગે કદમ બઢવાની હિંમત અર્પે છે. ગુરૂજીનું **મન જીતવામાં** તેઓશ્રી **મહાનવિજયી** નીવડયા છે. ગુરૂની મહેર વિનાનું જીવન સૂર્ય વિનાના તેજ ચંદ્ર વિનાના પ્રકાશ અને વૃક્ષ વિનાના પાન જેવું છે. તેઓશ્રી **ગુરૂ મહેરની** પ્રજવલિત જાજવલ્યમાન જ્યોતથી પોતાના જીવનને પ્રકાશિત કરવામાં સંપૂર્ણ સફળ થયા છે.

સાધકજીવનની સુંદરતાને સાથે જ રાખી તેઓશ્રી એ ધ્યેયની કેડીએ આગળ વધી રહ્યા છે. તેઓશ્રીની વ્યવહારકુશળતા અનોખી છે. સ્વાસ્થ્યની અનુકુળતાએ યથાશક્તિ જ્ઞાન-ધ્યાન-તપ-જપ વિગેરે કરી રહ્યા છે. શાશ્વત શ્રી નમસ્કાર મહામંત્રને જીવનપ્રાણ બનાવી દીધો છે. મુખાકૃતિની અલૌકિક પ્રસન્નતા અને આનંદી રમુજી સ્વભાવથી સમુદાયમાં પ્રિયવંત બની ચૂકયા છે. સહજ **સરળતા** તેમને વરેલી છે. **ઉદારતાને** તેમણે પરાકાષ્ટાએ પહોંચાડી છે. **માધુર્યતાનો** ત્રિવેણી સંગમ થતા આ આજ્ઞાંકિત, આગવું સ્થાન પ્રાપ્ત કરી શકયા છે. "હાજી-નાજી **શબ્દોથી** અને **વાણીની અતિમીઠાશથી** અન્ય **માટે ઉત્તમ દૃષ્ટાંતરૂપ થયા** છે આ સહજ **ગુણોની** **વર્ષા** અમારા પર પણ **વર્ષે** એ જ....શુભાભિલાષા.

લિ. **સા. ચિદ્દવર્ષાશ્રી**

॥ श्री सर्वज्ञाय नमः ॥

# જૈન ધર્મ અને સ્યાદ્-વાદ

એટલે

# ત્રિકાળાબાધિત-સાપેક્ષ-સત્ય

★

જૈન ધર્મ એટલે ? સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વીતરાગ તીર્થંકર ભગવંતોએ સામાન્યથી આ સમસ્ત જગતને અનાદિ-અનંત જીવ અને અજીવ દ્રવ્યોની રાશિરૂપ જણાવ્યું છે, તેમજ વિશેષતઃ નવતત્ત્વ સ્વરૂપે જણાવ્યું છે–તેમાં જે મોક્ષતત્ત્વ છે તે આત્મતત્ત્વનું પરમ શુદ્ધ સ્વરૂપ હોઇ પરમ સાધ્યરૂપ છે. અને તે માટે સંવર અને નિર્જરા એ બે તત્ત્વો સાધનરૂપ હોઇ ઉપાદેય છે. જ્યારે કર્મના બંધરૂપ બંધતત્ત્વ છે. અને તેના હેતુભૂત આશ્રવતત્ત્વ છે. તેમાં પુણ્યનો બંધ શુભ વિપાક આપનાર અને પાપનો બંધ જીવને અશુભ વિપાક આપનાર છે એમ જણાવેલ છે. સ્યાદ્વાદ-દૃષ્ટિએ ઉપર જણાવેલ નવે તત્ત્વોનું ત્રિકાળાબાધિત સ્વરૂપ જાણીને, તેમાંથી જે જે ભવ્ય આત્માઓ વડે પોત-પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સાપેક્ષતાએ અનુક્રમે ગણ-

સ્થાનક ક્રમારોહણથી પોતાના આત્માની પરમ-વિશુદ્ધ (મોક્ષ) દશાને પ્રાપ્ત કરવા માટે જે જે ધર્મ તેમજ મોક્ષ પુરૂષાર્થ કરાય છે, તેને જૈન ધર્મ જાણવો.

આ રીતે આત્માને-સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિનો સત્ય-માર્ગ જણાવનાર જૈન ધર્મ (પંચ પરમેષ્ઠિપદ થકી) નિરંતર જયવંતો વર્તે છે.

કોઈ પણ સંસારી (મન-વચન-કાય યોગમાં પ્રવર્તતા) આત્મામાં પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણ પરિણમનની સાથે કર્મજનિત-ઔદયિકભાવનું પરિણમન પણ નિરંતર અવશ્ય હોય છે. આ ઔદયિકભાવનું જે યોગ પરિણમન છે, તે આત્માર્થ સાધકતાએ પ્રશસ્ત તેમજ સંસાર પરિભ્રમણરૂપ હેતુતાએ અપ્રશસ્ત એમ બંને સ્વરૂપવાળું હોય છે.

વ્યવહાર થકી પ્રશસ્તયોગને સર્વ દર્શનકારોએ ઉપકારક લેખ્યો છે. કેમકે દરેકે-દરેક દર્શનકારને પોત-પોતાના ગુરુમુખે હિત શ્રવણની યોગ ક્રિયા, તેમજ પોતાના ઈષ્ટદેવનાં દર્શન, વંદન તેમજ પૂજનની યોગક્રિયા ઉપકારક સમજાયેલી હોય છે.

જો કે જે યોગક્રિયાથી આત્મ-શુદ્ધિ થતી ન હોય અને કેવળ પુણ્ય-બંધનું કારણ હોય તેને ભાવથકી અપ્રશસ્ત યોગ જાણવો જોઈએ. તેમ છતાં તેને વ્યવહારથકી તો પ્રશસ્તપણું છે. જ્યારે ક્રોધ-માન-માયા અને લોભ થકી હિંસા-જુઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહાદિની યોગક્રિયાઓને તો વ્યવહારથી અપ્રશસ્તપણું પ્રગટ છે.

પ્રત્યેક સંસારી આત્મામાં યોગ પરિણમનની સાથે પોતાના જ્ઞાનાદિ ગુણોના ઉપશમ–ક્ષયોપશમ તેમજ ક્ષાયિક-ભાવનું પરિણમન પણ હોય છે. આ બંને પરિણમન-ભાવોમાં એક-બીજાની મુખ્ય-ગૌણવૃત્તિએ પ્રત્યેક આત્મા કર્મનો બંધ તેમજ નિર્જરા પણ પ્રત્યેક સમયે કરતો હોય છે.

જે યોગક્રિયામાં યોગ તેમજ કષાયભાવની જેટલી તીવ્રતા વધુ હોય છે, તે મુજબ તે આત્માને અનેકવિધ તીવ્ર કર્મબંધ થાય છે, અને જે ક્રિયા સંબંધે આત્માને આત્મશુદ્ધિનો ઉપયોગ (ભાવ) જેટલો તીવ્ર તેમજ વિશુદ્ધ હોય છે; તે મુજબ તે આત્માને કર્મ-નિર્જરા વધુ થાય છે. આ માટે કહ્યું છે કે—

કારણ જોગે હો બાંધે બંધને રે,
કારણ મુગતિ મુકાય;
આશ્રવ–સંવર નામ અનુક્રમે રે,
હેયોપાદેય સુણાય.

× × ×

જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;
મીલતાં કારજ નીપજે રે, કર્તા તણે પ્રયોગ.

× × ×

કારણ જોગે હો કારજ નીપજે રે,
એમાં કોઈ ન વાદ;

પણ કારણ વિણ કારજ સાધીયે રે,
એ નિજમત ઉન્માદ,

× × ×

ભાવસ્તવ જેહથી પામીજે,
દ્રવ્યસ્તવ એ તેણે કહીજે;
દ્રવ્યશબ્દ છે કારણવાચી,
ભમે મ ભૂલો કર્મ નિકાચી.

× × ×

શાસ્ત્રમાં નિશ્ચયદૃષ્ટિએ જણાવેલ છે કે,

"आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः"

તે સાથે વ્યવહાર દૃષ્ટિએ એ પણ જણાવેલ છે કે—

જે વ્યવહાર મુક્તિ મારગમાં, ગુણઠાણાને લેખેજી;
અનુક્રમે ગુણશ્રેણીનું ચડવું, તેહીજ જિનવર દેખેજી.

આ સંબંધે શાસ્ત્રાનુસારી નિશ્ચય-વ્યવહારની પ્રવૃત્તિ-નિવૃત્તિની ચૌભંગીના સ્વરૂપને યથાર્થ અવધારણ કરવું જરૂરી છે.

(૧) **નિશ્ચય પ્રવૃત્તિધર્મ**: પોતાના આત્માને સમ્યક્ત્વ-સામાયિક, શ્રુત સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક ભાવમાં રાખવા પ્રયત્ન કરવો તે.

(૨) **નિશ્ચયથી નિવૃત્તિ ધર્મ**: પોતાના આત્માને વિષય-કષાયાદિના પરિણામથી નિવર્તાવવો તે.

(૩) **વ્યવહાર પ્રવૃત્તિ ધર્મ** : પોતાના આત્માને જ્ઞાનાદિ પંચાચારમાં જોડવો તે.

(૪) **વ્યવહારથી નિવૃત્તિ ધર્મ** : હિંસા-જુઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહાદિના પાપવ્યાપારથી આત્માને અળગો રાખવો તે.

ઉપર જણાવેલ પ્રવૃત્તિરૂપ તેમજ નિવૃત્તિરૂપ બંને ધર્મો પરસ્પર સાપેક્ષભાવે ઉપકારક જાણવા, તેમજ વ્યવહારધર્મ અને નિશ્ચયધર્મ પણ પરસ્પર સાપેક્ષભાવે ઉપકારક જાણવા. અન્યથા એકાંત પ્રવૃત્તિધર્મ કે નિવૃત્તિધર્મ યા તો એકાંત વ્યવહારધર્મ કે નિશ્ચયધર્મ આત્માર્થ સાધક બનતો નથી. આ માટે કહ્યું છે કે—

जइ जिणमयं पवज्जय ता मा ववहार-णिच्छए मुयह ।
इक्केण विणा तित्थं, छिज्जइ अन्नेण उ तच्चं ॥ १ ॥

× × ×

णिच्छय-मग्गो मोक्खो ववहारो पुण्ण कारणो वुत्तो ।
पढमो संवररूवो, आसवहेऊ तओ वीओ ॥ १ ॥

× × ×

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી-આદરી કાંઈ રાચો.

આજ પ્રમાણે વળી પણ સ્યાદ્વાદ શ્રુત પ્રમાણ જ્ઞાન થકી અન્ય ભાવો સંબંધે પણ જાણવું કે—

(૧) કોઈ પણ દ્રવ્ય સ્વ–પર ભાવથી અસ્તિ–નાસ્તિ સ્વરૂપે ઉભય સ્વરૂપી છે.

(૨) કોઈ પણ જડ–ચેતન દ્રવ્ય પોતાના કોઈ પણ પરિણામ (ભાવ)થી ભિન્નાભિન્ન સ્વરૂપે હોઇ ઉભયસ્વરૂપી છે.

(૩) કોઈ પણ જીવ દ્રવ્ય પોતાના અનેક પ્રદેશ સમુદાયથી તેમજ ગુણપર્યાયથી એકાનેક સ્વરૂપે ઉભયસ્વરૂપી છે.

(૪) કોઈ પણ સંસારી જીવ (આત્મ–તત્વ) સ્વ–પર કર્તૃત્વભાવે શુદ્ધાશુદ્ધ ઉભય સ્વરૂપી છે. તેમજ એ પણ સ્પષ્ટ સમજવું કે આત્મા સિવાય અન્ય કોઈ પણ અચેતન દ્રવ્યમાં ઇચ્છાનુસારી કર્તૃત્વ–સ્વભાવજન્ય ક્રિયા હોતી નથી.

(૫) કોઈ પણ આત્મા પોતાના જ્ઞાન–દર્શન ગુણથી સ્વ–પર સમસ્ત જ્ઞેય સંબંધી સામાન્ય–વિશેષ રૂપથી જ્ઞાત–અજ્ઞાતભાવે ઉભય સ્વરૂપી છે.

આ રીતે અનેક ગુણ–પર્યાય સ્વરૂપી છએ દ્રવ્યોને જો કે કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્મા, કેવળજ્ઞાને કરી સર્વ જ્ઞેય ભાવોને પ્રત્યક્ષપણે (હસ્તામલકવત્) સંપૂર્ણ સ્વરૂપે જાણતા હોવા છતાં, “अर्पितानर्पितसिद्धेः” એ સૂત્ર મુજબ સપ્રયોજન કોઈ પણ ભાવને, અન્યને શ્રુત દ્વારા જણાવવા માટે તો તેઓ પણ “વા” શબ્દથી સ્યાદ્વાદનો આશ્રય લઇને જણાવે છે.

આ રીતે શ્રી કેવળી તીર્થંકર પરમાત્માઓએ આત્મ-પ્રત્યક્ષતા વડે ત્રૈકાલિક જે-જે અર્થોને તીર્થંકરનામકર્મના ઉદયે વચન યોગથી પાંત્રીશ ગુણયુક્ત વાણી દ્વારા જણાવેલ હોય છે તે તે અર્થોનું ઉત્તમ ગણધર આત્માઓને, સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણે કરી અનુભવ પ્રત્યક્ષે અવિરુદ્ધ-પણું હોવાથી, તદ્અર્થસૂચક શ્રી ગણધર ભગવંતો રચિત -દ્વાદશાંગીરૂપ-સમ્યક્શ્રુતને, અવિસંવાદિભાવે-આગમ પ્રમાણ જ્ઞાન જાણવું.

દૃષ્ટાંત તરીકે કેવલી પરમાત્માઓએ કોઈ પણ દ્રવ્ય-ગુણ-પર્યાયને उपन्नेइ वा, विगमेइ वा અને धुवेइ वा એ ત્રણે સ્વરૂપથી સ્યાદ્ સ્વરૂપે જણાવીને, તેમાંથી સ્યાદ્ સપ્રયોજન કોઈ એક ભાવને, આત્મદ્રવ્યના હિતાહિત સંબંધે યથાર્થ અવિસંવાદીભાવે યથાતથ્ય હેયોપાદેયરૂપે જણાવેલ હોય છે.

આથી સમજવું જોઈએ કે છદ્મસ્થોએ તો કોઈ પણ દ્રવ્યને કે તેના કોઈ પણ પરિણામને યથાર્થ-અવિરુદ્ધ પ્રમાણ સ્વરૂપે જાણવા-જણાવવા માટે અવશ્ય સ્યાદ્નો આશ્રય કરવો યુક્ત છે.

આ સાથે વળી તે પ્રમાણ બોધ સ્વરૂપમાં પણ સ્વ-પર આત્મ-હિતાહિતમાં પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ યથાર્થ-અવિરુદ્ધ હેયોપાદેયાત્મક જે નયજ્ઞાન, તેને પણ પ્રમાણાંશભાવે પ્રમાણ-જ્ઞાન જાણવું જોઈએ; અન્યથા અનેકવિધ તર્ક-કુતર્કયુક્ત જે એકાંતિક મિથ્યાજ્ઞાન છે, તે અવશ્ય રાગ-દ્વેષની વૃદ્ધિ કરાવનારૂં હોઈ દુઃખોની પરંપરાને વધારનારૂં છે.

આથી સ્પષ્ટ સમજવું કે સર્વજ્ઞ અને સર્વદર્શી કેવળી ભગવંતોએ સ્યાદ્વાદ સ્વરૂપથી પ્રકાશેલ નવે તત્ત્વમાં યથાર્થ વિવેકયુક્ત, મતિ–શ્રુતાદિ ભેદવાળું અવિકળ જ્ઞાન તે અવિસંવાદિ–પણે આત્મહિત સાધક હોઈ પ્રમાણ જ્ઞાન છે. આ અર્થથી "तत्त प्रमाणे" સૂત્રથી પાંચે જ્ઞાનની પ્રમાણતા સંબંધે સામાન્યતયા શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે,

"स्व–पर–व्यवसायि ज्ञानं प्रमाणम्"

આથી જ તો પૂર્ણ જ્ઞાની કેવળી ભગવંતોએ પ્રરૂપેલ હેયોપાદેય તત્ત્વોમાં નિઃશંકભાવે વિધિ–નિષેધરૂપે યથાર્થ અવિરુદ્ધભાવે પ્રવર્તન કરનાર ભવ્ય આત્માને પણ અનંત–અક્ષય પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આત્માને પૂર્ણજ્ઞાની પરમાત્મપદની પ્રાપ્તિ માટે શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે પોતાના આત્મતત્ત્વને, ગુણસ્થાનક ક્રમારોહ વડે પર–જડતત્ત્વના અનાદિ સાંયોગિક પરિણામ સંબંધથી, સર્વથા મુક્ત કરવાને સમર્થ એવો સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો ગર્ભજ મનુષ્ય જ પૂર્ણ પરમાત્મભાવને પામે છે.

આ માટે કેવળી ભગવંતોએ અનેકવિધ આત્મસ્વરૂપને અનુલક્ષી દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ સંબંધી યથાર્થ અવિરુદ્ધ વિધિ–નિષેધ માટે સ્યાદ્વાદ સ્વરૂપથી ઉત્સર્ગ–અપવાદ ઉભય સ્વરૂપે જે મોક્ષમાર્ગ પ્રરૂપેલો છે, તેનું ગીતાર્થ ગુરુ ભગવંત પાસેથી પ્રથમ યથાર્થ જ્ઞાન કરવું જરૂરી છે. કેમકે, આ માટે કહ્યું છે કે—

"ज्ञान क्रियाभ्याम् मोक्षः"

તેમજ વળી પણ કહ્યું છે કે—

"पढमं नाणं तवो दया"

આ બંને સૂત્રો સર્વ-સંમત છે.

તે માટે પ્રથમ જ્ઞાનનયની દૃષ્ટિમાં જેમ આત્મા સંબંધી શુદ્ધાશુદ્ધ નિશ્ચય-વ્યવહાર ઉભય સ્વરૂપી યથાર્થ સાધ્ય-સાધન ભાવનું જ્ઞાન ઉપકારી છે; તેમ તે સાથે ક્રિયાનયની દૃષ્ટિએ યોગ-ઉપયોગરૂપ ક્રિયા-પરિણામમાં ઉત્સર્ગ-અપવાદ-રૂપ ઉભય સ્વરૂપી કાર્ય-કારણ ભાવમાં યથાર્થ વિધિ-નિષેધરૂપ પ્રવર્તન ઉપકારી થાય છે.

અન્યથા સ્વમતિકલ્પિત-એકાંત સ્વચ્છંદાચારી જ્ઞાન-ક્રિયાના કોઈ પણ સ્વરૂપમાં એટલે નિશ્ચય-વ્યવહારમાં યાતો ઉત્સર્ગ-અપવાદમાં એકાંત પક્ષપાત અહિતકર છે, એમ જાણવું.

આથી સ્પષ્ટ સમજાય છે કે આત્માર્થી આત્માઓએ પ્રત્યક્ષ પૂર્ણજ્ઞાની કેવલી પરમાત્માએ જણાવેલ પંચવિધ પ્રમાણ જ્ઞાનના સ્વરૂપને (સ્યાદ્‌વાદને) યથાર્થભાવે અવલંબીને આત્મારાધન કરવું હિતકર છે.

આમ છતાં જેઓ મતિકલ્પિત શાસ્ત્રાર્થોનો આશ્રય લઇને સ્વેચ્છાચારીપણે કેવળ પાપમય પ્રવૃત્તિઓમાં સ્યાદ્‌-વાદનો આશ્રય લઇને ધર્મ (આત્મશ્રેય) સ્થાપે છે, એવા મૂઢ અહંકારી-અજ્ઞાની આત્માઓને અનંત સંસારી જાણવા. કેમકે શાસ્ત્રમાં ઉત્સૂત્રભાષીઓને, સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર,

એ ત્રણેથી ભ્રષ્ટ થયેલા હોઈ, અનંત સંસારી કહ્યા છે. તે માટે તેઓને ઉવેખીને આત્માર્થી આત્માઓએ સૌ પ્રથમ શાસ્ત્રમાં જણાવેલ નીચે મુજબની પાપ પ્રવૃત્તિઓથી વિરમવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

(૧) પ્રાણાતિપાત (૨) મૃષાવાદ (૩) અદત્તાદાન (૪) મૈથુન (૫) પરિગ્રહ (૬) ક્રોધ (૭) માન (૮) માયા (૯) લોભ (૧૦) રાગ (૧૧) દ્વેષ (૧૨) કલહ (૧૩) અભ્યાખ્યાન (૧૪) પૈશુન્ય (૧૫) રતિ–અરતિ (૧૬) પર–પરિવાદ (૧૭) માયા–મૃષાવાદ (૧૮) મિથ્યાત્વશલ્ય. આ અઢાર પાપ પ્રવૃત્તિઓને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક દૂર કરવાથી આત્માને આત્માર્થ સાધવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ માટે "દૃષ્ટિવાદ"ની પુસ્તિકા અવશ્ય જોવી.

પૂર્વે જણાવ્યા મુજબ શાસ્ત્રોમાં પાંચે પ્રકારના જ્ઞાનની "तत् प्रमाणे" એ સૂત્રથી પ્રમાણતા સ્વીકારાયેલ છે, તે સાથે જ "मति-श्रुतावधयो विपर्ययश्च" એટલે પ્રથમનાં ત્રણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન જો આત્માર્થ સંબંધી દ્રવ્ય–ભાવથી આશ્રવ–સંવર તત્ત્વમાં યથાર્થ હેયોપાદેયતા રહિત હોય તો તે મિથ્યાજ્ઞાન હોઈ આત્મહિતકર નથી, એમ પણ સ્પષ્ટ જણાવેલ છે. વળી પણ મિથ્યાદૃષ્ટિના મિથ્યાજ્ઞાનના લક્ષણની સ્પષ્ટતા કરતાં જણાવેલ છે કે

"सदसतोरविशेषात् यदृच्छोपलब्धेरुन्मत्तवत्"

આથી સમજવું કે સદ્–અસદ્ ભાવમાં હિતાહિતના વિવેક

વગરનું સ્વેચ્છાનુસારી ઉન્માદી જ્ઞાન તે મિથ્યાજ્ઞાન હોઈ આત્માર્થ સાધક હોતું નથી. કિન્તુ આત્માર્થે કથંચિત્ બાધક હોય છે.

આ સંબંધે મિથ્યાદષ્ટિ-ભવાભિનંદી આત્માઓની ધર્મક્રિયાઓ સંબંધી શાસ્ત્રમાં કહ્યું છે કે—

" आहारोपधि-पूजर्द्धिं,-गौरवप्रतिबंधतः ।
भवाभिनंदी यां कुर्यात्, क्रियां साध्यात्मवैरिणी ॥

શાસ્ત્રમાં ભવાભિનંદી જીવોનાં જે અગિયાર લક્ષણો જણાવેલ છે તે માંહેથી આહારને અર્થે, પૂજાવાને અર્થે, વસ્ત્ર-પાત્રાદિકને અર્થે કે ગૌરવ વધારવાને અર્થે ઇત્યાદિ કોઈ પણ લક્ષણની મુખ્યતા સહિત જે જે આરાધના કરાતી હોય છે તે સઘળીએ અધ્યાત્મભાવની વૈરિણી જાણવી.

પ્રથમ જણાવ્યા મુજબ આત્માર્થ સાધક યથાર્થ (સમ્યક્) જ્ઞાન તેમજ અયથાર્થ (મિથ્યા) જ્ઞાનને અનુલક્ષીને સાધક-બાધક પ્રવૃત્તિ-નિવૃત્તિમાં જે-જે પ્રકારે જે-જે જીવો જોડાયેલા છે; તેઓનું કિંચિત્ સ્વરૂપ નીચે મુજબ જાણવું.

પ્રથમ તો એ જાણવું જરૂરી છે કે પ્રત્યેક આત્માર્થી આત્માઓને, અનેકાંત યાને સ્યાદ્વાદને અનુલક્ષીને, નય-નિક્ષેપ-પ્રમાણ સાપેક્ષ ભાવે પૂર્વે જણાવ્યા મુજબ વિધિ-નિષેધનું અનુસરણ અવિસંવાદીપણે આત્મહિતકર જાણવું.

આ સંબંધે મુખ્ય ચાર પ્રકારના સામાયિક ભાવના અનુભવને પ્રત્યક્ષ પ્રમાણ રૂપે જાણીને યથાશક્તિ ચારે

પ્રકારના સામાયિક ભાવમાં વર્તવું જરૂરી છે. કેમકે આ સંબંધે શાસ્ત્રમાં કહ્યું છે કે—

"आया सामाइए–अट्ठे–परमट्ठे सेसे अणट्ठे"

તેમજ વળી સામાયિક ભાવની વિરુદ્ધતા સંબંધે જાણવું કે મિથ્યાત્વના જોરે પર–પૌદ્‌ગલિક ભાવમાં મોહાંધ બનેલા આત્માઓ પણ પોતાનો ભૌતિક સ્વાર્થ સાધવા માટે અનેકાંતિક યાને સ્યાદ્‌વાદ વચનોનો મનમાન્યો આશ્રય લઈને કેવળ પોતપોતાની એકાંતિક વ્યવહારિક ક્રિયામાં યા તો એકાંતિક નૈશ્ચયિક ભાવે કેવળ આત્મ પરિણામરૂપ માર્ગમાં આત્માર્થ સાધનતા સ્થાપતા હોય છે. તેઓએ ખરેખર તો સ્યાદ્‌વાદનો કેવળ દુરુપયોગ કરેલ હોય છે–એમ જાણવું.

વળી પણ ઉપર જણાવ્યા મુજબ કેટલાક મિથ્યા-જ્ઞાનમાં આગ્રહીઓ સ્યાદ્‌વાદના નય–નિક્ષેપ–પ્રમાણ સાપેક્ષ યથાર્થ અર્થને ગ્રહણ કરવાને અસમર્થ હોઈ, સ્યાદ્‌વાદમાં સંશય ધરતા રહી, સ્યાદ્‌વાદને સંશયવાદ કહેતા ફરે છે.

તેમજ કેટલાક મૂઢ જીવો સ્યાદ્‌વાદને સમાનતાવાદ રૂપે યોજીને સર્વ જીવો પ્રતિ સમાનતા અપનાવવા રૂપે "વાવડી ચસકી"ના ન્યાયે પોતાની મૂર્ખતાનું પ્રદર્શન કરતા પોતાની દાંભિક સમાનતાવાદી પાપકારી પ્રવૃત્તિને ક્રાંતિકારી લેખાવે છે.

વળી કેટલાક બાળ પંડિત સાધુઓ ધર્મ–પરિણામ અને કર્મ–પરિણામના ભેદસ્વરૂપમાં મૂઢ હોવાથી ધર્મ

પરિણામને કર્મ, અને કર્મ પરિણામને ધર્મ સ્વરૂપે જણાવતા હોય છે. હકીકતમાં તો આત્માનો સ્વભાવ ધર્મ, આત્માના જ્ઞાનાદિ ગુણોમાં પરિણમન પામવું તે છે. આ માટે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે "वत्थुसहावो धम्मो" તેમ છતાં ઉદિત કર્મના-પરિણામ સ્વરૂપી મન-વચન-કાય યોગની શુભ પ્રવૃત્તિને જ ધર્મ સ્વરૂપે જણાવવી તે સ્યાદ્વાદ સિદ્ધાંતની અજ્ઞાનતાના જોરે કે દ્વેષથી જ સંભવી શકે.

આ સાથે એમ પણ સમજવું જરૂરી છે કે આત્માને આત્મભાવમાં પરિણામ પામવામાં **નિમિત્ત હેતુરૂપે** જે-જે પ્રશસ્ત યોગ પ્રવૃત્તિ જે-જે સ્વરૂપે સહાયક થાય છે, તેને તથા સ્વરૂપે ઉપચારે (વ્યવહારથી) ધર્મ સ્વરૂપે જાણવી જોઇએ. ઉપર જણાવેલ અર્થ સ્યાદ્વાદથી અવિરુદ્ધ હોઈ આ સંબંધે કહ્યું છે કે—

"ધર્મ શુદ્ધ ઉપયોગ સ્વભાવ,
પુણ્યપાપ શુભ અશુભ વિભાવ;
ધર્મ હેતુ વ્યવહારજ ધર્મ,
નિજ સ્વભાવ પરિણતિનો મર્મ.

જો કે કોઈ પણ પદાર્થ સ્વ-પર ભાવે અસ્તિ-નાસ્તિ-સ્વરૂપે સર્વાત્મક છે, તથાપિ કેટલાક માયા-મૃષાવાદીઓ જડ-ચેતન દ્રવ્યોના પરિણમન-સંબંધમાં, એટલે આત્મતત્ત્વના. જડ તત્ત્વ-સાથેના ભિન્નાભિન્ન-પરિણમન સંબંધમાં એટલે કે બહિરાત્મા-અંતરાત્મા અને પરમાત્મ સ્વરૂપી.

ત્રિવિધ પરિણમન સંબંધમાં, સ્યાદ્‌વાદ રહિતપણે-મૂઢભાવે અયથાર્થ અર્થમાં એકાંત આગ્રહ ધરીને, નય-નિક્ષેપ સાપેક્ષ શાસ્ત્રીય પાઠોને નિરપેક્ષપણે યદ્વા-તદ્વા જણાવીને, અજ્ઞાની અંધજનોને ઉન્માર્ગે, કેવળ ભક્તિમાર્ગમાં જ દોરી જઈને, પ્રગટપણે લુંટી રહ્યા છે, તેઓથી જગતને બચાવવા યથાર્થ અર્થ પ્રકાશક કેવળ શ્રી વીતરાગ પ્રભુનો સ્યાદ્‌વાદ ધર્મ જ સર્વત્ર સમર્થ છે, એમ જાણવું.

સ્વાનુભવ આત્મ-પ્રત્યક્ષ નાનાવિધ અનેક પરિણામી આત્મદ્રવ્યો સંબંધમાં, બીજા કેટલાક પાખંડી પંડિતો પોત-પોતાને ઇષ્ટાર્થમાં ક્વચિત્ એકાંતે આત્મ દ્રવ્યમાં જ્ઞાન પરિણામને મુખ્ય કરીને, યા તો એકાંતે શુભાશુભ ક્રિયા પરિણામને મુખ્ય કરીને, પોતાનામાં યથાર્થ-સત્યાર્થતાનો આડંબર ધરીને, અન્ય અબુઝ જીવોને પોતાના ગચ્છ-મતના અનુયાયી બનાવીને જેઓ પોતાની ઐહિક મતલબ સાધતા હોય છે, તેઓ પણ અન્ય આત્માઓને શુદ્ધ સ્યાદ્‌વાદ દૃષ્ટિએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાપેક્ષ આત્મા વડે આત્મહિત સાધવાનો માર્ગ બતાવવાને નિશ્ચેથી અસમર્થ હોય છે એમ જાણવું.

આ સંબંધે વળી બીજા કેટલાક આત્મતત્ત્વના સ્વરૂપમાં મૂઢતાવાળા પાખંડી સાધુઓ સ્વમતિ-કલ્પિત નિરંજન-નિરાકાર પરમાત્માને સમસ્ત જગતના સમસ્ત પરિણામોના લીલાકારી સ્વરૂપે કર્તા-હર્તા જણાવે છે. અને પ્રત્યક્ષ શુભા-શુભ ક્રિયાના કર્તા-ભોકતા પ્રત્યેક આત્માને કોઈ એક

પરમાત્માની માયાના અંશરૂપ જણાવે છે અને તે સાથે પોતાની મોહાંધતા પોષવા પોતાની પ્રવૃત્તિને, પરમાત્માની દિવ્ય લીલા સ્વરૂપે જણાવે છે અને તે વળી પોતાની ભક્તિથી પરમાત્માની ભક્તિનું ફળ છે, એમ જણાવતા રહે છે. આ માટે સમજવું કે જેમ મદીરાનું પાન કરનારને સાચી સુઝબુઝ હોતી નથી, તેમ વિષયભોગની આકાંક્ષાવાળા લોભી આત્માઓમાં તેમજ પૌદ્ગલિક સુખના વિયોગના દુઃખથી ભય પામતા પામર જીવોમાં પણ તત્ત્વાતત્ત્વનો વિવેક કરવાની સાચી સુઝબુઝ હોતી નથી.

આજ રીતે સ્યાદ્વાદ સિદ્ધાંતના દ્વેષીઓમાં પણ સુખ દુઃખની લાગણીઓથી ભરેલા પોતાના આત્માના શુદ્ધાશુદ્ધ સ્વરૂપને પણ યથાર્થ રૂપે જાણવાની શક્તિ હોતી નથી. તેથી જ તો તેઓ કુગુરુઓની મૃગજળ સમાન ચમત્કારિક માયાજાળમાં ફસાયેલા રહે છે અને આત્માર્થથી ભ્રષ્ટ થાય છે. આ સંબંધે કહેવત છે કે "દુનિયા ઝુકતી હે, ઝુકાનેવાલા ચાહીયે." તેમજ "ગરજવાનને અક્કલ હોતી નથી."

આથી આત્માર્થે સ્પષ્ટતયા એ સમજવું જરૂરી છે કે આ સંસારમાં વિવિધ કર્માનુસારે તેમજ પોતપોતાના ક્ષયોપશમાનુસારે પ્રત્યેક ચૈતન્ય ગુણવાળા આત્મ દ્રવ્યનાં શુદ્ધાશુદ્ધ અનેક સ્વરૂપ છે. તે સઘળાને પણ સાપેક્ષભાવે સામાન્ય-વિશેષથી યથાર્થ જાણવાવાળું જે સમ્યગ્જ્ઞાન છે, તેને આત્મ-હિતકર જાણવું. અને તે માટે સૌ પ્રથમ આત્મ-તત્ત્વને યથાર્થ ઓળખવાને સુવિશુદ્ધ પ્રયત્ન કરવો જરૂરી

છે. આ માટે કહ્યું છે કે—

"आत्माज्ञानं भवं दुःखं, आत्मज्ञानेन हन्यते ।
तपसाप्यात्म-विज्ञान-हीनैश्छेत्तुं न शक्यते ॥

તેમજ વળી કહ્યું છે કે—

"दुक्खं णज्जइ अप्पा, अप्पा उण भावणं दुक्खं ।
भाविय व सहावपुरिसो, विसएसु चिरच्चइ दुक्खं ॥

હવે શાસ્ત્ર સંબંધથી, કર્તૃત્વ, ભોક્તૃત્વ તેમજ જ્ઞાતૃત્વ-સ્વરૂપી ચૈતન્ય ગુણવાળા-આત્મ તત્ત્વના-અનેક સ્વરૂપમાંથી આત્માર્થ સાધકતાની અપેક્ષાએ, અવશ્ય જાણવા જરૂરી એવા ત્રણ ભેદોનું (સ્યાદ્‌વાદ સિદ્ધાંતથી) કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.

(૧) **બહિરાત્મા:** જે આત્માઓ શરીર-ધન-સ્ત્રી-પુત્રાદિક પર-દ્રવ્યમાં આત્મીયતાની બુદ્ધિએ જીવન જીવે છે, તેઓમાં પરદ્રવ્યમાં આત્મત્વબુદ્ધિ એ બહિરાત્મપણું હોઈ તેઓને પ્રગટ મિથ્યાદૃષ્ટિ જાણવા.

(૨) **અંતરાત્મા:** જે આત્માઓ પોતાના આત્માને કર્મ બંધનથી મુક્ત કરવા માટે પૂર્ણ અનંત-અક્ષય-શુદ્ધ પરમાત્મ દશા પ્રગટ કરવાના સમ્યક્ પરિણામ યુક્ત પ્રવૃત્તિ-વાળા છે, તેઓ પોતાના અંતરંગ શુદ્ધ સ્વરૂપને શાસ્ત્રા-દેશથી યથાર્થ જાણવાવાળા હોઈ તેઓને અંતરાત્મા જાણવા.

(૩) **પરમાત્મા:** જે જે આત્માઓએ અંતરાત્મ-

ભાવની સાર્થકતાએ પોતાના આત્માની જ્ઞાનાદિ અનંત ચતુષ્ક ગુણવાળી અનંત શુદ્ધ સત્તાને અક્ષય (ક્ષાયિક) ભાવે સ્વાધીન કરી છે, તેઓને પરમાત્મા જાણવા. સકળ પરમાત્માઓ શુદ્ધ ક્ષાયિકભાવે, કેવળ પોતાના આત્મગુણમાં રમણતા પામવાવાળા હોય છે. આથી તેઓને કદાપિ કોઈ પણ અન્ય દ્રવ્યના પરિણામનું કર્તૃત્વ-ભોક્તૃત્વ હોતું નથી. પરમાત્માના શુદ્ધ પરિણમન સંબંધે કહ્યું છે કે—

"न जगज्जनन–स्थेम–विनाश–विहितादरः ।
न लास्य–हास्य–गीतादि–विप्लवोपप्लुतस्थितिः ॥

સકલ આત્માને જેઓ ઉપરના ત્રણ ભેદથી યથાર્થ અવિરુદ્ધભાવે જાણે છે, તેઓ સમ્યગ્જ્ઞાની હોઈ આત્માર્થ સાધકતા વડે પરમાત્મપદ પ્રાપ્ત કરવાના અધિકારી જાણવા. અન્યથા કેવળ બહિર્દષ્ટિ-પાખંડીઓના પાશમાં પડેલા મિથ્યાદૃષ્ટિ આત્માઓ. અનંત સંસારમાં. કર્માધીનપણે, જન્મ-મરણાદિના, અનેકવિધ દુઃખોના અધિકારી જાણવા,

પ્રથમ તો આત્મા અને પરમાત્માના સંબંધમાં કર્મ-પરિણામની જે વિશેષતા છે તેનું કિંચિત્ સ્વરૂપ નીચે મુજબ જાણવું અનિવાર્ય આવશ્યક છે.

ચાર ગતિરૂપ આ સંસારમાં એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયભાવે અનાદિથી જન્મ-મરણ કરતા સંસારી આત્માઓ, પોતપોતાના ઔદારિકાદિ

શરીરના યોગ દ્વારા, કષાયની તરતમતા મુજબ, નિરંતર જે જે શુભ-અશુભ કર્મ (કાર્મણ વર્ગણાઓ) ગ્રહણ કરે છે, તે તે પ્રત્યેક શુભ-અશુભ કર્મોને પ્રત્યેક આત્માએ અવશ્ય ઉદયાનુસારે ભોગવવાનાં હોય છે. તે મુજબ આ સંસારમાં પ્રત્યેક આત્માઓ પોતે પૂર્વે બાંધેલાં શુભાશુભ કર્મોને, પોતાની ઈચ્છાએ કે અનિચ્છાએ પણ જન્મ-જીવન અને મરણ સ્વરૂપથી ભોગવી રહ્યા છે.

પ્રત્યક્ષથી અવિરુદ્ધ આ સ્વરૂપથી સ્પષ્ટ સમજાય છે કે શરીરાદિ યોગદ્વારા મિથ્યાત્વ-અવિરતિ અને કષાયાદિ પરિણામ વડે પોતે બાંધેલા ઘાતી-અઘાતી કર્મોની વિવિધ સત્તા (શક્તિ)ને પ્રત્યેક આત્માએ આધીનપણે વર્તવું પડે છે.

આ સંબંધે ચૈતન્ય-પરિણામી કોઈ પણ આત્મદ્રવ્યમાં તેમજ જડપરિણામી કોઈ પણ પુદ્ગલ દ્રવ્યમાં અનંત જ્ઞાનીઓના વચનાનુસારે શાસ્ત્રકારોએ અચિન્ત્ય અનંત શક્તિ કહેલી છે. આથી જ તો જ્ઞાન-વીર્યાદિ યુક્ત કર્તૃત્વ સ્વભાવી અનંત શક્તિમય અરૂપી આત્મ-દ્રવ્યને, બંધન પ્રાપ્ત રૂપી જડકર્મને આધીન થવાપણું પ્રત્યક્ષ છે.

તેમ છતાં પોતાની ક્ષાયોપશમિક અનંત શક્તિના વિશિષ્ટ પરિણામ વડે ઉત્તમ આત્માર્થી આત્માઓ પૂર્વે બાંધેલ કર્મને વિશિષ્ટરૂપે ક્ષય કરીને મોક્ષ સુખને પણ પ્રાપ્ત કરી શકે છે. આ માટે જ્યારે-જ્યારે આત્મા અને કર્મ બન્નેની શક્તિમાં ગુરૂ-લઘુતાનું સ્વરૂપ જે-જે ભાવે પ્રાપ્ત થાય છે તેને, પૂર્વે જણાવેલ આત્મ-તત્ત્વના ત્રણે

ભેદમાં વિશેષતઃ જે (૧૪) ગુણસ્થાનક સ્વરૂપ છે, તેનું વિસ્તારથી યથાર્થ સ્વરૂપ ગીતાર્થ-ગુરુ ભગવંત પાસેથી જાણી લેવું જરૂરી છે.

જગતમાં સર્વ કાળે સર્વ દર્શનકારોએ ઓઘ થકી પણ કર્મની સત્તાનો સ્વીકાર કરેલો જ છે, કેમકે "પરમાત્માઓને પણ કર્મો ભોગવવાં પડે છે" એમ જણાવીને, પરમ-ઈશ એટલે પરમ-શક્તિરૂપ-પરમેશ્વર રૂપે, કર્મસત્તાનો જ સ્વીકાર કરેલો જ છે. એટલું જ નહિં, પરંતુ કર્મના બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાના સ્વરૂપને નહિ જાણનાર પ્રત્યેક અજ્ઞાની આત્માઓને પણ અદૃષ્ટ-ભાગ્ય-વિધિના લેખ-કાળ-કુદરત-ઇશ્વર-કર્મ ઇત્યાદિ સંજ્ઞાઓ વડે, પ્રત્યેક આત્માના સુખ-દુઃખાત્મક ચિત્ર-વિચિત્ર પરિણામોમાં કર્મસત્તાની હેતુતા અવશ્ય સ્વીકારવી પડે છે.

કેમકે પ્રત્યેક સર્વે સંસારી આત્માઓમાં કર્માનુસારે ઔદયિક ભાવે ભિન્ન-ભિન્ન સ્વરૂપે પર-કર્તૃત્વ તેમજ પર-ભોક્તૃત્વ પ્રત્યક્ષ દેખાય છે. તે સાથે દરેકને પોતપોતાને ઇષ્ટાનિષ્ટ પદાર્થના સંયોગ-વિયોગમાં સુખ-દુઃખનો અનુભવ પણ પ્રત્યક્ષ હોય છે.

ઉપર જણાવેલ વિવિધ કર્મ-પરિણામો સંબંધી શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે—

(१) कायवाङ्मनः कर्मयोगः ॥ स आस्रवः ॥ शुभः पुन्यस्य ॥ अशुभः पापस्य ॥

(२) तीव्रमन्दज्ञाताज्ञात–भाववीर्याधिकरण–विशेषे-
भ्यस्तद्विशेषः

(३) मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः

(४) न क्षीयते कृतं कर्म, कल्पकोटीशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥

ઉપર જણાવ્યા મુજબ પોતે બાંધેલા શુભાશુભ કર્મના ઉદયાનુસારે, પ્રાપ્ત સંયોગ–વિયોગમાં, જે–જે આત્માઓ, જે–જે સ્વરૂપે, સુખનો તેમજ દુઃખનો અનુભવ કરે છે, તે સંબંધી પૂર્વે દુઃખના હેતુભૂત સામાન્યથી (૧૮) પાપ પ્રવૃત્તિઓનું સ્વરૂપ જણાવેલ છે. તે અનુસારે અત્રે સામાન્યથી સુખના હેતુરૂપ દાન–શીયલ–તપ–અને ભાવના રૂપ શુભ ક્રિયાઓનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ. આ માટે કહ્યું છે કે—

दारिद्र्यनाशनं दानं, शीलं दुर्गतिनाशनं ।
अज्ञाननाशिनी प्रज्ञा, भावना भवनाशिनी ॥

દાન દેવાથી દરિદ્રતાનો નાશ થાય છે, શીલ પાળવાથી જીવ દુર્ગતિમાં જતો નથી. પ્રજ્ઞા થકી એટલે સ્વાધ્યાય રૂપ તપથી અજ્ઞાન દૂર થાય છે ને મૈત્ર્યાદિ ચાર તેમજ અનિત્યાદિ બાર ભાવનાથી આત્માને ભાવિત કરવાથી જીવને વધુ ભવભ્રમણ કરવું પડતું નથી.

ઉપર જણાવેલ દાન, શીલ, તપ અને ભાવના રૂપ-

ધર્મ પ્રવૃત્તિ કરનારો આત્મા શુભ (પુણ્ય) કર્મનો બંધ કરે છે. તેમાં પણ શુભ-અશુભ નામ કર્મના બંધ સંબંધી શાસ્ત્રમાં વિશેષતા જણાવેલ છે કે—

"योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः"
"विपरीतं शुभस्य"

ઉપર જણાવ્યા પ્રમાણે સર્વત્ર કર્માનુસારે આત્મ-સ્વરૂપ પ્રત્યક્ષ હોવા છતાં આજે તો કેટલાક આત્મ-તત્ત્વના હિતાહિત પ્રતિ અંધ-નાસ્તિકો, પોતપોતાની મતિ કલ્પિત મિથ્યામતિના જોરે, માયાવીપણે પંડિત-પુરોહિત, સાધુ-સંતોનો સ્વાંગ સજીને કેવળ અનૈતિક સમાનતામાં સમતાનું આરોપણ કરીને, પાખંડી-બીન સાંપ્રદાયિક લોકશાહી સમાજવાદીઓના સહારે, મૈત્રી ભાવનાના ઓઠા નીચે, તેમજ વિશ્વબંધુત્વના નામે, **સમાનતાના પ્રત્યક્ષ વ્યવહારથી સંકળાયેલ સમાજોમાં પણ, કપટ ભાવે વિચિત્ર વિરોધો ઉપજાવીને, સર્વત્ર ક્લેશની હોળીઓ સળગાવતા હોય છે.** આ સ્વરૂપને જાણીને, આવા દુષ્ટ-દુરાગ્રહી નેતાઓથી આત્માઓએ અહર્નિશ અળગા રહેવું જરૂરી છે.

હવે અમોએ પ્રથમ જે સત્ય શબ્દનો પ્રયોગ કરેલ, તે સંબંધી વિવાદનું કંઈક સમાધાન આપીએ છીએ.

સત્ ઉપરથી બનેલ સત્ય એટલે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-યુક્ત સત્‌ને ઓળખાવે તે સત્ય, અર્થાત્ પૂર્ણ-શુદ્ધ-અનંત

-અક્ષય-અવ્યાબાધ જ્ઞાન તે સત્ય. આવું જ્ઞાન તો મોહનો સર્વથા ક્ષય કરીને જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તેવા કેવળી પરમાત્માને હોય છે. તોપણ તેમણે પ્રકાશેલ તત્ત્વ-સ્વરૂપમાં યથાર્થ બોધ થકી જેણે જડ ચેતન રૂપ, બન્ને તત્ત્વમાં વિવેક કરવા રૂપ શ્રદ્ધા-રુચિ ઉત્પન્ન કરી છે. તેને પણ શાસ્ત્રકારોએ સત્યાર્થી યાને સત્ય પાક્ષિક કહ્યા છે.

શાસ્ત્રકારોએ સામાન્યથી સત્નું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે—

"उत्पाद–व्यय–ध्रौव्ययुक्तं सत्"

ઉત્પત્તિ-વિનાશ-અને ધ્રૌવ્ય એ ત્રણે લક્ષણ વાળું હોય તે સત્, અને તે ત્રણે લક્ષણ સંબંધી યથાર્થ જ્ઞાન તે સત્ય.

આ સંબંધે જાણવું કે જગતમાં પ્રત્યક્ષ જણાતા તેમજ પરિણામી ભાવે અનુભવાતા જડ-ચેતન સઘળાએ દ્રવ્યોના ઉત્પત્તિ-નાશમાં, જેઓને ઉપર જણાવેલ ત્રીજા ધ્રુવ સ્વરૂપનું યાને નિત્યત્વ ધર્મનું યથાર્થ અવિરુદ્ધજ્ઞાન હોતું નથી, તેઓની સઘળીએ વિચાર-વાણી અને વર્તનની પ્રવૃત્તિ, સ્વ-પર ઉભય સંબંધે મિથ્યા યાને અહિતકર હોય છે. આ સંબંધે અન્યત્ર પણ કહેલ છે કે—

"यो ध्रुवाणि परित्यज्य, अध्रुवं परिषेवते
ध्रुवाणि तस्य नश्यन्ति, अध्रुवं नष्टमेव च ॥

આથી સમજવું કે જે આત્માએ પોતાના ધ્રુવ

સ્વરૂપને છોડીને કેવળ અધ્રુવનું સેવન (સ્વીકાર) કરે છે, તેને ધ્રુવ વસ્તુ છોડી હોવાથી અને અધ્રુવનો (જે અધ્રુવ સ્વરૂપ છે તેનો) સ્વીકાર કરેલો હોવાથી, તે આત્મા-નિશ્ચયથી ધ્રુવ-અધ્રુવ બન્ને ભાવોથી ભ્રષ્ટ થાય છે. અને તેથી કર્માધીનપણે સંસારમાં ભટક્યા કરે છે.

આ ઉપરથી સમજવું કે જેઓ સ્વ-પર ધ્રુવ અધ્રુવ સ્વરૂપમાં અયથાર્થ મતિવાળા હોઈ સ્વયં ભ્રાંત છે, તેઓ પણ વાસ્તવિકપણે તો સત્યાર્થથી દૂર હોઈ આત્માર્થથી ભ્રષ્ટ થઈને કેવળ અન્યની પૂજા-પ્રાર્થના કરવા રૂપ ધર્મમાં અંધ બનેલા હોય છે. હવે નિત્યાનિત્યત્વે શુદ્ધાશુદ્ધ-કાર્યાકાર્યનો વિવેક કરવા માટે, અનાદિ-અનંત છ દ્રવ્યમય જગતમાં મૂળભૂત નિત્યત્વે ધ્રુવત્વ ભાવમાં અક્ષયભાવે નિરંતર પરિણામી એવા ચૈતન્ય ગુણવાળા આત્મદ્રવ્યનું, તેમજ જડ સ્વભાવવાળા પાંચે અજીવદ્રવ્યોનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.

"धम्मा-धम्मा-गासा तिय तिय भेया तहेव अद्धा य
खंधा देसपएसा, परमाणु अजीव चउदसहा."

૧. ધર્માસ્તિકાય ૨. અધર્માસ્તિકાય ૩. આકાશાસ્તિકાય ૪. કાળ ૫. પુદ્ગલ આ પાંચે દ્રવ્યો ચૈતન્ય (જ્ઞાન) શક્તિ રહિત જડ હોવાથી અજીવ જાણવાં.

આમાં પ્રથમનાં ત્રણે અરૂપી દ્રવ્યો ઉપચારે સ્કંધ-દેશ પ્રદેશરૂપ ત્રણ પ્રકારે જાણવાં, અને ચોથું પુદ્ગલ રૂપી દ્રવ્ય તો પૂરણ-ગલન સ્વભાવવાળું હોવાથી, સ્કંધ-દેશ-પ્રદેશ

અને પરમાણુ એમ ચાર ભેદવાળું છે. અને ઉપચરિત કાળદ્રવ્યને કોઈ ભેદ નથી. આ રીતે પાંચે અજીવ દ્રવ્યોના કુલ ૧૪ ભેદો જાણવા.

(૧) **અરૂપી ધર્માસ્તિકાયનું લક્ષણ**–જીવ અને પુદ્ગલ દ્રવ્યોને અક્રિય ભાવે ગતિ પરિણામમાં સહાયકપણું.

(૨) **અરૂપી અધર્માસ્તિકાયનું લક્ષણ**–જીવ અને પુદ્ગલ દ્રવ્યોને સ્થિર રહેવામાં અક્રિયભાવે સહાયક પણું.

(૩) **અરૂપી આકાશાસ્તિકાયનું લક્ષણ**–જીવ અજીવ રૂપ સર્વે દ્રવ્યોને અક્રિયભાવે અવકાશ ( જગ્યા ) આપવારૂપ છે.

(૪) **અરૂપી કાલ દ્રવ્ય**–જીવ અને અજીવ દ્રવ્યોના વર્તનાદિ પરિણામોમાં મુખ્યત્વે કાળાદિ ભેદે ભિન્નતા જણાવવારૂપ લક્ષણ હોઇ કાળદ્રવ્યને જીવાજીવ સંબંધે ઉપચરિત દ્રવ્ય જાણવું.

(૫) **પુદ્ગલાસ્તિકાય**–વર્ણાદિયુક્ત–રૂપી–ક્રિયત્વ–પરિણામી–અચેતન સમસ્ત પુદ્ગલ દ્રવ્યોનું–પૂરણ–ગલન યાને મળવા–વિખરવારૂપ લક્ષણ જાણવું ( આથીજ તો તેને અનિત્ય કહેલું છે. )

ઉપર જણાવેલ પાંચેય અજીવ દ્રવ્યોમાં સ્વતઃ તેમજ પરતઃ પરિણામ પામતા પુદ્ગલ દ્રવ્યનું કિંચિત્ વિશેષ સ્વરૂપ નીચે મુજબ જાણવું.

"सद्दंधयार उज्जोअ, पभा छायाऽऽतवेहि अ ।
वण्णगंध रसा फासा, पुग्गलाणं तु लक्खणं ॥

શબ્દ–અંધકાર–ઉદ્યોત–પ્રભા–છાયા–આતપ–વર્ણ–ગંધ રસ–સ્પર્શ, તેમજ આ ઉપરાંત અનેક પ્રકારમાં મુખ્ય આઠ પ્રકારની વર્ગણા સ્વરૂપે પણ સ્વતઃ તેમજ પરતઃ અનંત પ્રદેશી પુદ્ગલ દ્રવ્યોમાં જે અનેકવિધ પરિણામીપણું છે, તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ જાણવું જરૂરી છે.

ઉપર જણાવેલ જડ–રૂપી–પુદ્ગલ દ્રવ્યોની અનેક પ્રકારની વર્ગણાઓમાંથી જીવદ્રવ્યોની સાથે પરિણામ પામતી ફક્ત જે આઠ પ્રકારની પુદ્ગલ વર્ગણાઓ છે, તેને ભિન્ન ભિન્ન કાર્ય ભેદથી તથાપ્રકારે જાણવી જરૂરી છે. ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ, ૫ ભાષા. ૬ શ્વાસોચ્છ્વાસ, ૭ મન, ૮ કાર્મણ આ આઠ વર્ગણાઓ છે.

જીવ દ્રવ્યની સાથે સંબંધ પામતી ઉપર જણાવેલ આઠે પ્રકારની વર્ગણાઓ અનુક્રમે ઉત્તરોત્તર અધિક પરમાણુઓની બનેલી હોવા છતાં અનુક્રમે સૂક્ષ્મ–સૂક્ષ્મતર જાણવી, એટલે ઔદારિક વર્ગણાઓ કરતાં વૈક્રિય વર્ગણાઓ અધિક–પરમાણુઓથી બનેલી હોવા છતાં સૂક્ષ્મ પરિણામવાળી હોય છે. તે મુજબ આઠમી કાર્મણ વર્ગણાને સૌથી અધિક પરમાણુઓની બનેલી, અને અત્યંત સૂક્ષ્મ પરિણામવાળી જાણવી.

આનું કારણ અગુરૂલઘુ ગુણ જાણવો (વિવિધ પરિ-

श्री कैलासागरसूरि ज्ञानमन्दिर

ણામમાં હેતુભૂત આ અગુરૂલઘુ ગુણ રૂપી–અરૂપી પાંચે દ્રવ્યોમાં હોય છે.)

વળી સમસ્ત જડ પુદ્ગલ દ્રવ્યો વર્ણ–ગંધ–રસ–સ્પર્શ યુક્ત હોય છે. તેમજ કેટલાક શબ્દાદિ પરિણામવાળાં પણ હોય છે. આથી સમસ્ત ચાક્ષુષ પ્રત્યક્ષ રૂપ તેમજ ગંધ–રસ–સ્પર્શ અને શબ્દ એ પંચવિધ પરિણામો જડ=પુદ્ગલ-દ્રવ્યોના પરિણામો છે એમ જાણવું.

આથી પાંચે ઇન્દ્રિયોના વિષયભૂત સર્વે જ્ઞેય પરિણામોના જ્ઞાનને મુખ્યપણે જડ–દ્રવ્યનું જાણપણું જાણવું. એટલે પાંચે ઇન્દ્રિયોથી આત્માને જે જે અર્થ બોધ થાય છે, તે સઘળોએ મુખ્યપણે તો જડ–પુદ્ગલ દ્રવ્યોનો બોધ જાણવો. જ્યારે તે સંબંધી આત્મદ્રવ્યના શુદ્ધાશુદ્ધ વ્યાપારનું સ્વરૂપ તો શ્રુતજ્ઞાન વિશેષથી થાય છે એમ જાણવું. આ માટે કહ્યું છે કે—

चक्षुष्मन्तस्त एवेह, ये श्रुतज्ञानचाक्षुषाः ।
सम्यक् तदैव पश्यन्ति, भावान् हेयेतरान् नराः ॥

આ શ્રુતજ્ઞાનનું યથાર્થ–અવિરુદ્ધ જ્ઞાન તો નીચે જણાવ્યા મુજબ શ્રુતજ્ઞાનના ચૌદ ભેદોને (શાસ્ત્રથી અવિરુદ્ધ) જાણવાથી થાય છે.

अक्खर सन्नी सम्मं, साइयं खलु सपज्जवसियं च
गमियं अंगपविट्ठं, सत्तवि ए ए सपडिवक्खा ॥

ઉપર જણાવ્યા મુજબ મતિ–શ્રુત જ્ઞાન સંબંધમાં તત્ત્વાર્થ સૂત્રમાં જણાવેલ છે કે—

"मति–श्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु"

આ વચન પણ—

"जत्थ मईनाणं, तत्थ सुयनाणं, जत्थ सुयनाणं तत्थ मईनाणं"

એ શાસ્ત્ર વચનને અનુસાર હોઇ અમોએ પણ યથાર્થ હેયોપાદેયતાયુક્ત–મતિજ્ઞાન શ્રુતજ્ઞાન સંબંધી લખેલું સમસ્ત લખાણ એ બન્ને આગમિક વચનથી પણ મતિ–શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ સંબંધથી યથાર્થ અવિરુદ્ધ છે એમ જાણવું.

આ સંબંધમાં વિશેષથી જાણવું કે શાસ્ત્રમાં મતિ–જ્ઞાનના ૩૩૬ ભેદ શ્રુતનિશ્રિતના કહ્યા છે અને ચાર ભેદ અશ્રુતનિશ્રિતના કહ્યા છે. તેમજ વળી કહ્યું છે કે—

"मइपुव्वयं सुयं, न मई सुयपुव्विया"

આ વચનથી વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ રૂપ મતિજ્ઞાન, તે સામાન્ય મતિજ્ઞાન જાણવું. જ્યારે ઇહા–અપાય અને ધારણાને શ્રુત સાપેક્ષભાવે પ્રમાણ વિશેષતા જાણવી.

ઉપર જણાવ્યા મુજબ સંયુક્ત ભાવે નહિ પરંતુ પરસ્પર સાપેક્ષભાવે મતિ–શ્રુત બન્ને જ્ઞાનની પ્રમાણતામાં 'श्रुतमनिन्द्रियस्य" એ વચનથી મનને અવશ્ય જોડવું જરૂરી

છે. કેમકે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો જ પરમ-પ્રમાણ જ્ઞાન સ્વરૂપ સમ્યક્ત્વ પામી શકે છે. અને સમ્યક્ત્વ તે મતિ જ્ઞાનના અપાયાંશ રૂપ છે.

આથી સ્પષ્ટ સમજાશે કે હાલમાં સમ્યક્ શ્રુતજ્ઞાન રહિત-આત્મશ્રદ્ધાથી ભ્રષ્ટ એવા કેટલાક પાખંડી-સંતો કેવળ જડ-રૂપી દ્રવ્ય વિષયક મતિજ્ઞાનના મિથ્યા અનુભવને જ પ્રત્યક્ષ સત્ય જણાવીને આત્મા તેમજ પરમાત્માના શુદ્ધા-શુદ્ધ પરિણમનમાં ભ્રાંત હોવા છતાં એટલે કે ધ્યાતા અને ધ્યેયશુદ્ધિ, બન્નેના સ્વરૂપમાં વિકળ હોવા છતાં જેઓ ધ્યાન -શિબિરોનો ધંધો લઇ બેઠા છે તેવા પાખંડીઓથી શાસ્ત્રા-નુસારી આત્માઓએ અળગા રહેવું જરૂરી છે. આ માટે લખ્યું છે કે—

" अदृष्टार्थेऽनुधावन्तः, शास्त्रदीपं विना जडाः ।
प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ॥

આથી જે મૂર્ખાઓ અરૂપી-આત્મ દ્રવ્યના અદૃષ્ટ અર્થ, યાને પરિણામો સંબંધે શાસ્ત્રના આધાર વિના જ પરિશ્રમો કરે છે, તેઓ ડગલે ને પગલે સ્ખલના પામતા હોવાથી ખેદ પામે છે.

આથી સમજવું કે મતિજ્ઞાનરૂપ આત્માનુભવ પણ શાસ્ત્રાર્થથી અવિરુદ્ધ હોવો જરૂરી છે. આ રીતે મતિ-શ્રુત જ્ઞાનના શુદ્ધ ઉપયોગમાં રત્નત્રયીના અનુભવરૂપ આત્મ-પરિણામની આત્માર્થે અનિવાર્ય આવશ્યકતા રહેલી છે એમ

જાણવું. આ માટે કહ્યું છે કે—

अतीन्द्रियं परं ब्रह्म, विशुद्धानुभवं विना।
शास्त्रयुक्तिशतेनापि, न गम्यं यद् बुधा जगुः ॥

આ વચનથી શાસ્ત્રનો અપલાપ કરવાનો નથી, પરંતુ જેઓ કેવળ શાસ્ત્ર વચનોના મિથ્યા-મતિ કલ્પિત અર્થોના આધારે આત્મામાં શુદ્ધાશુદ્ધ સ્વરૂપનો યથાર્થ અનુભવ કર્યા વિના જ પરમાત્મભાવની પ્રાપ્તિ ઇચ્છે છે, તેઓને બોધ આપવા માટે છે. કેમકે મતિજ્ઞાનના અપાયાંશરૂપ સમ્યક્-દર્શન સંબંધે કહ્યું છે કે—

"एवं जिणपण्णत्तं, तत्तं सद्दहमाणस्स भावओ भावे ।
पुरीसस्साभिणिबोहे, दंसणसद्दो हवइ जुत्तो." ॥

હવે અનુભવ જ્ઞાનની વિશેષતા સંબંધી જાણવું કે શાસ્ત્રમાં જ્ઞાનના જેમ પાંચ ભેદો જણાવેલા છે, તેમ જ્ઞાનીઓના પણ ત્રણ ભેદો જણાવેલા છે. ૧ વિષય પ્રતિભાસ જ્ઞાની, ૨ આત્મપરિણતિમત્ જ્ઞાની, ૩ તત્ત્વ સંવેદક જ્ઞાની.

તેમાં પ્રથમ ભેદવાળા સ્વ સમય-પર સમયના ભેદરહિત માત્ર વિષય પ્રતિભાસ જ્ઞાનીઓને મિથ્યાદૃષ્ટિ જાણવા, બીજા ભેદવાળા જડ-ચેતનના પરિણામોના ભેદને યથાર્થ-અવિરુદ્ધ સ્વરૂપે જાણનારા અંતરાત્માઓ-સમ્યગ્દૃષ્ટિ જાણવા અને ત્રીજા ભેદમાં ક્ષાયોપશમિક રત્નત્રયી તેમજ ક્ષાયિક રત્નત્રયીમય સર્વ કેવળી પરમાત્માઓનું કેવળજ્ઞાન, જે સ્વરૂપ રમણતામય શુદ્ધ-પૂર્ણ-અનંત સહજ સ્વરૂપી છે, તે જાણવું.

આ સાથે ઉપર જણાવેલા ક્ષાયોપશમિક રત્નત્રયી યુક્ત તેમજ ક્ષાયિક રત્નત્રયીમય ત્રીજા ભેદવાળા જ્ઞાનીઓના વ્યવહારિક સ્વરૂપ સંબંધે વિશેષથી આ–પણ જાણવું જરૂરી છે કે—

"नागोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यता ॥

આથી સ્પષ્ટ સમજાશે કે શાસ્ત્રાનુસારી શુદ્ધ આત્માનુભવ-વાળા તત્ત્વસંવેદન જ્ઞાનયુક્ત સમ્યક્દર્શની–અંતર આત્માઓ પરમાત્મપદના સાચા સાધકો હોઈ શકે છે, વળી પણ સમજવું કે–જે જ્ઞાન સામાન્ય સ્વરૂપવાળું હોય છે, એટલે કે યથાર્થ વિધિ–નિષેધ રહિત અક્રિય હોય છે તે જ્ઞાન પ્રમાણ રૂપ નથી તેમજ અપ્રમાણ રૂપ પણ નથી. આ સંબંધે કહ્યું છે કે,

"नाप्रमाणं प्रमाणं वा, सर्वमप्यविशेषितं ।
विशेषितं प्रमाणं स्यादिति सर्व नयज्ञता ॥

નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિરૂપે ચતુર્ગતિરૂપ સંસારમાં પ્રત્યેક સંસારી આત્માનું જન્મ–મરણ કર્માધીન હોવાથી કોઈ પણ આત્મા આ સંસારમાં પોતાની મરજી પ્રમાણે જન્મ પામી શકતો નથી. તેમજ અમર પણ રહી શકતો નથી.

આ સાથે એ પણ જાણવું કે આ સંસારમાં પ્રત્યેક જીવનું સાંસારિક જીવન કથંચિત્ કર્માધીન હોય છે, તેમ

કથંચિત્ આત્મ-કર્તૃત્વભાવવાળું પણ હોય છે હાલમાં જે ઉદયમાં આવેલાં કર્મો છે તે પૂર્વે પ્રત્યેક આત્માએ પોતાના જ અલ્પાધિક શુભાશુભ મન-વચન-કાયયોગ દ્વારા ગ્રહણ કરેલ કાર્મણ વર્ગણાઓમાં તે સમયના પોતાના જ તીવ્ર-મંદ મોહ (ક્રોધ-માન-માયા-લોભ)ના પરિણામ મુજબ જ્ઞાનાવરણીયાદિ અષ્ટવિધ કર્મ પરિણામો સર્જીને, તેનો આત્માની સાથે દૂધ-પાણીની જેમ એકાકાર સ્વરૂપે-જે બંધ કરેલ હોય છે, તેનો જ વિપાક સમજવો.

પ્રત્યેક આત્માને કર્મબંધ તેમજ કર્મોના વિપાકોદય સંબંધી આ સમજવું જરૂરી છે કે પ્રત્યેક સંસારી આત્માઓ પોતે પૂર્વે બાંધેલા કર્માનુસારે (કાર્મણશરીર દ્વારા) ઔદારિકાદિ શરીર પ્રાપ્ત કરીને તે શરીરાદિ યોગદ્વારા કષાયપરિણામાનુસારે પ્રત્યેક સમયે નવીન કર્મબંધ કરતા હોય છે. અને આ રીતે કર્મથી શરીર, અને શરીરથી કર્મ એમ અનાદિથી ચતુર્ગતિરૂપ સંસારમાં જન્મ-મરણ કરતા થકા ભટક્યા કરે છે.

પ્રત્યક્ષથી અવિરુદ્ધ ઉપર જણાવેલ સંસારિક સ્વરૂપને અવિસંવાદી ભાવે અવધારવું જરૂરી છે. આ સંબંધે શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે—

"स्वयं कर्म करोत्यात्मा, स्वयं तत्फलमश्नुते ।
स्वयं भ्रमति संसारे, स्वयमेव विनश्यति ॥
यः कर्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ।
संसर्ता परिनिर्वाता, स ह्यात्मा नान्यलक्षणः ॥

ઉપર જણાવ્યા મુજબ કર્માધીનપણે અનિચ્છાએ પ્રાપ્ત થતા જન્મ-જરા-મરણનાં દુઃખોમાંથી સંસારી આત્માઓને છોડાવવા માટે ઉત્તમોત્તમ તીર્થંકર ભગવંતોએ આત્મ-કર્તૃત્વભાવ સંબંધે જે અવિસંવાદી મોક્ષમાર્ગ બતાવ્યો છે, તેનો આશ્રય કરીને પૂર્વે અનંતા આત્માઓ મોક્ષપદને પામ્યા છે. વર્તમાનમાં પામે છે અને ભવિષ્યમાં પામશે. એમ જાણવું.

આ સંબંધે સર્વે તીર્થંકર ભગવન્તોની સર્વકાળે મુખ્યપણે એક જ આજ્ઞા (કથન) છે કે, મોક્ષાર્થી આત્માઓએ સમસ્ત આશ્રવતત્ત્વમાં ત્યાગ પરિણામ. અને સંવરતત્ત્વના આદરપરિણામમાં, અવિસંવાદિભાવે, શ્રદ્ધા-રુચિ રૂપ, સમ્યકત્વ પ્રાપ્ત કરવું જોઈએ. આ માટે વીતરાગ સ્તોત્રમાં કહ્યું છે કે—

" आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः ॥

आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टि-रन्यदस्याः प्रपञ्चनम् ॥

પ્રત્યેક મોક્ષાર્થીએ, કર્મબંધના હેતુભૂત આશ્રવભાવોનો ત્યાગ કરીને, મોક્ષતત્ત્વના હેતુભૂત સંવર અને નિર્જરા તત્ત્વનો આદર કરવો અનિવાર્ય-આવશ્યક ગણવો જરૂરી છે.

ઉપરના સ્વરૂપની અવગણના યાને અનાદર કે વિરોધ કરનારાઓ સૂર્યની સામે ધૂળ ઉડાડનાર જેમ પોતેજ અંધ

બને છે. તેમ પ્રત્યેક મિથ્યાભિનિવેશિકો આત્માર્થ પ્રતિ અંધ જાણવા.

પૂર્વે જણાવ્યા મુજબ જડ-પુદ્ગલ દ્રવ્યોની ઔદારિકાદિ જે આઠ પ્રકારની વર્ગણાઓ સાથે જીવ વિવિધ પરિણામ સ્વરૂપે પરિણામ પામે છે. તેમાં છેલ્લી આઠમી કાર્મણ વર્ગણાઓ અનંતાનંત પરમાણુઓની બનેલી તેમજ અનંતા રસ વિભાગથી યુક્ત હોવા છતાં સૂક્ષ્મ પરિણામવાળી હોય છે.

આવી એક પ્રદેશાવગાઢ અનંતી કાર્મણ વર્ગણાઓને પ્રત્યેક આત્મા પ્રતિસમયે પોતાના યોગદ્વારા ગ્રહણ કરીને કષાય પરિણામાનુસારે વિવિધ કર્મરૂપે વિશિષ્ટપણે પરિણામ પમાડીને તેનો પ્રત્યેક સમયે પ્રતિ પ્રદેશે એક સરખો બંધ કરે છે.

આ રીતે આત્માએ પોતેજ પોતાના વૈભાવિક કર્તૃત્વ પરિણામ વિશેષથી વિશિષ્ટ શક્તિરૂપે પરિણામ પમાડેલા જડ કર્મોનું બંધન અવશ્યપણે તેનેજ ઉદયાનુસારે ચિત્ર-વિચિત્ર સ્થિતિમાં મૂકવાને સમર્થ થાય છે એમ જાણવું.

પૂર્વે જણાવ્યા મુજબ જ્ઞાનાવરણીયાદિ આઠે કર્માનુસારે પ્રત્યેક જીવનું જે ભિન્ન ભિન્ન ચિત્ર-વિચિત્ર સ્વરૂપ છે, તે થકી આત્માના શુદ્ધાશુદ્ધ સ્વરૂપની યથાર્થ પ્રતીતિ કરવી જોઇએ.

કારણ કે અન્વય-વ્યતિરેક ઉભય સ્વરૂપથી આત્માની

સાચી ઓળખાણ કરનાર આત્મા પરમશુદ્ધ-પરમાત્માના સ્વરૂપનો પણ યથાર્થ નિશ્ચય કરી શકે છે. માટે પ્રત્યેક કાળે આત્મ-કર્તૃત્વભાવવડે ચિત્ર-વિચિત્ર સ્વરૂપમાં પરિણામ પામતા આત્માના શુદ્ધાશુદ્ધ સ્વરૂપને સમજવા માટે આત્માના પાંચ ભાવનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ. શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં જણાવ્યું છે કે—

"औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्व-तत्त्वमौदयिकपारिणामिकौ च

અર્થ—સંસારી જીવો (૧) ઔપશમિક (૨) ક્ષાયિક (૩) મિશ્ર એટલે ક્ષાયોપશમિક (૪) ઔદયિક (૫) પારિણામિક એ પાંચે ભાવમાં યથાતથ્ય સંબંધે પરિણામ પામતા હોય છે.

(૧) **ઉપશમ ભાવ:**—દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના સંબંધથી બે પ્રકારે હોય છે. (૧) ઉપશમ સમ્યક્ત્વ (૨) અને ઉપશમ ચારિત્ર. દર્શન સપ્તકના ઉપશમ કાળે સમ્યક્ત્વવાન્ જીવ શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લક્ષણયુક્ત જાણવો, અને સમ્યક્ત્વ મોહનીયના રસોદયકાળે જીવને ક્ષયોપશમ સમ્યક્ત્વવાન્ સમજવો. જ્યારે ઉપશમ ચારિત્રમાં જીવને જેમ જેમ ચારિત્રા-વરણીય કષાયોનો ઉપશમ થાય છે તેમ તેમ તે તે કષાયોનો રસોદય અને પ્રદેશોદયનો પણ ઉપશમ હોય છે તેમ જાણવું. વિશેષતઃ સમજવા જેવું એ છે કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણે ઘાતી કર્મોનો રસોદય હોય ત્યારે

ક્ષયોપશમ ભાવ પણ હોય છે. પરંતુ મોહનીય કર્મમાં રસોદયની સાથે ક્ષયોપશમ ભાવ વિરોધી હોવાથી જે જે પ્રકૃતિઓનો રસોદય ચાલુ હોય તેનો તે તે કાળે ઉપશમ ભાવ કે ક્ષયોપશમ ભાવ હોતો નથી. પરંતુ જે જે પ્રકૃતિઓનો રસોદય અને પ્રદેશોદય બન્ને દબાવ્યા હોય તે તે પ્રકૃતિઓનો ઉપશમ ભાવ કહેવાય! અને જે જે પ્રકૃતિઓનો રસોદય દબાવ્યો હોય, પરંતુ પરપ્રકૃતિમાં ભળીને ઉદયમાં આવવા રૂપે પ્રદેશોદય ચાલુ હોય તો તે પ્રકૃતિઓનો તે કાળે ક્ષયોપશમ ભાવ સમજવો–અને જે મોહનીય પ્રકૃતિઓનો રસોદય તથા પ્રદેશોદય બન્ને ચાલુ હોય તે (વખતે–તે જીવને) ઔદયિક ભાવે તથા–સ્વરૂપે વિપાકોદય હોય છે, એમ સમજવું.

(૨) **ક્ષાયિકભાવ**:—આ ભાવ પણ બન્ને પ્રકારના મોહનીય કર્મ સંબંધી તેમજ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મ સંબંધી હોવાથી તેના નવ પ્રકારને શાસ્ત્રથી યથાર્થ જાણવા જરૂરી છે. આ સ્વરૂપને જાણવાથી પરમાત્માની યથાર્થ ઓળખાણ થઈ શકે છે. (૧) કેવળજ્ઞાન (૨) કેવળદર્શન (૩) ક્ષાયિક સમ્યક્ત્વ (૪) અક્ષય ચારિત્ર (૫) દાન (૬) લાભ (૭) ભોગ (૮) ઉપભોગ (૯) અને અનંત વીર્યપ્રવર્તન એ નવે ભાવે પરમાત્માનું પ્રવર્તન યાને પરિણામ પામવાપણું હોય છે. એટલે કેવળી પરમાત્માઓ પોતાના અનંત જ્ઞાનાદિ ગુણમાં પૂર્ણપણે અખંડ સ્વરૂપે અવ્યાબાધપણે નિરંતર અક્ષયભાવે પરિણામ પામતા હોય છે.

**(૩) ક્ષયોપશમ ભાવ :**—આત્માના ગુણો તેમજ કર્મોદય ઉભય સાપેક્ષ હોવાથી તેના અઢાર ભેદો શાસ્ત્રથી જાણી લેવા.

**(૪) ઔદયિક ભાવ :**—કર્મોદયની મુખ્યતાવાળો હોવાથી તેના ૨૧-ભેદો શાસ્ત્રથી જાણી લેવા.

**(૫) પારિણામિક ભાવ :**—સ્વ-સ્વ દ્રવ્યના વિવિધ પરિણામ સ્વરૂપી હોઈ આત્મા સંબંધી તેના મુખ્ય ત્રણ ભેદોને શાસ્ત્રથી જાણી લેવા.

ઉપર જણાવેલા પાંચે ભાવમાંથી સામાન્યથી સર્વે સંસારી જીવો (૧) ઔદયિક (૨) ક્ષાયોપશમિક (૩) અને પારિણામિક એ ત્રણ ભાવમાં પરિણામ પામતા હોય છે.

જ્યારે કેવળી ભગવંતો (૧) ઔદયિક (૨) ક્ષાયિક (૩) પારિણામિક—એ ત્રણ ભાવમાં પરિણામ પામતા હોય છે, અને સિદ્ધ પરમાત્માઓ (૧) ક્ષાયિક (૨) અને પારિણામિક એ બે ભાવમાં સાદિ-અનંતમે ભાંગે નિરંતર અવ્યાબાધપણે પરિણામ પામતા હોય છે.

આમ છતાં ક્વચિત્ શ્રેણિ પર ચડેલા આત્માઓ ચાર અને પાંચ ભાવમાં પણ પરિણામ પામતા હોય છે આનું વિસ્તારથી યથાર્થ સ્વરૂપ ગીતાર્થ ગુરુ ભગવંત પાસેથી જાણી લેવું જરૂરી છે, કેમકે તેથી આત્મા ગુણસ્થાનક ઉપર ચઢીને અંતે મોક્ષ સાધવાને સમર્થ બને છે.

ચતુર્ગતિરૂપ સંસારમાં અનેકવિધ ચિત્ર-વિચિત્ર

ભાવમાં વર્તતા ભિન્ન ભિન્ન જીવોનું યથાર્થ સ્વરૂપ સમજવા માટે પૂર્વે જણાવેલ (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર (૮) અને અંતરાય એ આઠ કર્મમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મ આત્મ-ગુણનો ઘાત કરનાર હોવાથી ઘાતી છે. અને બાકીનાં ચાર આત્મગુણનો સાક્ષાત્=સીધો ઘાત કરતાં નહિં હોવાથી અઘાતી છે.

તે આઠે મૂળ પ્રકૃતિઓનું ઉત્તરપ્રકૃતિઓ સહિત બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાના સ્વરૂપથી ચૌદ ગુણસ્થાન સંબંધી સ્વરૂપ જાણવું અવશ્ય જરૂરી છે.

કેમકે કર્મ-પરિણામ અને આત્મ-પરિણામમાં એક બીજાની વિશેષતા સમજવાથી જ આત્માર્થીઓને આત્માર્થ સાધવા માટે નિઃશંકતા પ્રાપ્ત થાય છે. અને નિઃશંકભાવે કરેલી આરાધના. સફળતા પ્રાપ્ત થતાં સુધી અવિચલ સ્થિર-ટકી રહે છે. અન્યથા ભ્રાંત માણસો ઈષ્ટાર્થ સિદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી.

અનાદિથી સંસારમાં કર્માનુસારે જન્મ-મરણ કરતા જીવો આત્મવિશુદ્ધિએ જે રીતે ગુણસ્થાનક ઉપર ચઢીને નિઃકર્મા થઇને અંતે મોક્ષપદ પ્રાપ્ત કરે છે. તે સંબંધી હવે કિંચિત્ વિશેષ જણાવીએ છીએ.

પ્રથમ જે બહિરાત્મા-અંતરાત્મા અને પરમાત્માનું કિંચિત્ સ્વરૂપ આત્માને અવિસંવાદી ભાવે ઓળખવા

જણાવેલ છે, તેનું પણ કાંઇક સ્પષ્ટીકરણ આ ગુણસ્થાનકોનું સ્વરૂપ વિચારતાં આપોઆપ થઈ જશે. આ માટે અનેકાન્ત સ્વરૂપી આત્માના શુદ્ધાશુદ્ધ ત્રિવિધ સ્વરૂપને યથાર્થ જણાવતાં સંમતિતર્ક ગ્રંથમાં શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીએ જણાવ્યું છે કે—

"मग्गणगुणठाणेहिं, चउदस हवंति तहय असुद्धणया।
विण्णेया संसारी, सव्वे सुद्धाउ सुद्धणया ॥

ચૌદે માર્ગણાવાળા તેમજ ચૌદે ગુણસ્થાનકવર્ત્તી સર્વે સંસારી આત્માઓને શુદ્ધ-નિશ્ચય નયની દૃષ્ટિએ તો અશુદ્ધ સ્વરૂપવાળા જાણવા. કેમકે સિદ્ધ પરમાત્માઓ જ પરમ શુદ્ધ પરિણામી છે. તેમજ ગુણસ્થાનક વિશેષે સર્વે સંસારી જીવોને શુદ્ધાશુદ્ધ વ્યવહાર નયની દૃષ્ટિએ અપેક્ષા વિશેષે શુદ્ધાશુદ્ધ જાણવા. આ પ્રમાણે સંસારી અવસ્થામાં વ્યવહાર-નયનું જે પ્રગટ શુદ્ધાશુદ્ધ-સ્વરૂપ છે તેને સપ્તનયની દૃષ્ટિએ "જ્ઞાન-પ્રકાશ" નામની પુસ્તિકામાંથી જાણી લેવું. જેથી આત્મ-શુદ્ધયર્થે સાધ્ય-સાધન ભાવનું યથાર્થ જ્ઞાન થશે.

તેમ છતાં અહિં પણ વ્યવહારનય સાપેક્ષ તે શુદ્ધા-શુદ્ધ સ્વરૂપને મૂળ ગાથાર્થ મુજબ ચૌદે માર્ગણા સ્થાનો અને ચૌદે ગુણસ્થાનકોથી શાસ્ત્રાનુસારે કિંચિત્ સ્વરૂપે જણાવીએ છીએ. વિશેષ સ્વરૂપ ગીતાર્થ-ગુરુ ભગવંત પાસેથી જાણી લેવું.

૧૪ માર્ગણાસ્થાનો :—

"गइ इन्दिए काए, जोए वेए कसाय नाणे य।
संजम दंसणलेसा, भवसम्मे सन्नी आहारे ॥

(૪) ગતિ (૫) ઇન્દ્રિય (૬) કાય (૩) યોગ (૩) વેદ (૪) કષાય (૮) જ્ઞાન (૭) સંયમ (૪) દર્શન (૬) લેશ્યા (૨) ભવ્યા-ભવ્યત્વ (૬) સમ્યક્ત્વ (૨) સંજ્ઞી-અસંજ્ઞી (૨) આહારી-અણાહારી-સર્વે સંસારી આત્માઓમાં પારિણામિક તથા ક્ષાયોપશમિક ભાવની સાથે ઔદયિક ભાવની મુખ્યતાવાળા આ ચૌદે માર્ગણાના (૬૨) ભેદોને પ્રત્યેક આત્મા સંબંધે શુદ્ધાશુદ્ધ સ્વરૂપે શાસ્ત્રથી જાણી લેવા.

હવે આત્માર્થી આત્માઓ માટે આત્મ-શુદ્ધયર્થે ક્ષયોપશમ તથા ક્ષાયિકભાવની મુખ્યતાએ આત્મશુદ્ધિના સ્વરૂપને જણાવનાર ગુંણસ્થાનકોનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.

**ચૌદ ગુણસ્થાનકોનાં નામ :—**

૧ મિથ્યાત્વ, ૨ સાસ્વાદન, ૩ મિશ્ર, ૪ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, ૫ દેશવિરતિ, ૬ સર્વવિરતિ-પ્રમત્ત, ૭ અપ્રમત્ત, ૮ અપૂર્વકરણ, ૯ અનિવૃત્તિબાદર સંપરાય, ૧૦ સૂક્ષ્મ સંપરાય, ૧૧ ઉપશાન્ત મોહ, ૧૨ ક્ષીણ મોહ, ૧૩ સયોગી કેવળી, ૧૪ અયોગી કેવળી.

સામાન્યથી સર્વ જીવ દ્રવ્યોની, સર્વ ક્ષેત્ર-સર્વ કાળ અને પાંચે પ્રકારના ભાવ યાને પરિણામ સાપેક્ષ, આત્મ-વિશુદ્ધિને જણાવનાર, ઉપરનાં ચૌદે ગુણસ્થાનકો, મુખ્યત્વે મોહનીય કર્મના ઉપશમ-ક્ષયોપશમ અને ક્ષયથી પ્રાપ્ત થતા આત્મ સ્વરૂપનાં હોઈ પ્રથમ તેની (૨૮) ઉત્તર

પ્રકૃતિઓના બંધ–ઉદય–ઉદીરણા અને સત્તા સ્વરૂપથી મોહનીય કર્મનું યથાર્થ સ્વરૂપ અવધારણ કરવું જરૂરી છે. એથી આત્માને નિઃશંકપણે મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય છે. અન્યથા શ્રદ્ધાશૂન્ય મતિ–કલ્પિત સમસ્ત વિધિ–નિષેધ કેવળ ભવ–ભ્રમણનું કારણ છે. આ સંબંધે કહ્યું છે કે—

"જીંહા લગી આતમ દ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું;
તિંહા લગે ગુણઠાણું ભલું, કેમ આવેરે તાણ્યું."

તે માટે આત્માનું સામાન્યથી વિવિધ ગુણસ્થાનકે નીચે મુજબનું સ્વરૂપ સમજવું.

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનક :—

આ પ્રથમ ગુણસ્થાનકે રહેલા આત્માઓની તીવ્ર–મંદ વિષય–કષાયયુક્ત અનેક પ્રકારની ચિત્ર–વિચિત્ર ન્યાય–અન્યાયયુક્ત, સંસારાભિમુખ સ્થિતિ–પ્રવૃત્તિ હોવાથી, મુખ્યત્વે તેઓ આત્માના સ્વરૂપમાં વિપર્યાસ દૃષ્ટિવાળા હોય છે.

એટલે દેહાદિ જડ તત્ત્વમાં જ ચેતન્ય દૃષ્ટિ, અને જ્ઞાનાદિ ચેતનામય–આત્મ તત્ત્વમાં અકર્તૃત્વ–અચૈતન્ય તેમજ અક્રિયત્વયુક્ત શૂન્ય બુદ્ધિવાળા હોવાથી, તેઓ કેવળ બાહિર–દૃષ્ટિએ દેહાદિ ભાવમાં જ આત્મબુદ્ધિએ પ્રવર્તન કરતા હોઈ જીવ=આત્મ સ્વરૂપને છોડીને, અજીવ=જડ તત્ત્વરૂપ દેહના સુખે, સુખી અને દેહના દુઃખે દુઃખી હોઇ નિરંતર રાગદ્વેષાદિ સંકિલષ્ટ પરિણામવાળા હોય છે.

છતાં મોહનીય કર્મની તરતમતા વડે ક્વચિત્ ચૈતન્ય ભાવની કિંચિત્ વિશેષતાએ આત્મ પ્રાપ્ત સુખ-દુઃખના અનુભવ વડે દયા, દાન, પૂજાદિ તેમજ તપ-સંયમાદિની પ્રવૃત્તિઓ પણ કરતા હોય છે. આમ છતાં તેઓ આત્માને યથાર્થ સ્વરૂપે નહિં ઓળખતા હોવાથી આત્માર્થ સાધી શકતા નથી. આ સંબંધે (૩૬૩) પાખંડીઓના ભેદ વડે શાસ્ત્રમાં કહ્યું છે—

एए गंथे विउक्कम्म, एगे समणमाहणा ।
अयाणंता विउस्सिता, सत्ताकामेहि माणवा ॥

વળી પણ કહ્યું છે કે—

अप्पा णाउण णरा केइ, सब्भाव भावपब्भट्ठा ।
हिंडंति चाउरंगे, विसएसु विमोहिया मूढा ॥
जे परभावे रत्ता, मत्ता विसएसु पावबहुलेसु ।
आसापासनिबद्धा, भमंति चउगइ महारण्णे ॥

(૨) **સાસ્વાદન** :—આ ગુણસ્થાનકે, ચોથા સમ્યક્ત્વ ગુણસ્થાનકે તેમજ તેથી ઉપરના ગુણસ્થાનકે આત્માને આત્મ-સ્વરૂપની જે શ્રદ્ધા-રૂચિ-તેમજ વિશુદ્ધિ પ્રાપ્ત થયેલી હતી-તેની ઝાંખીરૂપ આસ્વાદનના પરિણામ જાણવા. એટલે આ પરિણામ ચોથા ગુણ-સ્થાનેથી પડતી વખતે જ પહેલા ગુણસ્થાનકે આવ્યા પહેલાં (છ આવલિકા કાળ પ્રમાણ) ક્ષણમાત્ર હોય છે. આ પરિણામ પ્રથમ ગુણસ્થાનકથી કંઈક વિશુદ્ધ હોવાથી તેને બીજું ગુણસ્થાનક જાણવું.

(૩) **મિશ્ર :**—આ ત્રીજા ગુણસ્થાનકે પહેલા ગુણ-સ્થાનકથી ચડેલા આત્માના, અને ચોથા ગુણસ્થાનકેથી પડેલા એમ બન્ને આત્માઓના પરિણામમાં મ્હોટો ફરક હોય છે. પડતાની દૃષ્ટિ સંસારાભિમુખ હોય છે, અને જે જીવો પહેલા ગુણસ્થાનકેથી ચડતા પરિણામે આવેલ હોય છે, તેઓમાં મુખ્યપણે ધર્માંધતા ટળી ગયેલી હોવાથી માર્ગાનુસારિતાના ગુણોની પ્રાપ્તિવડે સમ્યક્ત્વ પામવાની યોગ્યતા આવેલી હોય છે. આથી તેમનામાં નવપદાત્મક શુદ્ધ આત્મધર્મ તરફ તીવ્ર દ્વેષભાવ હોતો નથી. આ ગુણસ્થાનકે જીવ નિશ્ચયથી અંતર્મુહૂર્તકાળ રહે છે, જ્યારે વ્યવહારથી માર્ગાનુસારીના પાંત્રીશ ગુણવાળા, અનભિગૃહીત મિથ્યાત્વી તેમજ આત્માભિમુખ યુગલિક જીવન સંબંધે શાસ્ત્રથી અવિરૂદ્ધ ભાવે અસંખ્યાતો કાળ પણ યથાસંભવ વિચારવો જરૂરી છે.

(૪) **અવિરતિ સમ્યગ્દૃષ્ટિ :**—જે આત્માઓએ ત્રિકરણ શુદ્ધિએ એટલે સંસારના મૂળરૂપ વિષય-કષાયના પરિણામને મંદ કરવા રૂપે પ્રથમ યથાપ્રવૃત્તિ રૂપ કરણ અન્તઃ વડે પૂર્વે બાંધેલ કર્મની દીર્ઘ સ્થિતિનો ક્ષય કરીને માત્ર કોડાકોડી સાગરોપમ પ્રમાણ રાખીને, બીજા અપૂર્વ કરણવડે, જડ-ચેતન દ્રવ્યમાંની વિપર્યાસ બુદ્ધિ (ભ્રમ)નો ધ્વંસ કરીને, ત્રીજા અનિવૃત્તિ કરણવડે પોતાના આત્મામાં સત્તાગતે રહેલી પરમાત્મ-સ્વરૂપી અનંત જ્ઞાનાદિ ગુણમય અક્ષય સંપદાનું દર્શન-શ્રદ્ધાન કરીને, તે પ્રગટ કરવાના

પરિણામ પ્રાપ્ત કરેલા છે, તેને ચોથું અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક જાણવું.

આ ગુણસ્થાનકે આવ્યા પછી પોતાની શક્તિ મુજબ સકામ-નિર્જરા કરતો આત્મા મોક્ષ સુખની નિર્દંભભાવે આરાધના કરવામાં ઉત્સુક હોય છે. પરંતુ જુઠ-ડફાણ કરતો નથી. કેમકે "**निःशल्यो व्रती**" એ સૂત્રથી સમ્યગ્દૃષ્ટિ આત્મા શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞાને પરિણામાનુસારે સ્યાદ્‌થી યથાર્થ જાણતો હોય છે. એ માટે કહ્યું છે કે—

"जिनै र्नानुमतं किंचि-न्निषिद्धं वा न सर्वथा ।
कार्ये भाव्यमदम्भेने-त्येषाज्ञा पारमेश्वरी ॥

આ સાથે સમસ્ત ક્રિયા વ્યવહારના સંબંધમાં કહ્યું છે કે-

જે વ્યવહાર મુક્તિ મારગમાં, ગુણઠાણાને લેખેજી;
અનુક્રમે ગુણશ્રેણિનું ચઢવું, તેહિજ જિનવર દેખેજી.

જ્યારે શાસ્ત્રાર્થથી વિરુદ્ધ મિથ્યાદૃષ્ટિને-એકાંતભાવે-આગ્રહીપણે તીવ્ર તપ સંયમ વડે પણ યથાર્થ આત્માર્થ સાધકતા હોતી નથી. આ માટે શાસ્ત્રમાં મુખ્યપણે મોક્ષ પુરુષાર્થ પ્રતિ જાગૃત એવા, સમ્યક્‌ભાવની પ્રાપ્તિના કાર્ય-કારણ ભાવ સંબંધે કહ્યું છે કે—

"ઇન્દ્રિય વૃત્તિ નિરોધ કરી, જો ખિનુ ગલિત વિભાવ;
દેખે અંતર આતમા. સો પરમાતમ ભાવ.

(૫) દેશવિરતિ :—અનુક્રમે આ પાંચમા ગુણઠાણે આવેલો આત્મા પોતાના ભોગ–ઉપભોગની પ્રવૃત્તિનો યથાશક્તિ ત્યાગ કરી શાસ્ત્રાનુસારે વિધિપૂર્વક આરંભ–સમારંભનો પણ ત્યાગ કરે. અને આત્માને વિશુદ્ધ કરવા નિશ્ચય–વ્યવહારથી સવિશેષ વિષય કષાયોનો ત્યાગ કરવાનો ઉદ્યમ કરે છે. આ માટે કહ્યું છે કે—

" जइ जिणमयं पवज्जह, ता मा ववहार–णिच्छए मुयह ।
इक्केण विणा तित्थं छिज्जइ अन्नेण उ तच्चं ॥

(૬) સર્વવિરતિઃ–પ્રમત્તગુણસ્થાનક :—આ છઠ્ઠા ગુણસ્થાનકે વર્તતો સમ્યગ્દષ્ટિ આત્મા મોક્ષાર્થે સાંસારિક સમસ્ત આરંભ–પરિગ્રહોનો વિશિષ્ટ પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરી પાંચ મહાવ્રતના પાલનપૂર્વક તપ–સંયમાદિવડે પ્રમાદને દૂર કરવાનો ઉદ્યમ કરી હિંડોળા ન્યાયે, અંતર્મુહૂર્ત સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકની સ્પર્શના કરતો રહે છે, અન્યથા છઠ્ઠા ગુણસ્થાનકેથી પડી મિથ્યાત્વે જાય. આ સંબંધે જાણવું કે—

जत्थ य विसयविरागो, कसायचाओ गुणेसु अणुरागो ।
किरियासु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ ॥

(૭) અપ્રમત્ત ગુણસ્થાનક :—પૂર્વોક્ત સર્વવિરતિધર આત્મા પ્રમાદનો ત્યાગ કરતો આ ગુણસ્થાનની સ્પર્શના કરતો ઉત્કૃષ્ટથી દેશે ઉણ પૂર્વકોટિ કાળપર્યંત પણ હિંડોળા ન્યાયે છે–સાતમે ગુણસ્થાનકે વર્તતો રહે છે.

તેમાં જ્યારે સાતમે ગુણસ્થાનકે વર્તતો હોય છે, તે વખતે એટલો વિશુદ્ધ પરિણામી હોય છે કે આવતા ભવના આયુષ્યનો બંધ પણ તે વખતે કરતો નથી. તેમજ લબ્ધિઓ પણ વિકુર્વે નહિ. અને યોગ-પ્રવૃત્તિ સંબંધમાં પણ ગુપ્તિની પ્રધાનતાએ-નિર્વિકલ્પપણું હોવાથી આ ગુણસ્થાનક પ્રાપ્ત કરનાર આત્માને રત્નત્રયીના અભેદ પરિણામવડે પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપનો નિર્દ્વન્દ્વ અનુભવ પ્રાપ્ત થતો હોઈ, તેમાં સ્થિર થવાનો પ્રયત્ન કરતો હોય છે. આ માટે કહ્યું છે કે—

"आया सहावनाणी, भोई रमइवि वत्थुधम्मंमि ।
सो उत्तमोय अप्पा, अवरे भव-सूयरा जीवा ॥

અન્યથા કેવળ બાહ્યભાવના ચારિત્ર સંબંધે તો કહ્યું છે કે,

पश्यतु ब्रह्म निर्द्वंद्वं, निर्द्वंद्वानुभवं विना ।
कथं लिपीमयी दृष्टि, र्वाङ्मयी वा मनोमयी ॥

(૮) અપૂર્વકરણ :—પૂર્વોક્ત સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકમાં સ્થિરતા પ્રાપ્ત કરનાર આત્મા, જ્યારે આ આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકમાં આવે છે, ત્યારે તેને સમ્યકત્વ મોહનીયના ક્ષય કે ઉપશમથી ઉદય ટળેલો હોવાથી પાંચ પ્રકારના ૧ રસઘાત, ૨ સ્થિતિઘાત, ૩ ગુણસંક્રમ, ૪ ગુણશ્રેણિ, ૫ અને અપૂર્વ સ્થિતિબંધ રૂપ વિશિષ્ટકરણ વિશેષથી અપૂર્વ આત્મવિશુદ્ધિ કરતો થકો તે જીવ ક્ષપકશ્રેણિ માંડીને અંતર્મુહૂર્ત પ્રમાણ કાળમાં જ અનુક્રમે ૯–૧૦–

૧૨મા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી ૧૩મે કેવળજ્ઞાન પામે છે.

જે આત્માઓ ઉપશમ શ્રેણિ માંડે છે, તેઓ ૯–૧૦ અને ૧૧મા ગુણસ્થાનકને સ્પર્શી અવશ્ય પાછા પડે છે. ઉપશમ શ્રેણિ ને ક્ષપક શ્રેણિ–તે આત્માની ધર્મધ્યાન અથવા શુક્લધ્યાનરૂપ સહજ શુદ્ધ ધ્યાનાવસ્થા જાણવી. આ સ્વરૂપ સંબંધે કહ્યું છે કે—

अप्पा जाणइ अप्पा, जहट्ठिओ अप्पसक्खिओ धम्मो ।
अप्पा करेइ तं तह, जह अप्पा सुहावहो होइ ॥

**(૯) અનિવૃત્તિ બાદર સંપરાય**:—આ ગુણસ્થાનકમાં વર્તતા જીવમાં પોતાના આત્મા સંબંધી શુદ્ધાશુદ્ધ ભાવોમાં પણ હાસ્ય–રતિ–અરતિ–ભય–શોક–દુર્ગંછા રૂપ મોહનીય કર્મના પરિણામ હોતા નથી. તેથી વિશુદ્ધ–પરિણામે કરી, ચારિત્ર મોહનીયના ઘરના સંજવલન કષાયના ક્રોધ–માન–માયા તથા સ્ત્રીવેદ–પુરુષવેદ અને નપુંસકવેદનો ક્ષય કે ઉપશમ કરીને કેવળ સૂક્ષ્મ લોભના ઉદય સહિત દશમે ગુણસ્થાનકે જાય છે.

**(૧૦) સૂક્ષ્મ સંપરાય** :—આ ગુણસ્થાનકે મોહનીય કર્મનો બંધ હોતો નથી અને છેલ્લી પ્રકૃતિ જે સૂક્ષ્મલોભનો ઉદય વર્તે છે, તેનો પણ સુવિશુદ્ધ પરિણમે ઉપશમ કે ક્ષય કરી જીવ અગિયારમે કે સીધો બારમે ગુણસ્થાનકે જાય છે.

માંડીને જે જીવો આ અગિયારમે ગુણસ્થાનકે આવેલા હોય છે, તેઓને મોહનીય કર્મનો બીલકુલ ઉદય નહિ હોવાથી તેઓને અંતર્મુહૂર્ત કાલ પ્રમાણ આ ઉપશાંત મોહ ગુણસ્થાનકે યથાખ્યાત ચારિત્ર હોય છે. આ યથાખ્યાત ચારિત્રિયા આત્માઓ ૧૧-૧૨-૧૩ એ ત્રણે ગુણસ્થાનકે **એક સરખા** સંયમ સ્થાનવાળા હોય છે. પરંતુ આ (૧૧)મા ગુણસ્થાનકે આવેલા આત્માઓએ સત્તામાંથી મોહનીય કર્મનો ક્ષય કરેલો ન હોવાથી-અને કેવળ ઉપશાંત ભાવે ચડેલા હોવાથી અંતર્મુહૂર્ત કાળ પછી સત્તામાં રહેલું મોહનીય કર્મ ઉદયમાં આવવાથી તેઓને ૧૧મેથી અવશ્ય પાછા પડવું પડે છે. કોઈક જીવ આ ગુણસ્થાનકે કાળ કરે છે તો-તે **અનુત્તર વિમાનમાં** જાય છે.

(૧૨) **ક્ષીણમોહ**:—છદ્મસ્થ ભાવે પણ અપૂર્વ આત્મવિશુદ્ધિએ આગળ વધતો આત્મા ક્ષપકશ્રેણિ માંડીને શુક્લધ્યાનના પહેલા પાયારૂપ પૃથક્ત્વ વિતર્ક સવિચાર ધ્યાનથી સત્તામાં રહેલા મોહનીય કર્મોનો ક્ષય કરતો દશમે ગુણસ્થાનકે છેલ્લે સૂક્ષ્મ સંપરાય લોભનો ક્ષય કરીને સીધો બારમે ગુણસ્થાનકે આવેલો આત્મા શુક્લ ધ્યાનના બીજા પાયાના એકત્વ વિતર્ક અવિચારરૂપ ધ્યાનથી આ બારમા ગુણસ્થાનકે બાકીનાં ત્રણે ઘાતિકર્મો-તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણે કર્મોની બાકી રહેલી (નિદ્રાદ્વિકનો ઉપાન્ત્ય સમયે અને શેષ) (૫+૪+૫) સમસ્ત પ્રકૃતિઓનો ચરમ સમયે એકી સાથે

ક્ષય કરી તેરમું સયોગી કેવળી ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે.

**(૧૩) સયોગી કેવલી** :—જ્ઞાનાવરણીયાદિ ચારે ઘાતિકર્મોનો સર્વથા ક્ષય કરી આ ગુણસ્થાનકે આવેલા સર્વે કેવળી પરમાત્માઓને પૂર્વોક્ત પોતાના જ્ઞાન ગુણ ઉપરના સર્વે આવરણોનો ક્ષય કરેલો હોવાથી તેમને સર્વે દ્રવ્યોના સમસ્ત ત્રિકાલિક-ગુણ-પર્યાયોનું આત્માથી પ્રત્યક્ષ-સહજ ભાવે નિરંતર જાણપણું હોય છે. તેમજ દર્શનાવરણીય કર્મનો પણ સર્વથા ક્ષય કરેલો હોવાથી સહજપણે જાગૃત-ભાવથી સર્વ ભાવોને આત્માથી જ સામાન્યપણે હસ્તા-મલકવત્ જોતા-જાણતા હોય છે. તેમજ ત્રીજા મોહનીય કર્મનો પણ સર્વથા ક્ષય કરેલો હોવાથી જીવ-અજીવની રાશિરૂપ આ સમસ્ત જગતના સમસ્ત દ્રવ્યોના ત્રિકાલિક-સમસ્ત-શુદ્ધાશુદ્ધ પરિણમન સંબંધે યથાર્થ જાણકારી હોવા છતાં પણ કોઈ પણ દ્રવ્યના ઉત્પાદ-વ્યય કે ધ્રૂવ સ્વરૂપી કોઇ પણ ભાવમાં તેઓને કિંચિત્ માત્ર પણ રાગ-દ્વેષના કે રતિ-અરતિરૂપ પરિણામ હોતા નથી. આ માટે કહ્યું છે કે—

न जगज्जननस्थेम–विनाशविहितादरः ।
न लास्य–हास्यगीतादि–विप्लवोपप्लुतस्थितिः ॥

વળી તેઓએ ચોથા અંતરાય કર્મનો સર્વથા ક્ષય કરેલ હોવાથી તેઓ પોતાના અનંતવીર્ય (શક્તિ) ગુણવડે પોતાના અનંત જ્ઞાનાદિ ગુણમાં અવ્યાબાધપણે દાન-લાભ-ભોગ-ઉપભોગભાવે પરિણામ પામતા હોવાથી નિરંતર પૂર્ણ-સહજ સુખના ભોક્તા હોય છે.

ઉપર જણાવ્યા મુજબ સર્વે કેવલી પરમાત્માઓએ પોતાના આત્માના અનંત જ્ઞાનાદિ ગુણોને ક્ષાયિક ભાવે સ્વાધીન કરેલા હોવાથી તેઓ નિરંતર ક્ષાયિકભાવે આત્મ-સ્વભાવમાં જ રમણતા કરતા હોય છે. આમ છતાં બીજા ચાર અઘાતી કર્મોમાં તેમનું આયુષ્ય કર્મ અન-પવર્તનીય હોવાથી તેઓ આયુષ્ય કર્મની સાથે ઔદયિક ભાવે સ-શરીરીપણે નામકર્મ, ગોત્રકર્મ તેમજ વેદનીય કર્મને પણ સહજ અનાશંસાપણે ભોગવીને ક્ષય કરતા થકા યથાતથ્ય સ્વરૂપે વિચરતા હોય છે.

આ સાથે વળી જે વીતરાગ કેવળી પરમાત્માઓને તીર્થંકર નામકર્મનો પણ ઉદય હોય છે, તેઓ ભાવ-કરૂણા ભાવે સ્યાદ્વાદ સ્વરૂપે સર્વ જીવોને એકાંત હિતકારી-કલ્યાણકારી ધર્મોપદેશ આપીને ભવ્યાત્માઓને મોક્ષાનુગામી ધર્મ પુરુષાર્થ તેમજ મોક્ષ પુરુષાર્થમાં યથાતથ્ય સ્વરૂપે જોડવારૂપે ચતુર્વિધ શ્રીસંઘ (તીર્થ)ની સ્થાપના પણ કરતા હોય છે. આથી તો સર્વ તીર્થંકરોની

"आइगराणं–तित्थयराणं–सयंसंबुद्धाणं"

ઈત્યાદિ પદોથી સ્તુતિ કરાય છે.

વિશેષમાં સમજવું કે તમામ કેવલી પરમાત્માઓ પોત-પોતાના ક્ષાયિક-ઔદયિક અને પારિણામિક એ ત્રણ ભાવમાં નિરંતર પરિણામ પામતા હોય છે. તેમાં મુખ્યપણે તો તેઓ સ્વ-પર સંબંધે કેવળ જ્ઞાનાનુસારે પ્રવૃત્તિ કરતા

૪

હોય છે, તેમ છતાં તેઓને વિવિધ ઔદયિકભાવનું પરિણમન પણ અવશ્ય હોય છે.

જ્યારે અન્ય સમસ્ત સંસારી આત્માઓ તો ક્ષાયોપશમિક–ઔદયિક અને પારિણામિક એ ત્રણ ભાવમાં પરિણામ પામતા હોય છે તેમાં ક્વચિત્ ઔદયિકમાં તો ક્વચિત્ ક્ષાયોપશમિક ભાવમાં મુખ્ય–ગૌણપણે પરિણામ પામતા હોય છે.

હવે ૧૩મે ગુણસ્થાનકે રહેલા પ્રત્યેક કેવળી પરમાત્માઓ જ્યારે પોતાનું આયુષ્ય અંતર્મુહૂર્ત શેષ (બાકી) રહેલું જે સમયે જાણે તે સ્વરૂપને શાસ્ત્રમાં આવર્જીકરણ કહેવામાં આવ્યું છે.

તે વખતે જેમને બીજા શેષ કર્મની સ્થિતિ આયુષ્ય કર્મથી અધિક હોય છે. તે કેવળી પરમાત્માઓ કેવળી સમુદ્ઘાત (આઠ સમયનો) કરી સ્થિતિની સમાનતા કરે છે.

તે પછી અનુક્રમે બાદર–સૂક્ષ્મ મન–વચન–કાયયોગનો નિરોધ કરી (આ સ્વરૂપને સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી રૂપ શુક્લ ધ્યાનનો ત્રીજો પાયો જણાવેલ છે.) ચૌદમે ગુણસ્થાનકે પાંચ હ્રસ્વાક્ષર (अ इ उ ऋ ऌ)ના ઉચ્ચાર કરવા માત્ર સમય (કાળ) અયોગી સ્વરૂપે ૧૪મા ગુણસ્થાનકના આયુષ્યકાળમાં મેરૂની પેઠે અચળ=સ્થિર રહી આયુષ્ય પૂર્ણ થતાની સાથે અનુદિત બાકી રહેલા સર્વે કર્મોનો છેલ્લાના પ્રથમ સમયે સ્તિબૂક સંક્રમવડે અને ઉદયમાં વર્તતાં કર્મોને

ભોગવવા દ્વારા ચરમ સમયે એકી સાથે ક્ષય કરી સમશ્રેણિએ ઊર્ધ્વગતિએ એક સમયમાં સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરે છે.

આ રીતે સકળ કર્મનો ક્ષય કરીને **"સાદિ અનંતમે ભાંગે"** સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરેલ સિદ્ધ પરમાત્માઓને કોઈ પણ કાળે કોઇ પણ યોનિમાં ઉપજવાપણું એટલે જન્મ લેવાનું હોતું જ નથી. તેથી તેઓને મરણ પણ નથી. આથી તેઓ જન્મ-જરા-અને મરણના દુઃખોથી સદા મુક્ત હોય છે. જ્યારે પ્રથમથી જ પોતાના સહજ-અનંત-અક્ષય ગુણોમાં અવ્યાબાધપણે ક્ષાયિકભાવે તો નિરંતર પરિણામીપણું હોય છેજ. આ આત્માનું પરમ શુદ્ધ-નિશ્ચય સ્વરૂપ જાણવું.

શાસ્ત્રમાં પણ શ્રી. સિદ્ધપરમાત્માના પરમ શુદ્ધ સ્વરૂપ-સંબંધે જણાવ્યું છે કે—

"यतो वाचो निवर्तन्ते, न यत्र मनसो गतिः ।
शुद्धानुभवसंवेद्यं, तद्रूपं परमात्मनः
शब्दोपरततद्रूपं, बोधकृन्नयपद्धतिः
निर्विकल्पं तु तद्रूपं, गम्यं नाऽनुभवं विना ॥

**(૧૪) અયોગી કેવળી :**—સંસાર સ્વરૂપમાં છેલ્લે આ ચૌદમા ગુણસ્થાનકે આવેલા સકલ અયોગી કેવલી ભગવંતો જેમણે પૂર્વે તેરમા ગુણસ્થાનકના અંતે સૂક્ષ્મ-બાદર મન-વચન અને કાયયોગનો સર્વથા નિરોધ કરી,

તે વખતના પોતાના દેહના ત્રીજા ભાગને છોડીને બે ભાગ-પ્રમાણ આત્માના સમસ્ત પ્રદેશોને જે અવ્યવહિત અખંડ-એક ઘનસ્વરૂપે કરેલા હોય છે, તેને શૈલેશ એટલે મેરૂની-પેઠે નિષ્પ્રકંપ કરવા રૂપ શૈલેશીકરણ કરે છે. અથવા સર્વ પ્રકારે સંવર, તે-શીલ તેનો ઈશ એટલે સ્વામી તે શૈલેશ, તેમજ આત્મા તેની આ યોગનિરોધાવસ્થામાં અલેશી-હોવાથી શૈલેશી હોય છે.

આ પ્રમાણે શૈલેશી કાળમાં છેલ્લે તેઓ શુકલ-ધ્યાનના ચોથા પાયારૂપ વ્યુચ્છિન્ન ક્રિયા-નિવૃત્તિરૂપ ધ્યાન વડે બાકી રહેલાં ભવોપગ્રાહી ચારે અઘાતીકર્મોનો એકી-સાથે સર્વથા ક્ષય કરી એક સમયમાં સમશ્રેણિએ ઉર્ધ્વ--ગતિએ લોકાંતે શાશ્વત સિદ્ધગતિમાં જાય છે.

આ સિદ્ધગતિમાં ગયેલા પરમાત્માઓ "સાદિ-અનંતમે--ભાંગે" ત્યાં રહે છે. અને પૂર્વે ક્ષાયિકભાવે સ્વાધીન કરેલ સકળ-પૂર્ણ અનંત આત્મગુણોમાં-અક્ષયભાવે અવ્યાબાધપણે-કર્તૃત્વભાવે પરિણામ પામતા થકા નિરંતર અનંત સહજ સુખના વિલાસી હોય છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સર્વે સિદ્ધ પરમાત્માઓ કેવળ-પોતાના ક્ષાયિક અને પારિણામિક એ બે ભાવમાં જ નિરંતર પરિણામ પામતા હોય છે. આથી તેમને કોઈ પણ અન્ય દ્રવ્ય પરિણામનું કર્તૃત્વ કે કારણત્વ હોતું નથી.

જોકે શુદ્ધ નિશ્ચય દૃષ્ટિએ જીવદ્રવ્યને તો પ્રથમથી જ

અન્ય દ્રવ્યની કારણતા હોતી નથી, પરંતુ વ્યવહારથી ઉપચારે અન્ય જીવદ્રવ્ય સંબંધી સાપેક્ષભાવે જ્ઞાનાદિ સ્વરૂપે જે જે ભાવે નિમિત્ત કારણરૂપે ઉપકારકતા શાસ્ત્રમાં જણાવેલ છે, તેને તથા સ્વરૂપે ગીતાર્થ-ગુરુ ભગવંત પાસેથી યથાર્થ ભાવે જાણી લેવી, કે જેથી પરમ શુદ્ધ ક્ષાયિક પરિણામી પરમાત્મામાં અન્ય આત્માના શુદ્ધાશુદ્ધ કોઈપણ પરિણામના કર્તાપણાની વિપર્યાસ બુદ્ધિ થાય નહિ.

અનાદિથી-ચતુર્ગતિ રૂપ આ સંસારમાં પૂર્વે જણાવ્યા મુજબ કર્મ-બંધની-પરંપરામાં જકડાઈને કર્મની પરાધીનતાએ જન્મ-મરણ કરતા આત્માઓમાં કર્મની સત્તા ઉપર આત્મશુદ્ધિની વિશેષતારૂપે જગતમાં પ્રત્યક્ષથી અવિરુદ્ધ-ઉપર જણાવેલ (૧૪) ગુણસ્થાનક ક્રમથી આત્માના શુદ્ધ-અશુદ્ધ અને શુદ્ધાશુદ્ધ સ્વરૂપને શાસ્ત્રાર્થથી યથાર્થ જાણી ઉત્તરોત્તર શુદ્ધાત્મ સ્વરૂપનું આલંબન લેનારા આત્માઓ પરમ શુદ્ધ ક્ષાયિકભાવે પરમાત્મપણું પામીને સકળ કર્મોનો ક્ષય કરી ઉપર જણાવ્યા મુજબ સિદ્ધિ-પદને પામ્યા છે, પામે છે અને પામશે એમ જાણવું.

અન્યથા આત્મ-શુદ્ધિના પુરુષાર્થથી શૂન્ય આત્માઓ તો આ સંસારમાં પુણ્યકર્મ તેમજ પાપકર્મોનુસારે અનાદિથી ભટકે છે અને ભટકયા કરશે એમ જાણવું. કેમકે કોઈ પણ આત્મા ચૌદમા ગુણસ્થાનકને પ્રાપ્ત કર્યા વિના મોક્ષે (સિદ્ધસ્થાને) જઈ શકતો નથી તેમજ કોઈ પણ આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા વગર અયોગી થઈ શકતો નથી.

પ્રત્યેક આત્મા નિત્યા-નિત્ય-ઉભય સ્વરૂપે પરિણામી તેમજ લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશ યુક્ત-અખંડ-તેમજ અરૂપી એટલે વર્ણાદિ રહિત તેમજ જ્ઞાનાદિ અનંતગુણ સ્વભાવે નિરંતર કર્તા-ભોક્તા સ્વરૂપી અનંત અવ્યાબાધ પરિણામયુક્ત હોય છે.

આથી જ તો પ્રત્યેક સંસારી આત્માઓને સ્વ-સ્વ-કર્માનુસારે, વિભાવ પરિણામે અનેકવિધ ચિત્ર વિચિત્ર પરિણામો સહિતનું જે જન્મ-જરા-મરણાદિરૂપ પરિણમન છે, તે ચતુર્ગતિરૂપ સંસાર રૂપે પ્રત્યક્ષથી અવિરુદ્ધ છે. તેમજ સ્વ-પ્રત્યક્ષ, અનુમાનથી જણાય છે કે પ્રત્યેક સંસારી આત્માને, પૂર્વકર્મસંબંધી સુખદુઃખનો અનુભવ તેમ જ ભાવિના સુખદુઃખની ચિંતા સહિતનું પ્રવર્તન, પણ સ્વપ્રત્યક્ષાનુભવ ગમ્ય હોય છે.

આમ છતાં જેઓ આત્માને કોઈ કાળે-કોઈનાથી કે કોઈના સંબંધથી કે વિચિત્ર સ્વરૂપે આમૂલ-ઉત્પત્તિ-વિનાશ સ્વરૂપી માને છે, તેઓને ઐતિહાસિક-પરંપરા-રહિત, શાસ્ત્રનિરપેક્ષ, યુક્તિ શૂન્ય, તેમજ ન્યાયરહિત, નિરાધારપણે, કેવળ સ્વમતિ કલ્પિતપણે ઉપર જણાવ્યા મુજબ સ્વાનુભવથી પણ વિરુદ્ધ મિથ્યા પ્રલાપો કરનારા જાણીને, પ્રગટ-સ્વરૂપે માયા-મૃષાવાદી જાણવા.

ખરેખર તો પ્રત્યેક આત્માને સ્વ-પર સંબંધી ભૂત-કાળના કર્મપરિણામના લેવડદેવડના સંબંધોનું અનુસરણ તેમજ આઘાત-પ્રત્યાઘાતાદિ સહિત સુખદુઃખના અનુભવોનું

જ્ઞાન અનુભવ પ્રત્યક્ષ હોય છે. અને તે અનુસારે ત્રિકાલિક જગતનો સમસ્ત વ્યવહાર પણ અવિરુદ્ધભાવે પ્રવર્તે છે.

આત્મા નિરંતર પરિણામી હોવાથી કોઈ એક પરિણમનનું સ્વરૂપ, યા તત્સંબંધી સુખ કે દુઃખનો પરિણામ આત્મામાં અન્ય સમયે હોતો નથી એમ પ્રત્યક્ષ અનુભવાય છે. આથી પ્રત્યેક આત્મા દ્રવ્ય–પર્યાય સ્વરૂપે નિત્યાનિત્ય ઉભય સ્વરૂપી છે એમ સિદ્ધ થાય છે. તે માટે કહ્યું છે કે–

य एव दोषाः किल नित्यवादे,
विनाशवादेऽपि समास्त एव ।
परस्परध्वंसिषु कण्टकेषु,
जयत्यधृष्यं जिनशासनं ते ॥

આથી આત્માર્થીઓએ જીવ અને અજીવની રાશિરૂપ સમસ્ત સંસાર કોઈ એક દિવસે તો સંપૂર્ણ નાશ પામશે જ. કેમકે કાળે કાળે આત્માઓ અને તત્સંબંધી નાશ પ્રત્યક્ષ છે, આ પ્રમાણે કહેવું, તે યુક્ત નથી, તેમજ ઉત્પત્તિ થકીજ પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન સ્વભાવવાળા જ દેખાય છે. તે માટે તેઓ તેવાજ છે અને તેવાજ રહેશે એમ કહેવું, તે પણ યુક્ત નથી.

વળી આત્મા તો કર્મને આધીન જ હોવાથી તેનો મોક્ષ થઈ શકેજ નહિ. એમ પણ ન કહેવું. અથવા તો પ્રત્યેક આત્મા, પરમાત્માના અંશરૂપ હોવાથી અંતે તો

તેમજ કોઈ પણ આત્મા મોહનીય કર્મનો સર્વથા ક્ષય કર્યા વગર કેવળી પરમાત્મા બની શકતો નથી. તેમજ કોઈ પણ આત્મા ક્ષપકશ્રેણિ માંડ્યા વગર કેવળી થતો નથી. તેમજ કોઈ પણ આત્મા સ્વ-પર ભાવના ત્યાગ સહિત અપ્રમત્તભાવમાં સ્થિર થયા સિવાય ક્ષપકશ્રેણિ માંડી શકતો નથી.

આ સ્વરૂપને ગુણસ્થાનક ક્રમારોહણ સાથે અવિરુદ્ધભાવે વિચારતાં સ્પષ્ટ સમજાશે કે મોક્ષ માર્ગ પણ સર્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાપેક્ષ કથંચિત્ ભિન્નાભિન્ન હોઈ સ્યાદ્ થકી અનેકાનેક ભાવે સાપેક્ષ સત્ય સ્વરૂપી છે.

ઉપર જણાવ્યા મુજબ આત્મ તત્ત્વના ભેદાભેદ સ્વરૂપી બહિરાત્મા-અંતરાત્મા અને પરમાત્મા સ્વરૂપી આત્મ સ્વરૂપમાં તેમજ વિશેષ થકી ચૌદે ગુણસ્થાનક સ્વરૂપમાં જેમણે યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાન પ્રાપ્ત કરેલ નથી, તેઓ કોઈ પણ રીતે પરમાત્માની સાચી ભક્તિ કે ઉપાસના કરી શકતા નથી, અને પોતાના આત્માને શુદ્ધ પણ કરી શકતા નથી. પરંતુ વિપર્યાસપણે પરભાવના કર્તૃત્વ-ભોક્તૃત્વમાં આત્મ-શુદ્ધિનું આરોપણ કરતા હોય છે.

આ સંબંધે અંતર આત્મભાવમાં વર્તતા પરમાત્મપદના સાચા આરાધક-ઉત્તમ આત્માઓના સ્વરૂપને જણાવતાં શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે—

श्री. कै. ज्ञा. कोबा
नं ...

यः स्नात्वा समताकुण्डे, हित्वा कश्मलजं मलं ।
पुनर्न यान्ति मालिन्यं, सोऽन्तरात्मा परः शुचिः ॥

હવે પરમ શુદ્ધ આત્માર્થ–સાધવા માટે આત્માના તેમજ જગત્ સ્વરૂપના સંબંધમાં સ્યાદ્‌વાદ શૈલીએ જે પ્રમાણયુક્ત શુદ્ધાવબોધની યાને શુદ્ધ સમ્યક્‌શ્રદ્ધા યુક્ત જ્ઞાનની અનિવાર્ય આવશ્યકતા છે. તે પ્રમાણ જ્ઞાનનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.

જે ઉત્તમ આત્માઓ સ્વ–પર ભાવમાં પરમ બ્રહ્મચર્યાદિગુણે કરી સહિત યથાર્થ હિતબુદ્ધિએ શુદ્ધ ઉપયોગવાન્ છે તેઓ યથાર્થ હિતકારી વચનો બોલનારા હોઈ કદાપિ મિથ્યાપ્રલાપો કરતા નથી.

પ્રત્યક્ષથી અવિરુદ્ધ આગમ–શ્રુત–પ્રમાણજ્ઞાનથી સ્યાદ્‌વાદ સ્વરૂપે પૂર્વે જે પરસ્પર વિરુદ્ધ એવા અસ્તિ–નાસ્ત્યાદિ પાંચે ધર્મોનું અવિરૂદ્ધ સ્વરૂપ સામાન્યથી જણાવેલું છે, તેને અહિં વિસ્તારથી જણાવીએ છીયે. કેમકે સ્વ–પરમાં હિતબુદ્ધિ ધરાવનાર ઉત્તમ આત્માઓ, કોઈ પણ એક ભાવને સ્યાદ્‌વાદથી ત્રિવિધાત્મકજાણીને પરસ્પર વિરોધી કોઈ પણ બે ભાવમાંથી પ્રસંગાનુસારે કોઈ પણ એક સ્વરૂપને મુખ્યપણે તેમજ અન્ય સ્વરૂપને ગૌણભાવે સમ્યક્‌શ્રુતથકી સ્પષ્ટપણે અવિરૂદ્ધ સાધક–બાધકભાવે જણાવતા હોય છે. (આ સંબંધે વિશેષ જાણવાની ઇચ્છાવાળાઓએ શ્રીમદ્ દેવચંદ્રજી કૃત કુંથુનાથજીનું સ્તવન જોવું)

आ श्रीकैलाससागरसूरि ज्ञा
द्वारा सप्रेम भेट ता.

પ્રત્યેક આત્મા નિત્યા–નિત્ય–ઉભય સ્વરૂપે પરિણામી તેમજ લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશ યુક્ત–અખંડ–તેમજ અરૂપી એટલે વર્ણાદિ રહિત તેમજ જ્ઞાનાદિ અનંતગુણ સ્વભાવે નિરંતર કર્તા–ભોક્તા સ્વરૂપી અનંત અવ્યાબાધ પરિણામયુક્ત હોય છે.

આથી જ તો પ્રત્યેક સંસારી આત્માઓને સ્વ–સ્વ-કર્માનુસારે, વિભાવ પરિણામે અનેકવિધ ચિત્ર વિચિત્ર પરિણામો સહિતનું જે જન્મ–જરા–મરણાદિરૂપ પરિણમન છે, તે ચતુર્ગતિરૂપ સંસાર રૂપે પ્રત્યક્ષથી અવિરુદ્ધ છે. તેમજ સ્વ–પ્રત્યક્ષ, અનુમાનથી જણાય છે કે પ્રત્યેક સંસારી આત્માને, પૂર્વકર્મસંબંધી સુખદુઃખનો અનુભવ તેમ જ ભાવિના સુખદુઃખની ચિંતા સહિતનું પ્રવર્તન, પણ સ્વપ્રત્યક્ષાનુભવ ગમ્ય હોય છે.

આમ છતાં જેઓ આત્માને કોઈ કાળે–કોઈનાથી કે કોઈના સંબંધથી કે વિચિત્ર સ્વરૂપે આમૂલ–ઉત્પત્તિ–વિનાશ સ્વરૂપી માને છે, તેઓને ઐતિહાસિક–પરંપરા-રહિત, શાસ્ત્રનિરપેક્ષ, યુક્તિ શૂન્ય, તેમજ ન્યાયરહિત, નિરા-ધારપણે, કેવળ સ્વમતિ કલ્પિતપણે ઉપર જણાવ્યા મુજબ સ્વાનુભવથી પણ વિરુદ્ધ મિથ્યા પ્રલાપો કરનારા જાણીને, પ્રગટ–સ્વરૂપે માયા–મૃષાવાદી જાણવા.

ખરેખર તો પ્રત્યેક આત્માને સ્વ–પર સંબંધી ભૂત-કાળના કર્મપરિણામના લેવડદેવડના સંબંધોનું અનુસરણ તેમજ આઘાત–પ્રત્યાઘાતાદિ સહિત સુખદુઃખના અનુભવોનું

જ્ઞાન અનુભવ પ્રત્યક્ષ હોય છે. અને તે અનુસારે ત્રિકાલિક જગતનો સમસ્ત વ્યવહાર પણ અવિરૂદ્ધભાવે પ્રવર્તે છે.

આત્મા નિરંતર પરિણામી હોવાથી કોઈ એક પરિણમનનું સ્વરૂપ, યા તત્સંબંધી સુખ કે દુઃખનો પરિણામ આત્મામાં અન્ય સમયે હોતો નથી એમ પ્રત્યક્ષ અનુભવાય છે. આથી પ્રત્યેક આત્મા દ્રવ્ય-પર્યાય સ્વરૂપે નિત્યાનિત્ય ઉભય સ્વરૂપી છે એમ સિદ્ધ થાય છે. તે માટે કહ્યું છે કે—

य एव दोषाः किल नित्यवादे,
विनाशवादेऽपि समास्त एव ।
परस्परध्वंसिषु कण्टकेषु,
जयत्यधृष्यं जिनशासनं ते ॥

આથી આત્માર્થીઓએ જીવ અને અજીવની રાશિરૂપ સમસ્ત સંસાર કોઈ એક દિવસે તો સંપૂર્ણ નાશ પામશે જ. કેમકે કાળે કાળે આત્માઓ અને તત્સંબંધી નાશ પ્રત્યક્ષ છે, આ પ્રમાણે કહેવું, તે યુક્ત નથી, તેમજ ઉત્પત્તિ થકીજ પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન સ્વભાવવાળા જ દેખાય છે. તે માટે તેઓ તેવાજ છે અને તેવાજ રહેશે એમ કહેવું, તે પણ યુક્ત નથી.

વળી આત્મા તો કર્મને આધીન જ હોવાથી તેનો મોક્ષ થઈ શકેજ નહિ. એમ પણ ન કહેવું.- અથવા તો પ્રત્યેક આત્મા, પરમાત્માના અંશરૂપ હોવાથી અંતે તો

ઓના ઉન્માદથી ભરેલા ઉન્મત્ત જીવનને જોઈને, આત્માર્થીઓએ, તેઓના વિવેકશૂન્ય-વિચાર-વાણી અને ઉન્માદી વર્તનને, મુખ્યતયા તેઓએ કરેલા-અકલ્પ્ય તેમજ અભક્ષ્ય ભક્ષણનું કારણ સમજીને આત્માર્થી આત્માઓ તો અકલ્પ્ય અભક્ષ્ય ભક્ષણથી દૂર રહેવાનું ઉચિત જાણે છે.

આથી વિરૂદ્ધ કે આત્માના હિતાહિતમાં અયથાર્થ-મતિવાળા પાખંડી મૂઢ આત્માઓનું બાહ્ય સ્વરૂપથી પવિત્ર દેખાતું જીવન પણ મુખ્યપણે તો વિષય-કષાયને પ્રેરક અને પોષક હોય છે. આથી શ્રીમદ્ આનંદઘનજીએ જણાવેલ છે કે—

પરિચય પાતક ઘાતક સાધુ શું રે,
અકુશળ અપચય ચેત.
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે,
પરિશીલન નય હેત.

આ વચનને અનુસરીને જે રીતે મોહાદિ કર્મોનો ક્ષય થાય, તે રીતે વર્તવું તેમજ આત્માની શુદ્ધાશુદ્ધતામાં યથાર્થ મતિવાળા બનવું જોઈએ. એ માટે કહ્યું છે—

जेण तत्तं विबुज्झेज्जा, जेण चित्तं णिरुज्जदि ।
तेण अत्ता विसुज्झेज्ज, तं णाणं जिणसासणे ॥

વળી આ જગતમાં પ્રત્યેક આત્મા જ્યારે જ્યારે જડ કે ચેતન દ્રવ્યના શુભા-શુભ ચિત્ર-વિચિત્ર

પરિણામની સાથે દેહાદિ ભાવથી જોડાય છે, ત્યારે ત્યારે તે થકી પ્રાપ્ત થતી અભિન્નતાનુસારે, તે આત્મામાં રાગ-દ્વેષ, તેમજ સુખ-દુઃખાદિની લાગણીઓ ઉત્પન્ન થાય છે. આ રીતનો દરેક આત્માને અનુભવ થતો હોવાથી સંસારી-આત્માએ પોતાના આત્માને શરીરાદિ જડ દ્રવ્ય-ગુણપર્યાય થકી કથંચિત્ અભિન્ન માનવો જરૂરી છે. તેમ છતાં તે-તે અન્ય દ્રવ્ય-ગુણ પર્યાયના સંયોગ-સંબંધોથી અળગો થતો હોવાથી-સ્વરૂપતઃ તેથી ભિન્ન પણ છે.

આ રીતે પ્રત્યેક-આત્માને અન્ય-સમસ્ત જડ-ચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપથી કથંચિત્ ભિન્નપણું તેમજ કથંચિત્ અભિન્નપણાનો અનુભવ પ્રત્યક્ષથી અવિરુદ્ધ છે.

આમ છતાં શુદ્ધાશુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપમાં સ્યાદ્‌વાદ-જ્ઞાન-દૃષ્ટિશૂન્ય કેટલાક પાખંડીઓ પોતાના મન-વચન અને કાયયોગના કર્તવ્યથી પોતાના આત્માને સર્વથા અળગો યાને ભિન્ન જ છે. એમ જણાવીને એકાંત નગ્નતા-વાદમાં અન્ય જીવોને પણ પોતાની વાક્ચાતુરી વડે મૂઢ બનાવીને તેઓનો આત્મા પણ તથાસ્વરૂપે દેહાદિથી ભિન્ન જ છે, એમ જણાવીને વિષય-વાસના પોષક માયાજાળમાં ફસાવે છે. આ રીતે ફસાયેલા આત્માઓ ફસાયા પછી ઉપર જણાવ્યા મુજબ પોતાના દુર્વિચારી કર્તવ્યોના દુષ્ટ-કટુ વિપાકોનો અનુભવ કરવા છતાં પણ તેમાંથી છૂટી શકતા નથી.

તે માટે ઉત્તમ આત્માર્થીઓએ પ્રથમથી જ અનુભવ-પ્રત્યક્ષથી વિરુદ્ધ પ્રપંચી પાખંડીઓની શુભાશુભ યોગ-

બધા પરમાત્મામાં જ ભળી જવાના છે એમ પણ ન કહેવું. અથવા સંસાર તો ઈશ્વરની માયા છે, અને પ્રત્યેક આત્મા શુદ્ધ-નિત્ય હોવાથી તેને જન્મ-મરણ કે સુખદુઃખ છે જ નહિ. એમ પણ ન કહેવું, કેમકે તે પણ અનુભવથી વિરૂદ્ધ હોઈ માયા-મૃષાવાદ જ છે.

આ માટે પ્રત્યક્ષ, અનુભવ અને શાસ્ત્રથી અવિરુદ્ધ, સાર-અસાર, ન્યાય-અન્યાય, તેમજ દ્રષ્ટાદ્રષ્ટ-ધર્મ-અધર્મના પ્રત્યક્ષ વ્યવહારોની યથાર્થતા સમજવા માટે, આ પુસ્તિકામાં જ પૂર્વે જે આત્માના બંધ-મોક્ષસંબંધી ક્ષાયોપશમિકાદિ જે પાંચે ભાવોનું સ્વરૂપ જણાવેલ છે. તેને યથાર્થ સમજવા પ્રયત્ન કરવો.

વળી આ જગતમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સૂક્ષ્મ-બાદર જીવોનું પોત-પોતાના પ્રાણ-પર્યાપ્તિના આધાર સંબંધે-જીવવાની ઈચ્છાવાળું જે જીવન છે તેને નષ્ટ કરવાથી જે હિંસાનો દોષ લાગે છે, તેની અવગણના કરીને કેટલાક મૂઢજીવો પોત-પોતાના ભૌતિક સ્વાર્થ માટે અજાણપણે અગર જાણીને હિંસામાં પ્રવર્તે છે. તેમજ અન્યને પણ હિંસક કાર્યોમાં પ્રેરતા હોય છે. અને તેને વળી અહિંસક તેમજ કર્તવ્ય સ્વરૂપે જણાવતા હોય છે, તેઓને અહિંસક ભાવ શૂન્યતાએ આત્માર્થથી ભ્રષ્ટ જાણવા.

હિંસા-અહિંસા સંબંધે એ સમજવું ખાસ જરૂરનું છે કે કોઈ પણ નાના જીવની કે મોટા જીવની, એકજીવની, કે અનેક

જીવની, તેના ( જીવના ) કોઈ એક પ્રાણની, કે સર્વથા સર્વ-પ્રાણોનો ઘાત કરવા સંબંધી, જે-જે હિંસા દોષ લાગે છે તે સંબંધે "સર્વજ્ઞ અને સર્વદર્શી કેવળી પરમાત્માએ જણાવ્યું છે કે" પ્રત્યેક આત્મા પોતાના મન-વચન અને કાય યોગ દ્વારા કરણ-કરાવણ અને અનુમોદનથી-તીવ્ર-મંદ-જ્ઞાત-અજ્ઞાતભાવ વીર્યાદિ વિવિધ અધિકરણાનુસારે દ્રવ્ય-ભાવથી સ્વ-પર આત્મસ્વરૂપની હિંસા કરવા વડે અવશ્ય વિવિધ પ્રકારનો તીવ્ર-મંદ-કર્મબંધ કરે છે અને તેના કટુવિપાકો ભોગવવા ચારે ગતિમાં ભટકયા કરે છે.

જ્યારે ઉપર જણાવેલા વિવિધ સ્વરૂપના હિંસકભાવથી મુક્ત એવા ઉત્તમ આત્માઓને વિવિધ પ્રકારના સામાયિક ભાવની પ્રાપ્તિ વડે, અહિંસક ભાવની પ્રાપ્તિ થાય છે. આ અવિસંવાદી સ્યાદ્વાદ સ્વરૂપી હિંસા-અહિંસાના સંબંધમાં શાસ્ત્રમાં જણાવેલ છે કે—

एकस्यामपि हिंसाया-मुक्तं सु-महदन्तरं ।
भाववीर्यादिवैचित्र्यादहिंसायां च तत् तथा ॥

આથી સ્પષ્ટ સમજાશે કે હિંસા-અહિંસા સંબંધી અજ્ઞાનીઓના એકાંત પ્રલાપો કેટલા મિથ્યા છે.

વળી કેટલાક દેહાત્મવાદીઓ, યથેચ્છ આહાર-વિહારાદિમાં ગૃદ્ધ હોવાથી, મૂઢપણે ભક્ષ્યાભક્ષ્યમાં વિવેક રહિત બનીને યથેચ્છ આહાર-પાણી કરે છે, અને તેને જ વ્યાજબી જણાવે છે. પરંતુ તેવા ક્રૂર-મોહાંધ આત્મા-

ઓના ઉન્માદથી ભરેલા ઉન્મત્ત જીવનને જોઈને, આત્માર્થી-ઓએ, તેઓના વિવેકશૂન્ય-વિચાર-વાણી અને ઉન્માદી વર્તનને, મુખ્યતયા તેઓએ કરેલા-અકલ્પ્ય તેમજ અભક્ષ્ય ભક્ષણનું કારણ સમજીને આત્માર્થી આત્માઓ તો અકલ્પ્ય અભક્ષ્ય ભક્ષણથી દૂર રહેવાનું ઉચિત જાણે છે.

આથી વિરુદ્ધ કે આત્માના હિતાહિતમાં **અયથાર્થ-મતિવાળા** પાખંડી મૂઢ આત્માઓનું બાહ્ય સ્વરૂપથી પવિત્ર દેખાતું જીવન પણ મુખ્યપણે તો વિષય-કષાયને પ્રેરક અને પોષક હોય છે. આથી શ્રીમદ્ આનંદઘનજીએ જણાવેલ છે કે—

પરિચય પાતક ઘાતક સાધુ શું રે,
અકુશળ અપચય ચેત.
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે,
પરિશીલન નય હેત.

આ વચનને અનુસરીને જે રીતે મોહાદિ કર્મોનો ક્ષય થાય, તે રીતે વર્તવું તેમજ આત્માની શુદ્ધાશુદ્ધતામાં યથાર્થ મતિવાળા બનવું જોઈએ. એ માટે કહ્યું છે—

जेण तत्तं विबुज्झेज्जा, जेण चित्तं णिरुज्जदि ।
जेण अत्ता विसुज्झेज्ज, तं णाणं जिणसासणे ॥

વળી આ જગતમાં પ્રત્યેક આત્મા જ્યારે જ્યારે અન્ય જડ કે ચેતન દ્રવ્યના શુભા-શુભ ચિત્ર-વિચિત્ર

પરિણામની સાથે દેહાદિ ભાવથી જોડાય છે, ત્યારે ત્યારે તે થકી પ્રાપ્ત થતી અભિન્નતાનુસારે, તે આત્મામાં રાગ-દ્વેષ, તેમજ સુખ-દુઃખાદિની લાગણીઓ ઉત્પન્ન થાય છે. આ રીતનો દરેક આત્માને અનુભવ થતો હોવાથી સંસારી-આત્માએ પોતાના આત્માને શરીરાદિ જડ દ્રવ્ય-ગુણપર્યાય થકી કથંચિત્ અભિન્ન માનવો જરૂરી છે. તેમ છતાં તે-તે અન્ય દ્રવ્ય-ગુણ પર્યાયના સંયોગ-સંબંધોથી અળગો થતો હોવાથી-સ્વરૂપતઃ તેથી ભિન્ન પણ છે.

આ રીતે પ્રત્યેક-આત્માને અન્ય-સમસ્ત જડ-ચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપથી કથંચિત્ ભિન્નપણું તેમજ કથંચિત્ અભિન્નપણાનો અનુભવ પ્રત્યક્ષથી અવિરુદ્ધ છે.

આમ છતાં શુદ્ધાશુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપમાં સ્યાદ્વાદ-જ્ઞાન-દૃષ્ટિશૂન્ય કેટલાક પાખંડીઓ પોતાના મન-વચન અને કાયયોગના કર્તવ્યથી પોતાના આત્માને સર્વથા અળગો યાને ભિન્ન જ છે. એમ જણાવીને એકાંત નગ્નતા-વાદમાં અન્ય જીવોને પણ પોતાની વાક્ચાતુરી વડે મૂઢ બનાવીને તેઓનો આત્મા પણ તથાસ્વરૂપે દેહાદિથી ભિન્ન જ છે, એમ જણાવીને વિષય-વાસના પોષક માયાજાળમાં ફસાવે છે. આ રીતે ફસાયેલા આત્માઓ ફસાયા પછી ઉપર જણાવ્યા મુજબ પોતાના દુર્વિચારી કર્તવ્યોના દુષ્ટ-કટુ વિપાકોનો અનુભવ કરવા છતાં પણ તેમાંથી છૂટી શકતા નથી.

તે માટે ઉત્તમ આત્માર્થીઓએ પ્રથમથી જ અનુભવ પ્રત્યક્ષથી વિરુદ્ધ પ્રપંચી પાખંડીઓની શુભાશુભ યોગ

સંબંધી એકાંતે ભિન્ન કે અભિન્નતા સ્વરૂપી માયાજાળમાં ફસાવું નહિ, પરંતુ સમ્યક્ શાસ્ત્રાનુસારે આત્માને સ્વ–પર ભાવથી પણ યથાર્થ અવિરુદ્ધપણે કથંચિત્ ભિન્નાભિન્ન ઉભય સ્વરૂપી જાણવો તેમાં કર્મબંધ પરિણામે અભિન્નતા તથા કર્મોદય સંબંધે (સમ્યક્ભાવે) ભિન્નતા તેમજ અભિન્નતા વિચારવી તેમજ તદનુસારે હેયોપાદેયતામાં દૃઢ પ્રવૃત્તિ પણ કરવી. આ માટે આત્માના નવ તત્ત્વાત્મક સ્વરૂપને યથાર્થ જાણવા માટે અમોએ પૂર્વે છપાવેલ અગમ–નિગમ યાને "વિશ્વ દર્શન" એ નામવાળી પુસ્તિકા જોવી.

વળી કેટલાક માયાવી–મહંતો, જડ–ચેતનાત્મક ભિન્ના-ભિન્ન દ્રવ્યોના સ્વ–પર સંબંધી કાર્ય–કારણભાવમાં મૂઢ હોવાથી, આ સમસ્ત જગતને તેઓ એક જ પરમ–શક્તિમાન પરમાત્માની લીલા માત્ર જ છે એમ જણાવે છે. એટલે પ્રત્યેક જડ–ચેતન પદાર્થો પરમાત્માના અંશો હોવાથી પ્રત્યેક શુદ્ધ–અશુદ્ધ બંને ભાવોને પણ તે કોઈ એક અદૃષ્ટ–નિર્ગુણી પરમાત્માની લીલા છે એમ જણાવે છે. અને પ્રત્યેક જડ–ચેતન સાથેના ન્યાયી–અન્યાયી સર્વે ભોગ–ઉપભોગરૂપ સમસ્ત ભાવો પણ નિર્ગુણી ઈશ્વરની ઈચ્છાનુસારે, તેમજ તેની પ્રેરણાનુસારે જ પ્રવર્તે છે એમ જણાવે છે.

વળી દરેકે દરેક આત્માએ પોત–પોતાની ઈચ્છાનુ-સારે કરેલું પ્રત્યેક (કર્મ) આચરણ પણ પરમાત્માની ઈચ્છા મુજબનું જ છે એમ જણાવીને હિંસા–અહિંસા ન્યાયી–અન્યાયી, કે નીતિ–અનીતિમય સમસ્ત વ્યવહારોમાં સમાન

બુદ્ધિ રાખીને, યથેચ્છપણે વર્તન કરવા-કરાવવારૂપ મિથ્યા-જૂઠા-સૂત્ર સિદ્ધાંતોની સ્થાપના કરતા હોય છે. અને આ માટે તેઓ પણ અયથાર્થભાવે સ્યાદ્‌વાદનો આશ્રય લઈને, વિસંવાદી ભાવે, પરમાત્માને લીલાકારી સ્વરૂપથી ભિન્નાભિન્ન જણાવતા હોય છે.

આવા મૂઢ માયાવી મહંતોના દુર્વિચારી-દુરાચારી દુઃખદાયી આચાર-વિચારોને ઉત્તમ બુદ્ધિમાન્ આત્માઓ તો સ્વીકારતા નથી પરંતુ અનાદિથી સંસારના ભોગસુખમાં આસક્ત-વિષયાભિલાષી જીવો તે માયાવી મહંતોની મહત્તામાં અંજાઈને મૂઢભાવે તેમના દુર્વિચારી-દુઃખદાયી -દુરાચારો પ્રતિ આદર-બહુમાન સહિત દોડતા પ્રત્યક્ષ જોવાય છે.

જગતમાં એ પ્રત્યક્ષ જણાય છે કે અજ્ઞાન અને સંમોહથી કરાયેલા દુર્વિચારી દુરાચારોનાં કટુફળો વિવિધ-સ્વરૂપે પ્રત્યેક જીવો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયપણે દુઃખ સહ ભોગવી રહેલા છે. આથી સમજાય છે કે પ્રત્યેક આત્મા જેવા-જેવા સારા-ખોટા કર્મો કરે છે. તેનું ફળ પણ તે આત્માને અવશ્ય પ્રાપ્ત થાય છે. આ માટે અન્ય કોઈની ઈચ્છા કે પ્રેરણા વિચારવી, તે આત્મ-કર્તૃત્વ સંબંધે પોતાની જવાબદારીની અજ્ઞાનતા છે. અને આવી અજ્ઞાનતાથી જ જીવ સંસારમાં અનાદિકાળથી ભટકયા કરે છે.

વળી પણ આ સંબંધમાં કેટલાક અજ્ઞાનીઓ પોતાના

કલ્પેલા પરમાત્મામાં, અજ્ઞાનાદિ અનેક દોષોની વ્યાપ્તિને તેમજ સર્વ શક્તિમાનપણાની અવ્યાપ્તિને યથાર્થ મિથ્યા સ્વરૂપે જણાવતા હોય છે કે "**દરેક આત્માએ કરેલા સારા-ખોટા કર્માનુસારે પરમાત્મા તેમને યથા-યોગ્ય ફળ આપે છે.**" આ રીતે ફળ આપવાનું કાર્ય પરમાત્માએ પોતાના હસ્તક રાખેલું છે. અને કર્મ કરવાનું દરેક જીવની ઈચ્છા-શક્તિને આધીન છે. એમ જણાવે છે.

આ સંબંધમાં એ જાણવું-જરૂરી છે કે પ્રત્યેક સંસારી આત્માની સારી-ખોટી પ્રવૃત્તિમાં તેને પ્રાપ્ત થયેલા સારા-ખોટા સંયોગ-સંબંધો મુખ્ય ભાગ ભજવતા હોય છે. અને તે જો પરમાત્માની ઈચ્છાનુસારે જ હોય, તો તેનું ઉલ્લંઘન કરવું, તે શું શક્ય છે?

વળી જો સર્વશક્તિમાન પરમાત્માએ આપેલા સંયોગો અને સંબંધોને જ અનુસરવાનું હોય તો, દરેક આત્માની સારી-ખોટી સઘળીએ પ્રવૃત્તિનો દોષ પણ પરમાત્માને જ લાગશે, અને જો તેને પરમાત્માની લીલા છે એમ કહેશો તો, પ્રત્યેક આત્માના શુભ-અશુભ તમામ ભાવોનો કર્તા-ભોક્તા પણ તે પરમાત્મા પોતે જ છે એમ જ માનવું પડશે. આથી તો કોઈ પણ આત્મામાં સ્વતંત્ર-આત્મત્વ રહેશે જ નહિ. તેથી ધર્મ-અધર્મ સંબંધી આજ્ઞા-ઉપદેશાદિ સર્વ વ્યવહારો નિરર્થક બની જશે.

વળી પણ તે મોહાંધ અજ્ઞાનીઓ જણાવે છે કે અમે તો નિરંતર અમારા પરમાત્માની પૂજા-પ્રાર્થના તેમજ

સેવા-ભક્તિ કરીને તે પરમાત્માની પાસે અમને સારી બુદ્ધિ-શક્તિ આપવાની માગણી કરીએ છીએ. અને તે પરમાત્માએ આપેલ બુદ્ધિ-શક્તિ અનુસારે, તમામ કાર્યો કરીએ છીએ. પછી તેને સારા યા ખોટા ગણીને, પરમાત્માને તેનું જે ફળ અમને આપવું યોગ્ય લાગે તે આપે છે. આ રીતે સમગ્ર જડ-ચેતન પદાર્થો પરમાત્માની ઈચ્છાનુ-સારે જ નિરંતર પ્રવર્તન પામતા રહે છે. આવી મિથ્યા-બુદ્ધિવાળા-તેઓ સૌ, જડ-ચેતન પદાર્થને પોતાનું સ્વતંત્ર કોઈ સ્વરૂપ જ નથી એમ અન્ય જીવોને પણ જણાવીને, તેઓ પરસ્પર યથેચ્છ દુરાચારોને જ પોષતા રહે છે.

આ રીતે કુગુરુઓની મોહ-માયાને મમતામાં મુંઝાયેલા, અજ્ઞાનીઓ પણ એમજ સમજે છે કે, કોઈ પણ આત્માએ, આત્માના હિતાહિત વિવેકથી કરેલ ઉત્તમ કર્તવ્યો, કે સારા-નરસાના વિવેકરહિત કરેલ હિંસાદિ કર્તવ્યો, એ બન્ને પણ પરમાત્માની માયા જ છે. અને પ્રત્યેક આત્માને થતી અનુભૂતિ પણ મિથ્યા જ છે.

આ સંબંધમાં યથાર્થ સત્ય તો એ છે કે પ્રત્યેક જડ-ચેતન દ્રવ્યોના વિવિધ સ્વરૂપમાં યથાર્થ બોધવાન્ પ્રત્યેક આત્મ-હિતાર્થીઓ તો ઉપર જણાવેલ મિથ્યા વિચારોનો આશ્રય કરતા નથી, પરંતુ આત્મ કર્તૃત્વધર્મે, કર્મ કરવાની-અને ભોગવવાની, પોતાની વાસ્તવિક જવાબ-દારીમાં સદા જાગૃત હોય છે. તેમજ પ્રત્યક્ષ પ્રમાણથી અવિરુદ્ધ

પૂર્વે જણાવ્યા પ્રમાણે, સમસ્ત જગત એકાનેક, નિત્યાનિત્ય ભિન્નાભિન્ન, તેમજ સ્વતઃ–પરતઃ શુદ્ધાશુદ્ધાદિ અનેકવિધ અનેકાંતિક ભાવોમાં પરિણામ પામતું હોઈ, તેને આત્માર્થે યથાર્થ અવિરુદ્ધ સ્વરૂપે જાણવા માટે સર્વત્ર સ્યાદ્‌વાદ સિદ્ધાંતનો આશ્રય લેવો જરૂરી છે એમ જાણતા હોય છે.

સર્વકાળે ઉત્તમ પંડિત આત્માઓએ સ્યાદ્‌વાદ સ્વરૂપે આ હકીકતનો સર્વાનુમતે સ્વીકાર કરેલો છે કે—

(૧) આ જગતમાં કોઇ પણ એક ઔષધિ વિવિધ પ્રકારે અનેક રોગો ઉપર કામ આપે છે, તેમજ કોઈ પણ એક રોગ ઉપર વિવિધ પ્રકારની અનેક ઔષધિઓ પણ કામ આપે છે.

(૨) વિવિધ પ્રકારની ભાષા દ્વારા બોલાતો એકજ શબ્દ પણ યોજના વિશેષે અનેક અર્થનો દ્યોતક છે, તેમજ કોઇ એક અર્થને જણાવવાને અનેક શબ્દો પણ છે.

(૩) માટી આદિ કોઈ એક પદાર્થમાં યોજના વિશેષે અનેક કાર્ય પરિણામ–પામવાપણું પ્રત્યક્ષ છે. (જેમકે ઘર, માટલી–કોઠી–ચંબુ–કુંડી–સરાવલું–રમકડાં–ઈંટ–ઘર ઈત્યાદિ) તેમજ વિવિધ સોનું–રૂપુ આદિ ધાતુમાંથી તેમજ લાકડા–લોખંડ–માટી–ચુના આદિ અનેક દ્રવ્યોમાંથી પણ યોજના વિશેષે ઘર સ્વરૂપી–એકજ કાર્ય પરિણામ પણ પ્રત્યક્ષ જોવાય છે. વિશેષે દૃષ્ટાંત તરીકે–પાંચ તોલા

સોનાનો એક દાગીનો પણ બને છે અને એક તોલા સોનામાંથી પાંચ દાગીના પણ બને છે.

આથી પુદ્ગલ (વર્ણ-રસ-ગંધ-સ્પર્શાદિ ગુણવાળા) દ્રવ્યમાં પણ સ્વતઃ તેમજ પરતઃ (ખંધ-દેશ-પ્રદેશ-પરમાણુ વિભાગમાં) અનેકવિધ પરિણામ પામવાની જે શક્તિ છે, તેમજ જ્ઞાનાદિ ચેતના ગુણમય પ્રત્યેક આત્મ-દ્રવ્યમાં પણ સ્વતઃ તેમજ પરતઃ એટલે સ્વ-સ્વભાવથી તેમજ કર્માનુસારે જે અનેકવિધ કાર્ય=પરિણામ પામવાપણું છે. તે તો જગતમાં પ્રત્યક્ષ જણાય જ છે.

વળી પ્રત્યેક જડ-ચેતન દ્રવ્યને સ્વતઃ તેમજ પરતઃ કાર્ય-કારણ પરિણામી ભાવે, જે અનંત ધર્માત્મકપણું છે, તે થકી આત્મદ્રવ્યના યોગ પ્રવૃત્તિ તેમજ ઉપયોગ પ્રવૃત્તિ-રૂપ પ્રત્યેક પરિણામવડે નિમિત્ત તેમજ ઉપાદાનતારૂપે રહેલી વિવિધ કાર્ય કારણતાને ઇષ્ટાર્થ સાધકતામાં ઉત્તરોત્તર અવિરુદ્ધભાવે વિધિ-નિષેધ સ્વરૂપે યોજનાર સ્યાદ્વાદી નિશ્ચયથી ઈષ્ટાર્થ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે આ સંબંધે કહ્યું છે કે—

"जा किरिया सुद्‌दुयरी, ता विशुद्धि ये न अप्प धम्मोत्ति ।
पुव्वीं हियाय पंच्छा अहिया, जहा निस्सिहाई तिगं ॥

આ સંબંધે જગતમાં પણ દેખાય છે કે પ્રત્યેક આત્માઓ પોતપોતાની ઇચ્છાનુસારે પણ ઉપર જણાવેલ સ્વરૂપને અનુલક્ષીને જ વિધિ-નિષેધમાં પ્રવૃત્ત હોય છે.

તેમ છતાં કેટલાક મિથ્યાભિમાનીઓ પોતાના વિષય-કષાયને પોષક પાપાચારોને પરમાત્માની પ્રેરણાની પછેડીઓ ઓઢાડીને આ જગતમાં સર્વ ભાવો પરમાત્માની ઈચ્છા અને આજ્ઞાનુસારે જ પ્રવર્તે છે, એવા મિથ્યા પ્રલાપો કરતા થકા અન્ય જીવોને પોતાની માયાજાળમાં ફસાવવા વડે પોતે પણ તેમાં ફસાયેલા રહે છે.

આથી ઉત્તમ આત્માર્થી આત્માઓએ એ સાર ગ્રહણ કરવાનો છે કે આ જગતમાં અનાદિથી પ્રવર્તતા રાત્રિ-દિવસના પરિણામની જેમ પ્રથમ જણાવ્યા મુજબ જીવ-કર્મના સંબંધમાં અનંત ધર્માત્મક પ્રત્યેક જડ-ચેતન દ્રવ્યો અનાદિથી સ્વતઃ તેમજ પરતઃ પરિણામી હોવાથી નિરંતર પ્રત્યેક સમયે યાને સર્વકાળે અનેકવિધ કારણતા સાપેક્ષ અનેકવિધ કાર્ય પરિણામીપણું પણ પામતા હોય છે, તેમ છતાં એકાંતિકપણે કોઇ એક જ કાર્ય યા કારણ રૂપ પરિણામમાં જ આગ્રહી બનીને, અન્ય સકળ સ્વરૂપને કેવળ મિથ્યા માનીને તેનો અપલાપ કરવામાં જ પોતાની શક્તિનો દુર્વ્યય કરવો તે નિરર્થક છે તેમજ અનર્થક પણ છે.

આથી જડ-ચેતન દ્રવ્યસંબંધે જે કોઈ એક પરિણામ જે જે નયદૃષ્ટિએ હિતકારી જણાય તેનો આશ્રય (આદર) કરતા રહી, અન્યભાવો પ્રતિ સાપેક્ષ-શ્રદ્ધા કરવી. કે જેથી મિથ્યા વિવાદ ટળી જતાં આત્માર્થભણી યથાયોગ્ય પુરૂષાર્થમાં સાચી શ્રદ્ધાથી એકાગ્રતા પ્રાપ્ત થતાં જ ઈષ્ટાર્થ કાર્ય સિદ્ધિ પ્રાપ્ત થાય. આ માટે કહ્યું છે કે-

"अनेकान्तात्मकं वस्तु गोचरः सर्वसंविदाम् ।
एकदेशविशिष्टार्थो, नयस्य विषयो मतः ॥

તત્ત્વાર્થસૂત્રમાં ત્રિકાળાબાધિતજગત સ્વરૂપને આત્માર્થ-સાધકતા સહિત નય-પ્રમાણ સાપેક્ષ નીચેના સૂત્રોથી સ્પષ્ટ જણાવેલ છે.

(૧) "उत्पादव्ययध्रौव्य युक्तं सत्"

(૨) "तद्भावाव्ययं नित्यम्"

(૩) "अर्पितानर्पितसिद्धेः"

× × ×

(૧) "सम्यग् दर्शन ज्ञानचारित्राणि मोक्षमार्गः"

(૨) "कृत्स्नकर्मक्षयो मोक्षः"

(૩) "बन्धहेत्वभावनिर्जराभ्याम्"

આથી આત્મશુદ્ધિના અર્થીઓએ તો, છદ્મસ્થ અવસ્થામાં જેમણે જેમણે જે-જે ભાવે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ આત્મશુદ્ધિ પ્રાપ્ત કરી છે, તે-તે ભાવે તેમનું નામ-સ્થાપના (આકૃતિ) દ્રવ્ય-કે ભાવથી યથાર્થસ્વરૂપે કોઈ પણ નિક્ષેપથી આલંબન લેવું આવશ્યક છે. અન્યથા સ્વ-પર શુદ્ધાશુદ્ધ કોઈ પણ સ્વરૂપનો મતિકલ્પિતભાવે એકાંતે આશ્રય કરીને અન્ય ધર્મનો સર્વથા અપલાપ કરવાનો વિકલ્પ તો બાધક જ છે.

આમ હોઈ આત્માર્થી આત્માઓએ તો કોઈ પણ સ્વરૂપના એકાંત નિર્ણયથી અળગા રહેવા "तत्त्वं केवलि-गम्यं" એ વચનને અનુસરીને બાધકતા ટાળવા માટે માધ્યસ્થ ભાવમાં રહેવું એજ ઉચિત છે. આ માટે કહ્યું છે કે—

**स्व–स्व-कर्मकृतावेशा, स्व–स्व–कर्मभुजो नराः ।**
**न रागं नापि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ॥**

આ પ્રમાણે સ્યાદ્વાદ સિદ્ધાંતાનુસારે હેયોપાદેયતામાં સાપેક્ષભાવે વિવેકકારી આત્માઓ આત્મ-શુદ્ધયર્થે ગુણ-સ્થાનક ક્રમારોહણના યથાર્થ હિતકારી માર્ગને અનુસરનારા હોય છે. જ્યારે સ્યાદ્વાદ સિદ્ધાંતના દ્વેષીઓ પોતાના અજ્ઞાન અને સંમોહના જોરે સર્વત્ર કાર્ય-કારણભાવનો અપલાપ કરી. સાધ્ય-શૂન્યભાવે સ્વેચ્છાચારી પ્રમાદાચરણનો આશ્રય કરીને આત્માર્થથી ભ્રષ્ટ થાય છે.

જગતમાં સર્વકાળે સર્વક્ષેત્રે ચૈતન્યશક્તિ સ્વરૂપી આત્મતત્ત્વના સુખદુઃખના પરિણામોને મુખ્ય ગણીને **આત્માને સહજ-પૂર્ણ-અનંત અક્ષય-અવ્યાબાધ સુખ ઉપજે, અને દુઃખથી સર્વથા મુક્ત થાય તેવા** ઉપાયોને ઉત્તમ આત્માઓએ ધર્મસંજ્ઞાયે (આવકાર્ય-) સ્વીકાર્યા છે. અન્યથા આરોપિત-ક્ષણિક સુખ તો, દુઃખ-કરી જ છે.

આજે પાંચમા આરાના જોરે આત્મતત્ત્વમાં ભ્રાંત તેમજ

ભૌતિક સુખમાં આસક્ત વૈજ્ઞાનિક, પાખંડી-પંડિત, પુરોહિત, સંતોના ઉપાસકો વડે, **વાણી સ્વાતંત્ર્યના ઓઠા નીચે** અહિંસાના નામે જ હિંસાના આદર્શો રજુ કરીને હિંસાનાં કાર્યોનોજ વિકાસ કરાઈ રહ્યો છે. તેમજ સત્ય-ધર્મના નામે જ અંતરાત્માના અવાજના ઓઠા નીચે **વિનાશકારી વૈજ્ઞાનિક પ્રગતિનો,** વાસ્તવિક સત્ય તરીકે પ્રચાર કરાઈ રહ્યો છે. તે થકી આજે સમસ્ત જીવ-રાશિને નિરંતર ભય સંકલેશાદિ ભયંકર દુઃખોનો અનુભવ પ્રત્યક્ષ જોઈ શકાય છે.

આથી આજે સામાન્યથી કોઈ પણ આત્માને, સાચા આત્મિક સુખના આભાસની પ્રાપ્તિ પણ મુશ્કેલ થઈ પડી છે. તે માટે મુખ્યપણે પ્રત્યેક તો આત્માને વિષે પોતાના શુદ્ધાશુદ્ધ સ્વરૂપનું અજ્ઞાનજ જવાબદાર છે. તેમજ ક્ષણિક ઇન્દ્રિય જન્ય વિષયસુખના વિકાસમાં વિકસતી આસક્તિ પણ તેટલીજ જવાબદાર છે.

આથી વિષય-કષાયના વિષમસ્વરૂપને યથાર્થ સમજનારા ઉત્તમ આત્માઓ તો પાખંડીઓના પક્ષપાતયુક્ત દુરાગ્રહોથી દૂર રહી આત્માના નિર્વિકલ્પક શુદ્ધ જ્ઞાન ચેતનાના નિર્દ્વંદ્વ સુખાનુભવમાં શ્રદ્ધા કરીને પરમાત્મપદની પ્રાપ્તિ માટે ધર્મ-પુરૂષાર્થ તેમજ મોક્ષપુરૂષાર્થમાં ઉદ્યમ હોય છે.

આ માટે પ્રથમ પોતાના આત્મ-સ્વરૂપમાં શુદ્ધ-સ્યાદ્-વાદ ધર્મની યથાયોગ્ય સ્થાપના કરવી કે જેથી પરમ-ક્ષાયિક-સુખના સાધ્ય ભાવની સાધનામાં સ્થિરતા પ્રાપ્ત

થતાં ક્ષપક શ્રેણીની વિશુદ્ધિ પોતાનામાં સત્તાગતે રહેલી સત્‌ચિદાનંદ સ્વરૂપી પરમાત્મ-દશા આવિર્ભાવે પ્રાપ્ત થાય. આ માટે શુદ્ધ ધર્મની નય સાપેક્ષ સ્યાદ્‌વાદ સ્વરૂપે ઓળખ કરવી જરૂરી છે. તેથી તેનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.

"धम्मो वत्थुसहावो, खमादिभावो य दसविहो धम्मो ।
रयणत्तयं च धम्मो, जीवाणं रक्खणं धम्मो ॥

આમાં પ્રથમ તે નિશ્ચય સાપેક્ષ નિશ્ચયધર્મ છે, બીજો નિશ્ચય સાપેક્ષ વ્યવહાર ધર્મ છે. ત્રીજો વ્યવહાર સાપેક્ષ નિશ્ચય ધર્મ છે અને ચોથો વ્યવહાર સાપેક્ષ વ્યવહાર ધર્મ છે. આ ચારે પ્રકારના ધર્મની અવિરુદ્ધ યોજના કરવી જરૂરી છે.

આત્મદ્રવ્યમાં પરિણામી-નિત્યતા થકી નિશ્ચય-વ્યવહાર ઉભય સ્વરૂપથી પ્રત્યેક આત્માને, સ્વ-પર સંબંધે વિવિધ પ્રકારના આદાન-પ્રદાનના વ્યવહાર પોતાની યાદશક્તિ મુજબ, ત્રિકાલિક-નિત્ય, જ્ઞાનાદિ-ચેતનાનું-સ્વરૂપ પ્રત્યક્ષ સ્વાનુભવગમ્ય હોય છે. અને તેથી પ્રત્યેક આત્મા-ઓએ પોતાના આત્મતત્ત્વના ત્રૈકાલિક અસ્તિત્વનો, નિર્વિવાદ સ્વીકાર કરેલો હોય છે. જેથી-લેવડ-દેવડમાં પ્રમાણિકતાની અવિરૂદ્ધતામાં ઇષ્ટત્વ પ્રયોજાય છે.

**દૃષ્ટાંત તરીકે**—પ્રત્યેક આત્મામાં આભવ-પરભવ સંબંધી પોતાની તમામ શુભાશુભ ક્રિયારૂપ કર્મ સંબંધે

ફળની અપેક્ષા અવશ્ય રહેલી હોય છે. કેમકે સર્વ જીવો પોતપોતાના શુભાશુભ કર્મના ફળને અવશ્ય પામે છે, એવો અનુભવ પણ દરેક આત્માને હોય છે જ. નાસ્તિકોને પણ જન્મ-મરણ અને સુખ-દુઃખના પરિણામનો તો સ્વીકાર કરવો જ પડે છે. તેમ છતાં તેઓ તેને નિર્હેતુક સમજીને, ઉન્માદી જીવનમાં ઉત્સાહિત રહેતા હોય છે.

ઉપર જણાવેલી અનેકવિધ સ્યાદ્ સત્યતાને અવગણીને કેટલાક ભોળા ધર્મરૂચિ અજ્ઞાની આત્માઓ, કુગુરૂના મિથ્યા વિચાર-વાણી અને વર્તનના આડંબરથી અંજાઈને, સ્વ-સંવેદનાત્મક આત્મ સ્વરૂપમાં પણ, કેવા કેવા સ્વરૂપે ભ્રાન્ત હોય છે તેનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ—

अबन्धस्तथैकः स्थितो वा क्षयी वा
ऽप्यसद् वा मतो यै र्जडैः सर्वथात्मा ।
न तेषां विमूढात्मनां गोचरो यः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥

(૧) કેટલાક મિથ્યાગ્રહી સ્વેચ્છાચારી શાસ્ત્રજ્ઞો પ્રત્યેક સંસારી આત્માને શુદ્ધ-નિરંજન-નિરાકાર અને નિર્વિકારી પરમાત્માના અંશરૂપ માનતા હોવાથી વાસ્તવિક સ્વરૂપે કોઈ પણ આત્માને કર્મ-કે-કર્મનું બંધન હોતું જ નથી, એમ કહે છે. આમ છતાં પ્રત્યક્ષ સ્યાદ્થી અવિરુદ્ધ તેઓ જ સુખના અર્થી આત્માઓએ દયા-દાનાદિ પુણ્ય કર્મ કરવાં જોઇયે અને હિંસા-અસત્યાદિ પાપકર્મોથી અળગા રહેવું

જોઇયે એવો ઉપદેશ કરતા હોય છે.

(૨) કેટલાક મિથ્યાગ્રહી સ્વેચ્છાચારી શાસ્ત્રજ્ઞો—સંસારના તમામ આત્માઓ એક જ પરમાત્માનું સ્વરૂપ છે, એટલે દરેક આત્માઓ પરમાત્માની માયા જ છે. એમ કહે છે. આમ છતાં પ્રત્યક્ષ સ્યાદ્વથી અવિરુદ્ધ આ સંસારમાં પ્રત્યેક ભિન્ન-ભિન્ન આત્માઓ પરસ્પર પોતપોતાના રાગ-દ્વેષાદિ તેમજ ક્રોધ-માન-માયા અને લોભાદિ કષાય પરિણામ વડે એક બીજા પ્રત્યે અનુગ્રહ-ઉપઘાત કરવા રૂપ નિરંતર અનેકવિધ શત્રુ-મિત્રતાના કાર્યો કરતા પ્રગટ જણાય છે. આ સર્વે કાર્યોને જોકે તેઓ એક જ પરમેશ્વરની લીલા, યાને માયા કહીને વળી તેને મિથ્યા સ્વરૂપ કહે છે. તેમ છતાં દરેક આત્માને પોતાનાં સારાં યા ખોટાં કર્માનુસારે સર્વ શક્તિમાન્ પરમાત્મા સુખ-દુઃખ તો આપે જ છે. એવો ઉપદેશ પણ કરતા હોય છે.

(૩) કેટલાક મિથ્યાગ્રહી-સ્વેચ્છાચારી શાસ્ત્રજ્ઞો—આત્મા તો કેવળ-સ્થિત એટલે નિત્ય-એકજ સચ્ચિદાનંદ સ્વરૂપી જ છે એમ કહે છે. આમ છતાં પ્રત્યક્ષ સ્યાદ્વથી અવિરુદ્ધ પ્રત્યેક આત્માને સ્વ-સ્વ કર્માનુસારે અનેક સ્વરૂપે અનુભવાતી પ્રત્યક્ષ સુખ-દુઃખાદિની અનુભૂતિઓને, તેઓ કેવળ મિથ્યા આભાસ છે, એમ જણાવે છે. તેમ છતાં તેઓ જ સુખની ઈચ્છાવાળા આત્માઓને નિરંતર પરમાત્માની વિવિધ પ્રકારે પૂજા-પ્રાર્થના-ભક્તિ કરવી જોઈએ, એવો ઉપદેશ કરતા હોય છે. તેમજ પોતે પણ વિવિધ-પ્રકારે યજ્ઞ-યાગાદિ ક્રિયાઓ કરતા હોય છે.

(૪) કેટલાક મિથ્યાગ્રહી-સ્વેચ્છાચારી શાસ્ત્રજ્ઞો-આત્માને ક્ષણે ક્ષણે નાશ પામતો માને છે. એટલે પ્રત્યેક આત્માઓ ક્ષણે ક્ષણે સર્વથા નાશ પામે છે, અને નવા નવા ઉત્પન્ન થાય છે. એમ કહે છે. આમ છતાં પ્રત્યક્ષ સ્યાદ્‌થી અવિરુદ્ધ પ્રત્યેક આત્માને ભૂત-ભવિષ્ય અને વર્તમાનકાળ એમ ત્રિકાલિક કાર્ય-કારણભાવે સુખ-દુઃખનું પરિણમન પ્રત્યક્ષ અનુભવગમ્ય હોવાથી, તેઓને પણ પોતાના અનુયાયીઓને, પ્રત્યેક આત્માએ, પોતે જ પૂર્વે કરેલાં સારાં-ખોટાં કર્તવ્યોના અનુસારે, આ સંસારમાં સારાં-ખોટાં ફળ દરેક આત્માને પ્રત્યક્ષ પ્રાપ્ત થયેલાં છે, થાય છે, અને થશે. એવો ઉપદેશ કરવો પડે છે.

(૫) કેટલાક મિથ્યાગ્રહી સ્વેચ્છાચારી શાસ્ત્રજ્ઞો-આત્મસ્વરૂપી કોઈ સ્વતંત્ર દ્રવ્ય કે પદાર્થ નથી એટલે પાંચભૂત (પૃથ્વી અપ-તેઉ વાઉ અને આકાશ)ના સંયોગથી ઉત્પન્ન થનારી જ્ઞાનાદિ ચૈતન્ય પરિણામી શક્તિ માત્ર છે, અને તે ભૂતોના સંયોગનો વિયોગ થવાથી તે ચૈતન્ય પરિણામી (આત્મારૂપી) શક્તિ, પણ તે પાંચ ભૂતોમાં જ નાશ પામે છે, એમ માને છે.

આમ છતાં પ્રત્યક્ષ સ્યાદ્‌થી અવિરુદ્ધ સંસારમાં પ્રત્યેક આત્માનું ચિત્ર-વિચિત્ર અનેકવિધ સ્વરૂપે ઇચ્છા-અનિચ્છાએ પ્રાપ્ત, જન્મ-જીવન અને મરણનું જે સ્વરૂપ છે, તે સર્વથા નિર્હેતુક જ છે. એમ તો તેઓ પણ કાર્ય-કારણ-સાપેક્ષ સુખ-દુઃખના

પ્રત્યક્ષ સ્વાનુભવથી કહી શકે તેમ નથી, એટલે જ તો તેઓને આત્માર્થીઓના આત્મહિતાર્થે પરમાત્માએ પ્રકાશેલ સામાયિકને સ્થાને, પોતાની મિથ્યામતિના જોરે સમાનતાવાદી સામ્યવાદ, બિનસાંપ્રદાયિક–સમાજવાદ, સ્વેચ્છાચારી–લોકશાહી, તેમજ અંતર–આત્માના અવાજને અનુસરવાથી દરેક આત્માનું આત્મહિત સધાય છે, એવા મિથ્યા પ્રલાપો નિરંતર કરવા પડતા હોય છે.

ઉપર જણાવ્યા મુજબ આત્મા સંબંધે પોતાની ભિન્ન ભિન્ન એકાંતદૃષ્ટિમાં પડેલા દુરાગ્રહીઓને પ્રતિપક્ષી સ્વરૂપનો વિરોધ કરવામાં જ નિરંતર પોતાની શક્તિનો દુર્વ્યય કરવો પડતો હોઈ તેઓને આ ભવ તેમજ પરભવમાં કેવળ દુઃખનું જ ભાજન બનેલા પ્રત્યક્ષ જોઇ શકાય છે.

સમ્યક્ શાસ્ત્રાનુસારે પૂર્વે અમોએ સ્પષ્ટ જણાવેલું છે કે અનાદિ–અનંત આ સંસારમાં જડ–ચેતન સમસ્ત દ્રવ્યો, સ્વગુણ સત્તાએ–નિત્ય–અનંત ધર્માત્મક છે. તેમજ તે સાથે સ્વતઃ તેમજ પરતઃ અનેક સ્વરૂપે પરિણામી પણ છે. આથી તેમાંના કોઇ પણ સ્વરૂપને પોતાના આત્માના હિતાહિત સંબંધમાં–યથાર્થ અવિરુદ્ધભાવે જાણવા–યોજવા માટે પરમાત્માએ યથાર્થપણે પ્રકાશેલ સ્યાદ્વાદ–દૃષ્ટિનો આશ્રય અનિવાર્ય છે. આ માટે અમોએ પ્રકાશિત કરેલ "દૃષ્ટિવાદ"ની પુસ્તિકા જોવી.

કેમકે જગતનું સ્વરૂપ જ પરિણામી નિત્યત્વે અનાદિ

અનંત અનેકાંતિક છે. આથીજ–તો પૂર્વે જણાવ્યા મુજબ-અનેક એકાંતિક મિથ્યા દુરાગ્રાહીઓને પણ પ્રતિ-પક્ષીય સ્વરૂપનો વિચાર-વાણી ને વર્તનથી અપલાપ કરવા વડે જાણ્યે અજાણ્યે સ્યાદ્વાદ સ્વરૂપનો સ્વીકાર કરવો પડે છે.

અત્રે કેટલાક એમ કહે છે કે જો એકાંત દૃષ્ટિવાળા તમામ મિથ્યાત્વીઓ છે. તો તે દરેકના મિથ્યા સ્વરૂપને સમગ્રપણે ગ્રહણ કરવાવાળો અનેકાંત દૃષ્ટિવાન તો મહા મિથ્યાત્વી બનશે.

આમ કહેનારાઓએ એ સમજવું જોઈશે કે એકાંત દૃષ્ટિવાળાઓ પોતે માનેલા સ્વરૂપને જ એકાંતે સત્ય કહીને અન્ય તમામનો વિરોધ (દ્વેષ) કરે છે. જ્યારે શુદ્ધ સ્યાદ્વાદ દૃષ્ટિવાળો તો જડ તેમજ ચૈતન્ય સ્વરૂપી પ્રત્યેક દ્રવ્યને અનંત ધર્માત્મક જાણીને તેના પ્રત્યેક ગુણપર્યાયને યથાતથ્ય સ્વરૂપે પરસ્પર અવિરુદ્ધભાવે સ્વીકારે છે. તેથી રાગ-દ્વેષથી સર્વથા મુક્ત થઈ પરમાત્મભાવને પામે છે. આ માટે કહ્યું છે કે;-

त्रिकाल त्रिलोक त्रिशक्ति त्रिसंध्य–
त्रिवर्ग त्रिदेव त्रिरत्नादि भावैः ।
यदुक्ता त्रिपद्येव विश्वानि वव्रे,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥

यदाज्ञा त्रिपद्येव मान्या ततोऽसौ,
तदस्त्येव नो वस्तु यन्नाधितष्ठौ ।

यतो ब्रूमहे वस्तु यत्तद्यदीयं,
स एकः परात्मा गति में जिनेन्द्रः ॥

**આથી શુદ્ધ સ્યાદ્‌વાદ દૃષ્ટિપ્રધાન સંયમી સદ્‌ગુરુઓ, પ્રતિપક્ષી તમામ અજ્ઞાની શિષ્યોના અજ્ઞાનને, અનેકવિધ રીતે દૂર કરીને તેઓને જ્ઞાની બનાવે છે. જ્યારે સ્વ-સ્વ એકાંત દૃષ્ટિવાળા કુગુરૂઓ તો ધર્મરૂચિવાળા ભોળા ભક્તજનોને ભય અને લાલચવડે પોતાની માયાજાળમાં ફસાવતા હોય છે.**

આ માટે હવે ત્રિકાળાબાધિત સ્યાદ્વાદ દૃષ્ટિએ પોતાના આત્માને યથાર્થ સ્વરૂપે જોવા માટે સર્વજ્ઞ અને સર્વદર્શિ શ્રી જિનેશ્વર પરમાત્માઓએ પ્રકાશેલ મોક્ષાનુકૂલ પરિણામ સ્વરૂપ, સમ્યક્‌ત્વના ષટ્‌સ્થાનનું કિંચિત્‌ સ્વરૂપ જણાવીએ છીએ.

(૧) स्यादस्त्येव आत्माः—

જગતમાં આત્મા કથંચિત્‌ પ્રત્યક્ષ પણ છે. કેમકે આત્મદ્રવ્ય મૂળ સ્વરૂપમાં તો વર્ણાદિ રહિત, હોવા છતાં તેના જ્ઞાનાદિ-અનંત-ચૈતન્ય શક્તિરૂપ ત્રિકાલિક પરિણામોમાં આત્મ-તત્ત્વનું અસ્તિત્વ સ્વાનુભવથી અવિરૂદ્ધ છે. તેમ છતાં આત્મદ્રવ્યના અસ્તિત્વનો જ ઇન્કાર-કરનારા કેટલાક દુર્વિચારી દુરાચારીઓ કહેતા હોય છે કે આત્મા

પ્રત્યક્ષ પ્રગટપણે જણાતો નથી, માટે નથી જ. પરંતુ તેઓ સૌ આત્મ તત્ત્વથી અલગ પડેલા મનુષ્યના યા તિર્યંચના શરીરને નિરૂપયોગી, તેમજ દુર્ગંધયુક્ત વિકૃતિ ધારણ કરનારું જાણીને, તેને તત્કાળ દૂર કરવા (બાળી મૂકવા, યા તો દાટી દેવા આદિ અનેક રીતે નષ્ટ કરવા) ચાહે છે. અને તેઓને તે રીતે દૂર કરતાં પ્રત્યક્ષ જોવાય પણ છે. આથી સ્પષ્ટ થાય છે કે તેઓ સર્વ આત્મ તત્ત્વનો શરીર સંબંધે-કથંચિત્ સદ્ભાવ તેમજ અસદ્ભાવ સ્વીકારે તો છે જ.

વળી જે પ્રત્યક્ષ નથી તે પદાર્થ (દ્રવ્ય) નથી જ. એમ પણ તેઓ કહી શકે તેમ નથી, કેમકે શબ્દ-ગંધાદિનું સ્વરૂપ પ્રત્યક્ષ નહિં હોવા છતાં પ્રત્યેક આત્મા-ઓમાં તેના શુભાશુભપણાના અસ્તિત્વ વડે તે પ્રતિ-આદર-અનાદરપણું પ્રત્યક્ષ છે.

આજ રીતે વિવિધ લિંગાદિથી-લિંગી એવા આત્માના સ્વરૂપને ઉત્તમ શાસ્ત્રજ્ઞ આત્માઓ યથાર્થ જાણે છે. અને તેથી તો તેઓ આત્મહિતાર્થે ઉપદેશ શ્રવણાદિ ઉત્તમ માર્ગને અનુસરે છે.

વળી આત્મા જ ઇષ્ટાનિષ્ટ પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ ક્રિયાનો કર્તા હોઈ, તે-તે ક્રિયાના ફળનો ભોક્તા પણ બનતો હોય છે. આ હકીકત સર્વ આત્માઓને સુખદુ:ખના અનુભવથી પ્રત્યક્ષ હોય

છે. અને તેથી તો પ્રત્યેક આત્મા પોતપોતાને ઇષ્ટ સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ માટે નિરંતર પ્રયત્ન કરતા પ્રત્યક્ષ જોવાય છે. જ્યારે આત્મત્વ રહિત પુદ્ગલ દ્રવ્યમાં ક્રિયત્વ પરિણામીપણું હોવા છતાં ઈચ્છાનુસારી કર્તૃત્વ સ્વભાવ જ નહિં હોવાથી, પોતાના પરિણમન સંબંધી-સુખદુઃખની લાગણીનો અભાવ સર્વે જડ તત્ત્વમાં પ્રત્યક્ષ અવિરૂદ્ધ જણાય છે.

આથી સ્પષ્ટ સમજવું કે પ્રત્યેક આત્મ-દ્રવ્ય કથંચિત્ અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય ઉપયોગાદિ ગુણયુક્ત કર્તા પરિણામે પરિણામી હોઈ પોતાના પરિણમનનો જ્ઞાતા ભોક્તા પણ છે.

આથી તો પ્રત્યેક સંસારી આત્માને સામાન્યથી તેમજ મનુષ્યોને તો પ્રગટપણે-એ જ્ઞાન-ભાન હોય જ છે કે હું જન્મેલ છું, હું જીવું છું અને મરવાનો પણ છું. આમ છતાં તીવ્ર મોહ (મદિરાપાનરૂપી) દશાને લીધે જેઓ જન્મ-જીવન અને મરણનો સ્વીકાર કરવા છતાં પણ, હું સ્વરૂપી, સ્વાત્મ સ્વરૂપનો જ અપલાપ કરનારાઓ છે, તેઓને મારી માતા વાંઝણી હતી, તેવું બોલનારા મૂર્ખની જેવા જ મહા મૂર્ખ-જાણવા. આ સંબંધે વિશેષથી જાણવું કે જેઓ આત્માને યથાર્થપણે ઓળખે છે તેઓમાં જ સાચું આત્માર્થીપણું હોઈ શકે છે. આ માટે કહ્યું છે કે—

"तत्पदं साध्ववस्थानाद् भिन्नग्रन्थ्यादि लक्षणम् ।
अन्वर्थयोगतस्तंत्रे, वेद्यसंवेद्यमुच्यते ॥

અહિં પ્રથમ સ્થાનમાં જે સ્યાદ્પદ મૂક્યું છે, તેને છ એ સ્થાનકોમાં સમ્યક્ભાવે ગીતાર્થ-ગુરૂભગવંત પાસેથી યથાર્થ સમજવું જરૂરી છે.

(२) स च नित्यः :—

તે (આત્મા) નિત્ય પણ છે. એટલે પ્રત્યેક આત્માઓ અનંત જ્ઞાનાદિગુણયુક્ત આત્મતત્ત્વ સ્વરૂપે કોઈ પણ કાળે કોઈનાથી કે કોઈના સંયોગથી ઉત્પન્ન થયેલ નહિ હોવાથી અનાદિ અનંત-નિત્ય છે.

ચૈતન્ય સ્વરૂપી પ્રત્યેક આત્મતત્ત્વનું કોઈ પણ કારણથી કોઈ પણ કાળે મૂળથી ઉત્પન્ન થવાપણું કે નાશ થવાપણું ન હોવાથી પ્રત્યેક આત્મ દ્રવ્યોને જન્મ-જીવન અને મરણાદિ ભાવમાં પણ પોત-પોતાના જ્ઞાનાદિ ગુણ-સત્તાનો કથંચિત્ સ્મરણાદિ ભાવે નિત્ય પ્રત્યય હોવાથી, પ્રત્યેક આત્માને અનાદિ-અનંત સ્વગુણ સત્તાએ-નિત્ય એટલે અવિનાશી જાણવા તે તત્ત્વતઃ યથાર્થ-અવિરૂદ્ધ છે.

જો કે સ્વ-સ્વ-ધર્મસત્તાએ દ્રવ્યત્વ સ્વરૂપે તો છ એ દ્રવ્યો અનાદિ અનંત નિત્ય છે. તેમજ સ્વ-સ્વ-ગુણપર્યાય પરિણમન સ્વરૂપે અનિત્ય પણ છે તેમ છતાં જીવ દ્રવ્યો અને પુદ્ગલ (જડ) દ્રવ્યોમાં પર સંયોગે વ્યવહારથી જે

પર-પરિણામીપણું છે. તે પર-પરિણામીભાવે વ્યવહારથી તે બન્ને દ્રવ્યોને અનિત્ય જાણવાં-તે પણ તત્વતઃ અવિરૂદ્ધ છે, આમ છતાં પ્રત્યેક આત્મ દ્રવ્યો તો પોતાના સ્વ-ગુણની અનંત સત્તાને મૂળ થકી ત્રણે કાળે પણ ત્યજતા ન હોવાથી વ્યવહારથી પણ કથંચિત્-નિત્ય છે. જ્યારે પૂરણ-ગલન સ્વભાવી પુદ્ગલ (જડ) દ્રવ્યોમાં તો સ્વ-ગુણ વર્ણાદિ સત્તામાં પણ સ્વતઃ તેમજ પરતઃ નિરંતર ફેરફાર થતો હોવાથી શાસ્ત્રમાં તેને અનિત્ય કહેલ છે.

વળી પણ વિશેષે કરીને આત્માના પરમ ધ્રુવ પરિણામી નિત્યત્વ સ્વરૂપને જાણવા માટે આ સમજવું જરૂરી છે કે, જેમ તીવ્ર અધ્રુવ ગતિ પરિણામમાં ( રેલ્વે ગાડી આદિમાં) રહેલ અસ્થિર મનુષ્ય-અન્યત્ર દૂર સ્થિર એવા વૃક્ષ-ઘર નગરાદિને પણ ભ્રાંતિથી અસ્થિર એટલે વિરૂદ્ધ ગતિમાં જતા જુએ છે. તે મુજબ અનિત્ય-અધ્રુવ પરિણામી આત્માઓ તો શુદ્ધ ક્ષાયોપશમિક, તેમજ ઔદયિકભાવે પોતાને અનિત્ય અને અધ્રુવ જાણે છે.

પરંતુ જેઓએ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય અને અંતરાય એ ચારે આત્મ-ગુણ ઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પોતાની આત્મ-સત્તાને ક્ષાયિકભાવે સ્વાધીન કરેલી છે અને અનંત-અક્ષય કેવળ-જ્ઞાને કરી પ્રત્યેક સમયે, સહજ સ્વભાવે જગતના સર્વ પદાર્થોની-ત્રિકાલિક સર્વ સત્તાના જ્ઞાનવાન્ છે, તેમને સર્વ દ્રવ્યોની-ત્રિકાલિક ધ્રુવ-અધ્રુવ સર્વ સત્તાનું સંપૂર્ણ યથાર્થ

જ્ઞાન હોય છે.

આથી કેવળી પરમાત્માઓનાં ત્રિકાલાબાધિત વચનોમાં શ્રદ્ધાવાન ઉત્તમ વિવેકી આત્માઓને પણ પોતાનામાં પ્રત્યક્ષ શુદ્ધ ક્ષયોપશમ ભાવથી અનુભવાતી કથંચિત્ ત્રિકાલિક સત્તાનું જ્ઞાન-ભાન હોવાથી જ, તેઓ ધર્મ-અધર્મના વ્યવહાર પ્રતિ નિષ્ઠાવાન રહીને, અધર્મનો ત્યાગ કરી, ધર્મમાર્ગમાં યથાશક્તિ ઉદ્યમ કરીને, પોતાની શુદ્ધ-અનંત પરમાત્મ ભાવ સ્વરૂપી, પૂર્ણ અક્ષય સત્તાને સ્વાધીનભાવે પ્રાપ્ત કરે છે. આ માટે કહ્યું છે કે—

"यः पश्येन्नित्यमात्मानं, अनित्यं परसंगमम् ।
छलं लब्धुं न शक्नोति, तस्य मोहमलिम्लुचः ॥

આમ છતાં જેઓ પોતાના આત્માને કેવળ શાસ્ત્ર વચનથી નિત્ય માને છે. પરંતુ પોતાની આત્મસત્તાને પરમાત્માને આધીન માને છે, તેઓને પણ ખરેખર તો "મ્હારી માતા વાંઝણી હતી એવું બોલનારા" મહામૂર્ખજ જાણવા કેમકે શુદ્ધ-નિત્યત્વ અને પર પરાધીનતા બન્નેને પરસ્પર પ્રત્યક્ષ વિરોધ છે.

(२) स च कर्मणां कर्त्ता :—

આત્મા સ્વકર્મનો કર્તા પણ છે. પૂર્વે જણાવ્યા મુજબ-સંસારી આત્માઓ પ્રત્યેક સમયે પોતપોતાના મન વચન-અને કાયાના કરણ-કરાવણ અને અનુમોદન સ્વરૂપી

યોગ, તેમજ મોહનીયકર્મના ઉદયજન્ય કષાય પરિણામાનુસારે કર્તૃત્વભાવે નવીનકર્મ (કાર્મણવર્ગણાઓ) ગ્રહણ કરીને, તેને અષ્ટવિધ સ્વરૂપે પરિણામ પમાડીને આત્મપ્રદેશોની સાથે દૂધ-પાણીની જેમ એકાકાર સ્વરૂપે બંધ પણ કરે છે. તેમજ તે બાંધેલા કર્મોમાં પણ પ્રત્યેક સમયે પરિણામાનુસારે ઉદ્વર્તના-અપવર્તનાદિ અનેક પ્રકારના ફેરફારો પણ કરે છે, અને—

પ્રત્યેક સમયે તે બાંધેલા કર્મોમાંથી જે જે કર્મો જે જે સ્વરૂપે ઉદયમાં આવે છે, તેને તે સ્વરૂપે ભોગવે પણ છે તેમજ સુવિશુદ્ધ ઉપયોગ પરિણામ વડે કર્મોનો ક્ષય (નિર્જરા) પણ કરે છે. આથી વળી એ પણ સ્પષ્ટ સમજવું કે જડ-દ્રવ્યોમાં કર્તૃત્વ સ્વભાવ નહિ હોવાથી, કર્મો ને સ્વતઃ કર્મ પરિણામનું કર્તૃત્વ કે ભોક્તૃત્વ હોતું નથી, પરંતુ આત્મતત્વ (જીવદ્રવ્ય)માં કર્તૃત્વ સ્વભાવ હોવાથી, તે પોતાના યોગસંબંધી કાષાયિક કર્તૃત્વ પરિણામ વડે વિવિધ-કર્મોમાં વિવિધ પરિણામનો કર્તા હોઈ ઉદયાનુસારે તેનો ભોક્તા પણ છે.

આ માટે આત્માર્થીઓએ, પોતાના કર્તૃત્વ ભોક્તૃત્વસ્વભાવને શુદ્ધાશુદ્ધ સ્વરૂપે પ્રત્યેક સમયે, કરાતા કર્મથી, તેમજ બંધાતા કર્મોથી, ભોગવાતા કર્મોથી એ ત્રિવિધસ્વરૂપે પોતાના આત્માને ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી યથાર્થ અવિરુદ્ધ સમજવા, પ્રયત્ન કરવો જરૂરી છે.

**આ માટે પ્રથમ તો કરાતું કર્મ જે-છે, તે**

મુખ્યપણે તો સ્વાભાવિક અને વૈભાવિક બન્ને પ્રકારે શુદ્ધાશુદ્ધ ઉપયોગાનુસારે કરાતું હોઈ આત્માર્થીઓએ આત્મહિતાર્થે શુદ્ધ ઉપયોગાનુસારી કર્મમાં-ઈષ્ટતા સ્થાપવી જોઈએ. કે જેથી પોતે-પોતાના સ્વાભાવિક-ગુણ-કર્મથી પોતાના શુદ્ધ સ્વભાવને (કર્મની પરાધીનતામાંથી છોડાવી) ક્ષાયિક ભાવે-સ્વાધીન કરવાવાળો થાય.

અહિં એ ખાસ સમજવું જરૂરી છે કે જેઓ આત્માને સ્વતંત્રપણે કર્તાજ માનતા નથી. તેઓને તો પોતાના દુર્વિચારી દુરાચરણના દારૂણ કર્મબંધના વિપાકોનો ડરપણ હોતો નથી. તેમ છતાં હકીકતે જે સત્ય છે-તે એ છે કે જગતમાં પ્રત્યેક આત્માને પોત-પોતાના ભિન્ન-ભિન્ન કર્મ વિપાકોને ભોગવવા તો પડે જ છે. એટલું જ નહિ, પરંતુ પોત-પોતાના કર્માનુસારે પ્રત્યેક આત્માને, ઈષ્ટાનિષ્ટ સંયોગ-વિયોગથી સુખદુઃખનો અનુભવ પણ હોય છે. અને તેથી જ તો, પ્રત્યેકજીવ પોતાની સમજ પ્રમાણે દુઃખની નિવૃત્તિ, અને સુખની પ્રાપ્તિ માટે નિરંતર પ્રયત્ન પણ કરતો હોય છે. આ માટે કહ્યું છે કે—

"स्वयं कर्म करोत्यात्मा, स्वयं तत् फलमश्नुते।
स्वयं भ्रमति संसारे, स्वयमेव विनश्यति ॥

यः कर्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च।
संसर्ता-परिनिर्वाता, स ह्यात्मा नान्यलक्षणः ॥

## (૪) स च भोक्ता :—

દરેક આત્માને પોતે કરેલા તેમજ બાંધેલા, શુભાશુભ કર્મનાં ફળ પણ અવશ્ય ભોગવવાં પડે છે. કેમકે ક્રિયા, કર્મ અને કર્તાને કથંચિત્ અભેદપણું હોય છે.

પ્રત્યેક સંસારી આત્મા મોહાદિક વૈભાવિક આત્મ-પરિણામે પ્રત્યેક સમયે સાત-આઠ જ્ઞાનાવરણીયાદિનો બંધ કરે છે. તેમજ પૂર્વે બાંધેલાં વિવિધ કર્મોને પ્રત્યેક સમયે રસોદયથી તેમજ પ્રદેશોદયથી, ઉદયાનુસારે નીચે મુજબ સ્વરૂપથી ભોગવતો હોય છે.

(૧) જ્ઞાનાવરણીય કર્મના ઉદયાનુસારે જ્ઞાનગુણ અવરાયેલો હોય છે. જેથી આંખે પાટા બાંધેલ માણસ જેમ પદાર્થ જોઈ શકતો નથી, તેમ જ્ઞાનાવરણીય કર્મના ઉદયાનુસારે, આત્માને સ્વ-પર સ્વરૂપનો તથાવિધ બોધ પ્રાપ્ત થતો નથી.

(૨) દર્શનાવરણીય કર્મના ઉદયાનુસારે જીવનો દર્શન ગુણ એટલે જ્ઞેય પદાર્થનો સામાન્યથી બોધ કરાવનાર ગુણ અવરાયેલો રહે છે. જેથી રાજા પાસે તેમજ પ્રધાન-અધિકારી પાસે જવામાં જેમ દ્વારપાલ પ્રથમથીજ રોકે છે, તેમ આ કર્મ જ્ઞાન થવામાં પ્રથમ તેનું દર્શન થવા થકીજ રૂકાવટ કરે છે.

(૩) વેદનીય કર્મના ઉદયાનુસારે જીવને બાહ્ય પદાર્થના સંયોગ-વિયોગથી સુખ-દુઃખનો પરિણામ થાય છે, પ્રત્યેક જીવ સામાન્યથી સુખની આકાંક્ષાવાળો હોવાથી આ કર્મ

મધથી લેપાયેલ તલવારની ધાર જેવું જાણવું, એટલે મધથી લેપાયેલી તલવારની ધાર ચાટતાં તલવારની ધાર વાગતાં જેમ તેનું દુઃખ ભોગવવું પડે છે તેમ જાણવું. (૪) મોહનીય કર્મના ઉદયાનુસારે જીવને આત્માના હિતાહિત સંબંધે જ્ઞાન-ભાન કે વિવેક હોતો નથી, એટલે કે મદિરાપાન કરનાર આત્માના જેવી તેની સ્થિતિ હોય છે. **આથી આત્માર્થ શૂન્યપણે તે જીવો શુભાશુભ કર્મસંયોગે ચતુર્ગતિ રૂપ સંસારમાં ભટક્યા કરે છે. પરંતુ સદ્‌ગુરૂના યોગે જ્યારે તેને આત્માના યથાર્થ સ્વરૂપની ઓળખાણ થાય છે. તે-પછી મોહને દૂર કરનાર આત્મશુદ્ધિના સાચામાર્ગનો એટલે કે ૧ સમ્યક્ત્વ સામાયિક ૨ શ્રુતસામાયિક તેમજ ૩ દેશવિરતિ સામાયિક અને ૪ સર્વવિરતિ સામાયિકનો આશ્રય કરનારો આત્મા, પરમાત્મ ભાવને પ્રાપ્ત કરે છે.**

(૫) આયુષ્ય કર્મના ઉદયાનુસારે જીવને ચારગતિમાં, જેમ જેલની સજા પામેલા આત્માને અવશ્ય તેટલી મુદત સુધી જેલમાં રહેવું પડે છે તેમ આયુષ્ય કર્માનુસારે પ્રત્યેક આત્માને પણ તે ગતિમાં તેટલો વખત અવશ્ય રહેવું પડે છે. તેમાં વધુ વખત નહિં, પણ કારણ વિશેષે આયુષ્યમાં (સજાની જેમ) ઘટાડો શક્ય છે.

(૬) નામકર્મના ઉદયાનુસારે જીવને એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના સૂક્ષ્મ-બાદર અનેકવિધ ચિત્ર-વિચિત્ર શરીરાદિ ધારણ કરવાં પડે છે.

(૭) ગોત્રકર્મના ઉદયાનુસારે જીવને વિશિષ્ટાવિશિષ્ટ ઉત્પત્તિ (જન્મ) સ્થાનમાં જન્મ લેવો પડે છે, અને તે કારણે તેનામાં બાહ્ય વ્યવહાર સંબંધે પણ વિશિષ્ટા-વિશિષ્ટતાનો વ્યવહાર થતો હોય છે.

(૮) અંતરાય કર્મના ઉદયાનુસારે જીવને. સ્વેચ્છાનુ-સારી વિશિષ્ટ ભોગ–ઉપભોગાદિ પદાર્થની પ્રાપ્તિ મુશ્કેલ થાય છે, તેમજ કથંચિત્ પ્રાપ્ત વસ્તુના ભોગ–ઉપભોગમાં પણ મુશ્કેલીઓ આવે છે.

ઉપર જણાવેલ કર્મોદય પ્રમાણે પ્રત્યેક સંસારીજીવનું જે–જે સ્વરૂપે પરિણમન હોય છે, તેને ઔદયિક ભાવનું પરિણમન જાણવું, તેમજ આ સાથે, પ્રત્યેક જીવને પોતાના જ્ઞાનાદિ ગુણોના ક્ષયોપશમ ભાવનું પણ જે શુદ્ધાશુદ્ધ પરિણ-મન હોય છે, તેને ગીતાર્થ ગુરૂ–ભગવંત પાસેથી અવશ્ય જાણી લેવું.

સામાન્યથી તમામ સંજ્ઞી જીવો પોતાના આત્માને કર્મનો કર્તા–ભોક્તા તો જાણે છે. પરંતુ તે કર્મના બંધનથી મુક્ત કારવનો વિચાર અને તેના ઉપાયમાં શ્રદ્ધા તો આસન્ન ભવ્ય આત્મામાં જ પ્રગટે છે એમ જાણવું. આ માટે કહ્યું છે કે—

"बुज्झिज्जत्ति तिउट्टिज्जा बंधणं परिजाणिया"

(५) अस्ति च तस्य मोक्षः—

આત્માને મોક્ષ પણ છે. કેમકે જે ઉત્તમ સંસારી આત્માને, સાંસારિક શુભાશુભ ભાવો પ્રતિ, રાગ-દ્વેષાદિથી મુક્તપણે-અંતર્મુખવૃત્તિએ, પોતાના શુદ્ધ ક્ષાયોપશમિક ભાવના કર્તૃત્વ-ભોક્તૃત્વમાં જે સહજ-સુખનો અનુભવ થાય છે, તે થકી તે આત્મા નિઃશંકભાવે પોતાને સંસારના સર્વ બંધનોથી સર્વથા મુક્તપણે અક્ષય (મોક્ષ) સુખનો અધિકારી જાણે છે. અને તે માટે યથાશક્તિ મોક્ષ પુરૂષાર્થ-પ્રતિ આદર-પ્રયત્નવાન્ હોય છે. કેમકે તે સારીરીતે જાણે છે કે "સર્વકર્મના ક્ષયથી મોક્ષ પ્રાપ્ત થાય છે."

(६) अस्ति च तस्य मोक्षोपायः—

મોક્ષાર્થી આત્મા માટે મોક્ષમાર્ગ પણ છે. ઉપર જણાવેલ સ્વરૂપથી સ્પષ્ટ સમજાશે કે, આત્મદર્શી-આત્માર્થી આત્માઓ, સર્વજ્ઞ-અને સર્વદર્શી પરમાત્માએ પ્રકાશિત ત્રિકાલાબાધિત મોક્ષ માર્ગ માટે.

"आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः"

એ વચનમાં નિઃશંક હોય છે, અને તે થકી

"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

એ સૂત્ર વચનને યથાર્થભાવે અનુસરે છે.

આ સંબંધે સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી તીર્થંકર ભગવંતોના વચનાનુસારે ત્રિષષ્ઠી શલાકાપુરૂષ ચરિત્રના રચયિતા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરિજીએ વીતરાગ

સ્તોત્રમાં જણાવેલ છે કે—

" आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः ॥

સર્વે તીર્થંકર ભગવંતોની સર્વકાળને વિષે સર્વ જીવ દ્રવ્યો સંબંધી એક જ અર્થવાળી આજ્ઞા (ઉપદેશ) હોય છે કે પ્રત્યેક આત્માએ પોતાના આત્મહિતને નિરંતર લક્ષ્યમાં રાખીને ત્યાગ-ગ્રહણમાં વિવેકવાન્ બનવું જોઈએ.

આ માટે મિથ્યાત્વ-અવ્રત-કષાય અને યોગ-પરિણામ-આશ્રવરૂપ હોવાથી તેના સર્વ પ્રકારનો સર્વથા-ત્યાગ કરવાનો અને સામાયિક સ્વરૂપી સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર-અને તપ રૂપ સંવરનો સર્વપ્રકારે ઉપશમ-ક્ષયોપશમ-તેમજ ક્ષાયિકાદિ ભાવે આદર કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ. **આમ છતાં કેટલાક શંકા-કાંક્ષાદિ દોષ થકી વ્યવહાર તેમજ નિશ્ચય એમ ઉભય નય સાપેક્ષ નીચેના સૂત્ર વચનનો મનમાન્યો આશ્રય લઇને તેને અયથાર્થભાવે મિથ્યાભાવમાં જોડીને આત્માર્થથી ભ્રષ્ટ થાય છે.**

" आसवा ते परिसवा " અને " परिसवा ते आसवा "

એ સૂત્ર વચનનો આશ્રય લઈને દ્રવ્ય આશ્રવ તેમજ ભાવ આશ્રવ અને દ્રવ્ય સંવર તેમજ ભાવસંવરના, યથાર્થ અવિરૂદ્ધ ચૌભંગીના ભેદ સ્વરૂપને જાણ્યા વિનાજ પોતાની

મતિ-કલ્પનાએ પ્રવર્ત્તાવેલ સ્વચ્છંદાચારમાં નિરપેક્ષપણે, સ્વપક્ષે સંવરપણું તેમજ પરપક્ષે એકાંતે આશ્રવપણું સ્થાપે છે. તેઓને શ્રી જિનેશ્વર-ભગવંતની આજ્ઞાના લોપક જાણવા. આ માટે પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે અધ્યાત્મસારમાં હેયોપાદેયતા સંબંધે જણાવ્યું છે કે—

जिनैर्नानुमतं किंचित्, निषिद्धं वा न सर्वथा ।
कार्ये भाव्यमदंभेने-त्येषाज्ञा पारमेश्वरी ॥

શ્રી જિનેશ્વર ભગવંતોએ, આશ્રવ-સંવર સંબંધી કોઈપણ સ્વરૂપને એકાંતે ત્યાગ કરવાનું કહ્યું નથી, તેમજ એકાંતે આદરવાનું પણ કહ્યું નથી, પરંતુ પ્રત્યેક આત્માએ ભાવસંવરરૂપે પોતાના આત્મહિતને લક્ષ્યમાં રાખીને દંભ (માયા સ્વરૂપ)નો ત્યાગ કરીને,ઉપર જણાવેલ આશ્રવ-સંવરના ચાર ચાર ભેદોમાં યથાશક્તિ આદર-ત્યાગભાવમાં યથાર્થ-અવિરુદ્ધ ઉદ્યમ કરવો તેને શ્રી જિનેશ્વરભગવંતોની આજ્ઞા જાણવી.

આ સંબંધે "आश्रवनिरोधः संवरः" આ સૂત્રને ધ્યાનમાં રાખીને શાસ્ત્રમાં જણાવેલ આશ્રવ તત્ત્વના (૪૨) ભેદોને યથાર્થ જાણીને અનુક્રમે (૫) મિથ્યાત્વ (૧૨) અવિરતિ (૧૬) કષાય (૯) નોકષાય (૧૫) યોગ મળીને, કુલ (૫૭) બંધ હેતુથી આત્માને અળગો રાખવા માટે શાસ્ત્રમાં જણાવેલ અઢાર પાપ સ્થાનકની કરણીથી સૌ પ્રથમ આત્માને અળગો રાખવાનો પ્રયત્ન કરવો. કે જેથી વિધિપૂર્વક સંવર

ભાવના (૫) સમિતિ (૩) ગુપ્તિ (૨૨) પરિષહ (૧૦) યતિધર્મ (૧૨) ભાવના અને (૫) ચારિત્ર એમ બંધ પ્રતિપક્ષી સંવર તત્ત્વના પણ કુલ (૫૭) હેતુઓને પ્રાપ્ત કરીને આત્મા આત્મશુદ્ધિ કરી શકે.

શ્રી જૈન દર્શનને વિષે આ સર્વમાન્ય સિદ્ધાંત છે કે આત્મા યોગ–અને કષાય પરિણામ વડે કર્મ બંધ કરી સંસાર પરિભ્રમણ કરી રહ્યો છે, તે–જો યથાશક્તિ કર્મબંધના હેતુભૂત યોગ અને કષાય પરિણામ રૂપ આશ્રવ તત્ત્વથી વિરમી સંવર તત્ત્વનો આદર કરે, અને નિર્જરા તત્ત્વનો આશ્રય કરી પૂર્વ સંચિત કર્મોનો ક્ષય કરે, તો તે આત્મા અંતે સર્વ કર્મોને ક્ષય કરી અનંત–અક્ષય શાશ્વતસુખમય સિદ્ધત્વને સાદિ અનંતમે ભાંગે સ્વાધીન પ્રાપ્ત કરે છે. ઉપર જણાવેલ સ્વરૂપમાં કર્મ બંધમાં દ્રવ્ય હેતુ યોગ છે અને ભાવ હેતુ કષાય છે. તેમજ કર્મક્ષય સંબંધે દ્રવ્ય હેતુ સંવર તત્ત્વ જાણવું અને ભાવ હેતુ નિર્જરા તત્ત્વ જાણવું, આ બન્ને પ્રકારના દ્રવ્ય ભાવને પરસ્પર જે કાર્ય કારણપણું છે તેને વિસ્તારથી શાસ્ત્રથી અવિરૂદ્ધ ભાવે, ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી જાણી તેમાં શ્રદ્ધા–પ્રતીતિ–અને રુચિ ઉત્પન્ન કરવાથી આત્માર્થ સાધી શકાય છે એમ જાણવું અન્યથા આત્મ–વંચકતા તો ભવભ્રમણનું કારણ છે.

શાસ્ત્રોમાં યોગની કારણતાના સંરંભ, સમારંભ અને આરંભ, મન–વચન અને કાય થકી કરણ–કરાવણ અને અનુ-

મોદન સ્વરૂપે સત્તાવીશ પ્રકારો જણાવેલ છે, તેમાં જે-જે આત્માઓમાં અનંતાનુબંધી કષાયનો ઉદય હોતો નથી, તેઓમાં પ્રથમ સમસ્ત અઢારે પ્રકારના પાપ વ્યાપારની કરણતામાં વિરતિપણાના-પરિણામ હોય છે, જ્યારે બીજા અપ્રત્યાખ્યાની કષાયના ઉદય રહિત આત્માઓમાં પાપ-વ્યાપાર સંબંધે કરણ તેમજ કરાવણ સંબંધે વિરતિપણાના પરિણામ હોય છે, તેમજ જેઓ ત્રીજા પ્રત્યાખ્યાની કષાયના ઉદય રહિત હોય છે. તેવા ઉત્તમ-ત્યાગી-સાધુ ભગવંતોમાં સમસ્ત પાપ-વ્યાપાર સંબંધે કરણ-કરાવણ અને અનુમોદન એ ત્રણેનું વિરતિપણું હોય છે. જ્યારે ચોથા છેલ્લા સંજવલનના પણ ચારે કષાયોના ક્ષય થકી, ઘાતીકર્મના ઉદય રહિત શ્રી વીતરાગ પરમાત્માઓ, સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે. આ રીતે ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચારે કષાયોના ઉપર જણાવેલ ચારે પ્રકારના સ્વરૂપના, વળી ચોસઠભાંગા સંબંધી ચિત્ર-વિચિત્ર સમસ્ત યોગસ્વરૂપને ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી શાસ્ત્રથી અવિરૂદ્ધ, જાણી લેવું જરૂરી છે. શાસ્ત્રમાં—

"सकषायाऽकषाययोः साम्परायिकेर्यापथयोः"

"એ વચનથી કષાયયુક્ત યોગને સાંપરાયિક અને કષાય-રહિત યોગને ઇર્યાપથિક યોગ કહેલ છે. આ સાથે શાસ્ત્રોમાં અનેકવિધ કષાયસહિત યોગના લેશ્યાદિ અનેક પ્રકારે અનેકવિધ શુભાશુભ કર્મબંધનું સ્વરૂપ પણ જણાવેલ છે, અને ઇર્યાપથિક યોગને સામાન્ય કર્મબંધનો હેતુ

જણાવવા સાથે, કષાયરહિત–વિશેષતાએ, બાર ભેદ સ્વરૂપથી નિર્જરા હેતુ પણ જણાવેલ છે. યદ્યપિ ભાવ સંવર અને ભાવ–નિર્જરા આત્મ–પરિણામ સાપેક્ષ હોવા છતાં, તે સર્વથા યોગ નિરપેક્ષ હોતાં નથી. તે માટે ઈર્યાપથિક યોગને, ગીતાર્થ–ગુરૂભગવંત પાસેથી નયસાક્ષેપ યથાર્થ અવિરૂદ્ધ–અવશ્ય જાણી લેવો જરૂરી છે, જેથી સર્વત્ર યોગની શુભાશુભતામાં સંકલેશને અને કષાયને ટાળી શકાય. આ માટે કહ્યું છે કે—

**नाशांबरत्वे न श्वेतांबरत्वे,**
**न तत्त्ववादे न च तर्कवादे ।**
**न पक्षसेवाश्रयेण मुक्तिः**
**कषायमुक्तिः किल मुक्तिरेव ॥**

લેખકની દૃષ્ટિએ ઈર્યાપથિક યોગ સંબંધી કિંચિત્ નય–વિચાર (૧) નૈગમનયદૃષ્ટિએ :— માધ્યસ્થ ભાવના યુક્ત નિર્જરાહેતુક યોગ પ્રવર્ત્તનને ઈર્યાપથિક યોગ જાણવો.

(૨) સંગ્રહનય દૃષ્ટિએ :— સમ્યકત્વમૂલક–આત્માર્થ સાધક નિર્જરાહેતુક યોગને ઈર્યાપથિક યોગ જાણવો.

(૩) વ્યવહારનય દૃષ્ટિએ સમ્યકત્વસહિત–દેશવિરતિ તેમજ સર્વ વિરતિધરના નિર્જરાહેતુક યોગપ્રવર્તનને–ઈર્યાપથિક યોગ જાણવો.

(૪) ઋજુસૂત્ર નય દૃષ્ટિએ :—અપ્રમત્ત ભાવે નિર્જરાહેતુક યોગ પ્રવર્તનને ઈર્યાપથિક યોગ જાણવો.

(૫) શબ્દનય દૃષ્ટિએ :— નિર્જરાહેતુક ધર્મધ્યાન, શુકલ ધ્યાનરૂપ યોગ પ્રવર્તનને ઈર્યાપથિક યોગ જાણવો.

(૬) સમભિરૂઢનય દૃષ્ટિએ:—૧૧ મે અને ૧૨ મે ગુણસ્થાનકે મોહનીયકર્મના ઉદય રહિત નિર્જરાસાધક યોગ પ્રવર્તનને ઈર્યાપથિક યોગ જાણવો.

(૭) એવંભૂતનય દૃષ્ટિએ:—સર્વજ્ઞ–અને સર્વદર્શી શ્રીવીતરાગ પરમાત્માને ચાર અઘાતિ કર્મોને ખપાવવા રૂપ નિર્જરા હેતુક ઈર્યાપથિક યોગ પ્રવર્તન જાણવું.

દેવ–નારકી–તિર્યંચ અને મનુષ્ય સ્વરૂપી–ચતુર્ગતિરૂપ આ સંસારમાં, અનેક આત્માઓ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય સ્વરૂપે સ્વ–સ્વકર્માનુસારે જન્મ–મરણ કરતા પ્રત્યક્ષ જણાય છે. તે મધ્યે સાધારણ વનસ્પતિરૂપ એકેન્દ્રિયમાં અનંતાનંત જીવો જાણવા. બાકીના સર્વજીવોમાં–અસંખ્યાતા ભેદ થકી પણ અસંખ્યાતા જીવો જાણવા. આ માટે સમજવું કે અસંખ્યાતાના પણ અસંખ્યાતા ભેદો છે.

પ્રત્યેક આત્મા આત્મ–પર્યાય પરિણામ સ્વરૂપથી નિરંતર એકબીજાથી ષટ્–ગુણ–હાનિ–વૃદ્ધિ સ્વરૂપે પરિણામ પામે છે. તેમ છતાં સર્વે આત્માના વિવિધ યોગ સ્વરૂપમાં કથંચિત્ અભેદતા હોવાથી, યોગસ્થાનકો તો અસંખ્યાતાં છે. આ હકીકતને પ્રત્યક્ષ અવિરોધિ ભાવે સમજવા માટે નીચેની ઉક્તિઓ ખાસ વિચારવી.

## "मुण्डे मुण्डे" मति र्भिन्ना"

તેમજ "સો શાણાઓનો એકમત અને સો મૂર્ખાઓના હજાર મત" આથી સ્પષ્ટ સમજાશે કે દરેકે-દરેક આત્માને પોત પોતાના કર્મોદયાનુસારે ભિન્ન-ભિન્ન બુદ્ધ-શક્તિ હોય છે. તેમજ તેમાંના કેટલાકોમાં કોઇ-એક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સંબંધી એકત્વતા પણ હોય છે.

ઉપર જણાવેલ આત્મ-સ્વરૂપને સામાન્ય સ્વરૂપે જાણીને વિશેષતઃ આત્માર્થે સમ્યક્મતિ તેમજ મિથ્યામતિના સ્વરૂપને પણ અવશ્ય જાણીને સંસારચક્રમાં જન્મ-મરણ સ્વરૂપે આત્માને ભટકાવનાર મિથ્યામતિનો ત્યાગ કરીને આત્માને પૂર્ણ-શુદ્ધ-સચ્ચિદાનંદ સ્વરૂપે સહજ શાશ્વત સુખનો સ્વામિ બનાવનાર સમ્યક્મતિનો આશ્રય કરવો, આત્માર્થીઓ માટે અનિવાર્ય આવશ્યક છે.

ઉપર જણાવ્યા મુજબ ભિન્ન ભિન્ન આત્માઓમાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ-ભેદે અસંખ્યાત બુદ્ધિ ભેદો હોય છે. તેમ છતાં મિથ્યામતિ પાખંડી જીવોના શાસ્ત્રમાં (૩૬૩) ભેદો જણાવ્યા છે, તેમાં એકાંત ક્રિયાવાદીઓના (૧૮૦) ભેદો અને એકાંત અક્રિયાવાદીના (૮૪) ભેદો તેમજ એકાંત અજ્ઞાનવાદીઓના (૬૭) ભેદો અને એકાંત વિનય-વાદીઓના (૩૨) ભેદોનું સ્વરૂપ જે રીતે સમજાવ્યું છે, તે રીતે ગીતાર્થ ગુરૂ પાસેથી યથાર્થ અવિરુદ્ધભાવે સમજીને મિથ્યામતિનો ત્યાગ કરવો.

ઉપર જણાવેલા (૩૬૩) પાખંડીઓની મિથ્યામતિના જોરે આ સંસારમાં અનેક ધર્મ-સંપ્રદાયો અને ગચ્છ-મતના વિવાદો ઓછા-વત્તા પ્રમાણમાં સર્વકાળે પ્રવર્તતા હોય છે. તે માટે આત્માર્થી આત્માઓએ શાસ્ત્રાનુસારી સમ્યક્‌મતિમાં ઈષ્ટત્વબુદ્ધિ ધારણ કરીને શાસ્ત્રમાં જણાવ્યા મુજબ સમ્યક્ત્વના (૬૭) બોલમાં યથાર્થ શ્રદ્ધા-રુચિવાળા બનવું જરૂરી છે. અન્યથા ગમે ત્યારે આત્માને મિથ્યામતિમાં ફસાવવાપણું સંભવિત જાણવું.

(૧) આ જગતમાં કેટલાકો :—પ્રત્યેક આત્માને પરમાત્માનું સર્જન માને છે. પરંતુ પરમાત્માએ, તે-આત્માનું સર્જન ક્યારે કર્યું? કેમ કર્યું? શા માટે કર્યું? કેવી રીતે કર્યું? તેમજ તથાવિધ નિયત સ્વરૂપે જ કેમ કર્યું? આ માંહેલા એક પણ પ્રશ્નનો તેઓની પાસે પ્રામાણિક જવાબ હોતો નથી.

(૨) વળી કેટલાકો :—નાશ (મરણ) પામતા આત્માનો સર્વથા નાશ જ માને છે; એટલે કે તેને કોઈ પુનર્જન્મ જ નથી. આથી વાસ્તવિકપણે જોઈશું તો કોઈ પણ શુભ ક્રિયા પ્રતિ આદર કે અશુભક્રિયા પ્રતિ અનાદરનો તેમના અંતરમાં સ્પષ્ટ ભેદ-વિકલ્પ હોતો નથી તેમ છતાં તેઓ મરણના અંત સમય સુધી, તેમજ મરણ બાદ પણ મરણ પામેલા સંબંધે ધર્મ-અધર્મમય શુભ-અશુભ ક્રિયામાં કર્તવ્યાકર્તવ્યનો વિવેક શા માટે કરે છે? તેનો તેમની

પાસે કોઇ પ્રામાણિક જવાબ હોતો નથી.

(૩) વળી કેટલાકો પ્રત્યેક આત્માને પરમાત્માના અંશરૂપે, નિત્ય-નિરંજન, સચ્ચિદાનંદ સ્વરૂપીજ માને છે. તેઓને પૂછવામાં આવે કે તો પછી જગતમાં પ્રત્યેક આત્માને ભિન્ન ભિન્ન સ્વરૂપે જે જન્મ તેમજ સુખ-દુઃખમય જીવન અને મરણ પ્રત્યક્ષ છે તે કોઈ એકજ ઉપર જણાવેલ ગુણમય પરમાત્માનું પોતાનું જ ચિત્ર-વિચિત્ર સ્વરૂપ કેવી રીતે હોઈ શકે? આ પ્રશ્નનો પણ તેમની પાસે કોઈ પ્રામાણિક જવાબ હોતો નથી.

(૪) વળી કેટલાકો-આ જગતનું સમગ્ર ચિત્ર-વિચિત્ર જે પરિણમન છે તે એક જ પરમાત્માની લીલા યાને માયા સ્વરૂપ જ છે અને તે સઘળુંએ પરસ્પર વિરોધી પરિણમન પણ તે પરમાત્માની ઇચ્છાનુસારે જ પ્રવર્તે છે. અન્યથા બધા વિકલ્પો મિથ્યા છે, તેમને જો એમ પૂછવામાં આવે કે, તો પછી તમો શા માટે ધર્મ-અધર્મ, ન્યાય-અન્યાય તેમજ નીતિ-અનીતિના વ્યવહારના આદર-ત્યાગનો આગ્રહ ધરો છો અને તમારા પોતાના મિથ્યા વિચાર પ્રવાહોને ધર્મરૂપે પ્રરૂપો છો? આ પ્રશ્નનો તેમની પાસેથી કોઈ પ્રામાણિક જવાબ મળતો નથી.

(૫) વળી આજે તો પ્રગટ-નગ્ન-દેહાત્મવાદીઓની બહુલતાએ, નગ્નતાને વાસ્તવિકતાના ઓઠા નીચે વર્તમાન આત્મ-સ્વરૂપને કેવળ ક્ષણવર્તી એટલે આત્માને ક્ષણેક્ષણે

નાશ પામતો માનીને, અહિંસા ધર્મને અર્થેજ વિશેષ હિંસાકારી વ્યવહારોને વ્યવહારૂ ગણાવે છે. અને સત્યને, વાણીસ્વાતંત્ર્યતાના નામે વિવાદાસ્પદ બનાવીને, અસત્યને સત્ય સ્વરૂપે ઓળખાવવાના પ્રચાર-પ્રયાસો કરાતા હોય છે. વળી પર-દ્રવ્યની ચોરી કરવારૂપ અધર્મથી બચવાના ઉપાયો કરવાના બદલે, પોતાના ચોરીના કાર્યોને કાયદાનુસારી, ન્યાયી ઠરાવવાના પ્રયત્નો કરતા રહે છે.

વળી પાંચે ઇન્દ્રિયોના વિષય-ભોગાદિમાં આસક્ત તેઓ આત્માને અહિતકારી એવા અબ્રહ્મસ્વરૂપી કાર્યો વડે આત્માને પ્રસન્ન રાખવાનો દંભ કરીને, વળી તે થકી સમાધિભાવ સાધવાનો મિથ્યા-આડંબર કરતા હોય છે. વળી, આત્માને બાધક-પર પૌદ્ગલિક પદાર્થોના પરિગ્રહ અને મમત્વને ઉપકારક સમજીને, માયાવી રીતે તેના આદાન-ગ્રહણના વ્યવહારમાં જ આસક્ત હોય છે. તેઓ સૌ કેવળ પાપકારી બુદ્ધિવાળા હોવાથી, લોકહિતકારી-કાર્યો કરવાના લોકશાહી-સમાજવાદના ઓઠા નીચે પોતાને આશ્રયે આવેલા લોકોનું દ્રવ્ય-ભાવથી નિરંતર શોષણ જ કરતા હોય છે.

વળી પણ ક્ષણક્ષયી આત્મવાદીઓ સ્ત્રી-સ્વાતંત્ર્ય અને નારી-ઉત્કર્ષના બહાને જ સ્ત્રીઓને યેનકેન પ્રકારે પતિત કરીને, પોતાના પાશમાં ફસાવવાના ફંદો કરતા હોય છે. આ માટે તેઓ આત્મશુદ્ધિના પરમ કારણરૂપ ધર્મતત્ત્વને ઉચ્છેદવા માટે તમામ નૈતિક ધોરણોને, અનર્થરૂપે પ્રકાશવાના નિરંતર પ્રપંચો કરતા હોય છે. આ રીતે આર્ય સંસ્કૃતિનું

ઉન્મૂલન કરીને અનાર્ય સંસ્કૃતિના આશક બનીને અનાર્ય સંસ્કૃતિનો વૈજ્ઞાનિક-વિકાસના નામે પ્રચાર કરતા રહે છે.

ખરેખર તો આવા નિષ્ઠુર આચાર-વિચારવાળા માણસોમાં પોતાનો આત્મા ક્ષણક્ષયી છે; એ વિચાર જ મુખ્ય હોય છે. અને તેથી જ તેઓ ઉપર મુજબનું જીવન જીવતા હોય છે. તેમ છતાં તેઓ પોતાના ક્ષણક્ષયી સ્વરૂપી મિથ્યા વિચારને વળગી રહીને પણ વિસંવાદીભાવે પોતાનો અને અન્ય આત્માઓનો ઉત્કર્ષ સાધવાના ઉપાયો તરીકે મતિ-કલ્પિત આયોજન-નિયોજનની યોજનાઓની જાહેરાતો કરતા હોય છે.

આથી સ્પષ્ટ સમજવું કે ઉપર જણાવેલ ભ્રાંત માણસોના આચાર-વિચારો પણ ભ્રાંત જ હોવાના, તે માટે આત્માર્થી ભ્રષ્ટ દુષ્ટ-તર્કવાદી-મિથ્યા આચાર વિચારવાળાઓના સમસ્ત પ્રચાર-પ્રવર્તનને દુઃખદાયી સમજીને આત્માર્થી આત્માઓએ સૌ પ્રથમ તો તેથી અળગા રહેવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

પૂર્વે જે (૩૬૩) પાખંડીઓના ભેદ જણાવ્યા છે તેમાંથી દૃષ્ટાંતરૂપે અહિં નવ તત્ત્વ સંબંધી (૧૮૦) ક્રિયાવાદીઓના ભેદોમાંથી માત્ર મોક્ષતત્ત્વ સંબંધી (૨૦) ભેદોનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ બાકીનું સ્વરૂપ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી જાણી લેવું.

(૧) કેટલાક મોક્ષતત્ત્વને સ્વતઃસ્વરૂપે જાણે છે.

એટલે આત્મ તત્ત્વ મોક્ષ તત્ત્વ સ્વરૂપી જ છે. અને કર્મનો અંધ તે મિથ્યાસ્વરૂપ છે, તેમજ આત્માએ આત્મા થકીજ મોક્ષ પ્રાપ્ત કરવાનો હોય છે તેથી અન્ય કોઇ પણ દ્રવ્યની કોઈ પણ સ્વરૂપે હેતુતા કે આવશ્યકતા નથી જ એમ માને છે.

(૨) કેટલાક મોક્ષતત્ત્વને કેવળ **પરતઃસ્વરૂપે** જાણે છે. એટલે કર્મબંધના ફાંસલામાં ફસાયેલા આત્માને અન્ય-કોઈની સહાયતાથી જ મોક્ષ પ્રાપ્ત થઇ શકે. અન્યથા કોઇ પણ આત્મા મોક્ષપુરૂષાર્થ કરી શકે જ નહિ એમ માને છે

(૩) કેટલાક મોક્ષતત્ત્વને કેવળ **નિત્યસ્વરૂપે** જ જાણે છે. એટલે કે પ્રત્યેક આત્માઓ સદા–સચ્ચિદાનંદ સ્વરૂપે નિત્ય જ છે, તેમાં કોઇપણકાળે કોઇ પણ ફેરફાર થતો જ નથી તેમ છતાં સંસારી આત્માઓના જે જે સ્વરૂપો છે તે સઘળાએ કેવળ સાચા–મિથ્યા સ્વરૂપો જ છે એમ માને છે.

(૪) કેટલાક મોક્ષ તત્ત્વને કેવળ **અનિત્યસ્વરૂપે** જ જાણે છે, એટલે કે આત્માનો મોક્ષ થયા પછી તેનું કોઈ સ્વરૂપ જ રહેતું નથી. શૂન્ય જ થઈ જાય છે તેમ જ વળી કેટલાકો મોક્ષ થયા પછી પણ, સંસારમાં ઈશ્વરેચ્છા મુજબ ફરીને જન્મ લેવો જ પડે છે તેમ કહે છે. અન્યથા શાશ્વત મોક્ષસુખ હોઈ શકે જ નહિ એમ માને છે.

(૧ થી ૪)—આ સાથે કેટલાકો ઉપર જણાવેલ

ચારે ભિન્ન-ભિન્ન સ્વરૂપમાં પણ કેવળ કાળાનુસારી જ મોક્ષ માને છે. એટલે કે કેવળ કાળાનુસારે જ પ્રત્યેક આત્માને ભિન્ન ભિન્ન સ્વરૂપે મોક્ષ સુખ હોય છે એમ માને છે.

(૫ થી ૮)—કેટલાકો ઉપર જણાવેલ ચારે ભિન્ન-ભિન્ન સ્વરૂપમાં પણ પ્રત્યેક આત્માને કેવળ પોતપોતાના ભિન્ન-ભિન્ન સ્વભાવાનુસારેજ મોક્ષ હોય છે. એમ માને છે.

(૯ થી ૧૨) કેટલાકો ઉપર જણાવેલા ચારે ભિન્ન-ભિન્ન સ્વરૂપમાં પણ કેવળ નિયતિ ભાવે જ મોક્ષ હોય છે એટલે કે પ્રત્યેક જીવનો નિયતકાળે જ નિર્હેતુક મોક્ષ થાય છે એમ માને છે.

(૧૩ થી ૧૬)—કેટલાકો ઉપર જણાવેલા ચારે ભિન્ન-ભિન્ન સ્વરૂપમાં પણ પ્રત્યેક આત્માને કોઈ પણ નિમિત્તનો આશ્રય લીધા વિના કેવળ પોતાના આત્મભાવથી જ મોક્ષ પ્રાપ્તિ થાય છે એમ માને છે.

(૧૭ થી ૨૦)—કેટલાકો ઉપર જણાવેલ ચારે ભિન્ન ભિન્ન સ્વરૂપમાં પણ કેવળ કોઈ પરમ-પુરુષ પરમાત્મા યાને ઈશ્વરની કૃપા થકી જ મોક્ષ પ્રાપ્તિ થાય છે એમ માને છે.

શુદ્ધ સ્યાદ્વાદ-સ્વરૂપી શ્રી જૈન્ર શાસનને વિષે કાર્યાર્થે કોઈ પણ કારણનો અપલાપ કરવો યુક્ત નથી તેથી નિશ્ચય વ્યવહારની પ્રવૃત્તિ-નિવૃત્તિનુ નિવૃત્તિ સાપેક્ષ જે સ્વરૂપ અમોએ પૂર્વે

જણાવ્યું છે તેમાં નિશ્ચય-વ્યવહારથી પ્રવૃત્તિરૂપ ચારે પ્રકારના સામાયિકભાવમાં પ્રવૃત્તિ કરવાને અર્થે, વ્યવહાર પ્રવૃત્તિ ધર્મમાં પાંચ પ્રકારનો આચાર જણાવેલ છે તેના (૩૯) ભેદોનું સ્વરૂપ, યથાર્થ-અવિરૂદ્ધ ભાવે અવધારવું. અન્યથા આચારને સ્થાને અતિચાર દોષની પ્રાપ્તિ થાય છે એમ જાણવું.

શાસ્ત્રમાં "आचारः प्रथमो धर्मः" એ સૂત્રથી પંચાચારને વિષે સૌ પ્રથમ જ્ઞાનાચાર જણાવ્યો હોઈ, આત્માર્થી આત્માએ પણ સૌ પ્રથમ પોતાના આત્માના નવતત્ત્વાત્મક સ્વરૂપને યથાર્થ જાણીને, આત્માર્થે ઉપકારક શાસ્ત્રાનુસારી હેયોપાદેયતામાં નિઃશંકતા તેમજ નિઃશલ્યતા ધારણ કરીને, યથાયોગ્ય દેશવિરતિ તેમજ સર્વવિરતિ સામાયિક ભાવમાં આત્માને સ્થાપવા પ્રવૃત્ત થવું અનિવાર્ય આવશ્યક છે. અન્યથા મનુષ્યભવ અને જૈનદર્શનની પ્રાપ્તિ નિષ્ફળ સમજવી.

**શ્રી જૈનશાસનને વિષે જ્ઞાનાચારને પ્રથમ પ્રાધાન્યતા આપવા સંબંધે જણાવ્યું છે કે—**

आत्माज्ञान-भवं दुःखं आत्मज्ञानेन हन्यते ।
अभ्यस्यं तत् तथा येन आत्मा ज्ञानमयो भवेत् ॥

આત્માને પોતાના આત્મસ્વરૂપના અજ્ઞાનથી જન્મ-મરણની પરાધીનતાનું દુઃખ ઉત્પન્ન થયેલું છે અને તે આત્મ-જ્ઞાનથી નાશ પામે છે. તે માટે આત્મ-જ્ઞાનનો અભ્યાસ કરવો જરૂરી છે કે જેથી આત્મા જ્ઞાનમય થાય.

आत्माऽज्ञानं हि विदुषामात्म-ज्ञानेन हन्यते ।
तपसाऽप्यात्म-विज्ञान-हीनैस्तत्तु न शक्यते ॥

આત્માનું અજ્ઞાન એટલે પૌદ્ગલિક પદાર્થોમાં થયેલો આત્મિક સુખનો ભ્રમ, અને તેથી થયેલી કષાયોના પ્રાબલ્યથી સંસાર સ્વરૂપમાં આસક્તિ, વિદ્વાનોને આત્મજ્ઞાનથી ટળે છે. પરંતુ આત્મજ્ઞાન રહિત અજ્ઞાની મનુષ્યોને આકરી તપસ્યાઓ કરવા છતાં પણ આત્માનું અજ્ઞાન ટળતું નથી.

आत्मानमात्मना वेत्ति, मोहत्यागाद् य आत्मनि ।
तदेव तस्य चारित्रं, तज्ज्ञानं तच्च दर्शनम् ॥

જે મનુષ્ય મોહનો ત્યાગ કરી, પોતાના આત્મા વડે આત્માને વિષે આત્માને જાણે છે, તેજ તે પુરુષનું સમ્યગ્ જ્ઞાન-દર્શન અને ચારિત્ર છે.

अज्ञानं हि खलु कष्टं, क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः ।
अर्थं हितमहितं वा, न वेत्ति येनावृतो जीवः ॥

આત્મ સ્વરૂપના અજ્ઞાની આત્માને પોતાનું હિત શામાં છે અને પોતાને અહિતકારી શું છે ? તે ન જાણતો હોવાથી ક્રોધાદિ સર્વ પાપ કરણીના કરતાં પણ તેને આત્મસ્વરૂપનું અજ્ઞાન વધુ કષ્ટદાયી થાય છે.

निश्चये व्यवहारे च, त्यक्त्वा ज्ञाने च कर्मणि ।
एक-पाक्षिक-विश्लेष-मारूढाः शुद्धभूमिकाम् ॥

નિશ્ચયનયમાં તેમજ વ્યવહારનયમાં તથા જ્ઞાનપક્ષમાં–કે ક્રિયાપક્ષમાં એકાંત પક્ષપાતિપણું ત્યજીને, આત્મા ગુણસ્થાનકની શ્રેણી ઉપર ચઢી શકે છે.

**આથી સ્પષ્ટ સમજાશે કે આજે જેઓ નિશ્ચય સ્વરૂપનો તેમજ તત્ત્વજ્ઞાનનો તિરસ્કાર કરી રહ્યા છે તેઓ ખરેખર તો જૈનાભાસીઓ જ છે.**

શ્રી જૈનશાસનને વિષે આ હકીકત સર્વ માન્ય છે કે આત્માર્થી આત્માએ સૌ પ્રથમ આત્મસ્વરૂપના ષડ્સ્થાનમાં આસ્તિક્ય (શ્રદ્ધાન) પ્રાપ્ત કરવું જોઈએ, કે જેથી આત્મામાં ભાવ અનુકંપા જાગે, કેમકે ભાવ અનુકંપા પ્રાપ્ત આત્મામાં ભાવનિર્વેદ એટલે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જાગે છે. ભાવનિર્વેદી આત્મા મોક્ષ તત્ત્વમાં શ્રદ્ધા–રુચિરૂપ સંવેગ ભાવનો અધિકારી જાણવો.

આવો સંવેગી આત્મા મોક્ષ પ્રાપ્તિના અનન્ય સાધનરૂપ ચાર પ્રકારના સામાયિક વડે શમના જોરે અવશ્ય મુક્તિના શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. એમ જાણવું.

આથી ઉલટું જે આત્માઓમાં સ્વતઃ અનાદિ–અનંત જીવ–અજીવ સ્વરૂપી નવતત્ત્વાત્મક આ જગતના શુદ્ધા–શુદ્ધ કોઈ પણ ભાવમાં, અયથાર્થ બુદ્ધિએ શંકા–કાંક્ષા તેમજ વિચિકિત્સાદિ સમ્યક્ત્વના દોષ–ભાવો, તેમજ પરતઃ પુદ્ગલાનંદીભાવે આત્માર્થથી ભ્રષ્ટ સંસારાભિમુખ કેવળ બાહ્ય પ્રશસ્ત યોગપ્રવૃત્તિઓ પ્રતિ પ્રશંસા કે આદરભાવ હોય છે, તે થકી તે આત્માઓ અવશ્ય સંસાર સાગરમાં ડૂબે છે.

શ્રી જૈનશાસનને વિષે નવે તત્ત્વોને વિષે હેય જ્ઞેય અને ઉપાદેયતા રૂપ અર્થમાં શ્રદ્ધા પ્રગટાવનાર આત્મગુણને સમ્યક્ત્વ કહ્યું છે. તેમાં સામાન્યથી જીવ અને અજીવ એ દ્રવ્યો જ્ઞેય જાણવાં, પુણ્ય-પાપ-આશ્રવ-અને બંધ. એ ચારે તત્ત્વોને હેય જાણવાં તેમજ સંવર-નિર્જરા અને મોક્ષ એ ત્રણે તત્ત્વોને ઉપાદેય જાણવાનાં છે. તે સાથે તે નવે તત્વોને " नाम-स्थापना-द्रव्य-भावतस्तन्न्यासः " એ સૂત્ર વચનથી તેમજ "प्रमाणनयैरधिगमः" એ સૂત્ર વચનથી વિશેષથી જાણીને-હેયોપાદેયતામાં પણ વિશેષથકી અનેકાંત યાને સ્યાદ્નો આશ્રય લઇને આત્માર્થે કાર્ય-કારણતામાં અવિરૂદ્ધતા યોજવી જરૂરી છે અન્યથા નવે તત્વોનો બાધ પણ કલેશકારી બનતાં આત્મા તીવ્ર કર્મબંધનનો ભાજી થાય છે.

આત્મશુદ્ધિ કરવાને અસમર્થ, તીવ્ર ચારિત્રમોહના ઉદયવાળા આરંભ-પરિગ્રહાદિ યુક્ત મંદ મિથ્યાદષ્ટિ, તેમજ સમ્યક્દષ્ટિ આત્માઓની, કથંચિત્ વ્યવહારનય દૃષ્ટિએ આત્મશ્રેયાર્થે શાસ્ત્રાનુસારી વિધિ-નિષેધ સાપેક્ષ પુણ્યકરણીની ઉપાદેયતા શાસ્ત્રથી અવિરુદ્ધ જાણવી. આ માટે કહ્યું છે કે—

परमार्थालाभे वा, दोषेष्वारम्भक-स्वभावेषु ।
कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म ॥

તેમજ વળી ઉપચરિત શુદ્ધ વ્યવહારનયદૃષ્ટિએ આત્માર્થી આત્માઓએ સમ્યકત્વ ઉચ્ચરીને પણ એટલે કે

લૌકિક તેમજ લોકોત્તર–દેવગત, ગુરુગત અને પર્વગત મિથ્યાત્વની કરણીનો ત્યાગ કરીને પણ યથાશક્તિ, વ્રત–પચ્ચક્ખાણ થકી આત્મશુદ્ધિ કરવી જોઇએ. આ માટે કહ્યું છે કે—

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ॥

વિશેષતઃ આશ્રવ અને સંવર તત્વની યથાર્થ આત્મોપકારી હેયોપાદેયતા સંબંધે દ્રવ્ય–આશ્રવ તેમજ ભાવ–આશ્રવ અને દ્રવ્યસંવર તેમજ ભાવસંવરના સ્વરૂપને નિશ્ચય–વ્યવહારથી યથાર્થ અવિરુદ્ધ અવધારણ કરવું જરૂરી છે. કેમકે આ સંબંધે શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે—

"आसवा ते परिसवा परिसवा ते आसवा"

આથી સ્પષ્ટ સમજાશે કે શ્રી જૈનશાસનને વિષે કોઈપણ દ્રવ્ય–પર્યાયને હિતાહિત સંબંધે યથાર્થ અવિરૂદ્ધ સમજવા માટે નય–નિક્ષેપ–પ્રમાણ સાપેક્ષ સ્યાદ્વાદની અનિવાર્ય આવશ્યક્તા જણાવી છે તે યથાર્થ સત્ય છે.

અનાદિ અનંત ઈતિહાસ ભૂગોળ ગણિત આદિ કોઈપણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ આદિમાં જેઓ યથાર્થ સ્યાદ્વાદ દૃષ્ટિવાન્ છે તેઓનું લક્ષણ જણાવતાં પરમપૂજ્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ જણાવ્યું છે કે—

लोके सर्वनयज्ञानां, ताटस्थ्यं वाऽप्यनुग्रहः ।
स्यात् पृथग्नयमूढानां स्मयार्तिर्वाऽतिविग्रहः ॥

અર્થ :—કોઈ પણ દ્રવ્ય-પર્યાય સંબંધમાં પ્રમાણ સાપેક્ષ અવિરુદ્ધતાએ હિતાહિત સંબંધે નયસાપેક્ષ યથાર્થતાના જાણકાર આત્માઓમાં મુખ્યતયા પરભાવ સંબંધે તટસ્થતાએ સમવૃત્તિ હોય છે. તેમજ વ્યવહારમાં કથંચિત્ અન્ય આત્માપ્રતિ યથાતથ્ય સ્વરૂપે ઉપકારકભાવે પ્રવર્તન કરવાપણું પણ હોય છે. જ્યારે એકાંત નયવાદીઓ અભિમાન અને અહંકારની પીડા થકી સર્વત્ર ક્લેશની હોળીઓ સળગાવતા હોય છે. આથી આરાધક આત્માર્થી આત્માઓને હેયોપાદેયતાના વિવેકમાં પણ સામાયિક ભાવની પ્રાપ્તિ અર્થે રાગ-દ્વેષનો ત્યાગ કરીને, સમવૃત્તિ ધારણ કરવા સંબંધે, પ. પૂજ્યશ્રી હરિભદ્રસૂરિજીએ જણાવ્યું છે કે—

पडिसिद्धे सुयदेसे, विहिएसु ईसि रागभावेवि ।
सामाइयं असुद्धं, सुद्धं समयाए दोसुंपि ॥

શ્રી જૈનશાસન વિષે સર્વજ્ઞ અને સર્વદર્શી ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માઓએ અનાદિ-અનંત નિત્ય છદ્રવ્યાત્મક સ્વતઃ તેમજ પરતઃ ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મકભાવમાં પરિણામી એવા, આ જગત સ્વરૂપમાં સ્વ-સ્વ કર્મ પરિણામે દેવ-નારકી તિર્યંચ અને મનુષ્યગતિમાં જન્મ-જીવન અને મરણ ધકી દુઃખીયા જીવોને જન્મ-મરણની પરંપરાથી છોડાવી-સહજ-શાશ્વત મોક્ષસુખને આપનાર ધર્મ-તત્ત્વનું સ્વરૂપ બતાવતાં જણાવ્યું છે કે—

दुर्गति-प्रपतत्प्राणि-धारणात् धर्म उच्यते ।
संयमादि दशविधः सर्वज्ञोक्तो विमुक्तये ॥

આ દશવિધ ધર્મતત્ત્વનું સ્વરૂપ બતાવતા જૈનદર્શન-કારોએ સર્વસમ્મત ભાવે જણાવ્યું છે કે—

खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।
सच्चं सोअं आकिंचणं च बंभं च जइधम्मो ॥

ઉપર જણાવેલ દશવિધ-આત્મશુદ્ધિકારક સંયમધર્મનું શાસ્ત્રથી યથાર્થ અવિરૂદ્ધ સ્વરૂપ બતાવનાર શુદ્ધ-ધર્મપ્રરૂપકને વાચસ્પતિ જાણવા, અન્યથા મિથ્યા-પ્રલાપો કરનારાઓને પાખંડીઓ સમજવા. આ સંબંધે જણાવ્યું છે કે—

यदेव साधकं धर्मे, तद्वक्तव्यं वचस्विना ।
न त्वीषदपि बाधा कृत एषैवहि वचस्विता ॥

ઉપર જણાવ્યા મુજબ દશવિધ સંયમ-ધર્મને વિષે દ્રવ્ય-ભાવ સંબંધે જેઓ સ્વેચ્છાનુસારી મિથ્યા-વિવાદો કરનારાઓ છે તેઓને, તેમજ દાંભિકતાએ અનેક ધર્મ-કરણી કરનારાઓ સંબંધે પણ સ્પષ્ટ જણાવ્યું છે કે—

"મારગ અનુસારી ક્રિયા, છેદે સો મતિ હીન;
કપટ ક્રિયા બલ જગ ઠગે, સો ભી ભવજલ મીન."

આ સાથે જેઓ કેવળ વિનય-ભક્તિમાર્ગને જ ધર્મ માનીને ઉપર જણાવ્યા મુજબ સંયમ ધર્મની આરાધનાનું ઉલ્લંઘન કરે છે, પણ તેઓ સંસાર સમુદ્રમાં ડુબે છે. આ સંબંધે પણ શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે,

वीतराग सपर्यायास्तवाज्ञापालनं परं ।
आज्ञाऽऽराद्धा विराद्धा च शिवाय च भवाय च ॥
हित्वा प्रसादनादैन्य-मेकयैव त्वदाज्ञया ।
सर्वथैव विमुच्यन्ते, जन्मिनः कर्मपञ्जरात् ॥

ઉપર જણાવ્યા મુજબ શ્રી જિનેશ્વર ભગવંતોએ બતાવેલ મુક્તિ માર્ગમાં, યથાર્થ અવિરૂદ્ધ, શ્રદ્ધા રુચિ કરીને, જેઓ આત્મારાધન કરે છે તેઓ સર્વ કર્મના બંધનથી મુક્ત થાય છે.

चत्तारि परमंगाणि, दुल्लहाणि य जंतुणो ।
माणुसत्तं-सुइ-सद्धा, संजमंमि य वीरियं ॥

સંસાર-સમુદ્રમાં ભવ-ભ્રમણ કરતા જીવને અનંતી પુણ્યાઈએ મનુષ્યભવ મળે છે. અને તે થકી પણ અનંત ગુણી પુણ્યાઈના યોગે શ્રી જિનેશ્વર ભગવંતોની વાણી સાંભળવા મળે છે તે પછી જે આત્મા આત્મ-નિરીક્ષણ કરીને, દર્શન મોહનો ક્ષયોયશમ કરી, નવે તત્વોને વિષે યથાર્થ અવિરૂદ્ધ શ્રદ્ધા પ્રાપ્ત કરે છે. અને તે પછી ચારિત્રમોહના ક્ષયોપશમાનુસારે જે જીવ સંયમ ધર્મની આરાધના કરી ચારિત્રમોહનો ક્ષય કરે છે. તે જીવ મુક્તિના શાશ્વત સુખનો અધિકારી બને છે. આ માટે સૌ પ્રથમ જ્ઞાનાચારાદિ વડે આત્મબોધની પ્રાપ્તિ કરવી અને તે પછી અનુક્રમે આગળ વધવું આવશ્યક છે. ઉપર જણાવેલ ચારે સ્વરૂપમાં અવિરૂદ્ધતા આણવા માટે કહ્યું છે કે—

णहि आगमेण सिज्झादि, सद्दहणं जदि विणत्थि अत्थेसु ।
सद्दहमाणो अत्थे, असंजदो वा ण णिव्वावि ॥

શ્રી જૈન ધર્મના આગમશાસ્ત્રોનું જ્ઞાન કર્યા પછી, જો તે આત્મા આત્માર્થે અવિસંવાદી અર્થની શ્રદ્ધાથી ભ્રષ્ટ હોય તો, તેમજ વળી અવિસંવાદી અર્થ બોધ થયા પછી પણ, જો તે અસંયમમાં આસક્ત રહેતો હોય તો, તેને પણ મુક્તિ (નિર્વાણ) પદ પ્રાપ્ત થતું નથી. જૈનશાસ્ત્રમાં મોક્ષપદની આરાધના માટે કહ્યું છે કે—

"सम्यक् दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः"

સૌ પ્રથમ આત્માને આત્મશુદ્ધિ માટે સમ્યક્ દર્શનની અનિવાર્ય આવશ્યકતા માટે કહ્યું છે કે,

न दंसणिस्स नाणं, नाणेग विणा न हुंति चरण गुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमुक्खस्स निव्वाणं ॥

જેણે દર્શન મોહના ક્ષયોપશમ થકી સમ્યક્ દર્શન-ગુણ પ્રાપ્ત કર્યો નથી, તેને સમ્યક્જ્ઞાન હોતું નથી. અને જેને સમ્યક્જ્ઞાન નથી તેને સમ્યક્ ચારિત્ર હોતું નથી. સમ્યક્ ત્રિપદી વિના સમ્યક્ તપ ન હોવાથી કર્મનો ક્ષય કરી શકાતો નથી અને સર્વે કર્મનો ક્ષય કર્યા વિના કોઇ જીવ મોક્ષ (નિર્વાણ) પદ પામી શકતો નથી.

ઉપર જણાવ્યા મુજબ જૈન શાસનને વિશે શુદ્ધ સાધ્ય-સાધનભાવ, તેમજ અવિરુદ્ધ કાર્ય-કારણ ભાવનું જે

અવિસંવાદી સ્વરૂપ જણાવેલું છે, તેનો જાણે-અજાણે પણ અપલાપ કે દ્વેષ કરનારા આત્માઓ, અસંયમ માર્ગમાં, અંધશ્રદ્ધાએ ઉત્સુકતાથી પ્રવર્તન કરીને, તીવ્ર કર્મો બાંધી આ સંસારમાં જન્મ-મરણાદિ અનેક પ્રકારના દુઃખોનું ભાજન બનતા હોય છે. જ્યારે સ્વ--પર આત્મ-હિતાહિત સંબંધી, તત્ત્વાતત્ત્વનો યથાર્થ બોધ પ્રાપ્ત કરીને-તદ્-અનુસાર યથાર્થ વિવેક કરનારા અનેક આત્માઓએ પૂર્વે આત્મહિત સાધ્યું છે, વર્તમાનમાં સાધે છે અને ભવિષ્યમાં સાધશે એમ જાણવું.

આથી સ્પષ્ટ સમજવું કે પ્રત્યેક આત્માએ પોતે જ-પોતા થકી જ પોતાનું સત્તામાં રહેલું પરમાત્મ સ્વરૂપ, કર્મના આવરણોને તોડીને સ્વાધીન ભાવે અનંત-અક્ષય સ્વરૂપે પ્રાપ્ત કરવાનું છે. તે માટે શ્રી જિનેશ્વર પરમાત્માએ બતાવેલ માર્ગ શુદ્ધ સ્યાદ્વાદ નિશ્ચેથી યાને અનુભવ પ્રત્યક્ષથી અવિરૂદ્ધ જાણવો જરૂરી છે. આત્માને અનુભવ પ્રત્યક્ષથી શુદ્ધ જાણવા માટે, નીચેના સ્વરૂપમાં આત્મદૃષ્ટિ સ્થાપવી અનિવાર્ય આવશ્યક છે.

भिन्नाः प्रत्येकमात्मानो, विभिन्नाः पुद्गला अपि।
शून्यसंसर्गस्येव, यः पश्यति स पश्यति ॥

પ્રત્યેક સંસારી આત્મામાં પણ જ્ઞાનાદિ પ્રત્યેક ગુણો અલ્પાંશે તો, અવશ્ય ઉઘાડા હોય છે. અને તેથી પ્રત્યેક આત્મામાં ક્ષાયોપશમિકભાવનું પરિણમન પણ અવશ્ય હોય છે.

આ ક્ષાયોપશમિક ભાવના (૧૮) ભેદોમાં પ્રથમ મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાનનાં ભેદોની શુદ્ધા-શુદ્ધતા ગીતાર્થ ગુરુ ભગવંત પાસેથી જાણી લેવી જરૂરી છે.

કેમકે આત્માને પોતાના હિતાહિત સંબંધે (૧) અજ્ઞાન (૨) મિથ્યાત્વ અને (૩) અવિરતિભાવ એ ત્રણે સંસારહેતુ છે. જ્યારે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, એ પરમ આત્મશુદ્ધિના હેતુઓ છે.

જગતમાં આ હકીકત સર્વમાન્ય છે કે જે-જે આત્મા જેવા-જેવા કર્મ કરે છે, તેવા તેવા ફળ પણ અવશ્ય તે-તે આત્માઓ પ્રાપ્ત કરે છે. તેથી દરેક આત્માએ પોતે જ પોતાનું હિત સાધવું જોઇએ. અન્યથા પ્રમાદાદિ આચરણથી પોતે જ પોતાનું અહિત કરી રહેલ છે તેમ જાણવું, આ માટે સૌ પ્રથમ આત્માર્થીઓએ આત્મ હિતમાં અનાદિથી બાધક અજ્ઞાન-મિથ્યાત્વ અને અવિરતિ ભાવને ટાળવાનો ઉદ્યમ કરવા માટે અનુક્રમે સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ.

(૧) આત્મા જ્ઞાન-જ્ઞાની-અને જ્ઞાનના સાધનોની આશાતના અને અવગણના કરીને જ્ઞાનાવરણીય કર્મ-ઉપાર્જન કરે છે. જ્યારે જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનના સાધનોની સેવા-ભક્તિ કરવાવડે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે.

(૨) અનાદિથી સંસારમાં અજ્ઞાન અને મિથ્યાત્વના

ઉદયાનુસારે ભટકતાં જીવો કથંચિત્ જ્ઞાનાવરણીય કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ પ્રાપ્ત કરીને પણ મિથ્યાત્વ મોહના ઉદયે આત્મહિત સાધક–સુદેવ–સુગુરુ અને સુધર્મની અવગણના કરીને, આત્માનું અહિત કરનાર (સંસારમાં ભટકાવનાર) કુદેવ–કુગુરુ અને કુધર્મનો આશ્રય કરીને, ઇન્દ્રિયજન્ય પર પૌદ્ગલિક–ક્ષણિક–આરોપિત વિષય સુખમાં સુખની ભ્રાંતિએ આસક્ત રહે છે.

(૩) આત્મહિત સાધન પ્રતિ પ્રમાદિ (અવિરતિ) આત્માઓ આત્મહિતાર્થે અનાદિથી આત્માને વળગેલી આહાર–ભય–મૈથુન અને પરિગ્રહાદિ સંજ્ઞાઓથી મુક્ત થવાનો પ્રયત્ન કરતા નથી. તેઓ પણ આત્મશુદ્ધિ વગર કર્મની પરાધીનતાએ નિરંતર જન્મ–મરણ કરતાં થતાં સંસારમાં આધિ–વ્યાધિ અને ઉપાધિનાં દુઃખો ભોગવતા ભટક્યાં કરે છે.

ઉપર જણાવ્યા મુજબ આત્માર્થીઓએ આત્માના હિતા–હિત ભણી સાધક–બાધકભાવનું વિસ્તારથી યથાર્થ સ્વરૂપ તીર્થંકર ભગવંતોની આજ્ઞાથી અવિરુદ્ધ સૌ પ્રથમ ગીતાર્થ ગુરુ ભગવંત પાસેથી યથાર્થ જાણવું જરૂરી છે કેમકે–

સ્વ–પર સંબંધે શાસ્ત્રમાં આશ્રવ–તથા સંવર તત્ત્વના ભેદથી આત્મ સ્વરૂપનાં સાધક–બાધક ભાવના સર્વ (અનંત) જીવોને આશ્રયીને પણ શાસ્ત્રમાં અસંખ્યાતા ભેદો જણાવ્યા છે. આત્માઓ અનંતા હોવા છતાં તેઓના સમસ્ત સાધક

-બાધક ભાવોને કેટલાક જીવોમાં યોગ થકી સમાન સ્વરૂપે જાણીને સર્વ જીવોના ભિન્ન-ભિન્ન સર્વે યોગો પણ અસંખ્યાતા ભેદોમાં સમાય છે, એમ શ્રી કેવલી પરમાત્મા-ઓએ જણાવેલ છે. આમ, છતાં પ્રત્યેક આત્માના ગુણ-પર્યાયની શુદ્ધિ-અશુદ્ધિનું સ્વરૂપ તો ષટ્-ગુણ-હાનિ-વૃદ્ધિરૂપ હોય છે. આ સ્વરૂપમાં યથાર્થ શ્રદ્ધા થકી જ. ઉત્તમ આત્માર્થીઓ પર-પ્રત્યયિક સાધક-બાધક ભાવમાં માધ્યસ્થ ભાવમાં રહે છે.

પ્રથમ તો આ જાણવું ખાસ જરૂરી છે-કે, તમામ એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચૌરિન્દ્રિય અને અસંજ્ઞિ-પંચેન્દ્રિય જીવો આત્માના હિતાહિતનો વિવેક કરવાને અસમર્થ હોય છે. પરંતુ સંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોમાં દેવો અને નારકો ફક્ત મિથ્યાત્વને દૂર કરી સમ્યક્ત્વ પામવાના અધિકારી છે. અને ગર્ભજ સંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચજીવો સમ્યક્ત્વ અને દેશવિરતિપણાની સાધકતાના અધિકારી છે. જ્યારે **સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્યો જ સંપૂર્ણ આત્મ-શુદ્ધિના અધિકારી છે.**

આથી આત્મકલ્યાણ સાધવા માટે સંજ્ઞિપણું અનિ-વાર્ય-આવશ્યક છે એમ જાણવું. તેમાં પણ મનુષ્ય ભવ પરમ સાધનરૂપ છે. તેમ છતાં આત્મશુદ્ધિ તો પ્રાપ્ત ક્ષાયોપશમિક ગુણોને આત્માર્થે યોજવાથી પ્રાપ્ત થાય છે; તેથી જ **સંજ્ઞિપણામાં પણ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાને આત્મહિતકારી જણાવી છે.**

આ માટે સુગુરુ પાસેથી આધ્યાત્મિક સમ્યક્ શાસ્ત્રોનું શ્રવણ-મનન અને નિદિધ્યાસન કરવું જોઇએ. કારણ કે સમ્યક્ શાસ્ત્રોમાં આત્માના હિતાહિત સંબંધે સર્વ જીવ આશ્રયી સાપેક્ષભાવે યથાર્થ સ્વરૂપે માર્ગદર્શન કરાવેલું હોય છે.

અનાદિથી સંસારમાં કર્મ પરિણામાનુસારે જન્મ-મરણ અને જીવનમાં ચિત્ર-વિચિત્ર સુખ-દુઃખનાં મિથ્યા અનુભવમાં ભ્રાંતપણે ભટકતો આત્મા જ્યાં સુધી જાણીને કે અજાણપણે આત્મ-સ્વરૂપને અહિતકારિણી ક્રિયાઓ કરે છે, ત્યાં સુધી દુઃખનું ભાજન થાય છે. પરંતુ જ્યારે સુગુરુના યોગે આત્મ-સ્વરૂપનું સાચું ભાન થાય છે, ત્યારે તે આત્મા અવશ્ય યથાશક્તિ ક્ષયોપશમાનુસારે અવચંકયોગે આત્મારાધન કરતો થકો અંતે સર્વ કર્મોથી મુક્ત થઈ પરમ શુદ્ધ પરમાત્મભાવને પામે છે.

આમ છતાં જેઓ પરમ શક્તિ સ્વરૂપી પોતાના આત્મ-તત્ત્વને કર્મનાં બંધનથી મુક્ત કરી, પોતાની પરમ શુદ્ધ અક્ષય સત્તાને સ્વાધીનભાવે પ્રાપ્ત કરીને, પરમાત્મ-પદ પ્રાપ્ત કરવામાં મૂઢ છે, તેવા માયાવી-પાખંડી-પંડિત-પુરોહિત-સાધુ-સંતોએ આજે તો અનેક ભોળા ભક્તોને વિષય સુખના પ્રલોભનથી ભોળવીને, પોતાના મતિકલ્પિત ભક્તવત્સલ ભગવાનની ભક્તિની જાળમાં નાંખીને, પૌદ્ગલિક ભોગોમાં વિલાસી બનાવીને, આત્માર્થથી ભ્રષ્ટ કરેલ હોવાથી, મોહનો ત્યાગ કરીને, પોતાના આત્માને પરમ સુખનો માર્ગ

બતાવનારા શાસ્ત્રોના શ્રવણ માત્રથી પણ તેઓ દૂર રહે છે.

આ સંબંધે છેવટે જણાવવાનું કે ઉપર જણાવેલ ષટ્સ્થાનની શ્રદ્ધાનું સમગ્ર સ્વરૂપ તત્ત્વતઃ નવે તત્ત્વની તેમજ સુદેવ-સુગુરુ અને સુધર્મની શ્રદ્ધા રૂપજ છે. આ સંબંધે વિશેષથી જાણવા અમોએ પ્રકાશિત કરેલી "આગમ-નિગમ અને વિશ્વદર્શન" એ પુસ્તિકાનું યંત્ર જોઈ લેવું.

શ્રી જૈન દર્શનને વિશે આત્માર્થે, પ્રાણાતિપાત વિરમણ મુખ્ય હોઈ "**अहिंसा परमो धर्मः**" એ સૂત્રાર્થનું નિરંતર પાલન કરવાના પ્રયત્ન માટે પ. પૂ. યશોવિજયજી ઉપાધ્યાજીએ દ્રવ્યથી તેમજ ભાવથી અહિંસકતા પ્રાપ્ત કરવા સંબંધે જણાવ્યું છે કે—

"આતમભાવ હિંસનથી હિંસા,
સઘળાએ પાપ સ્થાન;
તેહ થકી વિપરીત અહિંસા,
તાસ વિરહનું ધ્યાન ॥ ૧ ॥

ઉપર જણાવેલ તમામ હકીકત અમોએ અમારી યથામતિ પ. પૂ. પ્રાતઃસ્મરણીય અધ્યાત્મ યોગીરાજ શ્રી આનંદઘનજીએ જણાવેલ નીચેની પંક્તિના ભાવને અનુસરી જણાવેલ છે—

ચૂર્ણિ-ભાષ્ય-સૂત્ર-નિર્યુક્તિ,
વૃત્તિ પરંપર અનુભવ રે;
સમય-પુરુષના અંગ કહ્યા એ,
જે છેદે તે દુર્ભવ્ય રે.

એજ વી. સિદ્ધાંત પાક્ષિક પંડિત
**શાંતિલાલ કેશવલાલની**
સબહુમાન વંદના

॥ શ્રી જિનેન્દ્રાય નમઃ ॥

संप्रति दुषमां काले, दशमाश्चर्यभावतः ।
विरुद्धाचारिणो लोका, वर्त्तन्ते च पदे पदे ॥
सत्प्ररुपणया मुग्धा, धर्ममर्म विदन्ति न ।
तेषां ज्ञापनायैव, कृतं प्रश्नोत्तरं मया ॥ १ ॥

# સ્યાદ્-વાદ-પ્રશ્નોત્તર વાટિકા

યોજક : સિદ્ધાંત પાક્ષિક, પંડિત શાંતિલાલ કેશવલાલ

कलंक निर्मुक्त म मुक्त–पूर्णतं ।
कुतर्क–राहु–ग्रसनं सदोदयम् ॥
अपूर्वचंद्रं–जिनचंद्र भाषितम् ।
दिनागमे नौमि बुधैर्नमस्कृतम् ॥ २ ॥

૧. પ્રશ્ન :—સ્યાદ્-વાદ એટલે શું ?

૧. ઉત્તર :—અનંત ધર્માત્મક પ્રત્યેક (પદાર્થ) દ્રવ્યના કોઈપણ પરિણામને આત્માર્થે સામાન્યથી યા તો વિશેષથી મુખ્ય-ગૌણભાવે યથાર્થ-અવિરૂદ્ધપણે જણાવનાર સમ્યગ્-બોધ-જ્ઞાન, તે સ્યાદ્વાદ.

૨. પ્રશ્ન :—પ્રત્યેક પદાર્થ (દ્રવ્ય) અનંતધર્માત્મક કેવી રીતે છે ?

૨. ઉત્તર :—અનુત્પન્ન અને અવિનાશી હોવાથી અનાદિ-અનંત એવા જીવ અને અજીવ દ્રવ્યોની રાશિરૂપ-

ષડ્-દ્રવ્યાત્મક આ જગતમાં, અનંતકાળથી તે-તે પ્રત્યેક દ્રવ્યો નિરંતર સ્વતઃ તેમજ પરતઃ અનંતા ભાવમાં પરિણામ પામી રહેલાં પ્રત્યક્ષ જણાય છે. તેમાં જે-જે પદાર્થો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ તેમજ શબ્દાદિ રૂપે ઇંદ્રિય પ્રત્યક્ષ છે, તે સઘળાએ મુખ્યતયા અજીવ-પુદ્ગલ દ્રવ્યનાં પરિણામો જાણવા, તેમજ જીવ દ્રવ્યોના-જે જ્ઞાનાદિ અનંત પરિણામો છે તે-તો-પ્રત્યેક જીવમાં સ્વ-સ્વ ચેતનાદિ ગુણ સ્વરૂપે મુખ્યતાએ અરૂપી હોય છે, આમ છતાં શુદ્ધા-શુદ્ધ ઉભયત્વભાવે પ્રત્યેક સંસારી -આત્માઓમાં-કર્મનું કર્તા-ભોક્તાપણું, પ્રત્યક્ષ અવિરોધી છે. જ્યારે ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે અરૂપી, અજીવદ્રવ્યો અન્ય દ્રવ્યકારણત્વભાવે પરિણામી હોવા છતાં, કેવળ સ્વ-સ્વ-પરિણામમાં અક્રિયત્વે -અરૂપીપણે-નિરંતર અગુરૂ-લઘુભાવમાં પરિણામ પામતા હોય છે. આ પ્રમાણે અનંતાઅનંત જીવ-અજીવરૂપ છએ દ્રવ્યો સ્વતઃ તેમજ પરતઃ ભાવે નિરંતર ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક-ભાવમાં પરિણામી હોવાથી અનંત ધર્માત્મક છે.

૩. પ્રશ્ન:—જીવાજીવાદિ પ્રત્યેક દ્રવ્યો, ભિન્ન-ભિન્ન સ્વરૂપે ઉત્પત્તિ-વિનાશરૂપે પરિણામ પામતાં તો પ્રત્યક્ષ જણાય છે પરંતુ તેઓને અનાદિ-અનંત નિત્ય (ધ્રુવ) કેવી રીતે જાણવા ?

૩. ઉત્તર:—કોઇપણ પરિણામની ઉત્પત્તિ તત્-સ્વરૂપી સત્તાના (દ્રવ્યના) આધાર વિના હોતી નથી અને નાશ પણ ઉત્પત્તિ પરિણામનો હોય છે.

આથી પ્રત્યેક સમયે-સમયે જે-જે વિવિધ સ્વરૂપે જે-જે ઉત્પત્તિ અને નાશના પરિણામો જણાય છે, તે સઘળાએ ત્રિકાલિક ગુણ સત્તાના આધારરૂપ, તે-તે દ્રવ્યોના પર્યાય પરિણામ છે. તેમાં ઉત્પત્તિ નાશનો વ્યવહાર તો માત્ર પૂર્વા-પર ભાવની મુખ્યતા-ગૌણતા વડે થાય છે. અને જેમાં તે વ્યવહાર કરાય છે, તે દ્રવ્ય મૂળ સ્વરૂપે તો ત્રણેકાળ કાયમ હોય છે. દૃષ્ટાંત તરીકેઃ-માટી-સોનું આદિ દ્રવ્યમાં ઉત્પત્તિ -નાશરૂપ તેના પ્રત્યેક આકૃતિ પર્યાયમાં, સ્વ-ગુણ સત્તાનું ધ્રુવત્વ પ્રત્યક્ષ જણાય છે.

૪. **પ્રશ્ન** :—પ્રત્યક્ષ જણાતા ઉત્પત્તિ-નાશ સ્વરૂપી જ આ જગતને જાણવું જોઇએ, નાહક ત્રિકાલિક દ્રવ્યત્વનો સ્વીકાર જ શા માટે કરવો જોઇએ ?

૪. **ઉત્તર** :—જો કે મૂળ છએ દ્રવ્યોની ત્રિકાલિક સત્તાનું જ્ઞાન તો કેવળી પરમાત્માઓને હોય છે. તેમ છતાં આરોપિત -અવાંતર દ્રવ્યત્વ ભાવે-પણ, ચારેગતિમાં પ્રત્યેક આત્માઓને ભૂતકાળ અને ભાવિકાળના પોતાના જીવન સંબંધે, વર્તમાન પરિણામનો સંબંધ પ્રત્યક્ષ અનુભવગમ્ય હોય છે અને તેથી જ તો સ-હેતુક સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ માટે નિરંતર સર્વે જીવો પ્રયત્ન કરતા હોય છે. તેમાં વિષયાસક્ત અજ્ઞાની જીવો તો, નિરંતર આહારાદિ સંજ્ઞામાં પ્રવર્તન કરતાં થકા આધિ-વ્યાધિ અને ઉપાધિમય જન્મ-મરણના દુઃખો ભોગવતા પ્રત્યક્ષ દેખાય છે, જ્યારે ધ્રુવપદના અર્થી-આત્મ-દર્શી-આત્માર્થી આત્માઓ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપાદિ

આત્મિક ગુણોમાં પ્રવર્તન કરતા થકા સચ્ચિદાનંદ સ્વરૂપમાં પરિણામ પામતા હોવાથી તત્ત્વતઃ નિર્વિકલ્પ ભાવે, પરભાવથી મુક્ત પ્રત્યક્ષ દેખાય છે. આથી સ્પષ્ટ સમજાય છે કે દ્રવ્યની સત્તારૂપે ગુણો સહભાવી નિત્ય હોય છે. જ્યારે ઉત્પાદ-વ્યય સ્વરૂપી પર્યાય પરિણમનભાવે ક્રમભાવી સ્વરૂપે, દ્રવ્ય કથંચિત્ અનિત્ય પણ છે.

૫. પ્રશ્ન—જીવાજીવાદિ દ્રવ્યોનું ઉત્પત્તિ-નાશરૂપ પરિણામી પણું તો પ્રત્યક્ષ અનુભવગમ્ય થાય છે પરંતુ દ્રવ્યના ધ્રુવત્વ યાને નિત્યત્વ ધર્મને પરિણામીત્વ ધર્મ સાથે કેવી રીતે અવિરૂદ્ધતા હોઈ શકે ?

૫. ઉત્તર :—પ્રત્યેક દ્રવ્ય પ્રત્યેક સમયે અગુરૂ-લઘુ ધર્મે, પોતાની સમસ્ત સ્વગુણ સત્તામાં સ્વતઃ તેમજ પરતઃ ઉત્પત્તિ-નાશ તેમજ ધ્રુવત્વ એ ત્રણે ધર્મોમાં નિરંતર પરિણામ પામતું હોય છે. આથી જ તો છદ્મસ્થ જ્ઞાનીઓને કથંચિત્ તેમજ કેવળજ્ઞાનીઓને સમસ્તભાવે સર્વે પદાર્થોના ભૂત-ભાવિ અને વર્તમાન ત્રણે કાળના ઉત્પત્તિ-નાશ અને ધ્રુવતા પરિણામોનું તે-તે કાળ સંબંધે યથાર્થ જ્ઞાન હોય છે. આથી સ્પષ્ટ થાય છે કે કોઇ પણ પરિણામ પણ ત્રિવિધ સ્વરૂપી હોય છે. આ માટે પ્રત્યેક દ્રવ્ય-પર્યાયને સ્યાદ્‌થી ત્રિવિધ સ્વરૂપે યથાર્થ-અવિરૂદ્ધભાવે સમજવા પ્રયત્ન કરવો જોઈએ.

૬. પ્રશ્ન :—શું સ્યાદ્‌વાદ-રહિતપણે યથાર્થ-અવિરૂદ્ધ બોધજ્ઞાન ન હોઇ શકે ?

૬. ઉત્તર :—કોઈ પણ જ્ઞાનમાં સ્યાદ્‌વાદનું કાર્ય તો

એકપક્ષીય મિથ્યા દુરાગ્રહને ટાળવાનું હોય છે; તે માટે જે-જે જ્ઞાનમાં મિથ્યા-દુરાગ્રહતા નથી, તે-તે જ્ઞાનને સ્યા-દ્વાદ બોધના કાર્ય-કારણ સ્વરૂપી-સમ્યગ્-જ્ઞાન જાણવું.

૭. પ્રશ્નઃ—મિથ્યા દુરાગ્રહતાવાળા જ્ઞાનનું સ્વરૂપ શું?

૭. ઉત્તરઃ—જે જ્ઞાનમાં આત્માને જન્મ-મરણના ફંદામાંથી છોડાવવાનો વિવેક નથી, અર્થાત્ વાસ્તવિકતાના નામે કેવળ વર્તમાનલક્ષી વિષયકષાયાનુગામીપણું જ છે તે એક પાક્ષિક જ્ઞાનને મિથ્યા દુરાગ્રહિતાવાળું જ્ઞાન સમજવું.

૮. પ્રશ્નઃ—સમ્યગ્જ્ઞાન કોને કહેવાય?

૮. ઉત્તરઃ—જે જ્ઞાન-આત્માને, સ્વ-પર ભાવમાં વિવેકી બનાવે તેને સમ્યગ્જ્ઞાન જાણવું.

૯. પ્રશ્નઃ—આત્માને ઇષ્ટ વિષયમાં રાગ અને અનિષ્ટ વિષયમાં દ્વેષ કરાવનાર જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાય?

૯. ઉત્તરઃ—પરવસ્તુમાં ઈષ્ટાનિષ્ટત્વ બુદ્ધિ, તે મોહનો પરિણામ છે, અને મોહ તો સમ્યક્ત્વનો ઘાતક છે; જ્યારે શુદ્ધ સમ્યગ્બોધ જ્ઞાનમાં તો રાગ-દ્વેષની નિવૃત્તિ હોય છે, તેમ જ આત્મ-શ્રેયાર્થે યથાર્થ-અવિરૂદ્ધ હેયોપાદેયતાનો વિવેક હોય છે.

૧૦. પ્રશ્નઃ—સ્યાદ્વાદ સ્વરૂપી જ્ઞાનમાં યથાર્થતા તેમજ અવિરૂદ્ધતા કેવી રીતે જાણવી?

૧૦. ઉત્તરઃ—પ્રથમ તો પ્રત્યેક દ્રવ્ય, અનંત ગુણ-

ધર્મમય હોવાથી, પ્રત્યેક સમયે તે થકી અનંતા પર્યાય (પરિણામ) વાળું હોય છે એમ જાણીને, તેમાં શબ્દથી વાચ્ય એટલે કહી શકાય તેવા અભિલાપ્ય ભાવો પણ અનંતા હોય છે એમ જાણે તેમજ તે સાથે વળી બીજા, શબ્દથી ન કહી શકાય તેવા અનભિલાપ્ય ભાવો પણ અભિલાપ્ય ભાવોથી અનંતગુણા હોય છે એમ જાણે આથી જ્યારે જ્યારે સપ્રયોજન જે-જે ભાવ કહેવાય છે તેજ માત્ર તેનું પૂર્ણ સ્વરૂપ છે, એમ ન સમજાઈ જાય તે માટે, પ્રત્યેકભાવ સંબંધે નયસાપેક્ષતા, યા-સ્યાદ્‌પદ જરૂરી છે, પ્રત્યેક સમયે શબ્દ-વાચ્ય અભિલાપ્ય ભાવો પણ અનંતા હોવાથી, પ્રત્યેક સમયે સપ્રયોજન કહેવાતો ભાવ, નય-સાપેક્ષ અવિરૂદ્ધ તેમજ સ્યાદ્ સાપેક્ષ યથાર્થ હિતાહિત-પ્રબોધક હોવો જરૂરી છે. આ રીતે સમસ્ત સ્વ-પર દ્રવ્ય-પર્યાય સંબંધે પણ એકાંત દુરાગ્રહીતા રહિત, ઉત્તરોત્તર-આત્માર્થ સાધક સપ્તનય સાપેક્ષ જ્ઞાનને પણ, સ્યાદ્‌થકીજ યથાર્થ અવિરૂદ્ધતા પ્રાપ્ત થાય છે. દૃષ્ટાંત તરીકે:- અનભિ-લાપ્ય ભાવ સંબંધે જાણવું કે જેમ, ઘીના સ્વાદને અનુભવથી જાણી શકાય છે, પરંતુ શબ્દથી જણાવી શકાતો નથી તેમજ અભિલાપ્ય ભાવમાં પણ કોઈ એક મીઠાઈ આદિ પદાર્થનું મુખ્ય-ભાવે તો એકજસ્વરૂપે વર્ણન કરી શકાય છે, પરંતુ એકી સાથે અનેક અસ્તિ-નાસ્તિરૂપ સર્વ સ્વરૂપનું પૃથક્ સ્વરૂપે વર્ણન કરી શકાતું નથી. તેથી એકાંત-દૃષ્ટિ અપૂર્ણ હોઈ તેનો પક્ષપાત અહિતકર છે એમ જાણવું.

૧૧. પ્રશ્નઃ—આત્માર્થ સાધકજ્ઞાનનું સ્વરૂપ શું ?

૧૧. ઉત્તરઃ—પોતાનો આત્મા અનાદિથી અજ્ઞાન-મિથ્યાત્વ અને અવિરતિભાવ વડે નિરંતર મન-વચન તેમજ કાયયોગથી તીવ્ર યા મંદ મોહાવેગથી આશ્રવ ભાવની કરણી કરવા થકી જ આજે તો કર્મના બંધનમાં પ્રત્યક્ષ જકડાયેલો છે; એમ તત્ત્વત : યથાર્થ અવિરુદ્ધ સ્વરૂપે જાણીને, **સૌ પ્રથમ તો પોતાના આત્માને કર્મના બંધનથી મુક્ત કરવાનો પાકો નિશ્ચય કરે અને તે પછી મોહભાવના કારણ-રૂપ સમસ્ત બાહ્ય-સંસર્ગોથી** આત્માને સૌ પ્રથમ તો અળગો કરે અને તે પછી સર્વ-વિરતિભાવમાં વર્તતા થકાં પણ જે-જે યોગપ્રવૃત્તિ કરાય તે થકી પણ પોતાના આત્માને, સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપના પરિણામરૂપ, શુદ્ધ ઉપયોગના બળવડે, આત્મ-ભાવમાં સ્થિર કરવા માટે, (૧૪) પ્રકારના અભ્યંતર પરિગ્રહથી અળગો કરવાનો પ્રયત્ન કરે, તેને આત્માર્થ-સાધક જ્ઞાન જાણવું.

૧૨. પ્રશ્નઃ-સર્વ-પરભાવથી મુક્ત આત્માનું સ્વરૂપ શું ?

૧૨. ઉત્તરઃ-ચારે આત્મગુણઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરનારા તેરમા ગુણસ્થાનકવર્તી સયોગી કેવળી પરમાત્માઓ સ્વત : સર્વ પરભાવથી મુક્ત હોય છે. જ્યારે આઠે કર્મનો ક્ષય કરી સાદિ-અનંતમે ભાંગે સિદ્ધ થયેલા-સિદ્ધ પરમાત્માઓ સ્વત : તેમજ પરત : સર્વ-પરભાવથી મુક્ત હોય છે. આથી

તેઓ કેવળ સ્વતઃ પોતાના સહજ જ્ઞાનાદિ અનંત-અક્ષય-ગુણોમાં નિરંતર અવ્યાબાધપણે પરિણામી હોય છે.

૧૩. પ્રશ્નઃ—સ્યાદ્વાદ સ્વરૂપી જ્ઞાન એ સાધનભાવ છે કે સાધ્યભાવ છે ?

૧૩. ઉત્તરઃ—અનાદિ-અનંત છ દ્રવ્યાત્મક સમસ્ત જગતના તમામ ભાવોને સાધ્ય-સાધન તેમજ ઉભયરૂપે ત્રિવિધ-પરિણામી પણું હોવાથી, કોઈ પણ પરિણમન ભાવને અપેક્ષા વિશેષે યથાર્થ-અવિરૂદ્ધપણે જાણનાર સ્યાદ્વાદને પણ ત્રિવિધપણું જાણવું.

૧૪. પ્રશ્નઃ—જૈનધર્મના મૂળ સ્થાપક કોણ ? અને તેમનું સ્વરૂપ શું ?

૧૪. ઉત્તરઃ—જગતમાં અન્ય વિવિધ ધર્મોના કોઇને કોઈ સ્થાપક હોઇ, તેને દેવ માનીને, તેના ઉપાસકો, પોત-પોતાની ઇચ્છાઓને પોષવા તેમની પૂજા-ભક્તિ કરતા હોય છે. જ્યારે જૈન ધર્મના મૂળ સ્થાપક કોઈ નથી, પરંતુ અનાદિ-અનંત શાશ્વત ધર્મ હોઈ, પૂર્વે જે-જે અનંતા આત્માઓ પરમાત્મપદને પામ્યા છે, વર્તમાનમાં પામે છે, અને ભવિષ્યમાં પામશે, તે સર્વે આત્માઓ જૈનધર્મને યાને આત્મશુદ્ધિકારક શુદ્ધ આત્મધર્મને અનુસરીને પરમાત્મ પદ પામ્યા છે; પામે છે, પામશે. તે માટે જૈન ધર્મ કોઇ દેવ કે પરમાત્માએ પ્રવર્તાવેલ નથી; પરંતુ જૈન ધર્મને અનુસરીને પરમાત્મપદ પમાય છે, એમ

જાણવું. જૈન ધર્મ, અનાદિથી આ સંસારમાં કર્મ સંયોગે જન્મ-મરણના ઘોર દુઃખો ભોગવતા ભવ્ય આત્માને, કર્મના બંધનથી સર્વથા મુક્ત કરી, પોતાના સહજ શુદ્ધ-અનંત-અક્ષય-જ્ઞાનાદિ ગુણોના પરિણમનનો સાદિ અનંતમે ભાંગે સ્વતંત્ર સ્વરૂપે કર્તા-ભોક્તા બનાવે છે. જ્યારે અન્ય ધર્મો આત્માને, અન્યનો દાસ બનાવે છે.

૧૫. પ્રશ્ન :--કર્મોદયજન્ય-સુખ-દુઃખના પરિણામમાં, બહિરાત્મા-અંતરાત્મા અને પરમાત્મા એ ત્રણે ભાવમાં વર્તતા આત્માઓનું સ્વરૂપ શું ? તે સમજાવો.

૧૫. ઉત્તર :—જેમ બાળભાવ, યુવાવસ્થા તેમજ જરા એટલે વૃદ્ધાવસ્થા-તે, એક જ આત્માની અવસ્થાઓ છે. તે મુજબ પ્રથમ બહિરાત્મભાવમાં, આત્મા સુખને રાગથી, અને દુઃખને દ્વેષથી, ભોગવતો થકો, અનેક પ્રકારે નવીન કર્મબંધ કરતો રહે છે. જ્યારે અંતર્મુખ દૃષ્ટિવાળો સમ્યગ્દૃષ્ટિ આત્મા, બાહ્યસુખને દુઃખનું કારણ જાણતો હોઈ, તેથી અળગા થવાના પ્રયત્નો કરતો હોય છે. તેમજ બાહ્યદુઃખને વિશિષ્ટ-નિર્જરાનું કારણ જાણીને તેનો અદીન-ભાવે-આદર કરતો હોય છે, તે થકી ત્રીજા પરમાત્મભાવને પામેલો સૂર્યસ્વરૂપી આત્મા, સુખ-દુઃખને માત્ર વાદળરૂપ જાણે છે; કેમકે પોતે-તો, પોતાના પૂર્ણ અનંત-અક્ષય-શુદ્ધ જ્ઞાનાદિ ગુણપરિણામમાં નિરંતર પરિણામ પામતો હોય છે.

૧૬. પ્રશ્ન :—બહિરાત્મભાવથી આત્માને કેવી રીતે અળગો કરી શકાય?

૧૬. ઉત્તર :—અનાદિથી કર્મ સંયોગે ચારગતિમાં રહેલ વિવિધ દેહધારી આત્માઓને, દેહાત્મભાવને પોષક, જે ચાર સંજ્ઞાઓ, આહાર–ભય–મૈથુન–અને પરિગ્રહનો પરિણામ નિરંતર વર્તે છે, તે ચારે સંજ્ઞા થકી, આત્માને અળગો કરવા માટે, જેઓ યથાતથ્ય ભાવે દાન–શીયલ–તપ અને ભાવના રૂપ–ધર્મ પરિણામે કરી, પોતાના આત્મ-ગુણોનું રક્ષણ તેમજ–પોષણ કરે છે તેઓને અંતરાત્મભાવ-વાળા જાણવા. તેમાં પ્રથમની આહારસંજ્ઞા વેદનીયકર્મના ઉદયજન્ય છે. જ્યારે બાકીની ત્રણ ભય–મૈથુન અને પરિગ્રહ એ ત્રણે મોહનીયકર્મના ઉદયજન્ય છે. તેમાં વ્યવહારથી પ્રથમ આહાર સંજ્ઞાને જીતવા થકી બાકીની સંજ્ઞાઓ જીતાય છે જ્યારે નિશ્ચય શુદ્ધ સ્વરૂપથી પ્રથમ મોહનીય કર્મજન્ય સંજ્ઞાઓને જીતવા થકી બાકીની સંજ્ઞાઓ જીતાય છે એમ જાણવું.

૧૭. પ્રશ્ન :—આત્માને પર–પુદ્ગલદ્રવ્યના સંયોગ-વિયોગાદિમાં જે–જે સુખ–દુઃખાદિની લાગણીઓ થાય છે તે શું મિથ્યા છે?

૧૭. ઉત્તર :—પ્રત્યેક આત્માને પર પુદ્ગલ દ્રવ્યોના સમસ્ત સંયોગ–વિયોગો કર્મજન્ય હોય છે. તે સાથે તે થકી ઉત્પન્ન થતી સુખ–દુઃખની લાગણી, તે મુખ્યતયા તો, દેહ સંબંધે વેદનીય કર્મના વિપાકાનુભવ રૂપ હોય છે.

પરંતુ સમસ્ત કર્મજન્ય પરિણામો (ભાવો), તે આત્માનું મૂળ શુદ્ધ સ્વરૂપ નથી, એમ જાણનાર સમ્યગ્દષ્ટિ–આત્માઓ પૌદ્ગલિક ભોગોથી વિરક્ત થઈને, તે–તે ભાવોમાં રતિ–અરતિના તેમજ રાગ–દ્વેષના પરિણામ કરતાં નથી. તેથી તેઓને નવીન તીવ્ર કર્મબંધ થતાં નથી. આ શીઘ્ર નિર્જરાતત્ત્વનો આશ્રય લઈને, પૂર્વ કર્મનો ક્ષય કરતાં થકાં સર્વ કર્મ–પરિણામથી મુક્ત થઇ, અંતે તેઓ મોક્ષ–સુખના સ્વામી બને છે. આ માટે કહ્યું છે કે :—

"जह जह पुग्गल भोगो, तह तह वड्ढेइ विसयंपि कसाई।
इंदिय सुहा दुहा खलु, अगिज्जा तओ विस्ताणं" ॥१॥

અર્થ:—જેમ જેમ પુદ્ગલ ભોગો વધુ તેમ તેમ તે આત્મામાં વિષય–તૃષ્ણા અને કષાયભાવની વૃદ્ધિ થાય છે, તે માટે ઇન્દ્રિયજન્ય સુખ તે ખરેખર તો દુઃખરૂપ છે એમ જાણીને પુદ્ગલ ભોગોથી વિરક્ત થઇ તેથી અળગા રહેવું, જેથી આત્મશુદ્ધિ થાય.

૧૮. પ્રશ્ન:—સંસારી આત્માઓ કામ–ક્રોધ–માન–માયા અને લોભાદિ કષાય પરિણામથી મુક્ત શી રીતે બને ?

૧૮. ઉત્તર:—સંસારી આત્માઓને, પૂર્વે બાંધેલા મોહનીય કર્મના રસોદયાનુસારે અવશ્ય કષાય પરિણામ થાય છે. અને તે થકી નવીન કર્મ બંધાય છે. પરંતુ કષાય પરિણામનો ઉદય સર્વ જીવોને સર્વકાળે સરખો હોતો નથી. જે

પ્રત્યક્ષાનુભવગમ્ય છે. આંથી સમજવું કે જે-કાળે મોહનીય-કર્મનો ઉદય તીવ્ર રસોદય ન હોય એટલે કે ક્ષયોપશમનો-અવિરોધી, મંદ રસોદય વર્તતો હોય, તે કાળે સમજુ આત્માએ યથાતથ્ય આત્મશુદ્ધિમાં જાગૃત બનીને, "उवसम सार सामन्नं" એ સૂત્ર વચનને અનુસરીને, સત્તામાં રહેલા મોહનીયકર્મના સ્થિતિ અને રસબંધમાં અપવર્તના કરતા રહેવું જોઈએ; કે જેથી તે કર્મ જ્યારે પણ ઉદયમાં આવે, તે વખતે આત્માને નવીન તીવ્ર કષાય પરિણામ કરવા મજબુર બનાવી શકે નહિ, આ રીતે નવીન કર્મબંધના મુખ્ય હેતુભૂત રાગ-દ્વેષાદિ મોહનીય કર્મના પંજામાંથી છૂટેલો આત્મા જન્મ-મરણ રહિત મોક્ષ સુખનો સ્વામી બને છે. આ માટે કહ્યું છે કે—

"पुव्वीं रागाईया विभावा सव्वओ विभजिज्जा ।
पच्छा दव्वाकम्मा सव्व विभिण्णो निओ अप्पा" ॥

અર્થ:—બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરીને, પ્રથમ તો આત્માએ-રાગ-દ્વેષાદિ ભાવ કર્મથી પોતાના આત્માને સર્વથા અળગો કરવો જોઇએ, તે પછી જ રાગ-દ્વેષાદિથી સર્વથા મુક્ત થયેલ કેવળજ્ઞાનીઓ અંતે સર્વ દ્રવ્યકર્મથી મુક્ત થઈ મોક્ષે જાય છે.

૧૯. પ્રશ્ન:—આત્મદર્શી આત્માને આત્માર્થ સાધક અધ્યાત્મભાવની પ્રાપ્તિ કેવી રીતે થાય?

૧૯. ઉત્તર:—પરમપૂજ્ય અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજીએ જણાવ્યું છે કે—

"નિજ સ્વરૂપ જે કિરિયા સાધે,
તેહ અધ્યાતમ કહીયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે,
તે ન અધ્યાતમ લહીયે રે."

અર્થ:—પ્રથમ તો ભવાભિનંદિપણે કરેલી ધર્મ-ક્રિયાઓ, સંસારને વધારનારી જાણવી જોઇએ. અને કર્મથી અવરાએલા આત્માના જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરનાર, જ્ઞાનાચારાદિ પંચાચારમાં, આત્માર્થ સાધકતા સ્થાપવી જોઈએ, તે પછી જે આત્મા વિષય-કષાયથી વિમુક્ત થઇને, આત્મ પરિણામને શુદ્ધ કરીને, આત્મભાવમાં સ્થિરતા પ્રાપ્ત કરે છે, તેને શુદ્ધ અધ્યાત્મભાવનો અનુભવ હોય છે, એમ જાણવું. અન્યથા આત્માર્થ-શૂન્ય, કેવળ શુભાશુભ યોગ પ્રવૃત્તિ-નિવૃત્તિમાં આસક્ત આત્માને, અધ્યાત્મભાવ હોતો નથી.

ઉપર જણાવ્યા મુજબ આત્મ-સ્વરૂપની સાધક-બાધક-દશાને, યથાર્થ સમજાવનારી "**ક્રિયાએ કર્મ, પરિણામે બંધ અને ઉપયોગે ધર્મ**" આ ત્રિપદીને, ગીતાર્થ ગુરુ-ભગવંત પાસેથી યથાર્થ-અવિરૂદ્ધ સ્વરૂપે જાણી લેવી જરૂરી છે; કેમકે સંસારી આત્માઓને શુભાશુભ યોગક્રિયા થકી પરિણામાનુસારે, પ્રત્યેક સમયે પુણ્યબંધ તેમજ પાપ-બંધ અવશ્ય થાય છે. તે સાથે શુદ્ધ ઉપયોગરૂપ આત્મ-શુદ્ધિએ, ઉત્તમ આત્માઓને પૂર્વે બાંધેલા કર્મોમાંથી વિશેષ

રૂપથી-સકામ નિર્જરા કરવા થકી આત્મગુણોનો આવિર્ભાવ પણ થાય છે.

આ સંબંધે કહ્યું છે કે:—

"ધર્મ શુદ્ધ ઉપયોગ સ્વભાવ,
પુણ્ય-પાપ શુભ-અશુભ વિભાવ;
ધર્મ હેતુ વ્યવહાર જ ધર્મ,
નિજ સ્વભાવ પરિણતિનો મર્મ."

તેમજ વળી સંસારી આત્માઓ યોગ સહિત ત્રણ, ચાર કે પાંચ ભાવમાં પરિણામ પામતા હોવાથી, યોગ-પ્રવૃત્તિ-સંબંધે સ્પષ્ટ કહ્યું છે કે:—

"શુભ યોગે દ્રવ્ય આશ્રવ થાય,
નિજ પરિણામ ન ધર્મ હણાય;
યાવત્ યોગ ક્રિયા નહિ થંભી,
તાવત્ જીવ છે યોગારંભી."

શાસ્ત્રમાં શુભયોગથી પુણ્યકર્મ બંધાય છે એમ જણાવવા સાથે, વળી મોક્ષ-પુરૂષાર્થી આત્માઓ માટે, બાહ્યયોગ પ્રવૃત્તિઓથી યથાશક્તિ અળગા થવા સંબંધે પણ કહ્યું છે કે:—

"ભાવ અયોગી કરણ રૂચી,
મુનિવર ગુપ્તિ ધરંત;

જઈ ગુપ્તે ન રહી શકે,—
તો, સમિતે વિચરંત."

૨૦. પ્રશ્ન:—દૃષ્ટાદૃષ્ટ આ સમસ્ત જગતના તમામ દ્રવ્યોમાં જે અનેકવિધ ચિત્ર-વિચિત્ર પરિણામીપણું છે તે કોઈ નિયત સ્વરૂપે જ થાય છે કે અનિયત સ્વરૂપે એટલે કે નિયમ-રહિતપણે થાય છે?

૨૦. ઉત્તર:—પૂર્વે જણાવ્યા મુજબ અનાદિ-અનંત ઉત્પાદ્-વ્યય-ધ્રુવ પરિણામી જે પંચાસ્તિકાયમય આ જગત છે તેમાં પ્રત્યેક દ્રવ્યો નિયત-એટલે કે પોત-પોતાના સ્વ-સ્વભાવમાં પારિણામિક ભાવે તો નિરંતર પરિણામ પામતા હોય છે, તેમજ કોઈ પણ દ્રવ્ય, પોતાનું મૂળ સ્વરૂપ છોડીને, ક્યારેય કોઈ પણ અન્ય દ્રવ્યના કોઈ પણ પરિણામમાં પરિણામ પામતું નથી, આમ છતાં વ્યવહારથી, જીવદ્રવ્યને અને પુદ્ગલ દ્રવ્યને પર સંયોગે પર પરિણામી પણું હોવાથી. આ સમસ્ત જગતમાં જીવ-અજીવ દ્રવ્યોમાં જે-જે ચિત્ર-વિચિત્ર પરિણામો થતા જોવાય છે તે બધાએ સહેતુક જાણવા કેમકે કોઈ પણ ભાવ યાને કાર્ય પરિણામ સદ્બોધ-હેતુતા કારણ રહિત હોતો નથી. અર્થાત સમસ્ત ભાવો-કાર્ય-કારણતા સાપેક્ષ હોય છે.

૨૧. પ્રશ્ન:—સ્વતંત્ર દ્રવ્ય એટલે શું?

૨૧. ઉત્તર:—જીવાદિ પ્રત્યેક દ્રવ્યમાં પોત-પોતાના મૂળભૂત અનેક ગુણોની ત્રિકાલિક સત્તાથી યુક્ત ત્રિવિધ

પરિણામી પણું હોય છે. તે થકી તે-તે સ્વતંત્ર દ્રવ્યો છે. આ માટે કહ્યું છે કે-"गुणपर्याय वद् द्रव्यम्" તેમજ વળી પ્રત્યેક દ્રવ્યોમાં, ભિન્નાભિન્ન અનેક ધર્મમાં પરિણામી જે-જે અનેક ગુણો છે. તે પણ પોત-પોતાના (એક) દ્રવ્યને આશ્રીને જ રહેલા હોય છે, એમ જાણવું. આ માટે કહ્યું છે કે-"द्रव्याश्रया निर्गुणा गुणाः" તેમજ વળી કાળાદિ ભેદે તે-તે પ્રત્યેક ગુણોના, જે ત્રિવિધ પરિણામો છે તેને તે-તે દ્રવ્યના વિવિધ ભાવ-પરિણામો યાને પર્યાયો જાણવા. કેમકે ઉપર જણાવ્યા મુજબ દ્રવ્ય પોતાના સમસ્ત ગુણ-પર્યાય યુક્ત હોય છે. તેમાં કથચિત્ અશુદ્ધ વ્યવહારથી જીવમાં પુદ્ગલ સંયોગે દેહાદિ તેમજ ક્રોધાદિ પર્યાયની જે વિશેષતા જણાય છે તે કર્મજન્ય સહેતુક ઉભય-દ્રવ્યનો ભાવ એટલે પર્યાય છે એમ જાણવું. ઉપરની હકીકતથી સ્પષ્ટ-સમજાશે કે પંચાસ્તિકાય મય જગતના પ્રત્યેક દ્રવ્યના મૂળભૂત જે-જે ગુણો છે તે અનુસારે, તેઓમાં નિરંતર જે-જે વિવિધ પરિણામો થાય છે તેને તો તે-તે પ્રત્યેક દ્રવ્યોના શુદ્ધ ગુણ-પરિણમન ભાવો યાને શુદ્ધ પર્યાય પરિ-ણામો જાણવા. આ માટે કહ્યું છે કે-"तद्भावः परिणामः" દ્રવ્ય-ગુણ પર્યાય સંબંધે ત્રિવિધ વિશેષથી શાસ્ત્રમાં પણ-સ્પષ્ટ કહ્યું છે કે—

"गुणाण मासओ दव्वं, एग दव्वस्सिआ गुणा;
लक्खणं पज्जवाणं तु, उभओ अस्सिआभवे"

ગુણોના સમુદાયનો આધાર તે દ્રવ્ય, ગુણો એક દ્રવ્યનો આશ્રય કરે છે, જ્યારે પર્યાય તો-ઉભય દ્રવ્ય-ગુણને આશ્રયી પણ હોય છે.

૨૩. પ્રશ્ન:—જો આ જગત નિયત અને અનિયત એમ બંને ભાવોમાં પરિણામ પામી રહેલ છે એમ કહેશો તો પછી ઇષ્ટાનિષ્ટ ધર્મ-અધર્મના શુદ્ધાશુદ્ધ ભાવો સંબંધી કોઈ વિવેક કરવાની જરૂરત જ નહિ રહે?

૨૩, ઉત્તર:—આત્માને જો પરમશુદ્ધ, અનંત, શાશ્વત સુખનો સ્વામી બનાવવો હોય, તો કાળ-સ્વભાવ-નિયતિ-પૂર્વકૃત કર્મ, અને પુરૂષાર્થ એ પાંચે કારણોનો યથાતથ્ય ભાવે સમવાય કરવો જરૂરી છે. કેમકે કાર્ય, યથા-તથ્ય કારણને આધીન હોય છે. આથી આત્મશુદ્ધિ માટે ધર્મપુરૂષાર્થ તેમજ મોક્ષ પુરૂષાર્થમાં આત્માને જોડયા સિવાય આત્માનો મોક્ષ થતો નથી; અને આત્મશુદ્ધિ માટેનો સાચો પુરુષાર્થ તો નિયતિ કારણ-તે સમ્યક્ત્વ હોતે છતે હોય છે, અન્યથા આત્મશુદ્ધિ થતી નથી. તેમજ આત્મરક્ષણતા સહિત આત્મ-શુદ્ધિ કરવાનો જે આત્મામાં સ્વભાવ જ ન હોય, તેવો અભવ્ય આત્મા પણ આત્મશુદ્ધિ કરી શકતો નથી: તેમજ વળી કાળ દ્રવ્યની કારણતા તો પ્રત્યેક આત્મદ્રવ્યોના યથાતથ્ય પર્યાયમાં, ઉપચાર કરવા રૂપે યોજવાની છે. પરંતુ આત્મ કર્તૃત્વ ભાવે સકામ નિર્જરાએ કર્મક્ષય કરતો થતો જે

કોઇ ઉત્તમ-આત્મા ક્ષપકશ્રેણી ઉપર ચઢીને ચારે આત્મગુણઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરે છે, અને કેવળજ્ઞાનાદિ અનંત-આત્મિક ગુણોને ક્ષાયિકભાવે પ્રાપ્ત કરે છે, તે આત્મા મોક્ષપદ મેળવવાનો અધિકારી બને છે. અન્યથા આત્માને કર્માનુસારે જન્મ-મરણ કરવા જ પડે છે. આથી સ્પષ્ટ સમજાશે કે પાંચ સમવાય કારણોમાં પણ આત્માર્થે આત્મ પુરૂષાર્થ મુખ્ય છે. આથી સ્પષ્ટ સમજાશે કે નિયત-અનિયત બંને ભાવોને યથાર્થ જાણનાર આત્મા જ સાચો વિવેકી હોઇ શકે છે.

૨૪. પ્રશ્નઃ—જેમ જૈનો પોતાના દેવ-ગુરૂની પૂજા-ભક્તિ કરે છે, તેમ અન્ય ધર્મીઓ પણ પોત-પોતાના દેવ-ગુરૂની પૂજા-ભક્તિ કરે છે, તો તેમાં તાત્ત્વિક ભેદ શું છે?

૨૪. ઉત્તરઃ—અન્યધર્મીઓ પોતાના દેવને, પોતાને ઇષ્ટ સાંસારિક સુખના આપનારા અને દુઃખોને દૂર કરનારા માનતા હોઈ, તેમને પ્રસન્ન કરવા માટે તેમની પૂજા-ભક્તિ કરે છે. જ્યારે જૈનો પોતાના દેવને શ્રી વીતરાગ અને સર્વજ્ઞ તેમજ સર્વદર્શી માનતા હોઈ, પોતાના આત્માને વીતરાગ બનાવવા માટે, તેમના આલંબનની ઉપકારકતા જાણીને, શ્રી વીતરાગ પરમાત્માઓની ચારે નિક્ષેપથી પૂજા-ભક્તિ કરે છે. તેમજ દેવપદની પ્રાપ્તિ માટે મુખ્યતયા તો શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાનું પાલન ઉપકારક થતું હોઈ, શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાને અવિરૂદ્ધપણે પાળનાર અને પળાવનાર સુગુરૂઓની પણ પૂજા-ભક્તિ કરે

છે. અન્યથા લૌકિક તેમજ લોકોત્તર દેવગત, ગુરૂગત કે પર્વગત મિથ્યાત્વની કરણીને હેય સમજે છે.

૨૫. પ્રશ્ન:—આ સમસ્ત જગત અભિન્ન પરિણામી છે કે ભિન્ન પરિણામી છે?

૨૫. ઉત્તર:—પ્રત્યેક દ્રવ્યને સ્વ-પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિમાં એકાધારત્વે અગુરૂ-લઘુધર્મે, કથંચિત્ અભિન્ન પરિણામે અભિન્ન પરિણામીપણું જાણવું. તેમજ સ્વ-પર અગુરૂ-લઘુ તેમજ ગુરૂ-લઘુધર્મે ભિન્ન-ભિન્ન પરિણામે ભિન્ન પરિણામીપણું પણ છે. આથી સ્પષ્ટ સમજાશે કે પ્રત્યેક દ્રવ્ય સ્વતઃ તેમજ પરતઃ પરિણામીપણું હોઈ, કથંચિત્ ભિન્ન તેમજ કથંચિત્ અભિન્ન પરિણામી પણું છે.

૨૬. પ્રશ્નઃ—આત્મા સ્વ-સ્વરૂપનો કર્તા-ભોક્તા છે કે પર-સ્વરૂપનો પણ કર્તા-ભોક્તા છે?

૨૬. ઉત્તર:—શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા સ્વગુણ-પર્યાયરામી છે અને અશુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ કર્મસંયોગી ભાવે પર સ્વરૂપનો કર્તા-ભોક્તા પણ છે. આ માટે કહ્યું છે કે—

"आया सहावनाणी, भोई रमई वि वत्थुधम्मंमि;
सो उत्तमो अप्पा, अवरे भवसूयरा जीवा"

૨૭. પ્રશ્નઃ—દૃષ્ટિ એવી સૃષ્ટિ છે કે સૃષ્ટિ એવી દૃષ્ટિ હોવી જોઈએ?

૨૭. **ઉત્તર**:—સૃષ્ટિ એટલે અનાદિ-અનંત ષડ્-દ્રવ્યાત્મક ઉત્પાદ વ્યય-ધ્રુવ ધર્માત્મક સકળ જ્ઞેય ભાવોને સ્વ-સ્વદૃષ્ટિ વિશેષે જ્ઞાતા એવો પ્રત્યેક આત્મા, પોત-પોતાની શુદ્ધાશુદ્ધ એકાંત યા અનેકાંતદૃષ્ટિ અનુસારે જાણે છે, એટલે પદાર્થ તો અનંત ધર્માત્મક હોવા છતાં જ્ઞાતાની દૃષ્ટિ અનુસારે એટલે જ્ઞાનાવરણીય તેમજ મોહનીય કર્મના ક્ષયોપશમાનુસારે જ્ઞાતાને સમ્યગ્ યા મિથ્યા બોધ થાય છે. પરંતુ પૂર્ણજ્ઞાનીને પૂર્ણ બોધ હોવાથી, દૃષ્ટિ અને સૃષ્ટિમાં કોઈ વિસંવાદિતા હોતી નથી એમ જાણવું. વળી દૃષ્ટિ વિશેષને વિશેષથી જાણવાની ઈચ્છાવાળાએ "**દૃષ્ટિવાદ**" પુસ્તિકા જોઈ લેવી. આ માટે કહ્યું છે કે—

"ऐन्द्र श्रीसुखमग्नेन, लीलालयमिवाखिलम् ।
सच्चिदानंद पूर्णेन, पूर्णं जगद् वक्ष्यते ॥ १ ॥

૨૮. **પ્રશ્ન**:—અનંત ધર્માત્મક કોઈ પણ પદાર્થને કે તેના કોઈ પણ ભાવ (પરિણામ)ને પ્રત્યેક આત્મા પોત-પોતાની દૃષ્ટિએ જુએ તો તેમાં ખોટું શું છે?

૨૮. **ઉત્તર**:—જેમ રોગીને કુપથ્ય ભોજન વધુ ઇષ્ટ હોય છે તેમ મિથ્યાદૃષ્ટિ આત્માને સુખની ઈચ્છાએ પણ દુઃખના કારણોને સેવવામાં આનંદ આવતો હોય છે. અને તેથી સુખને ઝંખતો રહી દુઃખોની પરંપરાને પ્રાપ્ત કરતો રહે છે. તે માટે પરમ શાશ્વત સુખની પ્રાપ્તિની ઇચ્છાવાળાએ. પ્રથમ તો તે માટેના સાચા કારણો જાણીને. પછી તેનો નિઃશંકભાવે આદર કરવો જરૂરી છે.

૨૯. પ્રશ્ન:—સ્યાદ્-સ્વરૂપી બોધમાં નિઃશંકતા, દઢતા કે પ્રણિધાનસ્વરૂપ એકાગ્રતા કેવી રીતે આવી શકે?

૨૯. ઉત્તર:—પરિણામી જગત પ્રત્યેક સમયે-સમયે ઉત્પાદ્-વ્યય-ધ્રુવાત્મક ભાવમાં પરિણામ પામતું રહે છે. એટલે સમસ્ત પદાર્થો નિરંતર ત્રિવિધ ભાવમાં પરિણામ પામતાં હોય છે. તેમ છતાં પ્રત્યેક પરિણમનને નિર્હેતુક નહિ સમજતાં, તેને પૂર્વાપર જે-જે સ્વરૂપે સ્યાદ્-સાપેક્ષ, સ્વ-પરભાવે યથાર્થ કાર્ય-કારણતા છે. તેને યથાર્થ અવિરુદ્ધ જાણવા થકી જ નિઃશંકતા,-દઢતા અને સ્થિરતા વડે ઇષ્ટાર્થ કાર્યસિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. અન્યથા ઉન્માર્ગે પ્રવર્તન કરવાથી ઇષ્ટાર્થ કાર્યસિદ્ધિ પ્રાપ્ત કરી શકાય નહિ. આ માટે કહ્યું છે કે—

જે-જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;
મિલતા કારણ નિપજે રે, કર્તા તણે પ્રયોગ.

૩૦. પ્રશ્ન:—પ્રત્યેક આત્માએ પોત-પોતાના ઇષ્ટાર્થે પોત-પોતાને અનુકુળ પ્રયત્ન કરવો જોઇએ કે દેખાદેખી યા તો અન્ય કોઈના કહ્યા મુજબ પ્રયત્ન કરવો જોઇએ?

૩૦. ઉત્તર:—ઈષ્ટાર્થ સિદ્ધિ તો ઈષ્ટાર્થને અનુરૂપ પુરુષાર્થ થકી હોય, તે માટે પૂર્વે જણાવ્યા મુજબ પાંચે કારણોનો સમવાય જરૂરી છે. અન્યથા ઈષ્ટાર્થ સિદ્ધિ ન હોય. આ માટે કહ્યું છે કે—

"कालो सहा नियई, पुव्वकयं पुरुषकारिणे पंच।
समवाये सम्मत्तं, एगंते होइ मिच्छत्तं" ॥

૩૧. પ્રશ્ન :—શું પુરૂષાર્થ નિષ્ફળ હોઈ શકે ?

૩૧. ઉત્તર:—કોઇ પણ પ્રકારની ક્રિયા (પુરૂષાર્થ) સંપૂર્ણ નિષ્ફળ તો (યાને વાંઝણી) હોતી નથી જ, પરંતુ ઉપર જણાવ્યા મુજબ ઈષ્ટાર્થને અનુરૂપ પુરૂષાર્થ વડે જ ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. અન્યથા વિપરિત પુરૂષાર્થનું વિપરિત ફળ પણ હોય છે. આ માટે કહ્યું છે કે—

"जे परभावे रत्ता, मत्ता विषयेषु पाप बहुलेषु।
आशापास निबद्धा, भमइ चउगई महारण्णे ॥

૩૨. પ્રશ્ન :—પંચાચારની પ્રવૃત્તિથી આત્મશુદ્ધિ કેવી રીતે થાય ?

૩૨. ઉત્તર :—પ્રથમ તો પાપાચારની નિવૃત્તિ સાપેક્ષ, તેમજ, પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ એ પાંચ શુદ્ધ આશયથી પરિવરેલી, પંચાચારરૂપ યોગપ્રવૃત્તિને, આત્મશુદ્ધિનું અંગ માનવું જોઇએ. કેમકે પંચાચારમાં શાસ્ત્ર નિર્દિષ્ટ (૩૯) અતિચાર રહિતપણે આત્મગુણોની આરાધના કરવા રૂપ–ઉપયોગ શુદ્ધિ વડે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય અને અંતરાય કર્મનો જેમ જેમ ક્ષય થતો જાય છે; તેમ તેમ આત્મગુણોનો આવિર્ભાવ થાય છે. તે સાથે

શુભયોગ–પ્રવૃત્તિ વડે વિશુદ્ધ પુણ્યબંધ પણ થાય છે. અન્યથા યોગ પ્રવૃત્તિ યા નિવૃત્તિ સંસાર હેતુક જાણવી.

૩૩. **પ્રશ્ન** :—શું આત્મશુદ્ધિની યોગક્રિયા અને સંસાર પરિભ્રમણ કરાવનારી યોયક્રિયા ભિન્ન–ભિન્ન છે?

શાસ્ત્રમાં તો સ્પષ્ટપણે કહ્યું છે કે—

**"मोक्षेण योजनात् योगः सर्वोप्याचार ईष्यते"**

**અર્થ** :—આત્માને કર્મના બંધનથી મુક્ત કરાવનાર, તમામ પ્રકારનો યોગ યાને આચાર ઉત્તમ આત્માઓએ ઉપાદેય સ્વીકારેલો છે.

૩૩. **ઉત્તર** :—શાસ્ત્રમાં તો **"सम्यग्–दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः"** એ સૂત્રથી સ્પષ્ટપણે જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ આત્મિકગુણોને પ્રાપ્ત કરાવનાર સમસ્ત પંચાચારની પ્રવૃત્તિને મુખ્યપણે મોક્ષનું કારણ જણાવેલ છે. કેમકે વ્યવહારથી પંચાચારની પ્રવૃત્તિ વડે જેમ જેમ કર્મોનો ક્ષય થતો જાય છે તેમ તેમ આત્મિક ગુણોનો આવિર્ભાવ થાય છે. અને **"कृत्स्न कर्मक्षयो मोक्षः"** એ સૂત્રથી સંપૂર્ણભાવે કર્મોનો ક્ષય કરવા થકી જ આત્માને મોક્ષ પ્રાપ્ત થાય છે, એમ જાણવું.

૩૪. **પ્રશ્ન** :—આત્મિક ગુણો વડે કર્મનો ક્ષય થાય છે કે કર્મનો ક્ષય થયા પછી આત્મિક ગુણોનો આવિર્ભાવ પ્રાપ્ત થાય છે?

**૩૪. ઉત્તર :**—શ્રી જિનશાસનને વિષે દ્રવ્ય-ભાવ સાપેક્ષ નિશ્ચય અને વ્યવહાર બંને દૃષ્ટિએ યથાતથ્યભાવે આત્મારાધન કરવાનું જણાવેલ છે. એકનો પણ અપલાપ કરવાથી મિથ્યાદૃષ્ટિપણું પ્રાપ્ત થાય છે. અને તે થકી વિરાધકતા પ્રાપ્ત થાય છે એમ જણાવેલ છે. તે માટે પ્રથમ આત્મશુદ્ધિની ઈચ્છારૂપ શુદ્ધ નિશ્ચય દૃષ્ટિએ વ્યવહારથી પંચાચારની પ્રવૃત્તિરૂપ ક્રિયાવડે જેમ જેમ કર્મોનો ક્ષય થતો જાય છે, તેમ-તેમ તત્ત્વતઃ નિશ્ચયસ્વરૂપ આત્મા શુદ્ધ થતો જાય છે. આ રીતે જે-જે અંશે નિશ્ચયથી આત્મશુદ્ધિ પ્રાપ્ત થયેલ હોય છે, તે શુદ્ધ-ક્ષાયોપશમિક ભાવ થકી વળી વિશેષ શુદ્ધિયુક્ત એટલે અતિચાર રહિત, ત્રીજા સ્થિરતા યોગ થકી પ્રાપ્ત ચોથો સિદ્ધિયોગ, તે સર્વ કર્મના ક્ષયનું કારણ જાણવો. આ રીતે નિશ્ચય શુદ્ધ સ્વરૂપ પણ પૂર્વાપરભાવે કાર્ય-કારણ ઉભય-રૂપ છે. આ સાથે દ્રવ્ય-ભાવ નયની દૃષ્ટિએ દ્રવ્ય તે કારણ છે અને ભાવ તે કાર્ય છે. એમ જાણીને આત્મ શુધ્યર્થે નિશ્ચય-વ્યવહાર બંનેનું સાધ્ય-સાધન દાવમાં યથાર્થ આયોજન કરવું જરૂરી છે.

**૩૫. પ્રશ્ન :**—પંચાચારની પ્રવૃત્તિ સાવદ્ય છે કે નિરવદ્ય ?

**૩૫. ઉત્તર :**—કોઇ પણ યોગ પ્રવૃત્તિ સર્વથા સાવદ્ય કે સર્વથા નિરવદ્ય હોઈ શકે નહિ. શાસ્ત્રમાં વ્યવહારથી સાવદ્ય યોગના પરિહારપૂર્વક આત્મશુદ્ધિ અર્થે કરાયેલી પંચાચારની પ્રવૃત્તિને આત્મોપકારી જણાવી છે.

કેમકે આત્મશુદ્ધિ કરવા રૂપ-નિશ્ચય શુદ્ધ દૃષ્ટિએ કરાતી, સમસ્ત વ્યવહાર પ્રવૃત્તિ વડે નિશ્ચય શુદ્ધાત્મ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

આ માટે કહ્યું છે કે:—

"નિશ્ચય દૃષ્ટિ ચિત્ત ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર."

આ સંબંધે શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે:—

"आसवा ते परिसवा, परिसवा ते आसवा"

એટલે દ્રવ્યથી આશ્રવની કરણી તે ભાવથી સંવરરૂપ પણ હોઈ શકે છે. અને દ્રવ્યથી સંવરની કરણી તે ભાવથી આશ્રવરૂપ પણ હોઈ શકે છે.

આ માટે સમસ્ત વ્યવહાર સંબંધે કહ્યું છે કે:-

"जिनैर्नानुमतं किंचित्, निषिद्धं वा न सर्वथा ।
कार्ये भाव्यमिदं मेने-त्वेषाज्ञा पारमेश्वरी ॥ १ ॥

શ્રી જીનેશ્વર ભગવંતોએ કોઇ પણ વ્યવહારને એકાંતે આદરવા યોગ્ય તેમજ એકાંતે ત્યાગ કરવા યોગ્ય કહ્યો નથી, પરંતુ ઇષ્ટાર્થ-કાર્ય સિદ્ધયર્થે, નિર્દંભભાવે કાર્ય-કારણભાવની યોજના કરવાથી કાર્ય-સિદ્ધિ પ્રાપ્ત થાય છે એમ જણાવ્યુ છે.

આમ છતાં કેટલાક શુદ્ધ વ્યવહાર પાક્ષિક આચાર્યો,

કૃતકૃત્ય અને શુદ્ધ કેવળ ઉપયોગે પ્રવર્તતા એવા શ્રી કેવળી ભગવંતોના જીવન સંબંધે પણ યદ્વા-તદ્વા જણાવીને, કેવળી પરમાત્માઓની આશાતના કરી રહ્યા છે: તેમનાથી ત્રિવિધે-ત્રિવિધે અળગા-રહેવું જરૂરી છે. આ માટે કહ્યું છે કે:-

"बहुगुण विज्जानिलओ, उस्सुत्तभासी तहावि मुत्तव्वो।
जह पवरमणिजुत्तो, विग्घकरो विसधरो लोए" ॥१॥

૩૬. પ્રશ્ન :--શ્રી જિનશાસનને વિષે મિથ્યાદષ્ટિની ધર્મક્રિયાને સંસારહેતુક જણાવી છે અને સમ્યગ્દષ્ટિની ધર્મક્રિયાને મોક્ષહેતુક જણાવી છે, તો તે બંને ક્રિયામાં તાત્ત્વિક ફરક શું છે?

૩૬. ઉત્તર:—શ્રી જિનશાસનને વિષે સમ્યગ્દષ્ટિ આત્મામાં પ્રથમ તો નિશ્ચય-વ્યવહાર સ્વરૂપે, શુદ્ધ-અશુદ્ધ, દેવ-ગુરુ-ધર્મતત્ત્વ સંબંધે, સ્યાદ્વાદ દૃષ્ટિ થકી, યથાર્થ હેયોપાદેય બુદ્ધિએ, સમ્યક્‌પણું હોય છે. આ માટે કહ્યું છે કે:

"सम्मदिट्ठिस्स सम्म सूयं, मिच्छदिट्ठिस्स मिच्छ सूयं"

આ માટે સર્વત્ર જ્ઞાતા-જ્ઞેય અને જ્ઞાન સ્વરૂપી ત્રિપદીનો યથાર્થ સ્વીકાર કરવા વડે, સમ્યગ્દષ્ટિ આત્માઓ, સાધક-બાધક ભાવની ક્રિયા પ્રતિ યથાર્થ ભેદ કરનાર બોધ સ્વરૂપમાં, સૂત્ર-અર્થ અને તદુભય એ ત્રણે ભાવોને, યથાર્થ અવિરુદ્ધ યોજે છે. તે માટે તેઓને મોક્ષમાર્ગના આરાધક જાણવા. અન્યથા, નિશ્ચયદષ્ટિ રહિત ભવહેતુક શુભાશુભ ક્રિયાઓ તો પ્રત્યેક જીવો નિરંતર કરે જ છે, અને તેના શુભાશુભ

ફળો, સંસારમાં પ્રત્યક્ષ ભોગવે પણ છે, શ્રી જિનશાસનને વિષે પણ, કેટલાક એકલા સૂત્રને જ માનનારા પણ હોય છે, કેટલાક એકલા અર્થને જ માનનારા પણ હોય છે, અને કેટલાક વળી કેવળ ભવ-મોચક પરિણામી યાને કેવળ ઇન્દ્રિયજન્ય સુખ-દુઃખરૂપ મિથ્યા-અનુભવને આધારે પ્રવર્તન કરનાર પણ હોય છે. તે તમામને પંચવિધ મિથ્યાદષ્ટિ જાણવા; જ્યારે સર્વત્ર સૂત્ર-અર્થ અને તદુભયને અવિરૂદ્ધ -પણે યોજનારાઓની ક્રિયાને, સમ્યગ્દષ્ટિની ક્રિયા જાણવી. આ માટે પ્રાતઃ સ્મરણીય, પરમપૂજ્ય આધ્યાત્મ યોગીરાજ શ્રી આનંદઘનજીએ જણાવ્યું છે કે :—

"ચૂર્ણિ[૧]-ભાષ્ય[૨]-સૂત્ર[૩]-નિર્યુક્તિ[૪],
વૃત્તિ[૫]-પરંપર[૬] અનુભવ[૭] રે;
સમય પુરૂષના અંગ કહ્યાં એ,
જે છેદે તે દુર્ભવ્ય રે.

તેમજ વળી પણ કહ્યું છે કે :—

"ષડ્ દર્શન જિન અંગ ભણીજે,
ન્યાસ ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક,
ષડ્દર્શન આરાધે રે.

**૩૭. પ્રશ્ન** :—આત્માને યથાર્થ સ્વરૂપે કેવી રીતે ઓળખી શકાય?

**૩૭. ઉત્તર** :—મિથ્યાદૃષ્ટિ આત્માને ઇન્દ્રિય પ્રત્યક્ષ-પરોક્ષ જ્ઞાનભાવથી, જ્ઞાન ચેતના-કર્મ ચેતના તેમજ કર્મફળ ચેતના એ ત્રિવિધ લિંગ વડે લિંગી એવો આત્મા કેવળ સ્વ-પર દેહાદિભાવમાં જ ગમ્ય થાય છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ આત્માઓને, શાસ્ત્રાનુસારી ષટ્સ્થાન સ્વરૂપ સંબંધે પોતાનો આત્મા, નિઃશંકભાવે શ્રદ્ધાગમ્ય હોઈ-તેઓમાં મોક્ષની રૂચિ પ્રગટેલી હોય છે, તેમજ વળી સમ્યક્શ્રુતજ્ઞાનીને સ્વ-સ્વ ક્ષાયોપશમિક શ્રુતાનુસારે સ્વ—પર આત્માઓના, શુદ્ધાશુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપનું યથાર્થભાસન ગોચરપણું હોય છે, તે સાથે વળી ભાવવિરતિધરને-તો, પોતાનો આત્મા શુદ્ધ અનુભવ પ્રમાણથી પણ ગમ્ય હોય છે. અને સર્વે કેવળી પરમાત્માઓને-તો સર્વદ્રવ્ય ગુણ પર્યાય સહિત, સમસ્ત જગત યથાર્થ અવિરૂદ્ધભાવે પ્રત્યક્ષ ગમ્ય હોય છે.

**૩૮. પ્રશ્ન** :—મિથ્યાદૃષ્ટિ આત્મા શું આત્મશુદ્ધિ કરી શકતો જ નથી?

**૩૮. ઉત્તર** :—વ્યવહારનય દૃષ્ટિએ આત્મા પણ અશુદ્ધ-વ્યવહારનો (પાપસ્થાનકની કરણીનો) ત્યાગ કરી શુદ્ધ વ્યવહારના આલંબનવડે, આત્મશુદ્ધિના ઉપયોગે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. જ્યારે નિશ્ચયદૃષ્ટિએ તો સમ્યગ્દૃષ્ટિ આત્મા સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે એમ શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલ

છે. એટલે કે સમ્યગ્ભાવથકી આત્મા સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે એમ જાણવું. સમ્યગ્દષ્ટિ આત્મા સકામ નિર્જરા કરતો થકો, એટલે ચારે ગુણઘાતી કર્મોની સવિશેષ નિર્જરા કરતો થતો, અવશ્ય કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે જાય છે, જ્યારે આત્મશુદ્ધિના ઉપયોગ શૂન્ય મિથ્યાદષ્ટિ આત્મા, કેવળ વ્યવહાર શુદ્ધિના બળથકી અકામ-નિર્જરાવડે સંસારમાં કેવળ અલ્પકાળ માટે ઉચ્ચ-ઉચ્ચતર સ્થાન સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ આત્મશુદ્ધિના ઉપયોગ વિના આત્મ-શુદ્ધિ થઇ શકે નહિ કેમ કે શાસ્ત્રમાં "उपयोगे धर्मः" એમ સ્પષ્ટ જણાવ્યું છે.

૩૯. **પ્રશ્ન** :—અનેક ધર્માત્મક પદાર્થને કોઈ એક ધર્મથી જાણવો, તેમાં અસમ્યક્‌પણું કેવી રીતે ?

૩૯. **ઉત્તર** :—જો કે ઈષ્ટાર્થ સાધ્ય-સાધન દાવે યથાર્થ-તયા, કોઈ એક ધર્મને ગ્રહણ કરવા સાથે, અન્ય ધર્મોનો અપલાપ ન કરાયો હોય તો, તેને તે-તે નયસાપેક્ષ સમ્યગ્જ્ઞાન જાણવું. અન્યથા એકાંતપાક્ષિક જ્ઞાનને મિથ્યાજ્ઞાન સમજવું.

૪૦. **પ્રશ્ન** :—નયો કેટલા છે? અને પ્રત્યેક નય-દૃષ્ટિનું સ્વરૂપ શું છે ?

૪૦. **ઉત્તર** :—અનંતધર્માત્મક પદાર્થને ગ્રહણ કરવા માટે સામાન્યથી તો જેટલા વચનના પ્રકારો છે તેટલા નયો છે. આ માટે કહ્યું છે કે :–

"जावंता वयणप्पहा तावंता चेव नया विसुद्धाओ" ॥

તેમ છતાં પ્રયોજન સાપેક્ષ તેઓને સામાન્ય-વિશેષ નય-દૃષ્ટિએ બે-ત્રણ-ચાર-પાંચ-છ-સાત આદિ અનેક ભેદોમાં પણ સમાવી શકાય છે. **તે માટે કોઈ પણ એકજ નયદૃષ્ટિને** એકાંતે શુદ્ધતા યા અશુદ્ધતા આપવી યુક્ત નથી આ માટે કહ્યું છે કે:-

निय निय वयणिज्ज सच्चा,
सव्वे णया पर वियालणे मोहा ।
ते पुण ण दिट्ठ समओ,
विन्नयई सच्चे व अलिए वा ॥

**સમ્મતિ કા૦ ૧ ગા-૨૮.**

તેમાં બે પ્રકારે (૧) દ્રવ્યાર્થિક નયદૃષ્ટિ (૨) પર્યાયાર્થિક નયદૃષ્ટિ.

તેમજ (૧) નિશ્ચયનયદૃષ્ટિ (૨) વ્યવહારનયદૃષ્ટિ.

તેમજ (૧) શુદ્ધતાગ્રાહક નયદૃષ્ટિ (૨) અશુદ્ધતા ગ્રાહક નયદૃષ્ટિ.

તેમજ (૧) સામાન્યતાગ્રાહક નયદૃષ્ટિ (૨) વિશેષતા ગ્રાહક નયદૃષ્ટિ.

તેમજ (૧) પ્રત્યક્ષપ્રમાણગ્રાહક નયદૃષ્ટિ (૨) પરોક્ષ-પ્રમાણગ્રાહક નયદૃષ્ટિ.

એમ અનેક દ્વિવિધ પ્રકારો જાણવા.

ત્રણ પ્રકારે-(૧) ઉત્પાદતાગ્રાહક નયદૃષ્ટિ. (૨) વ્યય-ગ્રાહક નયદૃષ્ટિ. (૩) ધ્રુવત્વ ગ્રાહક નયદૃષ્ટિ.

(૧) સચિત્તતા ગ્રાહક નયદૃષ્ટિ. (૨) અચિત્તતા ગ્રાહક-નયદૃષ્ટિ (૩) મિશ્રતા ગ્રાહક નયદૃષ્ટિ.

(૧) કર્મબંધ હેતુતાગ્રાહક નયદૃષ્ટિ (૨) કર્મનિર્જરા હેતુતાગ્રાહક નયદૃષ્ટિ (૩) બંધ-નિર્જરા રહિત પરિણામ ગ્રાહક નયદૃષ્ટિ. તેમજ જ્ઞાન[1] દર્શન[2] ચારિત્ર[3] ગ્રાહક નયદૃષ્ટિ.

તેમજ બહિરાત્મભાવ-અંતરાત્મભાવ તેમજ પરમાત્મભાવગ્રાહક નયદૃષ્ટિ. એમ અનેક પ્રકારે ત્રિવિધ ગ્રાહકતા જાણવી.

ચાર પ્રકારે-(૧) નામ ગ્રાહક નયદૃષ્ટિ (૨) સ્થાપના ગ્રાહક નયદૃષ્ટિ (૩) દ્રવ્યત્વગ્રાહક નયદૃષ્ટિ (૪) ભાવ (પરિણામ) ગ્રાહક નયદૃષ્ટિ.

તેમજ-(૧) સત્યતાગ્રાહક નયદૃષ્ટિ (૨) અસત્યતા ગ્રાહક નયદૃષ્ટિ (૩) સત્યાસત્યતાગ્રાહક નયદૃષ્ટિ (૪) અસત્ય-અમૃષાગ્રાહક નયદૃષ્ટિ, તેમજ સમસ્ત સંસારી જીવોની સકળ પ્રવૃત્તિમાં, ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચાર પ્રકારના પુરૂષાર્થગ્રાહક નયદૃષ્ટિ. તેમજ ચરણ-કરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગગ્રાહક-પ્રરૂપક નયદૃષ્ટિ.

તેમજ (૧) ગુરૂતાગ્રાહક નયદૃષ્ટિ (૨) લઘુતાગ્રાહક-નયદૃષ્ટિ. (૩) ગુરૂ-લઘુતાગ્રાહક નયદૃષ્ટિ (૪) અગુરૂ લઘુતા-ગ્રાહક નયદૃષ્ટિ. એમ અનેક પ્રકારે ચતુર્વિધ નયદૃષ્ટિઓ જાણવી.

**પાંચ પ્રકારે**-શ્રી તત્વાર્થ સૂત્રમાં જણાવ્યા મુજબ "નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર શબ્દનયા:" તેમજ શુદ્ધ સાધ્યભાવમાં પંચપરમેષ્ઠી પદ ગ્રાહક નયદૃષ્ટિ તેમજ શુદ્ધ સાધનતા-ગ્રાહક નયદૃષ્ટિમાં આત્માને વિષે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્યગુણની ક્ષયોપશમિક વિશેષતા-ગ્રાહક નયદૃષ્ટિ તેમજ ઉપર જણાવેલ પાંચ નયસાપેક્ષ ધર્મ-દૃષ્ટિએ (૧) સંયમધર્મગ્રાહક નયદૃષ્ટિ (૨) જયણાએ-ધમ્મો (૩) આણાએ-ધમ્મો (૪) ઉપયોગે ધર્મ : (૫) વત્થુસહાવો ધમ્મોગ્રાહક નયદૃષ્ટિ તેમજ યથા-તથ્ય સ્વરૂપે ૧-૪-૫-૬-૧૩ એ પાંચે ગુણસ્થાનકના ભિન્ન-ભિન્ન શુદ્ધાશુદ્ધ ક્રિયા-વ્યવહારને જાણવારૂપ પંચવિધ નયદૃષ્ટિ. એમ અનેક પ્રકારે પંચવિધ નયદૃષ્ટિ જાણવી.

**છ પ્રકારે**-(૧) સામાન્યતા ગ્રાહક સંગ્રહનયદૃષ્ટિ (૨) વિશેષતા ગ્રાહક વ્યવહારનયદૃષ્ટિ (૩) વર્તમાનસ્વરૂપ ગ્રાહક ઋજુસૂત્ર નયદૃષ્ટિ (૪) શબ્દાત્મક ભાવસ્વરૂપ ગ્રાહક શબ્દ-નયદૃષ્ટિ (૫) વિશિષ્ટ પર્યાય (ભાવ) સ્વરૂપ ગ્રાહક સમ-ભિરૂઢનયદૃષ્ટિ (૬) અર્થ ક્રિયા કારિત્વ ભાવગ્રાહક એવંભૂત નયદૃષ્ટિ. તેમજ વળી શુભાશુભ અનેકવિધ યોગ સ્વરૂપને [૧]કૃષ્ણ-[૨]નીલ-[૩]કાપોત-[૪]તેજો- [૫]પદ્મ-અને [૬]શુકલ એ છ

અન્યથા મૃષાભાષિતને સિદ્ધાંતનો વિરાધક જાણવો. ઐતિહાસિક દૃષ્ટિએ આગમો પ્રથમ તો ચારે અનુયોગમય હતા, પરંતુ આર્યરક્ષિતાચાર્યે ચારે અનુયોગને પૃથક્ કર્યા હોવા છતાં તે મુજબ નયદૃષ્ટિનો સમવતાર પણ હાલમાં લુપ્ત થયેલો હોવાથી દેવ–ગુરૂ–ધર્મ–તત્ત્વ સંબંધે અનેક પ્રકારનાં વિવાદોમાં જ મોટે ભાગે આત્માર્થી આત્માઓની ધર્મ–શક્તિનો દુર્વ્યય થતો દેખાય છે, તેનું પણ મુખ્ય કારણ તો શાસ્ત્રમાં જણાવ્યા મુજબ પ્રથમ તો શાસ્ત્રાભ્યાસ–યોગ્ય વ્યક્તિને શાસ્ત્રોનો નય–નિક્ષેપ–સાપેક્ષ અભ્યાસ કરાવવો જોઈએ, એ શાસ્ત્રવચનને મનસ્વીપણે બદલી નાંખીને વ્યવહારભાષી–ક્રિયાવાદી–અજ્ઞાની–પાખંડી કુગુરૂઓએ સૂત્રોનો અભ્યાસ કરવાની જ મનાઇ ફરમાવીને, પોતે કરેલા અર્થોને જ અનુસરવાનો આદેશ આપવાનું ઉચિત માન્યું છે, તે છે, આથી આત્માર્થી આત્માઓએ તો, " आचारो प्रथमो धर्मः " એ સૂત્રવચનને આધારે પણ સૌ પ્રથમ તો જ્ઞાનાચારને શાસ્ત્રાનુસારિતાએ અનુસરવું જરૂરી છે. આ માટે કહ્યું છે કેઃ–

" सुत्तट्ठो खलु पढमो, वीओ निज्जुत्ति मीसओ भणिओ ।
तईओ निरवसेसो, एसो विहि होइ अणुयोगो ॥ "

૪૧. પ્રશ્ન :—સમસ્ત જગતના પ્રત્યેક આત્મ–દ્રવ્યના, આત્મપરિણામને, ત્રિવિધ સ્વરૂપે, યાને ઉત્પાદ–વ્યય અને ધ્રુવાત્મક સ્વરૂપે જોતાં–તો અનવસ્થા આવશે તેનું શું ?

૪૧. ઉત્તર :—એ પણ સત્ય છે કે કોઈ પણ આત્મ-

તેમજ (૧) ગુરૂતાગ્રાહક નયદૃષ્ટિ (૨) લઘુતાગ્રાહક-નયદૃષ્ટિ. (૩) ગુરૂ-લઘુતાગ્રાહક નયદૃષ્ટિ (૪) અગુરૂ લઘુતા-ગ્રાહક નયદૃષ્ટિ. એમ અનેક પ્રકારે ચતુર્વિધ નયદૃષ્ટિઓ જાણવી.

**પાંચ પ્રકારે**-શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં જણાવ્યા મુજબ "નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર શબ્દનયા:" તેમજ શુદ્ધ સાધ્યભાવમાં પંચપરમેષ્ઠી પદ ગ્રાહક નયદૃષ્ટિ તેમજ શુદ્ધ સાધનતા-ગ્રાહક નયદૃષ્ટિમાં આત્માને વિષે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્યગુણની ક્ષયોપશમિક વિશેષતા-ગ્રાહક નયદૃષ્ટિ તેમજ ઉપર જણાવેલ પાંચ નયસાપેક્ષ ધર્મ-દૃષ્ટિએ (૧) સંયમધર્મગ્રાહક નયદૃષ્ટિ (૨) જયણાએ-ધમ્મો (૩) આણાએ-ધમ્મો (૪) ઉપયોગે ધર્મ: (૫) વત્થુસહાવો ધમ્મોગ્રાહક નયદૃષ્ટિ તેમજ યથા-તથ્ય સ્વરૂપે ૧-૪-૫-૬-૧૩ એ પાંચે ગુણસ્થાનકના ભિન્ન-ભિન્ન શુદ્ધાશુદ્ધ ક્રિયા વ્યવહારને જાણવારૂપ પંચવિધ નયદૃષ્ટિ. એમ અનેક પ્રકારે પંચવિધ નયદૃષ્ટિ જાણવી.

**છ પ્રકારે**-(૧) સામાન્યતા ગ્રાહક સંગ્રહનયદૃષ્ટિ (૨) વિશેષતા ગ્રાહક વ્યવહારનયદૃષ્ટિ (૩) વર્તમાનસ્વરૂપ ગ્રાહક ઋજુસૂત્ર નયદૃષ્ટિ (૪) શબ્દાત્મક ભાવસ્વરૂપ ગ્રાહક શબ્દ-નયદૃષ્ટિ (૫) વિશિષ્ટ પર્યાય (ભાવ) સ્વરૂપ ગ્રાહક સમ-ભિરૂઢનયદૃષ્ટિ (૬) અર્થ ક્રિયા કારિત્વ ભાવગ્રાહક એવંભૂત નયદૃષ્ટિ. તેમજ વળી શુભાશુભ અનેકવિધ યોગ સ્વરૂપને [1]કૃષ્ણ-[2]નીલ-[3]કાપોત-[4]તેજો- [5]પદ્મ-અને[6]શુકલ એ છ

લેશ્યાસ્વરૂપે જાણનાર ષડ્નયદૃષ્ટિ. તેમજ વળી છકાય સંબંધી છ પ્રકારે તેમજ પાંચ ઈન્દ્રિય અને મન એ છ થકી છ પ્રકારે આશ્રવ-નિરોધ કરવારૂપ ષડ્વિધ નયદૃષ્ટિ તેમજ સુદેવ-સુગુરૂ-સુધર્મને આદરવા રૂપે તેમજ કુદેવ-કુગુરૂ-કુધર્મનો પરિહાર કરવારૂપે નિશ્ચયથી તેમજ વ્યવહારથી જાણવારૂપ ષડ્-વિધ નયદૃષ્ટિના પણ અનેક પ્રકારો જાણવા.

**સાત પ્રકારે**-(૧) નૈગમનયદૃષ્ટિ :-કોઈપણ દ્રવ્યના સામાન્ય યા વિશેષ સ્વરૂપમાંથી કોઈ પણ એક પ્રકારે યા બંને પ્રકારે ભિન્ન-ભિન્ન સ્વરૂપે સ્થૂલ થકી દ્રવ્યને ગમ્ય કરે એટલે જાણે તે નૈગમનયદ્રષ્ટિ. અર્થાત્ કોઇપણ અનંત ધર્માત્મક પદાર્થને કોઈપણ એક દૃષ્ટિએ અંશાત્મક ભાવથી યા આરો-પિત ભાવથી પણ જાણે તે નૈગમનયદૃષ્ટિ, (૨) સંગ્રહનય (૩) વ્યવહારનય (૪) ઋજુસૂત્રનય (૫) શબ્દનય (૬) સમ-ભિરૂઢનય (૭) એવંભૂત નયદૃષ્ટિ. જેનું સ્વરૂપ પાછળ જણાવી ગયા છીએ. તે મુજબ સાત પ્રકારો જાણવા. તેમજ સાત-પ્રકારના શ્રુતજ્ઞાનને, સાત પ્રકારના પ્રતિપક્ષ સહિત જાણવું તે સપ્તનયદૃષ્ટિ :

गाथा :—अक्खर[१]—सन्नि[२]—सम्मं[३] साईयं[४] खलु सपज्जवसियं[५] च
गमियं[६] अंगपविट्ठं[७], सत्त वि ए ए सपडिवक्खा.

તેમજ પ્રત્યેક પદાર્થને યા તેના કોઈ એક પરિણામને સપ્તભંગાત્મક સ્વરૂપે જાણવારૂપ સપ્તનય દૃષ્ટિ. તેમજ યોગ

શુદ્ધિગ્રાહક "પ્રથમના સાત ગુણસ્થાનકનું સ્વરૂપ તેમજ ઉપયોગ શુદ્ધિગ્રાહક પાછળના સાત ગુણસ્થાનકો સ્વરૂપી સપ્ત બાહ્ય અભ્યંતર સ્વરૂપ ગ્રાહકનયદૃષ્ટિ ઈત્યાદિ અનેકવિધ નયદૃષ્ટિએ પદાર્થને ઓળખાવનાર પ્રત્યે સ્વ-સ્વદ્રષ્ટિ-સાપેક્ષ અનેક નયદૃષ્ટિઓ જાણવી.

હાલમાં ઉપર જણાવ્યા પ્રમાણે નયદૃષ્ટિ સાપેક્ષ તેમજ આગમશાસ્ત્ર સાપેક્ષ કોઈપણ પદાર્થ યાને દ્રવ્યનો આત્માર્થે યથાર્થ-અવિરૂદ્ધ બોધ પ્રાપ્ત કરવાની મુશ્કેલી જોઈને પ. પૂ. પ્રાત: સ્મરણીય આધ્યાત્મ યોગીરાજ શ્રી આનંદઘનજીએ જણાવ્યું છે કે :—

"હેતુ વિવાદે હો, ચિત્ત ધરી જોઇએ,
અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો, ગુરુગમ કો નહિ,
એ સબળો વિખવાદ."

આ માટે શુદ્ધ આત્માર્થ સાધક બોધપ્રાપ્તિના અનુયોગ સંબંધે આગમમાં પણ કહ્યું છે કે :—

"जो हेउवाय पक्खंमि हेउओ, आगमे च आगमो ।
सो ससमय पण्णवओ, सिद्धांत विराहगो अन्नो" ॥

જે આત્મા આગમ સાપેક્ષ નયદૃષ્ટિએ યથાર્થ અવિરૂદ્ધ દેશના આપે છે એટલે ચારે અનુયોગને યથાર્થ અવિરૂદ્ધ ભાવે પ્રકાશે છે તેને જૈન શાસનનો પ્રભાવક જાણવો.

અન્યથા મૃષાભાષિતને સિદ્ધાંતનો વિરાધક જાણવો. ઐતિહાસિક દૃષ્ટિએ આગમો પ્રથમ તો ચારે અનુયોગમય હતા, પરંતુ આર્યરક્ષિતાચાર્યે ચારે અનુયોગને પૃથક્ કર્યા હોવા છતાં તે મુજબ નયદૃષ્ટિનો સમવતાર પણ હાલમાં લુપ્ત થયેલો હોવાથી દેવ-ગુરૂ-ધર્મ-તત્ત્વ સંબંધે અનેક પ્રકારનાં વિવાદોમાં જ મોટે ભાગે આત્માર્થી આત્માઓની ધર્મ-શક્તિનો દુર્વ્યય થતો દેખાય છે, તેનું પણ મુખ્ય કારણ તો શાસ્ત્રમાં જણાવ્યા મુજબ પ્રથમ તો શાસ્ત્રાભ્યાસ-યોગ્ય વ્યક્તિને શાસ્ત્રોનો નય-નિક્ષેપ-સાપેક્ષ અભ્યાસ કરાવવો જોઈએ, એ શાસ્ત્રવચનને મનસ્વીપણે બદલી નાંખીને વ્યવહારભાષી-ક્રિયાવાદી-અજ્ઞાની-પાખંડી કુગુરૂઓએ સૂત્રોનો અભ્યાસ કરવાની જ મનાઇ ફરમાવીને, પોતે કરેલા અર્થોને જ અનુસરવાનો આદેશ આપવાનું ઉચિત માન્યું છે, તે છે, આથી આત્માર્થી આત્માઓએ તો, " आचारो प्रथमो धर्मः " એ સૂત્રવચનને આધારે પણ સૌ પ્રથમ તો જ્ઞાનાચારને શાસ્ત્રાનુસારિતાએ અનુસરવું જરૂરી છે. આ માટે કહ્યું છે કેઃ-

" सुत्तट्ठो खलु पढमो, बीओ निज्जुत्ति मीसओ भणिओ ।
तईओ निरवसेसो, एसो विहि होइ अणुयोगो ॥ "

૪૧. પ્રશ્ન :—સમસ્ત જગતના પ્રત્યેક આત્મ-દ્રવ્યના, આત્મપરિણામને, ત્રિવિધ સ્વરૂપે, યાને ઉત્પાદ-વ્યય અને ધ્રુવાત્મક સ્વરૂપે જોતાં-તો અનવસ્થા આવશે તેનું શું ?

૪૧. ઉત્તર :—એ પણ સત્ય છે કે કોઈ પણ આત્મ-

દ્રવ્યના કોઈ પણ એક યા અનેકગુણપરિણામને નિરપેક્ષભાવે એકાંતે ભિન્ન યા અભિન્ન સ્વરૂપે જોતાં–રાગ–દ્વેષાદિભાવે–વિપર્યય બુદ્ધિએ જરૂર અનવસ્થા પ્રાપ્ત થાય છે, પરંતુ કાલાદિસાપેક્ષ ત્રિપદાત્મક સ્વરૂપમાંથી કોઈ પણ એક સ્વ–રૂપનું સપ્રયોજન આત્મ–હિતાર્થે કોઈ પણ સુવિશુદ્ધ આત્મદ્રવ્યના કોઈ પણ એક યા અનેક ગુણભાવનું ચતુર્વિધ નિક્ષેપમાંથી કોઈ પણ એક નિક્ષેપથી યા કોઈપણ નયદષ્ટિ સાપેક્ષ યથાર્થ–અવિરૂદ્ધભાવે ગુણાવલંબન લેવું તે અવશ્ય આત્મ હિતકારી થાય છે, આ હકીકત વ્યવહારમાં જ્યોતથી જ્યોત પ્રગટાવવા સ્વરૂપે તેમજ અનુભવ પ્રત્યક્ષથી અવિરૂદ્ધ છે. વળી નિશ્ચયસ્વરૂપે તો "પ્રત્યેકં ચતુર્વિધં" એમ શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલ છે તેમજ દ્રવ્ય અને પર્યાયને કથંચિત્ ભિન્નાભિન્નપણું પણ છે.

**૪૨. પ્રશ્ન**:—પ્રત્યેક આત્માને અનેક ભિન્ન–ભિન્ન સ્વરૂપે પોતાનું આત્મહિત સધાય છે એમ જણાય છે. તો સત્ય એક નહિ પણ અનેક સ્વરૂપી જાણવું જોઇએ?

**૪૨, ઉત્તર**:—વ્યવહારમાં ભિન્ન–અભિન્ન આત્મ–સંબંધે પણ જેમ એકાનેક સ્વરૂપી આત્મહિત સાધવા માટે એકાનેક સ્વરૂપી, તદ્દ–તદ્દ યોગ્ય ભિન્ન–ભિન્ન માર્ગો જ ગ્રહણ કરવા પડે છે, અન્યથા કોઈ પણ એકાંત પક્ષનો આગ્રહ કરવાથી અહિત જ થાય છે. તે મુજબ શુદ્ધ પર–માત્મભાવને પ્રાપ્ત કરવા માટે પણ જે–જે અનેકવિધમાર્ગો ગ્રહણ કરાય તેમાં અનેકવિધતા હોવા છતાં પણ, પ્રત્યેક

સાધક આત્માને સાધ્ય-સાધનદાવની એકતા થકી જ ઈષ્ટાર્થ કાર્યસિદ્ધિ થાય છે, અન્યથા આત્માર્થ-શૂન્ય કરણીથી-તો, કર્મબંધાનુસારે સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. આત્મસિદ્ધ્યર્થે કહ્યું છે કે—

"યોગ અસંખ્ય જિનવર કહ્યા,
નવપદ મુખ્ય તે જાણો રે."

૪૩. પ્રશ્નઃ—દાન-ધર્મ સંબંધી કાંઈક સ્પષ્ટતા કરો?

**૪૩. ઉત્તરઃ—દાન ધર્મ તો માનવતાનું મૂળ છે, જ્યાં દાન ધર્મ નથી ત્યાં માનવતા નથી.** એમ જાણવું. આથી કોઈપણ આત્માની દાનધર્મની ભાવનાને, ખંડિત કરનારને, પાખંડી-પંડિત જાણવો; આમ છતાં ગાયને મારીને, કાગડાને ઉજાણી કરવી તે અયુક્ત છે, આ માટે કહ્યું છે કે :-

"अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम्" તેમજ
"विधि-द्रव्य-दातृ-पात्र-विशेषात् तद्विशेषः"

૪૪. પ્રશ્ન :—ભ્રાંત ભ્રમણાઓમાં ભટકતું, અનેક પ્રકારના સંકલ્પો-વિકલ્પોવાળું મન, આત્માને કેવી રીતે સ્થિર રાખી શકે?

૪૪. ઉત્તરઃ—પ્રથમ તો આત્માને અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પો કરાવવામાં, પોતે પૂર્વે બાંધેલા મોહનીય-કર્મનો ઉદય કારણભૂત છે. એમ જાણીને, જે આત્મા ઉદિત-

મોહમાં અલિપ્ત રહીને પંચાચારનું યથાર્થ પાલન કરવા વડે અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મમાં મનને સ્થિર કરે છે, તે આત્મા અવશ્ય આત્મભાવમાં સ્થિર થઈ શકે છે. અન્યથા વિવિધ ઈન્દ્રિયાર્થ વિષયાનુરાગી મન, આત્માને આત્મભાવથી, ચલિત કરતું જ રહે છે. આ માટે કહ્યું છે કેઃ-

"જ્ઞાને બાંધ્યું મન (સ્થિર) રહે,
ગુરુ વિના જ્ઞાન ન હોય."

૪૫. **પ્રશ્નઃ**—આત્માને આત્મભાવમાં સ્થિર રાખવો એટલે શું ? અને તેનું ફળ શું ?

૪૫. **ઉત્તરઃ**—મન-વચન અને કાયયોગરૂપ, પર-ભાવથી, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધર્મથી અળગો થયેલો આત્મા પંચાચારમાં પ્રવર્તન કરવા વડે, આત્માના શુદ્ધ જ્ઞાનાદિગુણોનું આસ્વાદન કરતો થકો, અંતે સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

૪૬. **પ્રશ્નઃ**—મોહથી અલિપ્ત શુદ્ધ પંચાચારનું યથાર્થ પાલન કેવી રીતે કરવું ? અને તેનું ફળ શું ?

૪૬. **ઉત્તરઃ**—સૌ પ્રથમ ભવાભિનંદિપણાના (૧૧) લક્ષણોથી અળગા થઈને (૩૫) બોલ સ્વરૂપ માર્ગાનુસારિ-તાએ સમ્યક્ત્વ અને મિથ્યાત્વના સ્વરૂપને સ્થૂલ થકી જાણીને અંતરંગ મિથ્યાત્વના (૨૧) બોલથી અળગા થઈ, સમ્યક્ત્વના (૬૭) બોલની સાપેક્ષતાએ (૧) જ્ઞાનાચાર (૨) દર્શનાચાર (૩) ચારિત્રાચાર અને (૪) તપાચારમાં અનુક્રમે અવિરૂદ્ધ પ્રવૃત્તિ

કરવારૂપ વીર્યાચારમાં શાસ્ત્રોક્ત વિધિપૂર્વક જોડાવું જોઈએ; જેથી આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ક્ષાયોપશમિક ગુણોની શુદ્ધતામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે, અને તે થકી ચારે ઘાતીકર્મોનો સર્વથા ક્ષય થતાં સત્તામાં રહેલા આત્મિક ગુણોનો ક્ષાયિકભાવે આવિર્ભાવ થવા થકી અંતે તે આત્માને સિદ્ધત્વની પ્રાપ્તિ થાય છે.

૪૭. **પ્રશ્નઃ**—બાહ્ય યોગ ક્રિયાસ્વરૂપ પંચાચારનું પાલન કરવું તે શું ધર્મ છે?

૪૭. **ઉત્તરઃ**—બાહ્ય-શુભયોગક્રિયાઓ અને તેમાં પણ પંચાચારની ક્રિયાઓ, તો વિશેષતઃ નિશ્ચયધર્મનું કારણ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેને ધર્મ ક્રિયા કહેવામાં કાંઈજ અયુક્ત નથી. કેમકે અન્યથા આત્મ-ધર્મ સાધી શકાય નહિ.

૪૮. **પ્રશ્નઃ**—શુભાશુભ યોગક્રિયા તો શાસ્ત્રમાં આશ્રવરૂપ કહી છે તેનું શું?

૪૮. **ઉત્તરઃ**—યોગક્રિયા આશ્રવરૂપ અવશ્ય છે. તે સાથે એ પણ સમજવું જરૂરી છે કે ઉપયોગની શુદ્ધતાએ નિર્જરા તેમજ અશુદ્ધતાએ કર્મનો બંધ થાય છે, તેમાં શુભક્રિયાથી પુણ્યનો આશ્રવ થાય છે અને અશુભક્રિયાથી પાપનો આશ્રવ થાય છે. સર્વથા યોગનિવૃત્તિ તો (૧૪)મે ગુણસ્થાનકે હોય છે. આ સાથે ઈર્યાપથિક યોગના આશ્રવને શાસ્ત્રકારોએ બંધતત્ત્વમાં લીધા નથી પરંતુ ઉપયોગશુદ્ધિએ

નિર્જરાહેતુક પણ છે. આ સ્વરૂપને ગીતાર્થ-ગુરુ ભગવંત પાસેથી સમજવું જરૂરી છે.

**૪૯. પ્રશ્ન:**—શું પુણ્યની કરણીથી આત્મશુદ્ધિ થાય?

**૪૯. ઉત્તર:**—આત્માની શુદ્ધિ તો ઉપર જણાવ્યા મુજબ શુદ્ધ ઉપયોગે થાય છે, પરંતુ શાસ્ત્રોક્ત પંચાચાર રૂપ બાહ્યયોગ કરણીમાં ઉપયોગ શુદ્ધિનો સંભવ વિશેષતઃ હોઇ-તે સાથે-યોગકરણીએ થતો પુણ્યનો આશ્રવ આત્માને બાધક થતો બનતો નથી એમ જાણવું.

**૫૦. પ્રશ્ન:**—નિયમા આત્મશુદ્ધિ કરે, તેવી કરણીનું સ્વરૂપ કેવું હોય?

**૫૦. ઉત્તર:**—સમ્યક્ત્વ સહિત-દંભરહિત-વિનય-વિવેક અને શાસ્ત્રોક્ત વિધિને અનુસરીને, આત્મશુદ્ધિ-અર્થે કરેલી, પંચાચારની પ્રવૃત્તિ નિયમા-આત્મશુદ્ધિકારક જાણવી.

**૫૧. પ્રશ્ન:**—સમ્યક્ત્વ સહિતની કરણી અને સમ્યક્ત્વ રહિતની કરણીનો ભેદ શું?

**૫૧ ઉત્તર:**—તીવ્ર રાગ-દ્વેષ રહિત હોવાથી, અવિધિ-આશાતના રહિત હોય, તેમજ વિશેષતઃ પ્રત્યાખ્યાન સહિત હોવાથી, પોતાની ક્રિયામાં લાગેલા અતિચારાદિ દોષોને ટાળવાના ઉપયોગવાળી હોય, તેને સમ્યક્ત્વ સહિતની કરણી જાણવી.

**૫૨. પ્રશ્ન:**—જ્યાં સુધી વિધિ આવડે નહિ ત્યાં સુધી શું ધર્મક્રિયા ન કરવી?

**૫૨. ઉત્તરઃ**—પંચાચારમાં પ્રથમ જ્ઞાનાચાર જણાવ્યો છે તે માટે અનુક્રમે શાસ્ત્ર-વિધિ સાપેક્ષતાએ આગળ વધવું તે યુક્ત છે. અન્યથા [અતિપરિણામી તેમજ અપરિણામી આત્માને તાત્ત્વિક આરાધકપણું ન હોવાથી તે આત્મા અવશ્ય પાછો પડે છે એમ શાસ્ત્રમાં દ્રષ્ટાંત સહિત સ્પષ્ટ જણાવેલ છે. તે માટે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ચારે આચારોને અનુક્રમે યથાશક્તિએ અનુસરવું હિતાવહ છે.

**૫૩. પ્રશ્નઃ**—જ્ઞાનાચારનું સેવન કેવી રીતે કરવું ?

**૫૩. ઉત્તરઃ**—સુગુરૂના યોગે, આત્માની શુદ્ધાશુદ્ધતાનું, પ્રથમ યથાર્થ જાણપણું કરવું, અને તે મુજબ અશુદ્ધતાનો ત્યાગ કરીને, શુદ્ધતાનો આદર કરી, શુદ્ધતાને વિશેષત: આત્માનુભવથી ઓળખીને, તેમાં યથાર્થ નિશ્ચય કરીને, એટલે શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ પ્રગટાવીને, આગળ વધવું. આ માટે શાસ્ત્રમાં પણ પ્રથમ યોગાવંચકતાએ, ક્રિયાવંચકતા અને ક્રિયાવંચકતાએ ફળાવંચકતા હોય એમ સ્પષ્ટ જણાવેલું છે. કેમકે અનાદિથી મિથ્યાત્વના યોગે સંસારમાં આસક્ત એવા જીવોને પ્રથમ સુગુરૂના યોગે સાધ્યશુદ્ધિરૂપ શુદ્ધ દેવ-તત્ત્વની અને સાધનશુદ્ધિ રૂપ શુદ્ધ ધર્મ-તત્ત્વની પ્રાપ્તિ થાય છે. તે પછી તે આત્મા, આત્મશુદ્ધિ કરી પરમાત્મ ભાવને પામે છે એમ જાણવું.

**૫૪. પ્રશ્ન :**—સુગુરૂ કોને કહેવા ? અને તેમનું લક્ષણ શું ?

**૫૪. ઉત્તર** :—સર્વકાળે-સર્વક્ષેત્રે એ સામાન્ય નિયમ છે કે જે-જે જીવને જેવા-જેવા ગુરૂ યા તો નેતા કે સ્વામી મળે છે તે-તે જીવો તે-તે ગુરૂઓએ બતાવેલ દેવની અને ધર્મની ઉપાસના કરતા રહે છે; તે માટે આત્માર્થી આત્માઓએ, સુગુરૂ અને સુદેવ તેમજ સુધર્મની નિશ્ચય-વ્યવહાર સ્વરૂપથી યથાર્થ પરીક્ષા કરીને, તેનો તથાવિધ સાધ્ય-સાધનભાવે આદર કરવો જોઇએ. અન્યથા સંસાર પરિભ્રમણ ચાલુ જ રહેવાનું.

આ સંબંધે પ. પૂ. અધ્યાત્મ યોગીરાજશ્રી આનંદ-ઘનજીએ જણાવ્યું છે કે :-

"એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,
ફળ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહિ લેખે."

સુગુરૂ પાસેથી શું મળે? તો કહે છે કે-પ્રથમ તો પરમ સાધ્ય સ્વરૂપે શુદ્ધદેવપદનું સ્વરૂપ જાણવા મળે અને તે સાથે તેમણે ઉપદેશેલ શુદ્ધ સાધ્ય-સાધનભાવરૂપ અવિરૂદ્ધ ધર્મમાર્ગની પ્રાપ્તિ થાય છે, આ સંબંધે પરમ પૂજ્યશ્રી આનંદઘનજીએ પણ જણાવ્યું છે કે—

"પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે,
દેખે પરમ નિધાન જિનેશ્વર,

હૃદય નયણ નિહાળે જગધણી,
મહિમા મેરુ સમાન જિનેશ્વર."

તેમજ વિશેષતઃ સુગુરુના લક્ષણ સંબંધે પણ જણાવ્યું છે કે-

"આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયિ અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે."

પરમપૂજ્યશ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ પણ જણાવ્યું છે કે—

"જ્ઞાન પ્રકાશે રે મોહ તિમિર હરે,
જેહને સદ્ગુરુ સૂર;
તે નિજ દેખે રે સત્તા ધર્મની,
ચિદાનંદ ભરપૂર."

**૫૫. પ્રશ્ન**:—પુણ્યવાન્ આત્માએ સંસાર પરિભ્રમણનો ડર શા માટે રાખવો જોઈએ?

**૫૫. ઉત્તર**:—સંસારમાં ગમે તેવા પુણ્યવાન્ આત્માને પણ પોતાની ઇચ્છા વિરુદ્ધ જન્મ-મરણ અવશ્ય કરવા પડતાં હોય છે. તેથી આત્મજ્ઞાની આત્માર્થી આત્માઓ-તો, જન્મ-મરણની પરાધીનતામાંથી પોતાના આત્માને મુક્તિ અપાવનાર સુદેવ-સુગુરૂ અને સુધર્મનું શરણું સ્વીકારે છે. પરંતુ પુણ્યકર્મનું શરણું સ્વીકારતા નથી. કેમ કે

શુભાશુભ કર્મ-પુદ્ગલોનો યોગ-સંબંધ આત્માને સંસાર પરિભ્રમણના હેતુરૂપ છે, એમ સમ્યગ્દૃષ્ટિ નિઃશંકપણે જાણતો હોય છે.

૫૬. પ્રશ્નઃ—સુધર્મનું સાચું સ્વરૂપ જણાવો ?

૫૬. ઉત્તરઃ—પ્રથમ તો બાહ્ય વ્યવહારદૃષ્ટિએ યથાશક્તિ અઢાર-પાપસ્થાનકનો ત્યાગ કરી, પંચાચારમાં આત્માને જોડવો જોઈએ. તેમજ ઉપચરિત શુદ્ધ નિશ્ચય દૃષ્ટિએ સમ્યક્ત્વ ઉચ્ચરીને લૌકિક તેમજ લોકોત્તર દેવગત -ગુરુગત તેમજ પર્વગત મિથ્યાત્વની કરણીનો ત્યાગ કરીને, શાસ્ત્રાનુસારી ચૌદ ગુણસ્થાનક સ્વરૂપમાં શ્રદ્ધા કરીને, યથાતથ્ય સ્વરૂપે ગુણસ્થાનક ઉપર ચઢવાનો નિર્દંભભાવે ઉદ્યમ કરવો જોઈએ. આ માટે પરમપૂજ્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ જણાવ્યું છે કે—

"નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર."

આ સાથે શુદ્ધ વ્યવહાર ધર્મ સંબંધે પણ સ્પષ્ટ જણાવ્યું છે કે—

"જે વ્યવહાર મુક્તિ મારગમાં, ગુણઠાણાને લેખેજી;
અનુક્રમે ગુણશ્રેણીનું ચડવું, તેહીજ જિનવર દેખેજી."

૫૭. પ્રશ્નઃ—સુદેવનું સ્વરૂપ સમજાવો ?

૫૭. ઉત્તરઃ—સ્વસ્વરૂપે દિવ્યતિ ઇતિ-દેવઃ એ

વ્યુત્પત્તિ અનુસારે સપ્તનયદૃષ્ટિએ દેવતત્ત્વનું સ્વરૂપ નીચે મુજબ જાણવું.

(૧) **નૈગમનયદૃષ્ટિવાળો**:—જે આત્મા દિવ્ય શક્તિવાન્ હોય, અર્થાત્ વિશિષ્ટ અતિશયાદિયુક્ત હોય તેને સુદેવ માને છે.

(૨) **શુદ્ધ સંગ્રહનયદૃષ્ટિવાળો**:—આત્માની શુદ્ધ જ્ઞાનાદિ-અનંત અવ્યાબાધ શક્તિને સુદેવ સ્વરૂપ જાણે છે.

(૩) **શુદ્ધ વ્યવહારનયદૃષ્ટિવાળો**:—જે આત્માઓ આત્મ-તત્ત્વના સહજ-શાશ્વત સુખ માટેનો, જ્ઞાન-દર્શન-ચારિત્રાદિની આરાધનાનો, અવિસંવાદી માર્ગ પ્રવર્તાવે છે તેને સુદેવ જાણે છે.

(૪) **ઋજુસૂત્રનયદૃષ્ટિવાળો**:—જે આત્મા પરમ શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિના ક્ષયોપશમિકાદિ, સહજ ગુણોમાં (પંચ પરમેષ્ઠિ સ્વરૂપે) મગ્ન હોય તેને સુદેવ જાણે છે.

(૫) **શબ્દનયદૃષ્ટિવાળો**:—જે પરમાત્માના પરમ શુદ્ધાવલંબન વડે આધિ-વ્યાધિ-ઉપાધિની સાથે જન્મ-મરણાદિના અનેકવિધ દુઃખોની આત્યંતિક નિવૃત્તિ થાય છે તેને સુદેવ જાણે છે.

(૬) **સમભિરૂઢનયદૃષ્ટિવાળો**:—જે આત્માએ સર્વથા રાગ-દ્વેષ રહિત થઈને સર્વજ્ઞ અને સર્વદર્શીપણું પ્રાપ્ત કર્યું હોય છે, તેને સુદેવ જાણે છે.

સર્વજ્ઞ અને સર્વદર્શી સશરીરી દેવના સ્વરૂપ સંબંધે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

"न जगज्जनन स्थेम, विनाश–विहितादरः ।
न लास्य हास्य गीतादि, विप्लवोपप्लुत स्थितिः ॥"

(૭) એવંભૂતનયદૃષ્ટિવાળોઃ—જે આત્માએ સર્વ કર્મોનો ક્ષય કરીને જન્મ–મરણરહિત થઇને સાદિ અનંતમે ભાંગે અનંત શુદ્ધ શાશ્વત સચ્ચિદાનંદ સ્વરૂપી સિદ્ધપણું પ્રાપ્ત કરેલ છે, તેને સુદેવ જાણે છે.

ઉપર જણાવેલ એવંભૂત નયદૃષ્ટિએ સિદ્ધત્વ પામેલ પરમ શુદ્ધ દેવતત્ત્વના સ્વરૂપ સંબંધે શાસ્ત્રમાં કહ્યું છે કે—

"अविद्या जनितैः सर्वै–र्विकारैरनुपद्रुतः ।
व्यक्त्या शिवपदस्थोऽसौ, शक्त्या जयति सर्वगः ॥"

૫૮. પ્રશ્નઃ—પ્રત્યેક નયદૃષ્ટિ સમ્યક્ છે કે મિથ્યા છે?

૫૮. ઉત્તરઃ—કોઇ પણ નયદૃષ્ટિ સામાન્ય સ્વરૂપે તો મિથ્યા કે સમ્યક્ હોતી નથી, પરંતુ વિશેષતઃ કોઈ પણ એક નયદૃષ્ટિ એકાંતભાવે એટલે કે સ્યાદ્‌રહિતપણે સમ્યક્ હોતી નથી. આ માટે શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે— અવિશેષિત મંતિ મતિજ્ઞાનરૂપ તેમજ મતિ અજ્ઞાનરૂપ પણ હોય છે. જ્યારે વિશેષિત મતિ સમ્યક્ જ્ઞાનરૂપ યા તો મિથ્યા જ્ઞાનરૂપ હોય છે. આથી સ્પષ્ટ સમજવું કે સ્યાદ્‌વાદ

સાપેક્ષ પ્રત્યેક નયદૃષ્ટિ સ્વ-પરભાવે યથાર્થ અવિરૂદ્ધ હોવાથી સમ્યગ્ જ્ઞાનરૂપ હોય છે.

અત્રે એ ખાસ સમજવું જરૂરી છે, પ્રત્યેક શાસ્ત્રવચન નયસાપેક્ષ હોય છે. તે માટે શુદ્ધ દ્રવ્યાર્થિક નયની મુખ્યતાએ વ્યવહાર શુદ્ધિની મુખ્યતાવાળા શાસ્ત્રવચનનો આધાર લઈને વ્યવહારની શુદ્ધિ કરવી; પરંતુ નિશ્ચય સ્વરૂપનો અપલાપ કરવામાં તેનો ઉપયોગ કરવો નહિ; તે રીતે શુદ્ધ પર્યાયાર્થિક નયની મુખ્યતાએ નિશ્ચય શુદ્ધિની મુખ્યતાવાળા શાસ્ત્ર વચનનો આધાર લઇને આત્મશુદ્ધિમાં યથાર્થતયા શ્રદ્ધા કરવી. પરંતુ વ્યવહાર સ્વરૂપનો અપલાપ કરવામાં તેનો ઉપયોગ કરવો નહિ. આ સંબંધે આત્માર્થે-અવિરૂદ્ધ, સ્યાદ્વાદ સાપેક્ષ બોધજ્ઞાનને સમ્યક્ પ્રમાણજ્ઞાન જાણવું. અન્યથા એકાંતપાક્ષિક સર્વનયજ્ઞાન પણ અપ્રમાણરૂપ જાણવું. વળી આ સંબંધે તત્ત્વવિશેષતઃ જાણવું કે, નૈગમાદિ નયદૃષ્ટિએ જણાવેલ ધર્મનું સ્વરૂપ પણ ઉત્તરોત્તર સૂક્ષ્મ-સૂક્ષ્મતર સ્વરૂપે એવંભૂત નયદૃષ્ટિથી અવિરૂદ્ધ હોવું જોઈએ. તેમજ એવંભૂત નયદૃષ્ટિના સ્વરૂપને, સ્થૂલ થકી નૈગમાદિથી પણ અવિરૂદ્ધ જાણવું જોઇએ. એ રીતે ઉત્તરોત્તર આત્મ વિશુદ્ધયર્થે યથાર્થ નયાશ્રયતા સ્વીકારવા માટે કહ્યું છે કે-

"सूक्ष्मबुद्धया सदा ज्ञेयो, धर्मो धर्मार्थिभिः नरैः"

દૃષ્ટાંત સ્વરૂપેઃ-નૈગમનયદૃષ્ટિએ ધર્મનું સ્વરૂપ.

"दुर्गति प्रपतत्प्राणि, धारणाद्धर्म उच्यते;
संयमादि-दशविधः, सर्वज्ञोक्तो विमुक्तये"

તેમજ એવંભૂત નયદૃષ્ટિએ-"वत्थु सहावो धम्मो" ધર્મના આ બંને લક્ષણોની અંતર્ગત, સાતે નયથી, વિવિધ ધર્મ-લક્ષણાનુસારે વિવિધ નય સાપેક્ષ, અવિરૂદ્ધભાવે પ્રરૂપણા કરવી, તે સમ્યક્ પ્રરૂપણા જાણવી. અન્યથા નયદૃષ્ટિ-નિરપેક્ષ સમસ્ત ધર્મ પ્રરૂપણા તે મિથ્યા ઉત્સૂત્ર જાણવી.

આ સંબંધે કહ્યું છે કે-

(१) "जे वयणिज्ज वियप्पा,
संजुज्जंतेसु होन्ति एएसु;
सो स समय पण्णवणा,
तित्थयराऽऽसायणा अण्णा"

(२) "अमूढलक्ष्या सर्वत्र, पक्षपात विवर्जिताः
जयन्ति परमानन्द-मयाः सर्व नयाश्रयाः"

૫૯. પ્રશ્ન :—શાસ્ત્રાનુસારે,-પૂર્વપરંપરાનુસારે,-કે વર્તમાન પરિસ્થિતિને અનુસારે, વર્તન કરવું જોઈએ ?

૫૯. ઉત્તર:—સર્વકાળે, સર્વક્ષેત્રે, ઉત્તમ આત્માઓએ, ઉપર જણાવેલ ત્રણે પ્રકારે, એટલે શાસ્ત્રાનુસારી, દ્રવ્યક્ષેત્ર-કાલ-ભાવ સાપેક્ષ, યથાર્થ-અવિરૂદ્ધ (મુખ્ય-ગૌણ) ભાવે વર્તન કરીને, આત્મહિત સાધ્યું છે, સાધે છે, અને સાધશે, એ અર્થમાં શ્રદ્ધાવાન્-સ્યાદ્વાદી-સમ્યગ્દૃષ્ટિ આત્મા, પોતાના હિતમાં નિઃશંકભાવે પ્રવર્તન કરીને, નિરંતર આત્મહિત સાધતો રહે છે. અન્યથા અનેકવિધ ત્રિપદાત્મક

ભાવોમાંથી કોઈ એક ભાવમાં એકાંતે દુરાગ્રહી, તત્ત્વભ્રષ્ટ, ભ્રાંત આત્માઓ તો અનાદિથી સંસારમાં આમથી તેમ ભટક્યા કરે છે અને ભટકતાં રહેશે એમ જાણવું.

૬૦. **પ્રશ્નઃ**—પ્રમાણુજ્ઞાનનું સ્વરૂપ શું?

૬૦. **ઉત્તર**—સ્યાદ્‌સાપેક્ષ સપ્તભંગાત્મક, કોઈ પણ ભંગ વચનને, પ્રયોજનાનુસારે, "**अर्पितानर्पित सिद्धेः**" એ ન્યાયથી આત્માર્થે યથાર્થ અવિરૂદ્ધભાવે જાણવું; તે પ્રમાણુજ્ઞાન જાણવું. આ સંબંધે સમ્યગ્-ભાવે સમસ્ત સ્વ-પર જ્ઞેય સંબંધે પણ શાસ્ત્રમાં કહ્યું છે કેઃ-

"**स्व-पर-व्यवसायि-ज्ञानं-प्रमाणं**"

આથી સ્પષ્ટ સમજવું કે જે જ્ઞાન-આત્માર્થે યથાર્થ-અવિરૂદ્ધ હોય, એટલે કે સ્વ-પર (જ્ઞાતા-જ્ઞેય) સંબંધે યથાર્થ-વિવેકકારી હોય, તેને પ્રમાણુજ્ઞાન જાણવું. અન્યથા સમસ્ત મતિ-શ્રુત તેમજ અવધિજ્ઞાન પણ મિથ્યા અપ્રમાણુરૂપ જાણવું.

શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં મતિ-શ્રુત-અવધિ-મનઃ પર્યય અને કેવળજ્ઞાન એ પાંચે જ્ઞાનને સ્યાદ્ ભિન્નાભિન્ન સ્વરૂપે એકાનેક સ્વરૂપતા હોવાથી પાંચે જ્ઞાનને '**तत्प्रमाणे**' સૂત્રથી પ્રમાણુરૂપ જણાવેલ છે. તથાપિ આ પાંચે પ્રકારનાં પ્રમાણુજ્ઞાનમાં પણ સ્યાદ્ થકી પ્રથમના બેને પરોક્ષ પ્રમાણુતા જાણવી. તેમજ પાછળના ત્રણને પ્રત્યક્ષ સ્વરૂપી પ્રમાણુતા હોય છે એમ જાણવું.

ઉપર જણાવ્યા મુજબ પ્રમાણના પણ બે ભેદથી સ્પષ્ટ સમજાય છે કે, એકાંતતાનો પરિહાર કરવા, કોઈ પણ અર્થમાં, સ્યાદ્વાદનું અવધારણ અનિવાર્ય આવશ્યક છે.

હવે આ સંબંધી કિંચિત્ વિશેષ જણાવીએ છીએ.

સ્યાદ્ કાર્યકારણ સ્વરૂપી મતિ–શ્રુત સાપેક્ષ પરોક્ષ પ્રમાણ જ્ઞાન સંજ્ઞા, સ્મરણ, ચિંતા, પ્રત્યભિજ્ઞાન, તર્ક યાને ઉહા, અપાય, ધારણા તેમજ અનુમાન–આગમ આદિ અનેકવિધ હેતુ સાપેક્ષ હોય છે, એમ જાણવું. પરંતુ તેમાં પણ જે જ્ઞાન અપાય રહિત કેવળ સામાન્ય સ્વરૂપવાળું હોય છે (ઇષ્ટાર્થે કાર્ય–કારણભાવ નિરપેક્ષ હોય) તે જ્ઞાન પ્રમાણરૂપ પણ નથી, તેમજ અપ્રમાણરૂપ પણ નથી. પરંતુ ઇષ્ટાર્થે પ્રવૃત્તિ–નિવૃત્તિના હેતુભૂત વિશેષ સ્વરૂપી, અપાય-રૂપ જે જ્ઞાન, તે પણ સમ્યગ્–ભાવે–પ્રમાણરૂપ, તેમજ અસમ્યગ્ભાવે–અપ્રમાણરૂપ એમ બંને સ્વરૂપવાળું હોય છે તેમ જાણવું. તે મુજબ સમ્યગ્દષ્ટિ તેમજ મિથ્યાદષ્ટિ જીવો સમ્યગ્ યા મિથ્યાભાવે અનાદિથી આ જગતમાં કાર્યા-કાર્યમાં, પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપે નિરંતર પ્રવર્તન કરતા હોય છે. વળી–જે સમસ્ત જડ–ચેતન દ્રવ્યોના શુદ્ધાશુદ્ધ ગુણ–પર્યાયને યથાર્થ જાણવાવાળું સમ્યગ્ પ્રમાણજ્ઞાન છે તે, સ્વ–સંબંધે નિર્વિકલ્પક પણ હોય છે, જ્યારે પર સંબંધે તો સવિકલ્પ હોય છે એમ જાણવું.

ઉપર જણાવ્યા મુજબ સ્વસંવેદન ભાવથી

સવિકલ્પ તેમજ નિર્વિકલ્પ જ્ઞાન સ્વરૂપથી પોતાના આત્માને યથાર્થતયા નહિ જાણનારા મૂઢ આત્માઓ આત્માર્થથી શૂન્ય તેમજ ભ્રષ્ટ હોય છે. કેમકે તેઓ જ્ઞાતા-જ્ઞેય અને જ્ઞાનના સ્યાદ્ શુદ્ધાશુદ્ધ સ્વરૂપી ક્ષાયોપશમિક તેમજ ક્ષાયિક તેમજ સામાન્ય-વિશેષ સ્વરૂપમાં અયથાર્થ તેમજ વિપર્યાસ બુદ્ધિવાળા હોય છે. આથી જ તો-તેઓ જ્ઞાતા અને પ્રમાતા એવા પોતાના આત્માને જ મિથ્યા અને અસત્ તેમજ અપરિણામી જાણે છે અને તેથી જ તો તેઓની જડ-ચેતન પરિણામોમાં આત્મા-પરમાત્મા સંબંધી સમગ્ર પ્રમાણ મીમાંસા પણ મિથ્યા, અસત્ તેમજ અનેક વિસંવાદિતાઓથી ભરેલી હોય છે. આમ છતાં પરસ્પર વિરોધીભાવે તેઓ સૌ પોત-પોતાના એકાંતિક અર્થોને જે-જે રીતે પ્રમાણરૂપ જણાવે છે તેનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.

(૧)-કેટલાક સ્વમતિ કલ્પિત અર્થોને પ્રમાણતા આપતા જણાવે છે કે, " अर्थोपलब्धि हेतुः प्रमाणं " એટલે કે ઈન્દ્રિયોએ પ્રત્યક્ષની ગ્રહણ કરેલ પદાર્થજ્ઞાન તે પ્રમાણરૂપ જ છે. આમ કહેનારાઓ-અર્થ-ઉપલબ્ધિ-અને હેતુ એ ત્રણેના યથાર્થ-સ્વરૂપમાં, ભ્રાંત હોવાથી પોતાના સંશયાત્મક તેમજ વિપર્યય-જ્ઞાનને પણ એટલે જડ-ચેતન સંબંધી એકાત્મવાદ થકી છીપમાં રજતના ભ્રમરૂપ જેવા

જ્ઞાનને પણ પ્રમાણજ્ઞાન જ સમજે છે.

(૨)-આજ રીતે વળી બીજા કેટલાકો કહે છે કે-"यत्र यत्र धुमः तत्र तत्र वह्निः" એટલે જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અવશ્ય અગ્નિ હોય જ છે. આમ કહેનારા એકાંતવાદીઓને, ખરેખર તો અગ્નિ અને ધુમાડો બંનેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સંબંધે, ઇન્દ્રિય પ્રત્યક્ષથી પણ જો અવિરૂદ્ધ જ્ઞાન નથી; ત્યાં પ્રમાણ સ્વરૂપ બોધનો ખ્યાલ તો, આપોઆપ જ મિથ્યા થઇ જાય છે, કેમકે માત્ર ધુમાડા થકી જ અગ્નિની અનુમતિ ધરનારાઓને, વ્યવહારથી કાષ્ટમાં પણ અગ્નિનો સ્વીકાર તો કરવો જ પડે છે. તેમજ આજે તો સંગ્રહનય સાપેક્ષ-તેલ-પાણી અને ગેસમાંથી પણ વૈજ્ઞાનિકોએ અગ્નિનું પ્રાગટ્ય-પ્રત્યક્ષ કરી બતાવેલ છે.

(૩)-વળી બીજા કેટલાક તાર્કિકો કહે છે કે—"सास्नावत्वं गो लक्षणम्" એટલે કે ગાયના ગળે લટકતી ગોદડી એ જ ખરેખર ગાયનું લક્ષણ છે. આમ તેઓ કોઈ પણ પદાર્થમાં ભિન્નસ્વરૂપે પ્રગટ-અભિવ્યક્ત વિશેષતાને જ તે પદાર્થનું સાચું સ્વરૂપ છે એમ જણાવે છે, પરંતુ તેઓ પદાર્થમાત્રમાં સાપેક્ષભાવે રહેલ અનેકવિધ સામાન્ય-વિશેષસ્વરૂપના ભેદાભેદમાં ભ્રાંત હોવાથી એટલું પણ સમજી શકતા નથી કે જગતમાં સાસ્નામાત્રથી ગાયનો વ્યવહાર કરાતો નથી. પરંતુ ગાયની દૂધ આપવાની શક્તિ વિશેષથી તેનું મૂલ્ય થાય છે. વળી દૂધ સામાન્ય તો અન્ય ભેંસ વિગેરે પ્રાણીઓમાંથી પણ પ્રાપ્ત કરાય છે. તેથી તો પ્રયોજનાનુસારે

સામાન્ય-વિશેષને અનુલક્ષીને જ જગતમાં સમસ્ત વ્યવહાર: પ્રવર્તે છે. આમ છતાં વિવિધ દ્રવ્યોમાં નિરંતર પ્રવર્તમાન અનેકવિધ-સામાન્ય-વિશેષાત્મક પારિણામિક સત્યનો અપ-લાપ કરવામાં જ એકાંતવાદીઓ પોતાની બુદ્ધિ-શક્તિનો નિરર્થક દુર્વ્યયજ કરતા હોય છે.

(૪)-વળી બીજા કેટલાકો પોત-પોતાના મિથ્યા પ્રમાણ જ્ઞાનવડે આ જગતને એકાંતે "सर्वं क्षणिकम्" "सर्वं शून्यम्" "सर्वं ज्ञानमयम्" "सर्वं दुःखं दुःखं" ઇત્યાદિ સ્વપક્ષે પણ અનેક પરસ્પર વિરોધી અર્થોને-પ્રમાણ સ્વરૂપે જણાવે છે. કેમકે ઉપર જણાવ્યા મુજબ તેમના કહેવા પ્રમાણે તો ક્ષણક્ષયી આત્માને તો સુખ-દુઃખની હેતુતાનું જ્ઞાન સંભવે જ નહિ પરંતુ સર્વે જીવોને તે પ્રત્યક્ષ અનુભવ ગમ્ય હોવાથી, ઈચ્છિત સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ માટે, પ્રવૃત્તિ-નિવૃત્તિ કરતાં પ્રત્યક્ષ જોવાય છે.

(૫)-તેમજ વળી જગતમાં ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરૂષાર્થથી યુક્ત, ભિન્ન-ભિન્ન જીવોને પ્રગટ સ્વરૂપે સુખ-દુઃખાત્મક તેમજ જન્મ-મરણ પામતાં પ્રત્યક્ષથી જોયા-જાણ્યા છતાં, કેટલાકો તો "ब्रह्म सत्यं जगन् मिथ्या" એટલે કોઈ એક પરમાત્મા જ સત્ય છે, અને કર્તૃત્વ પરિણામે ચેતનાયુક્ત ભિન્ન-ભિન્ન જીવોનું ચતુર્વિધ પુરૂષાર્થથી યુક્ત જે પ્રત્યક્ષ સ્વરૂપ છે, તે સર્વે કેવળ મિથ્યા અસત્ સ્વરૂપ જ છે એમ નિર્લજ્જ પણે કહેતા.

ફરે છે. આ સંબંધે સત્ય એ છે કે, બ્રહ્મસ્વરૂપે એટલે અનંતજ્ઞાનાદિ શુદ્ધ સ્વગુણ સત્તાએ પ્રત્યેક આત્માઓ ત્રિકાલિક નિત્ય છે પરંતુ શુદ્ધાશુદ્ધ પરિણામી સ્વરૂપે અનિત્ય પણ છે. આથી જીવના કર્મજન્ય-જે-જે સંસારી પર્યાયો છે, તે સર્વે-તે આત્માના વિભાવ પર્યાયો છે, એમ જાણવું. તે સાથે શુદ્ધ પર્યાયનું પરિણમન પણ વિચારવું જરૂરી છે. આથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે, જીવ યાને આત્મદ્રવ્યો તેમજ અજીવ (પાંચે) દ્રવ્યોની રાશિરૂપ આ સમસ્ત જગત દ્રવ્યત્વભાવે અનાદિ અનંત નિત્ય છે તેમજ શુદ્ધાશુદ્ધ પરિણામીભાવે અનિત્ય પણ છે,

(૬)—વળી કેટલાક અતિ-પરિણામી સંતો કહે છે કે, "निर्विकल्पकज्ञानमेव प्रमाणम्" એટલે કે કેવળ નિર્વિકલ્પકજ્ઞાન જ પ્રમાણ સ્વરૂપ છે. આમ કહેનારાઓ ખરેખર તો પોતે જ પોતાના ક્ષાયોપશમિક સવિકલ્પક જ્ઞાનને અપ્રમાણરૂપ કહીને પોતાને જ મિથ્યાવાદી કહી રહ્યા છે.

(૭)-વળી કેટલાક મિથ્યા-અનેકાંતવાદીઓ અયથાર્થ ભાવે એકમાં અનેકતા અને અનેકતામાં એકતા તેમજ નિત્યને અનિત્ય અને અનિત્યને નિત્ય સ્વરૂપે સમજાવવાની અયથાર્થ યાને વિસંવાદી કોશીષો કરતા હોય છે. તેઓ પણ ખરેખર તો અહંકારીપણે પોતાનું અજ્ઞાન તેમજ મિથ્યાવાદીપણું જ પ્રગટ કરતા હોય છે.

(૮)-તેમજ વળી કેટલાક તત્ત્વદૃષ્ટિશૂન્ય વ્યવહારા-

ભાષી કપટી સાધુ-સંતો પોતાની સાવદ્યયોગ પ્રવૃત્તિઓમાં-પણ યેન કેન પ્રકારે નિરવદ્યતાનો આરોપ કરીને અજ્ઞાની-જીવોને ઉન્માર્ગે પ્રવર્તાવતા હોય છે.

(૯)-તેમજ વળી કેટલાક વ્યવહારલોપક નિશ્ચયાભાષી અહંકારી સાધુ-સંતો શુદ્ધ ઉપયોગાનુસારી, જયણાયુક્ત પ્રશસ્તયોગ પ્રવૃત્તિમાં પણ સાવદ્યતાનો તેમજ પર-પ્રવૃત્તિનો આરોપ કરીને ધર્માર્થી જીવોને ધર્મપુરૂષાર્થથી ભ્રષ્ટ કરતા હોય છે. **આથી સુજ્ઞ વાંચકોને સ્પષ્ટ સમજાયું હશે કે નિશ્ચય-વ્યવહારરૂપ બંને ધર્મ માર્ગમાં શુદ્ધ-સ્યાદ્વાદ પરિજ્ઞાનનો અનાદર કરવો યા વિરોધ કરવો તે ખરેખર તો પોતાના આત્મ-હિતનો જ વિરોધ કરવારૂપ છે.**

**૬૧. પ્રશ્ન** :—કોઈ પણ વચનને યથાર્થ યા અયથાર્થ કેવી રીતે સમજવું ?

**૬૧. ઉત્તર** :—જેમ કષ, છેદ અને તાપ એ ત્રણે ત્રણ સાધનોથી કરાયેલી પરીક્ષા વડે, સુવર્ણની યથાર્થતા સાબિત થાય છે, તેમ જે વચન પોતાના આત્માને આત્મ-હિત પ્રતિ, આલોક વિરૂદ્ધ ન હોય, અને પરલોક વિરૂદ્ધ પણ ન હોય, તેમજ કર્મક્ષયકારિતા સાપેક્ષ, મોક્ષાર્થથી પણ વિરૂદ્ધ ન હોય તે વચનને યથાર્થ સત્ય વચન જાણવું જોઈએ. અન્યથા ઉપર જણાવેલ ત્રિવિધ તથ્યાંશતા રહિત ગમે-તેવા પ્રિય કે પથ્ય વચનોને પરમાર્થે

અહિતકારી જાણીને, તેનો પરિહાર કરવો જોઈએ. વળી આ પણ જાણવું જરૂરી છે કે આત્મહિતકારી વચનો પણ ઉત્કૃષ્ટ-મધ્યમ અને જઘન્ય એમ ત્રિવિધ સ્વરૂપે હિતકારી હોય છે. તેમાં પ્રથમ જે વચનો માત્ર સમ્યક્-દ્રવ્ય શ્રુતજ્ઞાન સાપેક્ષ હોય છે, તે જઘન્યભાવે ઉપકારી થાય છે. વળી જે સમ્યગ્-દર્શનયુક્ત-શ્રુતજ્ઞાન સાપેક્ષ વચનો હોય છે, તે મધ્યમભાવે ઉપકારી થાય છે. તેમજ જે સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્રયુક્ત સંયમધર આત્માના વચનો હોય છે, તે ઉત્કૃષ્ટભાવે આત્મોપકારી થાય છે, એમ જાણવું.

આ માટે શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે—

"तीसे सो वयणं सोच्चा, संजयाइ सुभासियं;
अंकुसेण जहा नागो, धम्मे संपडिवाइओ."

૬૨. પ્રશ્ન :—સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વીતરાગ પરમાત્માઓએ અનાદિ-અનંત જગતના સમસ્ત ત્રિવિધ શુદ્ધાશુદ્ધ સ્વરૂપમાં સ્યાદ્‌થકી જણાવેલ અર્થોને છદ્મસ્થ ગણધર ભગવંતાએ રચેલા નય-પ્રમાણ સાપેક્ષ શાસ્ત્રવચનોમાં યથાર્થ અવિરૂદ્ધતા કેવી રીતે યોજવી?

૬૨. ઉત્તર :—જે કોઈપણ શાસ્ત્ર-વચનથી પોતાના આત્માએ (૧) પૂર્વે બાંધેલા કર્મોની, (૨) ઉદયમાં આવેલા કર્મોની, (૩) ભોગવાતા કર્મોની, (૪) વર્તમાનમાં શુદ્ધાશુદ્ધ બાહ્ય તેમજ અભ્યંતરભાવે કરાતા કર્મોની, (૫) બાહ્યસ્થૂલ-

સ્વરૂપ પ્રસિદ્ધિરૂપે પ્રગટ દર્શાવાતા કર્મોની, (૬) નવા બંધાતા અષ્ટવિધ કર્મોની તેમજ (૭) નિર્જરા કરાતા કર્મોની યથાર્થતા સાથે અવિરૂદ્ધ ફળસ્વરૂપતા સમજાય, તેને સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વીતરાગ પરમાત્માઓની અર્થદેશનાની સાથે યથાર્થ અવિરૂદ્ધતા જાણવી. આ માટે કહ્યું છે કે—

"आकालमिय आज्ञा ते, हेयोपादेयगोचरा"

૬૩. પ્રશ્ન :—"બ્રહ્મસત્ય જગત્ મિથ્યા" એ વેદવચનથી બ્રહ્મસ્વરૂપી એક પરમાત્મા જ સત્ય છે. બાકીનું સમસ્ત જગત્ મિથ્યા, અસાર અને અસત્ છે એમ જાણનાર ઉત્તમ-વૈરાગી આત્માને પરમાત્માના સાક્ષાત્-દર્શન થાય છે તો તેને પરમાત્માના કેવા સ્વરૂપનું દર્શન થતું હશે?

૬૩. ઉત્તર :—પ્રથમ તો સ્યાદ્ રહિતપણે ઉપર જણાવેલ "ब्रह्मसत्य जगत् मिथ्या" એ વચનને એકાંતે ઉપર જણાવેલ અર્થથી વિચારવું તે-મિથ્યા છે, કેમકે પ્રથમ તો જો કોઇ એકજ નિત્ય-સ્વરૂપી પરમ બ્રહ્મને, જો આ મિથ્યા-અસાર-અસત્ જગતની લીલાનો કર્તા-હર્તા કહેશો-તો, તેથી તો તે પરમાત્માને પણ આ અસાર-અસત્ અને મિથ્યા જગતના કર્તા-હર્તા રૂપે મિથ્યાપણું જ પ્રાપ્ત થશે, વળી જો પરમાત્મા તો શુદ્ધ-નિત્ય-નિરંજન-નિરાકાર છે એમ જાણતા હો તો, જન્મ-મરણાદિ અનેક ચિત્ર-વિચિત્ર સુખ-દુઃખાત્મક જગતનું કર્તા-હર્તા પણું પરમાત્માને નહિ

ઘટે, વળી પરમાત્માને જો નિત્ય–એકજ તેમજ અદૃષ્ટ ભાવે સર્વવ્યાપીપણે, સાર્વત્રિક કેવળ પોતાની ઈચ્છાનુસારી લીલાકારી શક્તિરૂપ જ છે એમ જાણતા હો–તો, તમારી કોઈ પણ સ્વરૂપે કરાતી તે પરમાત્માની પૂજા–ભક્તિરૂપ સમસ્ત ઉપાસના, તમારી જ માન્યતાએ કેવળ ઉપહાસ પાત્ર ઠરશે! વળી પરમાત્માને જો પ્રત્યેક જીવને પોત–પોતાના શુભાશુભ કર્મ પ્રમાણે સુખ–દુઃખાદિ આપનારો કહેશો–તો પરમાત્માને પણ પોતાની ઈચ્છાનુસારી–લીલાકારી તો નહિ જ કહેવાય; એટલું જ નહિ પરંતુ પરમાત્માને પ્રત્યેક જીવને પોતપોતાના કર્માનુસારે ફળ આપવારૂપ ક્રિયાની વિડંબણામાં નિત્ય વિડંબિત માનવો પડશે, અને તેથી તો પરમાત્માને સચ્ચિદાનંદ સ્વરૂપી નહિ કહી શકાય, તેમજ વળી સુખની પ્રાપ્તિ અર્થે તેમજ દુઃખની નિવૃત્તિ અર્થે પ્રવર્તમાન આ પ્રત્યક્ષ જગતને જો એકાંતે અસાર, અસત્ અને મિથ્યા કહેશો તો તમારું તેમ કહેવું "મારી માતા વાંઝણી છે" એમ કહેવા બરાબર થશે. આથી સ્પષ્ટ સમજાય તેમ છે કે પ્રત્યેક શાસ્ત્રવચનને સ્યાદ્ સાપેક્ષ નય–પ્રમાણથી અવિરૂદ્ધ અવધારવું જરૂરી છે કે, જેથી આત્માર્થ સાધકતાએ આત્માને પરમાત્મપદની પ્રાપ્તિ થાય. આ માટે કહ્યું છે કે—

"अपरिच्छिय सुय निहसस्स,<br>
केवलमभिन्न सुत्तचारिस्स;

सव्वुज्जमेण वि कयं,
अन्नाण तवे बहुं पडई."

વળી નરસિંહ મહેતાએ પણ કહ્યું છે કે—

મારૂં ગાણુ ગાશે, તે ઝાઝા ખાસડા ખાશે;
સમજી સમજી ગાશે, તે વહેલો વૈકુંઠ જાશે.

૬૪, પ્રશ્ન :—શું જૈન ધર્મના અનુષ્ઠાનો કરવાથી જ આત્મશુદ્ધિ થાય છે?

૬૪. ઉત્તર :—આત્મશુદ્ધિ તો, આત્મશુદ્ધિના લક્ષ-પૂર્વક આત્માને શત્રુભૂત અંતરંગ ક્રોધાદિ કષાયોને ઉપશાંત કરીને, અનુકુળ-પ્રતિકુળતામાં, સમભાવમાં રહીને પૂર્વે બાંધેલા કર્મોનો ક્ષય કરવા થકી થાય છે, પરંતુ આ માટે પણ પૂર્વે જેમણે સર્વકર્મોનો ક્ષય કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સમસ્ત જીવોના ત્રિકાલિક સર્વે શુદ્ધાશુદ્ધ ભાવોને, તેના હેતુ સહિત યથાર્થ જાણીને, કષાયોને ઉપશાન્ત કર-નાર તેમજ સમભાવની શુદ્ધિ-વૃદ્ધિ વડે કર્મોનો ક્ષય કરવા વાળા જે-જે સંવર-નિર્જરાતત્ત્વમય ઉત્તમ અનુષ્ઠાનો જણાવેલ છે, તેને વિધિ-નિષેધ પૂર્વક યથાર્થ અનુસરવાથી "कडेमाणे कडे" એ ન્યાયથી તત્કાળ નિઃશંક આત્મ-શુદ્ધિનો અનુભવ પ્રાપ્ત થાય છે. આ સંબંધે શાસ્ત્રમાં કહ્યું છે કે—

"आवस्सय मुभयकालं, ओसहमिव जें कुणंति उज्जुत्ता;
जिण–विज्ज कहिय विहिणा, अकम्म रोगाय ते हुंति."

૬૫. **પ્રશ્ન** :—મિથ્યાદષ્ટિવાન્–આત્મા, જ્ઞાની હોય કે અજ્ઞાની?

૬૫. **ઉત્તર** :—વસ્તુ સ્વરૂપનો અયથાર્થ યાને વિપરીત બોધ, મિથ્યાત્વ મોહનીયના ઉદય સાપેક્ષ હોવાથી આત્મા (૧) અજીવને જીવ જાણે. (૨) જીવને અજીવ જાણે. (૩) રૂપીને અરૂપી જાણે. (૪) અરૂપીને રૂપી જાણે. (૫) ધર્મને અધર્મરૂપ જાણે. (૬) અધર્મને ધર્મ રૂપ જાણે. (૭) સાધુને અસાધુ જાણે. (૮) અસાધુને સાધુ જાણે. (૯) આત્મહિતકારી માર્ગને ઉન્માર્ગ જાણે. (૧૦) આત્માને અહિતકારી ઉન્માર્ગને માર્ગરૂપ જાણે છે. આ દશપ્રકારે વિપર્યય બુદ્ધિવાળો આત્મા ગમે તેટલા વિશિષ્ટ જ્ઞાનવાળો હોય તો પણ, આત્માર્થ સાધવાને, અસમર્થ હોઈ, તેને આત્માર્થ સાધકતાની અપેક્ષાએ શાસ્ત્રકારોએ અજ્ઞાની કહ્યો છે

૬૬. **પ્રશ્ન** :—સમ્યગ્–દૃષ્ટિ આત્મા જ્ઞાની હોય કે અજ્ઞાની?

૬૬. **ઉત્તર** :—સમ્યગ્દષ્ટિ આત્માઓને શ્રુતાદિજ્ઞાન વિષયકબોધમાં ક્ષાયોપશમિકભાવે ષડ્ગુણહાની–વૃદ્ધિરૂપ અનેક પ્રકારની તરતમતા હોવા છતાં પણ શાસ્ત્રમાં સમ્યક્ત્વને, સર્વ દ્રવ્ય પર્યાય વિષયક યથાર્થ–અવિરૂદ્ધ બોધ સ્વરૂપ કહ્યું છે. તેમ જ મોક્ષાનુકુળ સ્વભાવ સ્વરૂપી જણાવેલ છે,

આથી સમ્યગ્દષ્ટિ આત્માઓ સ્વ-પર દ્રવ્ય-ગુણ-પર્યાય સંબંધે યથાર્થ વિવેકકારી દષ્ટિવંત હોય છે. તેથી તેઓને કથંચિત્ આત્મારાધનતા હોવાથી નવીન કર્મબંધ પણ ઓછો હોય છે એમ જાણવું. આ સંબંધે શ્રી વંદિત્તા સૂત્રમાં કહ્યું છે કે—

"सम्मद्दिट्ठी जीवो, जइवि हु पावं समायरे किंचि;
अप्पो सि होइ बंधो, जेण न निद्धंधसं कुणइ."

૬૭. પ્રશ્ન :—કોઇ પણ મનુષ્ય પોતાનું ધાર્યું કરી શકે, કે ન કરી શકે?

૬૭. ઉત્તર :— કોઈ પણ પ્રયોગસા કાર્ય પરિણામમાં પાંચે કારણોનો સમવાય ભળેલો હોવા છતાં, બાહ્ય-ભૌતિક-કાર્ય સિદ્ધિમાં, પૂર્વકર્મોના ઉદયને પ્રાધાન્ય આપવું યોગ્ય છે. જ્યારે આત્મવિશુદ્ધિ માટે-તો, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણોનો, આવિર્ભાવ કરનાર સમ્યગ્-પુરૂષાર્થને પ્રાધાન્ય આપવું જોઇએ, કેમકે મોહાદિ ઘાતિકર્મોનો સર્વથા ક્ષય કરવા થકી જ આત્માને સર્વતંત્ર-સ્વતંત્ર શુદ્ધ ક્ષાયિકભાવની આવિર્ભાવે પ્રાપ્તિ થાય છે.

૬૮. પ્રશ્ન :—આત્મા તેમજ સુખ-દુઃખની લાગણીઓ સત્-પદાર્થ છે કે અસત્-પર્યાય છે?

૬૮. ઉત્તર :—કોઇ પણ સત્ પદાર્થ સ્વગુણ સત્તાએ ત્રણે કાળે યુક્ત હોવાથી, કાર્ય-કારણ પરિણામી અવશ્ય

હોય છે. જેમાં કાર્ય-કારણ ભાવની વ્યવસ્થા નથી તે અસત્ જાણવું. આ લક્ષણથી ત્રિકાળ સત્ સ્વરૂપી, પ્રત્યેક આત્માને પોત-પોતાનાં કર્તૃત્વાનુસારી-ક્રિયા થકી કાર્ય-કારણ ભાવે, સુખ-દુઃખાદિનો અનુભવ અવશ્ય હોય છે. તેથી જ તો પ્રત્યેક આત્મા નિરંતર પોત-પોતાની કલ્પનાનુસારે સુખની પ્રાપ્તિ માટે અને દુઃખની નિવૃત્તિ માટે નિરંતર પ્રયત્નો કરતો પ્રત્યક્ષ દેખાય છે. જો સ્વ-સ્વ અનુભવાત્મક સુખ-દુઃખને પણ, કેવળ અસત્ કલ્પના માત્ર જ છે એમ કહેશો તો સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિના સમસ્ત વહેવારને પણ અસત્ જ કહેવો જોઈશે. અને સમસ્ત વહેવારને પણ જો અસત્-મિથ્યા માનશો-તો, તેમ માનવાથી પોતાપણું જ અસત્-મિથ્યા માનવું પડશે, પરંતુ કોઈપણ આત્માને-પોતાને ક્યારેય હું નથી-એવું જ્ઞાન હોતું નથી, તેમ છતાં મારી માતા વાંઝણી હતી એવું કહેનારની જેમ, હું નથી એમ કહેવું તે તો કેવળ મૂર્ખતા જ ઠરશે.

૬૯. પ્રશ્ન :—શરીર અને આત્મા જુદા છે કે એક જ છે?

૬૯. ઉત્તર :—જે શરીર આત્માના આધારવાળું હોય છે તે શરીરદ્વારા તે આત્માની જ્ઞાનચેતના-કર્મચેતના અને કર્મફળચેતનાનું સ્વરૂપ પ્રત્યક્ષ જણાય છે; તેથી શરીર અને આત્મા બંનેને કથંચિત્ ભિન્ના-ભિન્નપણું પ્રત્યક્ષથી અવિરૂદ્ધ છે. તે માટે આત્મા અને શરીરના સંયોગ સંબંધને ભિન્ના-ભિન્નપણે યથાર્થ અવિરૂદ્ધભાવે સમજવો જરૂરી

છે. કેમકે જીવદ્રવ્ય યાને આત્મતત્ત્વ તો સદાકાળ ચૈતન્ય ગુણયુક્ત હોય છે, જ્યારે શરીરસ્વરૂપી જડ-પુદ્ગલ દ્રવ્યો કેવળ ભિન્નસ્વરૂપે તો, ચૈતન્યતા રહિત હોય છે. તેથી જડ-સંયોગી આત્મપરિણમનોનું, તેમજ આત્મ સંયોગી જડ પરિણમોનું ભેદજ્ઞાન કરવું-અનિવાર્ય-આવશ્યક છે-આ માટે કહ્યું છે કે—

ये यावन्तो ध्वस्तबन्धा अभूवन्,
भेदज्ञानाभ्यास एवात्र मूलम्;
ये यावन्तोऽध्वस्तबन्धा भ्रमन्ति,
भेदज्ञानानामभाव एवात्र बीजम्.

૭૦. **પ્રશ્ન** :—આત્માને-શરીરનો સંબંધ, કેવી રીતે થાય છે?

૭૦. **ઉત્તર** :—સંસારી પ્રત્યેક આત્માઓ, અનાદિ-કાળથી સ-શરીરી છે. શરીરના આધાર વિના-અરૂપી આત્માને, સંસારમાં જે ચિત્ર-વિચિત્ર દેહાદિ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે; તે સંભવી શકે નહિ. જગતમાં સ્થૂલ બાહ્ય ઔદારિક-વૈક્રિય અને આહારક શરીરની વિવિધતાના હેતુભૂત અનાદિથી આત્માને અનુસરનારા તૈજસ અને કાર્મણ શરીર (કર્મ વર્ગણાઓના બંધન)નું સ્વરૂપ પણ યથાર્થ જાણવું જરૂરી છે. કેમકે પ્રત્યેક જીવને જન્મ-મરણ અને બાહ્યજીવનની વિચિત્રતામાં કાર્મણ શરીર તેમજ તૈજસ શરીર મુખ્ય ભાગ ભજવે છે. કેમકે તે બંને શરીરો

આત્માને અનુસરનારા છે. અને આત્મા તો મુખ્યપણે ઔદારિક-વૈક્રિય અને આહારક શરીરને અનુસરતો હોય છે. કાર્મણ શરીર-તે, આત્માને કષાય અને યોગદ્વારા ગ્રહણ કરેલાં (કાર્મણ વર્ગણાના સમૂહરૂપ) અષ્ટવિધ કર્મોનું આત્માની સાથે ક્ષીર-નીરવત્ કર્મોના બંધનરૂપ જાણવું. જ્યારે તેજસ શરીર આત્માને ઔદારિક-વૈક્રિય-આહારક તેમજ કાર્મણ શરીર અને આત્માને પણ, ક્ષયોપશમાદિક સ્વરૂપમાં, તીવ્ર-મંદભાવે અનેકવિધ ચિત્ર-વિચિત્ર સ્વરૂપમાં પરિણમાવવામાં હેતુ-ભૂત છે; આ તેજસ શરીરની શક્તિના આયોજન સંબંધે વિશિષ્ટ યોગીઓ અનેક પ્રકારના કાર્યો કરવા સમર્થ બને છે. પરંતુ હાલમાં તેજસ શરીરદ્વારા યોગ સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનો ગુરૂ-ગમ વિચ્છેદ ગયેલો છે. જ્યારે આત્મશુદ્ધિના પરિણામમાં પણ આ તેજસ શરીરના સહકારથી વિધિ-નિષેધરૂપ આદાન-ગ્રહણતાએ (અપ્રમત્તભાવે) સ્થાન-ઉર્ણ-અર્થ-આલંબન અને નિરાલંબન યોગમાં ઉત્તરોત્તર એકાગ્રતાએ અંતરંગ આત્મ-વિશુદ્ધિ માટે-પણ, યોગવંચકતા માટે ગીતાર્થ-ગુરૂભગવંતની અનિવાર્ય આવશ્યકતા છે. આ માટે પ. પૂ. અધ્યાત્મયોગીશ્રી આનંદઘનજીએ જણાવ્યું છે કે—

"દોડત-દોડત-દોડીઓ,
જેતી મનની રે દોડ, જિનેશ્વર;
પ્રેમ પ્રતીત વિચારો હુંકડી,
ગુરુગમ લેજો રે જોડ-જિનેશ્વર."

વળી આત્માર્થ સાધવા માટે આત્માર્થી આત્માઓએ જે રીતે આત્માને આત્મભાવમાં જોડવો જોઈએ, તેનો વિધિ બતાવતાં સાથે, તેની પણ આજે કથંચિત્ દુર્લભતા છે, તેને પણ પરમપૂજ્ય આધ્યાત્મયોગીશ્રી આનંદઘનજીએ જણાવતાં થકાં જણાવ્યું છે કે—

મુદ્રા—બીજ—ધારણા—અક્ષર,
ન્યાસ—અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવી વંચીજે,
ક્રિયા અવંચક ભોગે રે.

* * *

શ્રુત અનુસાર વિચારી બોલું,
સુગુરુ તથાવિધ ન મિલે રે;
કિરિયા કરી નવિ સાધી શકીએ,
એ વિખવાદ ચિત્ત સઘળે રે.

૭૧. પ્રશ્ન :—જીવને ચિત્ર-વિચિત્ર કાર્મણ શરીર (કર્મનું બંધન) કેવી રીતે પ્રાપ્ત થાય છે?

૭૧. ઉત્તર :—પ્રત્યેક સંસારી આત્માઓ, પોત-પોતાના અલ્પાધિક મન, વચન, અને કાયયોગ દ્વારા ન્યૂનાધિક કાર્મણ વર્ગણાઓનું નિરંતર ગ્રહણ કરે છે અને તેને, તે જ સમયે પોતાના તીવ્ર—મંદ રાગ-દ્વેષાદિ પરિણામ અનુસારે, સામાન્યથી જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ

સ્વરૂપે પરિણામ પમાડીને, પોતાના પ્રત્યેક આત્મપ્રદેશોની સાથે, પૂર્વે બાંધેલા કર્મોની સાથે, બંધન પમાડી જોડી દે છે. આ રીતે પ્રત્યેક સંસારી આત્માને પોતે બાંધેલા કર્મોના બંધનથી કાર્મણ શરીરની પ્રાપ્તિ થાય છે. આ કાર્મણ શરીરનો સંબંધ ક્ષીર-નીરવત્ જાણવો. આયુષ્ય કર્માનુસારે સંસારી આત્માઓ ઔદારિકાદિ શરીર છોડીને આ કાર્મણ શરીર સહિત બીજા ભવમાં જાય છે. અને તે થકી તે જીવને નવીન ઔદારિક-વૈક્રિય-આહારક-તેમજ વિશિષ્ટ તેજસ શરીરની પ્રાપ્તિ થાય છે. આ ચારે પ્રકારના શરીરો કાર્મણ શરીરમાં રહેલા અષ્ટવિધ કર્મોના વિપાકને અનુસરનારા હોઈ, તે મુજબ પ્રત્યેક જીવનું ચિત્ર-વિચિત્ર સ્વરૂપવાળું બાહ્યજીવન હોય છે, આ સત્યને પ્રત્યેક (વિશિષ્ટા-વિશિષ્ટ) આત્માએ પોતે બાંધેલા કર્માનુસારે પ્રાપ્ત જન્મ-મરણ અને જીવનની સ્થિતિરૂપે સ્વીકારવું પડે છે. કેમકે-પ્રત્યેક સંસારી આત્માને વિષે, ઉપર જણાવેલ સ્વરૂપ અનુભવ પ્રત્યક્ષથી અવિરોધી છે. આથી આત્માની સાથે કર્મના બંધનને નહિ સ્વીકારનારા અજ્ઞાનીઓને પણ, પ્રત્યેક આત્માને પોત-પોતાના શુભાશુભ કર્મ પ્રમાણે જ ઇશ્વર (કોઇ અદૃષ્ટ પરમશક્તિ) અનેકવિધ ચિત્ર-વિચિત્ર ભાવે જુદું-જુદું ફળ આપે છે, તેમ તો માનવું જ પડે છે. કેમકે પ્રત્યેક જીવને કથંચિત્ જ્ઞાતાજ્ઞાતભાવે તેમ જ પોતાની ઈચ્છા વિરૂદ્ધ પ્રાપ્ત થતી પરસ્પર-વિરૂદ્ધ ચિત્ર-વિચિત્ર સ્વરૂપ સ્થાનની પ્રાપ્તિ નિર્હેતુક તો ન જ હોઈ શકે, જો સર્વત્ર-સર્વથા નિર્હેતુકતા જ વિચારશો-તો ઈચ્છાનુસારે

જીવ દ્વારા કરાતા વિવિધ ફળપ્રાપ્તિ માટેના પુરૂષાર્થને અયોગ્ય જ માનવો પડશે અને પુરૂષાર્થ નિરપેક્ષ જીવને ચૈતન્ય રહિતતાએ અજીવપણું પ્રાપ્ત થશે. તે માટે પ્રત્યેક જીવને સ્વ-સ્વકર્માનુસારે આ સંસારમાં ભિન્ન-ભિન્ન સ્વરૂપ સ્થાનની પ્રાપ્તિ થાય છે એમ માનવું તે યથાર્થ-અવિરૂદ્ધ છે.

૭૨. **પ્રશ્ન** :—વર્તમાનમાં કેટલાક ધર્મી લોકો દુઃખી કેમ જણાય છે? તેમજ કેટલાક અધર્મી (પાપી) લોકો સુખી કેમ દેખાય છે?

૭૨. **ઉત્તર** :—પ્રત્યેક જીવ વર્તમાનમાં પૂર્વકર્મના ઉદયાનુસારે જે-જે શુભ-અશુભ બાહ્ય યોગક્રિયા કરે છે તેનાથી, તદનુરૂપ અલ્પાધિક બાહ્યફળ તો, પ્રત્યક્ષ પ્રાપ્ત થતું જણાય છે, તથાપિ આત્મકર્તૃત્વ પરિણામ વડે નવીન બાંધેલા કર્મો, કાંઇ તત્કાલ જ ઉદયમાં આવે તેમ હોતું નથી, પરંતુ તે બાંધેલા કર્મોમાંથી જે-જે કર્મો જ્યારે જ્યારે જે-જે સ્વરૂપે ઉદયમાં આવે છે તે મુજબ તે જીવને, ચિત્ર-વિચિત્ર વિવિધ પ્રકારની અનુકુળ-પ્રતિકુળ પૌદ્ગલિક સામગ્રીનો યોગ અને અયોગ બન્ને પ્રાપ્ત થાય છે. આથી સ્પષ્ટ સમજવું કે પૂર્વે બાંધેલા કર્મોદયાનુસારે જ પ્રત્યેક જીવને ભિન્ન-ભિન્ન અનુકુળ તેમજ પ્રતિકુળ સ્થાન સ્થિતિની પ્રાપ્તિ થાય છે, અને તે થકી તે આત્માને સ્વપરિણામાનુસારે સુખ-દુઃખાદિનો પરિણામ પ્રાપ્ત થાય છે. આથી સ્પષ્ટ સમજાશે કે વર્તમાનમાં ધર્મી દેખાતા કેટલાક જીવો, ઉદિત પાપકર્માનુસારે દુઃખી હોય છે તેમજ અધર્મી-પાપ

કરતાં કેટલાક જીવો, ઉદિત પુણ્યકર્માનુસારે સુખી દેખાય છે. પરંતુ પર-પૌદ્ગલિક સુખ-દુઃખને ભોગવવામાં અધર્મીઓ તેમાં એકાકાર બુદ્ધિએ આત્યંતિક રાગ-દ્વેષ કરે છે. જ્યારે ધર્મી આત્માઓ બન્નેને કર્મ-જન્ય પર-સ્વરૂપને-પર-રૂપે જાણી તેમાં ઉદાસીન રહે છે.

**૭૩. પ્રશ્ન** :—આત્માને કર્મ (પુદ્ગલનો સંબંધ)નો સંયોગ ઉપકારક છે? કે ઉપઘાતક છે?

**૭૩. ઉત્તર** :—પ્રત્યેક સંસારી જીવને વિવિધ કર્મ સંયોગ થકી ઉપચારે નીચે મુજબ ઉપકારકતા તેમ જ ઉપઘાતકતા હોય છે—

"शरीर वाङ्मनः प्राणापाना पुद्गलानाम्"
"सुख-दुःख जीवित मरणोपग्रहाश्च"

પ્રત્યેક સંસારી આત્માનું બાહ્ય સ્થૂલ જીવન ઉપર જણાવ્યા મુજબ સ્વ-સ્વકર્માનુસારે અનુકુળતા-પ્રતિકુળતાવાળું હોય છે. જ્યારે શુદ્ધ આત્મિક પરિણમનમાં, ઔદયિકભાવ અનુગ્રહકારી કે ઉપઘાતક હોતો નથી.

**૭૪. પ્રશ્ન**:—કોઇ પણ આત્માનો અન્ય આત્મા પ્રતિ, ઉપકાર કે અપકાર હોઈ શકે છે?

**૭૪. ઉત્તર** :—પ્રત્યેક સંસારી સશરીરી આત્માઓનું બાહ્યજીવન અન્ય સશરીરી આત્માઓ પ્રતિ ઉપકારક તેમજ ઉપઘાતક હોઇ શકે છે. આ માટે કહ્યું છે કે—"परस्परो-

पग्रहो जीवानाम्" ઉત્તમ સંસારી આત્માઓ, અન્ય આત્મા-ઓને હિતોપદેશાદિ દ્વારા ઉપકારક હોય છે; જ્યારે મોહમાયામાં આસક્ત આત્માઓ આરંભ-પરિગ્રહાદિ દ્વારા અન્ય આત્માઓને ઉપઘાતક પણ હોય છે. આ સાથે એ સ્પષ્ટ સમજવું જરૂરી છે કે, નિશ્ચય શુદ્ધ સ્વરૂપમાં પરિ-ણામ પામતા આત્માઓનું આંતરિક જીવન અન્ય જીવને ઉપકારક કે ઉપઘાતક હોતું નથી. આ અર્થથી શાસ્ત્રમાં જીવ દ્રવ્યને **अकारण** દ્રવ્ય કહ્યું છે.

**૭૫. પ્રશ્ન**:—આત્માને મોક્ષ પુરૂષાર્થ સાધવા માટે, અન્ય ઉત્તમ આત્મા, કે કર્મ બંનેમાથી વિશેષ ઉપકારક કોણ ?

**૭૫. ઉત્તર**:—પ્રત્યેક આત્માને, પોતાના આત્માને કર્મના બંધનમાંથી છોડાવવા રૂપ મોક્ષ પુરૂષાર્થ તો-પોતાના સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ ચારિત્રાદિ આત્મિક ગુણોના એકત્વ પરિણામ થકી જ પ્રાપ્ત થાય છે, આ માટે કહ્યું છે કે—

"**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः**"

આમ છતાં સમ્યગ્ દર્શનાદિની પ્રાપ્તિ માટેના ધર્મ પુરૂ-ષાર્થમાં પ્રત્યેક આત્માને निमित्तशुद्धि અને उपादान शुद्धि બંને યથાતથ્ય ભાવે ઉપકારક હોય છે. તેમાં શુદ્ધ નિમિત્તનો યોગ, આત્માને તથા રૂપ પુણ્યોદયે પ્રાપ્ત થાય છે, પરંતુ તે થકી પણ ઉપાદાન આત્મશુદ્ધિ તો, આત્માના શુદ્ધ ક્ષાયોપશમિક ભાવની કારકતા થકી જાણવી.

૭૬. **પ્રશ્ન :**—અનંત શક્તિવાન્–સચ્ચિદાનંદ–સ્વરૂપી–નિત્ય–નિરંજન–નિરાકાર પરમાત્માના અંશોરૂપ સર્વે આત્માઓ પણ પરમાત્મા સ્વરૂપી જ છે અને પ્રત્યક્ષ જણાતા પ્રત્યેક આત્માના જન્મ, જીવન, મરણ, તે–તો, પરમાત્માની લીલા યાને માયા હોઈ ક્ષણિક, મિથ્યા અને અસત્ પ્રત્યક્ષ જણાય છે તેથી ધર્મપ્રવૃત્તિ અને અધર્મ પ્રવૃત્તિના ભેદસૂચક, સમસ્ત ઉપદેશ–પ્રચારો, શું મિથ્યા નથી?

૭૬. **ઉત્તર :**—પ્રથમ તો સશરીરી આત્માને, જન્મ–મરણ રહિત. નિત્ય અને નિરાકાર સમજવો તે પ્રત્યક્ષથી વિરૂદ્ધ છે. બીજું, પ્રત્યેક ભિન્ન–ભિન્ન આત્માને, એક જ પરમાત્માના અંશોરૂપ માનવાથી તો, પ્રત્યેક આત્માએ કરેલી, ધર્મ–અધર્મની સઘળીએ પ્રવૃત્તિને. પરમાત્માની પ્રવૃત્તિ જ માનવી જોઈશે, અને તેથી પ્રત્યેક આત્માને, પોત–પોતાની ઈચ્છાનુસારી પ્રવૃત્તિમાન્ તેમજ સુખ–દુઃખવાન્ પણ નહિ મનાય. જે પ્રત્યક્ષ સ્વાનુભવથી અત્યંત વિરૂદ્ધ છે. તેમજ પ્રત્યેક આત્માને પરમાત્માના અંશો માનીને, તમામ આત્માઓની–ધર્મ–અધર્મરૂપ સઘળીએ પ્રવૃત્તિના કર્તા–હર્તા પરમેશ્વર જ છે. એમ કહેવું અને તે સાથે વળી પરમાત્મા, દરેકે–દરેક આત્માને, પોત–પોતાની કરણીને–અનુસારે, જુદું–જુદું ફળ આપે છે–એમ કહેવું, તે બંને વાતો પ્રગટભાવે પરસ્પર વિરોધી છે. વળી એક તરફ તો પરમાત્માની ઈચ્છા મુજબ જ અને પરમાત્માની લીલા સ્વરૂપે જ આ જગત પ્રવર્તે છે, એમ કહેવું, અને તે સાથે વળી અધ-

ર્મનો નાશ કરવા, અને ધર્મની સ્થાપના કરવા, પરમાત્માને જન્મ લેવો પડે છે એમ કહેવું, તો તે પણ બન્ને વાતો પરસ્પર વિરોધી છે. આથી સ્પષ્ટ સમજાય છે કે પ્રત્યેક સંસારી આત્માની ધર્મ–અધર્મરૂપ કરણી પરમાત્માને હવાલે કરવી તે કેવળ મૂર્ખતા જ છે. પરંતુ સત્ય હકીકત એ છે કે, પ્રત્યેક સંસારી આત્માઓ સ્વ–સ્વકર્માનુસારે પોત–પોતાની બાહ્ય તેમજ અભ્યંતર, ધર્મ–અધર્મની કરણી મુજબ, તેનું ભિન્ન–ભિન્ન ફળ અવશ્ય પ્રાપ્ત કરે છે, આથી જ તો ઉત્તમ આત્માઓ પોતાના આત્માને, સર્વ કર્મથી મુક્ત કરી જન્મ–મરણ રહિત મોક્ષ–પદ પ્રાપ્ત કરવા, મોક્ષ–પુરૂષાર્થમાં ઉત્સુકતા ધારણ કરતા હોય છે.

૭૭. **પ્રશ્ન** :—ધર્મ પુરૂષાર્થ અને મોક્ષ પુરૂષાર્થનું સ્વરૂપ સમજાવો.

૭૭. **ઉત્તર** :—પ્રત્યેક સંસારી આત્માઓ પોત–પોતાના કર્તૃત્વ સ્વભાવાનુસારે સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ માટે નિરંતર અનેક પ્રકારની ભિન્ન–ભિન્ન ક્રિયાઓ કરતાં હોય છે. તેના શાસ્ત્રકારોએ ચાર વિભાગ પાડયા છે. (૧) ધર્મ પુરૂષાર્થ. (૨) અર્થ પુરૂષાર્થ. (૩) કામ પુરૂષાર્થ. (૪) મોક્ષપુરૂષાર્થ. તેમાં સામાન્યથી ધર્મ પુરૂષાર્થને, મોક્ષ પુરૂષાર્થના કારણરૂપ જણાવ્યો છે. અને અર્થ પુરૂષાર્થને–કામ પુરૂષાર્થના કારણરૂપ જણાવ્યો છે. તેમ છતાં વિશેષથી ચારે પ્રકારનો પુરૂષાર્થ ચતુર્વિધ પણ હોય છે. તેનું સ્વરૂપ ગીતાર્થ–ગુરૂ ભગવંત પાસેથી અવશ્ય જાણી લેવું જરૂરી છે.

તે પછી કર્મબંધનના કારણરૂપ પાપાચારની પ્રવૃત્તિથી પોતાના આત્માને અળગો કરીને, જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ આત્મિક ગુણોનો વિશિષ્ટ ક્ષયોપશમ પ્રાપ્ત કરવા સંવર-નિર્જરા સહિત પંચાચારની પ્રવૃત્તિમાં જોડવો, તેને ધર્મ પુરૂષાર્થ સમજવો જાઈએ, અને પ્રાપ્ત ક્ષયોપશમિક આત્મિકગુણો વડે જે, સર્વ કર્મનો ક્ષય કરવાનો ઉદ્યમ કરવો તેને મોક્ષ પુરૂષાર્થ જાણવો જાઇએ.

૭૮. પ્રશ્ન :—આત્માને આધ્યાત્મિક દૃષ્ટિ, વિશેષ ઉપકારક છે, કે અહિંસક જીવનશુદ્ધિ, વિશેષ ઉપકારક છે?

૭૮. ઉત્તર :—અહિંસક-જીવનશુદ્ધિ વગર, આધ્યાત્મિક દૃષ્ટિ નિરર્થક છે. તેમજ આધ્યાત્મિક દૃષ્ટિ વગરનું અહિંસક જીવનશુદ્ધિ પણ નિરર્થક છે. કેમકે બંને પરસ્પર જ્ઞાન-ક્રિયા સાપેક્ષભાવે, એકબીજાને સહાયક અને પૂરક હોઈ મોક્ષાર્થ-સાધક બને છે; જ્યારે એકાંતે બન્ને બાધક હોઈ સંસાર હેતુ છે.

૭૯. પ્રશ્ન :—આધ્યાત્મિક દૃષ્ટિ અને અહિંસક જીવન શુદ્ધિનું સામાન્ય સ્વરૂપ સમજાવો?

૭૯. ઉત્તર :—શ્રી જીનશાસનને વિષે કોઈ પણ વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણવા માટે ચાર નિક્ષેપનું તો અવશ્ય ગ્રહણ કરવું એમ કહ્યું છે. તેમાં મુખ્ય દ્રવ્ય નિક્ષેપથી તેમજ ભાવ-વિક્ષેપથી આધ્યાત્મિક દૃષ્ટિનું અને અહિંસક જીવન-શુદ્ધિનું કિંચિત્ માત્ર સ્વરૂપ જણાવીએ છીએ. પ્રથમ

તો દ્રવ્યતઃ આધ્યાત્મશાસ્ત્ર નિર્દિષ્ટસૂત્ર-અર્થને એટલે સૂત્ર-અર્થને એટલે સૂત્ર-અર્થ બંનેને, સ્વ-પર સંબંધે અવિરૂદ્ધ ભાવે, પોતાના આત્માની સાથે અનુભવથી જોડવા થકી ભાવ આધ્યાત્મિક દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. અને તે થકી છએ જીવનિકાયની, દ્રવ્યથી તેમજ ભાવથી રક્ષા કરવાવાળું, અહિંસક જીવન-જીવનારો આત્મા. અવશ્ય પોતાના આત્માની, દ્રવ્ય-ભાવથી રક્ષા કરવાવાળો થાય છે. અન્યથા અહિંસક જીવનથી યા તો કેવળ આધ્યાત્મિક દૃષ્ટિથી આત્મશુદ્ધિ થતી નથી એમ જાણવું.

૮૦. **પ્રશ્ન** :—શાસ્ત્ર અને સૂત્ર-અર્થની અવિરૂદ્ધતા સમજાવો ?

૮૦. **ઉત્તર** :—પરમ પૂજ્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ જ્ઞાનસારમાં જણાવ્યું છે કે—

"शासनात् त्राणशक्तेश्च बुधैः, शास्त्रं निरुच्यते;
वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित् ."

સર્વકાળે-સર્વક્ષેત્રે-આત્મશુદ્ધિ તેમજ આત્મરક્ષા કરનારા અર્થોને (ભાવને) યથાર્થ અવિરૂદ્ધ ભાવે જણાવનારા શાસ્ત્રવચનોને, સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વીતરાગ ભગવંતોએ કહેલા અર્થથી અવિરૂદ્ધ જાણવા, અન્યથા જે વચન આત્મશુદ્ધિ અથવા તો આત્મરક્ષા કરવા સમર્થ નથી તેને શાસ્ત્ર-વચન કહેવું તે મૂર્ખતા છે. અત્રે આત્મશુદ્ધિ અને મિથ્યા

આત્મસંતોષનો ભેદ, ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી નિઃશંક સ્વરૂપે જાણવો જરૂરી છે.

૮૧. પ્રશ્ન :—સર્વ જીવોને માટે સામાન્યથી આત્મશુદ્ધિનો ક્રમ જણાવો ?

૮૧. ઉત્તરઃ—પ્રથમ તો સર્વ સામાન્ય ભાવથી, જ્યારે સંસારી જીવો-"ઘંચ ગોળ પાષાણના ન્યાયે" જાણે-અજાણે પણ; સવિશેષ અકામ નિર્જરા અને પુણ્યબંધ વડે અનુક્રમે સંસારમાં બાદર એકેન્દ્રિયથી માંડીને ઉત્તરોત્તર સંજ્ઞિ-પંચેન્દ્રિય પણું પ્રાપ્ત કરે છે, ત્યારે દ્રવ્યથી તેમજ ભાવથી આત્મશુદ્ધિના અધિકારી બને છે. તેમાં દ્રવ્યથકી આત્મશુદ્ધિ-યોગાવંચક-ક્રિયાવંચક અને ફળાવંચકતા થકી જાણવી. તેમજ ભાવથકી આત્મશુદ્ધિની હેતુતા મુખ્યતાએ તો, મોહનીય કર્મના ક્ષય-ઉપશમ અને ક્ષયોપશમાનુસારે જાણવી.

૮૨. પ્રશ્ન :—યોગાવંચક, ક્રિયાવંચક તેમજ ફળાવંચકતાનું સ્વરૂપ જણાવો ?

૮૨. ઉત્તર :—જે આત્માને, સુદેવ-સુગુરૂ અને સુધર્મની સાચી ઓળખાણ થાય છે, તેને યોગાવંચકતાની પ્રાપ્તિ જાણવી. તે થકી પોતાના મન, વચન અને કાયયોગને ૧૮ પાપકર્મથી નિવર્તાવી, આત્મિક જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણોની પ્રાપ્તિ અર્થે વ્રતાદિ સાપેક્ષ-પ્રવર્તાવવા, તેને ક્રિયાવંચકતા જાણવી, અને તે થકી સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણોનો, જે-આવિર્ભાવ થવો તેને ફળાવંચકતા જાણવી.

ઉપર જણાવેલા અનુક્રમથી સંસારી આત્મા પોતાના સર્વ કર્મનો ક્ષય કરી, શુદ્ધ અનંત–અક્ષય સુખનો સ્વામી બને છે. તે માટે આત્મશુદ્ધિના કારણરૂપ, વિવિધ પ્રકારની યોગશુદ્ધિને, દ્રવ્યશુદ્ધિ જાણવી. આ રીતે દ્રવ્યશુદ્ધિ વડે જીવ વિશિષ્ટ પુણ્યબંધ કરે છે, અને ભાવશુદ્ધિ થકી મોક્ષ પદ પ્રાપ્ત કરે છે એમ જાણવું.

૮૩. **પ્રશ્ન** :—દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વ એક સ્વરૂપે છે કે અનેક સ્વરૂપી છે?

૮૩. **ઉત્તર** :—દેવ–ગુરૂ અને ધર્મ એ તત્ત્વત્રયીનું સ્વરૂપ, ભેદ વિકલ્પ ગ્રાહક–વ્યવહારનયથી તો, ઉપચરિત–અનુપચરિત તેમજ શુદ્ધતાગ્રાહક અને અશુદ્ધતા ગ્રાહક આદિ અનેક પ્રકારે, લોકવ્યવહારમાં પ્રગટપણે અનેક સ્વરૂપે પ્રવર્તે છે. જ્યારે શુદ્ધતાગ્રાહક–નિશ્ચયનયની દૃષ્ટિએ, દેવ–ગુરૂ અને ધર્મ, પ્રત્યેક આત્મદ્રવ્યમાં પોતપોતાના જ્ઞાન–દર્શન–ચારિત્રાદિના શુદ્ધ એકત્વ પરિણામરૂપ હોવાથી એક સ્વરૂપી છે. આ માટે આત્માર્થી આત્માઓએ પોતાના આત્મદ્રવ્યના આવિર્ભાવ તેમજ તિરોભાવી પંચવિધ (જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–વીર્યાદિ) સ્વરૂપને, ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી ક્ષય–ઉપશમ તેમજ ક્ષાયોપશમાદિક ભાવથી યથાર્થ–અવિરૂદ્ધભાવે, સમજી લેવાની અનિવાર્ય આવશ્યકતા છે.

૮૪. **પ્રશ્ન** :—આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે, વિશિષ્ટ

ક્ષયોપશમ ન હોય, કે તેવા ગુરૂનો યોગ ન હોય, તો આત્મ-કલ્યાણ કેવી રીતે કરવું ?

૮૪. ઉત્તર :—પ્રથમ તો એ સમજવું જરૂરી છે કે ઉપાદાન, કે નિમિત્ત શુદ્ધિના યોગે જ જીવને આત્મ-કલ્યાણ કરવાની ઈચ્છા-રૂચિ પ્રગટે છે, તે પછી ઉપાદાનની બળવત્તાએ, કે નિમિત્તશુદ્ધિના આલંબનની બળવત્તાએ, કે પરસ્પર ગુરૂ-લઘુ ભાવમાં, એકબીજાના સહકારે, જીવ આત્મ-કલ્યાણ સાધે છે, અન્યથા અનાદિની ઓઘ-સંજ્ઞાએ કરાતી ધર્મ-પ્રવૃત્તિ આત્મશુદ્ધિ કરવા અસમર્થ હોય છે; એમ જાણવું. તેમ છતાં શૂન્યમનથી યા તો અજ્ઞાનથી કરેલી મન-વચન-કાયયોગની શુભ-અશુભ પ્રવૃત્તિથી અવશ્ય શુભ-અશુભ કર્મબંધ તો નિરંતર થયા જ કરે છે, અને તે થકી જ જીવ ચતુર્ગતિરૂપ આ સંસારમાં અનાદિથી ભટકયા કરે છે એમ જાણવું.

૮૫. પ્રશ્ન :—સમ્યક્ત્વ, એ આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ કયા ગુણનો પરિણામ છે.?

૮૫. ઉત્તર :—શુદ્ધ-ઉપયોગ-સ્વરૂપી સમ્યક્ત્વ, મુખ્યપણે તો મતિજ્ઞાનના અપાયાંશરૂપ જ્ઞાનગુણનો પર્યાય છે, તેમ છતાં તેને આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાદિ અનેક ગુણોનો સમુચિત-પર્યાય પણ સમજવો જરૂરી છે, કેમકે વિવિધ-ગુણોની કથંચિત્ શુદ્ધાશુદ્ધતાની મુખ્યતા ગૌણતારૂપ તરતમતાને, ગીતાર્થ ગુરૂભગવંત પાસેથી (૧૪) ગુણસ્થાનકના સ્વરૂપ-વિશેષથી, યથાર્થ જાણી લેવી જરૂરી છે.

૮૬. **પ્રશ્ન** :—સમ્યક્ત્વ રહિત-મિથ્યાદૃષ્ટિ આત્મા, આત્મકલ્યાણ કરી શકે ?

૮૬. **ઉત્તર** :—જે આત્માએ ત્રિપુંજીકરણ કરી, ગ્રંથીભેદ કરી સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું નથી, તેવો મિથ્યાત્વી આત્મા, શુદ્ધ આત્મ-ઉપયોગ રહિત હોવાથી, આત્મશુદ્ધિ કરી શકતો નથી, તથાપિ મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં અનેક પ્રકારની તરતમતા હોવાથી મંદ મિથ્યાત્વી, આત્માભિમુખતાએ જે-જે શુભકરણી કરે છે, તે થકી ઉપચારે તેને આત્મશુદ્ધિનું કારણ માનવામાં કોઈ દોષ નથી.

૮૭. **પ્રશ્ન** :—સમ્યક્ત્વવાન્ દરેકે-દરેક આત્માને શું એક સરખી આત્મશુદ્ધિકારકતા હોય છે ?

૮૭. **ઉત્તર** :—પ્રત્યેક સંસારી આત્માને આત્મશુદ્ધિની કારકતા તો દર્શન-મોહનીય તેમજ ચારિત્ર-મોહનીય કર્મના ક્ષય-ઉપશમ અને ક્ષયોપશમજન્ય હોય છે. તે માટે બંને મોહનીયકર્મના બંધ-ઉદય-ઉદારણા અને સત્તાની અનેક પ્રકારની વિચિત્રતાના સ્વરૂપને, ગીતાર્થ ગુરૂભગવંત પાસેથી જાણી લેવું જરૂરી છે. સર્વોત્કૃષ્ટ દેશવિરતિના વિશુદ્ધ સ્થાનકથી, સર્વ વિરતિનું પ્રથમ સંયમ સ્થાનક અનન્તગુણ વિશુદ્ધ હોય છે. કેમકે તે પ્રથમ સંયમ સ્થાનકે સર્વ આકાશના પ્રદેશોથી અનન્તગુણા ચારિત્રના પર્યાયો પ્રગટ થાય છે, તેમજ વળી સર્વ સંયમ સ્થાનકોની સંખ્યા પણ અસંખ્યાતા લોકાકાશના પ્રદેશો જેટલી જ હોય છે-પરંતુ ઉત્તરોત્તર વિશુદ્ધ હોય છે. તેમાં શરૂઆતથી જ

અનુક્રમે સંયમ સ્થાનક ઉપર ચઢતો અવશ્ય નિર્વાણપદને પ્રાપ્ત કરે છે. જ્યારે શરૂઆતથી ઉત્કૃષ્ટ અને પછી મધ્યમ સંયમ સ્થાનક ઉપર ચઢતો અવશ્ય પડે છે. આથી અનુક્રમે વિશુદ્ધ સંયમ સ્થાનક ઉપર ચડતા આત્માને તેના ચારિત્ર પર્યાયો નિર્મલ થયા હોવાથી, સુખરૂપ ચારિત્ર હોય છે તે માટે, અનુક્રમે સંયમસ્થાનક અને આત્મશુદ્ધિરૂપ ચારિત્ર પર્યાયના-ભેદને ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી જાણી લેવું અનિવાર્ય આવશ્યક છે.

૮૮. **પ્રશ્ન** :—સર્વગુણસંપન્ન અને સર્વ દોષ રહિત શ્રી કેવલી ભગવંતનો આત્મા, કૃતકૃત્ય હોઈ, તેને કોઈ આત્મ-સાધના કરવાની હોતી નથી, જ્યારે છદ્મસ્થ પ્રત્યેક સાધક આત્માઓ કિંચિત્ ગુણ યુક્ત તેમજ કિંચિત દોષયુક્ત હોય છે, તો-તેવા, ગુરૂતત્ત્વનું અવલંબન અન્ય આત્માને કેવી રીતે ઉપકારક બની શકે ? તેમજ શું અપ-કારક પણ હોઈ શકે છે ?

૮૮. **ઉત્તર** :—કોઈ પણ ગુણ-દોષાત્મક, નિમિત્તનું અવલંબન, મુખ્યપણે તો, અવલંબક આત્માની અવલંબક-તાનુસારે, ઉપકારક તેમજ અપકારક બને છે, તેમ છતાં ગુણદોષની ગુરૂલઘુતાનુસારે, નિર્બળ ઉપાદાનતાવાળા આત્મા-ઓને તો "संसर्गजा दोष-गुणा भवन्ति "એ ન્યાય લાગુ પડે છે. જ્યારે ખરેખર તો ગુણજ્ઞાતા આત્મા જ, ગુણાવલંબનતા વડે, ગુણ-પ્રાપ્તિ કરી શકે છે, અન્યથા આરંભ-પરિગ્રહાદિ દોષોને પણ ગુણ

સ્વરૂપે જાણી તથાસ્વરૂપી દોષાવલંબન લેતો-આત્મા, અવશ્ય વિષય-કષાયની વૃદ્ધિ કરવા સાથે, સંસારની તેમજ દુઃખોની વૃદ્ધિ કરવાવાળો થાય છે.

૮૯. **પ્રશ્ન** :—અનાદિથી-અજ્ઞાની તેમજ મિથ્યાદષ્ટિ સંસારી આત્માઓ કેવી રીતે આત્મકલ્યાણ સાધી શકે ?

૮૯. **ઉત્તર** :—આત્મકલ્યાણ કરવાના અધિકારની પ્રાપ્તિ માટે, પ્રથમ તો જડ અને ચેતન એટલે જીવતત્ત્વ તેમજ અજીવતત્ત્વના, ગુણ-પર્યાયનું સંક્ષેપથી યા વિસ્તારથી ભેદ જ્ઞાન પ્રાપ્ત થયેલું હોવું જોઇએ, અને તે થકી જડ-દ્રવ્યના ગુણ-પર્યાયમાંથી સુખબુદ્ધિની ભ્રાંતિ ટળેલી હોવી જોઈએ, કેમકે જ્યાં સુધી જીવ જડનો રાગી છે, ત્યાં સુધી જીવતત્ત્વ સાથે, મૈત્ર્યાદિ ચારે ભાવનાનો વ્યવહાર કરવાને અસમર્થ હોય છે. આ સંબંધે કહ્યું છે કે—

"मैत्र्यादि भाव संयुक्तं, तद् धर्ममिति कीर्तये"

આ ચાર ભાવના રહિત આત્મા વ્યવહારથી પણ "परस्परोपग्रहो जीवनाम्" એ સૂત્રના અર્થથી પણ-અળગો હોવાથી, તેને શુદ્ધાત્મતત્ત્વનું ગુણાવલંબન પ્રાપ્ત થતું નથી, તે માટે જેમ બને તેમ જડ-અજીવદ્રવ્યનો રાગ ઘટાડવા માટે પ્રયત્ન કરવો જરૂરી છે. આ માટે શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે—

"तवइ तवं चरइ चरणं, सुअंपि नवपुव्व जाव अब्भसइ।<br>
जा पर सुहे सुहत्तं, ता नो सम्मत्त विन्नाणं" ॥

**૯૦. પ્રશ્ન** :—શું અન્યનું આલંબન લીધા સિવાય આત્મશુદ્ધિ થઇ શકે નહિ ?

**૯૦. ઉત્તર** :—યોગશુદ્ધિ અને ઉપયોગ (આત્મ) શુદ્ધિ, બંને કથંચિત્ ભિન્ના-ભિન્ન હોવાથી, યોગશુદ્ધિના ક્રમમાં પ્રથમ (૧) સ્થાનયોગ, (૨) ઉર્ણયોગ, (૩) અર્થયોગ (૪) આલંબન યોગ, (૫) નિરાલંબન યોગ જાણવો. આ નિરાલંબનયોગને, આત્માના જ્ઞાન-દર્શન અને ચારિત્રના, અભેદ પરિણામરૂપ-અનુભવજ્ઞાન થકી, વિશિષ્ટ-સ્વરૂપે આત્માર્થ સાધકતા હોવાથી, તેને નીચે મુજબ સપ્તનય ભંગથી યથાર્થ-અવિરૂદ્ધ સ્વરૂપે જાણવો જરૂરી છે. કેમકે નિરાલંબન યોગમાં પણ પૂર્વના યોગોની અનુક્રમે પરંપર-કારણતાએ અવશ્ય કથંચિત્ ઉપકારકતા રહેલી હોય છે.

**(૧) નૈગમનય દૃષ્ટિએ** :—મિથ્યાદૃષ્ટિ આત્માઓ પોત પોતાની કલ્પનાશક્તિના જોરે-કરી, જે-જે અનેક પ્રકારની સ્થૂળ-બાહ્ય, રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરે છે. તેને નૈગમદૃષ્ટિએ નિરાલંબન યોગ જાણવો.

**(૨) શુદ્ધ સંગ્રહનય દૃષ્ટિએ** :—સમ્યગ્દૃષ્ટિ આત્માઓ ચોથા ગુણસ્થાનકે જે-જે પ્રકારે શમ-સંવેગાદિ ભાવે ઉત્તરોત્તર આત્મવિશુદ્ધિ (કવચિત્-શ્રેણી માંડીને-પણ) પ્રાપ્ત કરે છે, તેને સંગ્રહનયદૃષ્ટિએ નિરાલંબન યોગ સમજવો.

**(૩) શુદ્ધ વ્યવહારનયદૃષ્ટિએ** :—જે સમ્યગ્દૃષ્ટિ આત્માઓ બાહ્ય-સ્થૂલ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી, દેશ-

વિરતિ યા સર્વવિરતિભાવે ત્યાગ ભાવમાં સ્થિર થઇને, જે આત્મવિશુદ્ધિ કરે છે, તેને વ્યવહારનય દૃષ્ટિનો નિરાલંબન યોગ જાણવો.

(૪) **ઋજુસૂત્રનયદૃષ્ટિએઃ**—શુદ્ધ ક્ષયોપશમિક રત્નત્રયી યુક્ત, આત્માર્થ-સાધક, શુદ્ધ આત્મોપયોગ રૂપ જે આત્મ-પરિણામ તેને ઋજુસૂત્ર નયદૃષ્ટિએ નિરાલંબન યોગ જાણવો.

(૫) **શબ્દનયદૃષ્ટિએઃ**—અપ્રમત્તપણે સાતમે ગુણ-સ્થાનકે પ્રાપ્ત થયેલ, શુદ્ધ આત્માનુભવના બળે બાહ્ય તેમજ અભ્યંતર ભાવે રત્નત્રયીમાં વિશુદ્ધિ પ્રાપ્ત કરવાનો જે-જે પ્રયત્ન કરાય તેને શબ્દનયદૃષ્ટિનો નિરાલંબન યોગ જાણવો.

(૬) **સમભિરૂઢનયદૃષ્ટિએઃ**—આઠમે ગુણસ્થાન-કેથી બારમા ગુણસ્થાનકે જવાનો આત્માનો, જે સુવિશુદ્ધ ક્ષપક શ્રેણીરૂપ આત્મ-પરિણામ તેને સમભિરૂઢ નયનો નિરાલંબનયોગ જાણવો, આમાં શુક્લધ્યાનના પ્રથમના બે પાયારૂપ ધ્યાનનું સ્વરૂપ વિચારવું.

(૭) **એવંભૂત નયદૃષ્ટિએ** :—શ્રી કેવળીભગવંતો પોતાના બાકી રહેલા અઘાતીકર્મોનો વીતરાગ ભાવે, જે રીતે ક્ષય કરે છે, તેને એવંભૂત નયદૃષ્ટિનો નિરાલંબન યોગ જાણવો; આમાં શુક્લધ્યાનના ત્રીજા તેમજ ચોથા પાયા-રૂપ ધ્યાનનું સ્વરૂપ વિચારવું.

ઉપર મુજબ પાંચમા નિરાલંબન યોગના સ્વરૂપને,

યથાર્થ અવિરૂદ્ધ જાણીને, "योजनात् योगः" એ સામાન્ય વચનમાં ભ્રાંતમતિવાળા અજ્ઞાની તેમજ મિથ્યાદષ્ટિઓ મિથ્યા-ધ્યાનાદિ-યોગથી, નિવર્તન પામીને "मोक्षेण योजनात् योगः" એ સમ્યક્ પ્રમાણ વચનને અનુસરીને જેઓ આત્માર્થ-સાધશે તેઓ અવશ્ય પોતામાં સત્તાગતે રહેલા પરમ પરમાત્મપદને ઉપર જણાવેલા ક્રમથી આવિર્ભાવે-સ્વાધીનપણે પ્રાપ્ત કરવાવાળા, થયા છે, થાય છે, અને થશે.

**૯૧. પ્રશ્ન** :—શાસ્ત્રમાં "**लोग विरुद्धच्चाओ**" એ વચનથી લોક વિરૂદ્ધ વર્તન કરવાનું નિષેધ્યું છે તો ઘણાં લોકોથી જુદા શા માટે પડવું જોઈએ ?

**૯૧. ઉત્તર** :—ઉપર જણાવેલ શાસ્ત્ર વચનનો, વિરૂદ્ધભાવે-ઘણાં લોકો કરતાં હોય તેમ કરવું જોઇએ, એવો અર્થ કરનારાઓને, નિશ્ચેથી મિથ્યા-દૃષ્ટિઓ જાણવા જોઈએ, કેમકે તેનો સાચો અર્થ-તો, એ-છે-કે-ઉત્તમ આત્માઓએ સ્વ-પર કોઈને પણ દુઃખ થાય તેવી પ્રવૃત્તિથી અળગા રહેવું જોઇએ, આ માટે શાસ્ત્રમાં બહુમતિ મિથ્યાત્વીઓ વડે, પાપાચારમાં કરાતી પ્રવૃત્તિને અનુસરવું તેને આનુસ્રોતીકીવૃત્તિ જણાવી છે અને તે સાથે તેને ત્યજીને પ્રતિસ્રોતીકી એટલે તેથી વિરૂદ્ધ તપસંયમાદિની પ્રવૃત્તિ કરનારો આત્મા જ સંસારના સર્વ દુઃખોથી મુક્ત થઇ પરમ શાશ્વત સુખનો સ્વામી બને છે એમ સ્પષ્ટ જણાવેલું છે. આ માટે માનવજીવનની મહત્તા સંબંધે વિશેષથી જણાવું છું કે...........

# માનવ જીવનની મહત્તા

ન્યાય-નીતિ અને સર્વધર્મ શાસ્ત્રકારોએએ સર્વાનુમતે એ હકીકતનો સ્વીકાર કરેલો છે, કે-સાત પ્રકારના વ્યસનોને સેવનારો આત્મા, અવશ્ય આભવ-પરભવ તેમજ ભવોભવને વિષે, રોગ-શોક અને દુઃખ-દારિદ્રને પ્રાપ્ત કરવાવાળો થાય છે. તે માટે આત્મહિતના અર્થી મનુષ્યોએ તો સૌ પ્રથમ નીચે જણાવ્યા મુજબના સાતે વ્યસનોથી અળગા રહેવું અનિવાર્ય આવશ્યક છે.

**(૧) જુગાર રમવું નહિ** :—એટલે અન્યાય અને અનીતિથી ધન-વૈભવને વધારવા ઇચ્છા-પ્રયત્ન કરવો નહિ.

**(૨) ચોરી કરવી નહિ** :—એટલે બીજાની ચીજ-વસ્તુને તેની જાણ અને ઈચ્છાવિરૂદ્ધ સીધી કે આડકતરી રીતે પણ, લેવી જોઈએ નહિ.

**(૩) દારૂ પીવો નહિ** :—એટલે જે થકી પોતાનો આત્મા આત્મભાન ભૂલીને આત્માને અહિત કાર્યો કરવામાં ઉત્સુક બને તેવા દારુ આદિ પીણા પીવા જોઈએ નહિ. તેમજ અભક્ષ્ય-ભક્ષણ કરવું નહિ.

**(૪) પરસ્ત્રીમાં રાગી બનવું નહિ** :—એટલે જે સ્ત્રી પોતાની સાથે પરણેલી ન હોય તેવી કોઇ પણ સ્ત્રી સાથે વિષયભોગની ઈચ્છા કરે નહિ.

**(૫) વેશ્યાનો સંગ કરે નહિ**:—એટલે જે સ્ત્રી,

પરપુરુષ સાથે વિવિધપ્રકારે વિષયભોગો ભોગવવાની ઈચ્છા–પ્રવૃત્તિવાળી હોય, તેની સોબત કરે નહિ અને ઈચ્છે પણ નહિ.

(૬) **માંસભક્ષણ કરે નહિ** :—એટલે કોઇ પણ પ્રાણીના પ્રાણુજ જીવિતવ્યનો ઘાત કરીને અર્થાત્ તેના શરીરસ્થ અવયવોનો છેદ કરીને તેનો આહાર કરવાની ઈચ્છા–પ્રવૃત્તિ કરે નહિ.

(૭) **શિકાર કરે નહિ** :—એટલે પોતાનું શક્તિ–સામર્થ્ય બતાવવા યા તો સંશોધન કરવા, કે કુતુહલપ્રવૃત્તિએ પણ કોઈ પણ પ્રાણીના પ્રાણોનો ઘાત કરે નહિ.

ઉપર જણાવેલ એકથી સાતે વ્યસનો, અનુક્રમે–ઉત્તરોત્તર વ્યાપ્ત બનીને આત્માને વધુ ને વધુ દોષકારક બનતા હોવાથી વ્યસનોથી અળગો રહેનારો આત્મા અવશ્ય–આત્મહિત સાધીને, અનેક પ્રકારના ગુણોનો ભોક્તા બની અંતે મોક્ષના શાશ્વત સુખોને, પામવાવાળો થાય છે. તે માટે જેઓ મનુષ્ય–જીવનમાં ઉત્તમ–ગૃહસ્થ–જીવન જીવવા માગે છે, તેઓને માટે પણ શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે....

"अंतरंगारि षड्वर्ग,–परिहार परायणः;
वशीकृतेंद्रिय ग्रामो, गृही धर्माय कल्पते ॥

આત્મભાવને, શત્રુ–તુલ્ય, કામ–ક્રોધાદિ અંતરંગ છ દોષોને તેમજ પાંચઇન્દ્રિય અને છઠ્ઠું મન એ–છએને, જેઓ

આત્મવશ રાખવામાં પ્રયત્નવાન્ હોય છે, તેવા મનુષ્યો, ઉત્તમ ગૃહસ્થજીવનના અધિકારી જાણવા. અન્યથા મનુષ્ય-જન્મ પામીને પણ જેઓ તુચ્છ-હલકટવૃત્તિએ, તિર્યંચગતિના જીવો જેવું, યા તો ક્રૂર-રાક્ષસવૃત્તિનું-જીવન જીવે છે, તેથી તેઓ આ ભવ તેમજ પરભવને વિષે પણ, અનેક દુઃખોની પરંપરાને પ્રાપ્ત કરે છે. આ માટે આત્માને-અંતરંગ, શત્રુતુલ્ય છ ભાવોનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.

(૧) **કામ** :—એટલે અન્ય-સ્ત્રીવર્ગ પ્રતિ, દુષ્ટ અભિસંધી-કહેતાં માઠો અધ્યવસાય-તે કામ. આ કામ પરિણામનો ત્યાગ કરવા માટે, શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-

"सल्लं कामा विसं कामा, कामा आसीविसोपमा;
कामे पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥

(૨) **ક્રોધ** :—એટલે વિચાર્યા વગર, પરને કે પોતાને અપાયં (કષ્ટ)નું કારણ બને તે-ક્રોધ.

(૩) **માન** :—ઉત્તમ પુરૂષોના, આત્મોપકારી વચનો, ગ્રહણ ન કરવા તે-માન.

(૪) **મદ** :—પરને પીડા ઉપજાવવાના કારણોમાં ઉત્સુકતા તે-મદ.

(૫) **લોભ** :—કારણ વિના અન્યાય અને અનીતિથી પણ ધન મેળવવાનો પ્રયત્ન કરે, તેમજ યથાયોગ્ય સ્થાનમાં ધનનો વ્યય ન કરી શકે તે-લોભ.

(૬) હર્ષ :—ચોરી-જુઠ-જુગાર-નાટક-સીનેમા તેમ જ શૃંગાર-શિકાર આદિ અનર્થના કાર્યો કરીને, મનને પ્રીતિ ઉપજાવવાનો પ્રયત્ન કરવો, તે હર્ષ.

તેમજ વળી ઈન્દ્રિયોના વિષય-ભોગો સંબંધમાં પણ શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે—

"जह जह पुग्गल भोगो,
तह तह वड्ढेइ विसयंपि कसाई ।
इंदिय सुहा दुहा खलु,
अगिज्जा तओ विरत्ताणं ॥

વળી પણ કહ્યું છે કે—

"विपयाणां विषाणां च, दृश्यते महदन्तरम् ।
उपभुक्तं विषं हन्ति, विषयाः स्मरणादपि ॥

હવે ગૃહસ્થ જીવનમાં રહીને પણ જેઓને આત્મધર્મ સાધવો છે, તેવા ઉત્તમ શ્રાવક-ધર્મનું સ્વરૂપ જણાવીએ છીએ.

"सम्यक्त्व मूलानि-पंच अणुव्रतानि गुणा स्त्रयः ।
शिक्षापदानि चत्वारि, व्रतानि गृहमेधिनां ॥

સૌ પ્રથમ સુદેવ-સુગુરૂ અને સુધર્મમાં સ્થિર બુદ્ધિ કરવારૂપ સમ્યક્ત્વ વ્રતનો, વિધિપૂર્વક સ્વીકાર કરવા વડે, મનશુદ્ધિ કરીને, યથાશક્તિ અઢાર પાપસ્થાનકનો ત્યાગ

કરવા માટે, બારવ્રતમાં આદર-પ્રયત્નવાન્ બનવું જોઇએ. આ માટે બારે-વ્રતોનું યથાર્થ સ્વરૂપ ગુરૂ-ગમથી વિધિપૂર્વક અવધારવું જરૂરી છે. આ માટે સૌ પ્રથમ તો શ્રાવકવર્ગે દેવતત્ત્વ અને ધર્મતત્ત્વના શુદ્ધાવલંબનમાં ઉપકારી, શમ-સંવેગ-નિર્વેદાદિ ગુણવાળા જે-જે ઉત્તમ સાધુ ભગવંતો, દશવિધ સંયમ વડે, દશવિધ યતિધર્મનું પાલન કરીને, મુખ્યતયા મોક્ષ-પુરૂષાર્થમાં યથાતથ્ય સ્વરૂપે ઉદ્યમી છે, તેઓ સાધ્ય-સાધન શુદ્ધિમાં ઉપકારક હોઇ, તેઓનું યથાર્થ સ્વરૂપ પણ ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી અવશ્ય જાણી લેવું જરૂરી છે.

આ સંબંધે એ ખાસ જાણવું જરૂરી છે કે-કેટલાક નિશ્ચયાભાષી સાધુઓ, એકાંતે-બાહ્ય પ્રવૃત્તિથી સર્વથા રહિત સાધુધર્મને જ આત્મ-ધર્મ કહે છે, તેમજ કેટલાક કેવળ વ્યવહારાભાષીઓ, એકાંતે વ્યવહારશુદ્ધિ વડે જ આત્મશુદ્ધિ થઇ શકે છે એમ કહે છે. આ બન્ને એકાંત-દૃષ્ટિવાળા-મિથ્યાભિનિવેશિકોનો, સંસર્ગ ત્યાગીને, આત્માર્થી આત્માઓએ શાસ્ત્રાનુસારે નિશ્ચય-વ્યવહાર બંને ધર્મોનું સાપેક્ષભાવે અવલંબન લેવું હિતાવહ છે-આ માટે નિશ્ચય તેમજ વ્યવહાર સ્વરૂપમાં સમ્યક્ તેમજ અસમ્યક્ સ્વરૂપે-હિતાહિતકારક નીચે મુજબની ચૌભંગીનું અવધારણ કરવું જરૂરી છે.

(૧) શુદ્ધ નિશ્ચય સ્વરૂપેઃ-આત્મ શ્રેયાર્થે, શુદ્ધ આત્મ-સ્વ-સ્વરૂપમાં રમણતા કરવી, તે-શ્રેયસ્કારી જાણવી.

(૨) શુદ્ધવ્યવહાર સ્વરૂપેઃ—પરહિતાર્થ કારિત્વ તે,-મંગલકારી જાણવું.

(૩) નિશ્ચય સ્વરૂપની અશુદ્ધતાથીઃ—પરોપકારિતા, તે ક્લેશકારી જાણવી.

(૪) વ્યવહાર સ્વરૂપની અશુદ્ધતામાંઃ—સ્વાર્થપરાયણતા, તે-અપમંગલકારી જાણવી.

**૯૨. પ્રશ્ન** :—સંઘબળ યાને સંગઠનબળ ઉપકારક છે કે અપકારક ?

**૯૨. ઉત્તર** :—કહેવત છે કે "સૌ શાણાઓનો એકમત અને સૌ મૂર્ખાઓના હજાર મત" આ ન્યાયથી સ્પષ્ટ સમજવું જોઈએ કે, શાણાઓનું સંગઠન; સુવિશુદ્ધ શક્તિશાળી હોઇ ઉપકારક હોય છે, જ્યારે સ્વાર્થી મૂર્ખાઓનું સંગઠન, ભાંગફોડીયું હોઈ અપકારક હોય છે.

**૯૩. પ્રશ્ન** :—જૈનશાસ્ત્રમાં પ્રાંચ પ્રકારનો વ્યવહાર-માર્ગ જણાવેલ છે તેમાં આજે તો માત્ર છેલ્લો પાંચમો જીત-વ્યવહાર જ પ્રવર્તે છે, એમ કહેવાય છે તેનું કેમ સમજવું ?

**૯૩. ઉત્તર** :—જૈનધર્મ શાસ્ત્રોમાં, આગમ વ્યવહાર, શ્રુત વ્યવહાર, આજ્ઞા વ્યવહાર, ધારણા વ્યવહાર અને જીત-વ્યવહાર એ પાંચે પ્રકારનો ધર્મ-વ્યવહાર સર્વકાળે મુખ્ય-ગૌણપણે પરસ્પર સાપેક્ષભાવે ઉપકારક જણાવ્યો છે.

અન્યથા કોઇ પણ વ્યવહારમાં એકાંત પક્ષપાતિઓને-અભિનિવેશક મિથ્યાત્વીઓ જણાવ્યા છે.

**૯૪. પ્રશ્ન :**—શું સમ્યક્ત્વ સામાયિક સિવાય-શ્રુત સામાયિક, દેશવિરતિ સામાયિક કે સર્વવિરતિ સામાયિક ન હોઇ શકે?

**૯૪. ઉત્તર :**—ચારે પ્રકારના સામાયિક અનુક્રમે ઉત્તરોત્તર ભાવવિશુદ્ધિને જણાવનાર છે, તેથી પ્રથમના સમ્યક્ત્વ સામાયિક વગર તે પછીના સામાયિકો હોઇ શકે નહિ, તથાપિ ઉપચારે દ્રવ્યથી તો ચારે-સામાયિકો વ્યવહારથી પૃથક્-પૃથક્ સ્વરુપે પણ હોઈ શકે છે.

**૯૫. પ્રશ્ન :**—આત્મા રૂપી છે કે અરૂપી?

**૯૫. ઉત્તર:**—વર્ણ-ગંધ-રસ-સ્પર્શયુક્ત કેવળ પુદ્ગલ દ્રવ્યો જ રૂપી છે, તે સિવાયના આત્માદિ ચારે દ્રવ્યો વર્ણાદિ રહિત હોવાથી અરૂપી છે. તેમ છતાં કર્તૃત્વ પરિણામી ચૈતન્ય ગુણવાળા આત્મદ્રવ્યને, કર્મપુદ્ગલ સંયોગે, પર-પરિણામીપણું હોવાથી, આત્મદ્રવ્યના સ્યાત્ રૂપારૂપીપણાના સ્વરૂપને, નીચે મુજબ નયદૃષ્ટિએ યથાર્થ-અવિરૂદ્ધભાવે જાણવું જરૂરી છે.

**(૧) નૈગમનયની દૃષ્ટિએ :**—પ્રત્યેક આત્માઓ, સ્વ-દ્રવ્યત્વે સામાન્ય સ્વરૂપે તો વર્ણાદિ રહિત અરૂપી છે તેમ છતાં કર્મસંયોગીભાવે કથંચિત્ સ્વતઃ તેમ જ પરતઃ બંને ભાવે પરિણામી હોવાથી સંસારી આત્માઓમાં વિવિધ-

ગતિ-જાતિરૂપે જન્મ-મરણાદિ ભાવે રૂપારૂપી પણું પ્રત્યક્ષ-અવિરોધી છે.

(૨) **સંગ્રહનયદૃષ્ટિએ** :—પ્રત્યેક આત્માઓ, શુદ્ધ-જ્ઞાનાદિ સ્વ-ગુણ સત્તામાં નિત્ય પરિણામી હોવાથી, અરૂપી છે, તેમજ કર્મ પુદ્ગલ સંયોગે પર-પરિણામીભાવે રૂપી પણ છે.

(૩) **વ્યવહાર નયદૃષ્ટિએ** :—પ્રત્યેક આત્મા, પોતાના ઉપશમિક-ક્ષાયિક તેમજ ક્ષાયોપશમિક જ્ઞાનાદિ ગુણ પરિણામમાં પરિણામ પામતો થકો અરૂપી છે. તેમજ તે સાથે સંસારી આત્માના કર્મજન્ય અનેકવિધ યોગ પરિ-ણમનનું રૂપીપણું પ્રત્યક્ષ અવિરોધી છે.

(૪) **ઋજુસૂત્ર નયદૃષ્ટિએ** :—પ્રત્યેક સંસારી આત્માઓ પ્રત્યેક સમયે, યોગ-ઉપયોગ રૂપ ઉભય પરિણ-મનભાવે રૂપી-અરૂપી ઉભય પરિણામી છે, તેમ છતાં એક સાથે બન્ને ધર્મની વિવક્ષા, મુખ્યપણે ન હોઈ શકે તે માટે આત્મ-તત્ત્વને સ્યાદ્ રૂપારૂપી સ્વરૂપી જાણવું જોઈએ.

(૫) **શબ્દનયદૃષ્ટિએ**:—ઔદયિક, તેમજ ઉપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવમાં, મુખ્ય-ગૌણભાવે, બાહિરાત્મભાવમાં, અંતરાત્મ ભાવમાં તેમ જ પરમાત્મ ભાવમાં પરિણામ પામતાં સ-શરીરી આત્માઓની શાસ્ત્રા-નુસારે યથાર્થ-અવિરૂદ્ધરૂપી-અરૂપી સ્વરૂપે ઓળખાણ થવી તે.

(૬) **સમભિરૂઢ નયદૃષ્ટિએ** :—અરૂપી આત્માના

જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ અરૂપી ગુણોના ભિન્ન ભિન્ન પર્યાયોને અરૂપી જાણે છે. તેમ છતાં, ક્ષાયોપશમિક ભાવમાં પૌદ્ગલિક ભાવનું કથંચિત્ રૂપીપણું શાસ્ત્રથી અવિરૂદ્ધ જાણે છે.

(૭) **એવંભૂત નયદૃષ્ટિએ** :—આત્મદ્રવ્યને અરૂપી જાણે છે અને પુદ્ગલ દ્રવ્યને રૂપી જાણે છે તેમજ ઉભય-દ્રવ્યને આશ્રયી પર્યાયોને રૂપારૂપી જાણે છે.

આત્મ-તત્ત્વના નયસાપેક્ષ રૂપારૂપીપણાના ઉપર જણાવેલ સ્વરૂપ સંબંધમાં પરમ-પૂજ્ય-પ્રાતઃ સ્મરણીય-અધ્યાત્મ યોગીરાજ શ્રી આનંદઘનજીએ જણાવ્યું છે કે—

નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ;
રૂપી કહું તો કછું નહિરે, બંધે કૈસે અરૂપ;
રૂપાં રૂપી જો કહું પ્યારે, ઐસે ન સિદ્ધ અનુપ.
નિશાની૦

શુદ્ધ સ્વરૂપી જો કહું રે, બંધ ન મોક્ષ વિચાર;
ન ઘટે સંસારી દશા પ્યારે, પુન્ય-પાપ-અવતાર.
નિશાની૦

સિદ્ધ સનાતન જો કહું રે, ઉપજે-વિણસે કૌન;
ઉપજે-વિણસે જો કહું પ્યારે, નિત્ય-અબાધિત-ગૌણ.
નિશાની૦

સર્વાંગી સબ નય ધની રે, માને સબ પરમાન;

નયવાદી પલ્લો ગ્રહી પ્યારે, કરે લરાઈ ઠાન.
નિશાની૦

અનુભવ–ગોચર વસ્તુ હેરે, જાણવો એહીરે ઈલાજ;
કહન–સુનનકો–કછું નહિ પ્યારે, આનંદઘન મહારાજ
નિશાની૦

૯૬. **પ્રશ્ન** :—જડ–ચેતનાત્મક આ સમસ્ત જગતની ઉત્પત્તિ ક્યારે થઇ? અને તેનો સર્વથા નાશ ક્યારે થશે?

૯૬. **ઉત્તર**:—અનંત જડ–ચેતનાત્મક આ સમસ્ત જગત અનાદિ–અનંત છે એટલે મૂળ જડ દ્રવ્યો, તેમજ આત્મદ્રવ્યોની, કોઈ કાળે કોઈનાથી ઉત્પત્તિ થયેલ નથી, તેમજ તેનો (મૂળ દ્રવ્યોનો) કોઈ કાળે સર્વથા નાશ પણ થવાનો નથી તેમ છતાં પ્રત્યેક દ્રવ્ય વિવિધ હેતુતાએ, શુદ્ધાશુદ્ધ પર્યાય સ્વરૂપે, પ્રત્યેક સમયે–ઉત્પત્તિ–નાશ–તેમજ ધ્રુવભાવે પરિણામ પામતા હોય છે, તેનું સ્વરૂપ ગીતાર્થ–ગુરૂભગવંત પાસેથી જાણી લેવું. અન્યથા–અસત્ કલ્પનાઓ કરવી તે કેવળ મૂર્ખતા જ છે.

૯૭. **પ્રશ્ન** :—સામાન્ય–વ્યવહાર દૃષ્ટિએ; સુધર્મ અને કુધર્મનું સ્વરૂપ સમજાવો?

૯૭. **ઉત્તર** :—જે–જે અનુષ્ઠાનથી–સ્વ–પર આત્મ-શુદ્ધિ થાય, એટલે–મોહ–માયા અને પરવસ્તુ પરના મમત્વ-ભાવથી આત્મા અળગો થાય, તેને વ્યવહાર–સુધર્મ જાણવો,

અને જે-જે યોગ-પ્રવૃત્તિથી સ્વ-પર આત્મભાવમાં વિષય-કષાયની વૃદ્ધિ થાય તેને વ્યવહાર-કુધર્મ જાણવો.

૯૮. પ્રશ્ન :—આત્મા-આત્મશુદ્ધિનો કારક કેવી રીતે બની શકે?

૯૮. ઉત્તર:—જે આત્મા, યથાતથ્ય યોગ-ઉપધાન સહિત, તેમજ અતિચારાદિ રહિત જ્ઞાનગુણનું આરાધન કરે છે, તે આત્માને, સૂત્ર-અર્થ-અને તદુભય થકી સમ્યગ્-દર્શનની પ્રાપ્તિ વડે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અને તે થકી તે આત્મા આત્મશુદ્ધિનો કારક બનીને, સર્વકર્મનો ક્ષય કરી, પરમ સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે. આ માટે કહ્યું છે કે :—

"आत्माऽऽत्मन्येव यच्छुद्धं, जानात्यात्मानमात्मना, ।
सेयं रत्नत्रये ज्ञप्ति, रुच्याचारैकता मुनेः ॥

૯૯. પ્રશ્ન :—ક્રિયાએ-કર્મ, પરિણામે-બંધ, અને ઉપયોગે-ધર્મ, એ ત્રિપદીને, યથાર્થ-અવિરૂદ્ધ સમજાવો?

૯૯. ઉત્તર :—શ્રી જીનશાસનને વિષે, નીચેની હકીકત સર્વ માન્ય છે.

॥ काय-वाङ्-मनः कर्म योगः ॥

॥ स आस्रवः ॥

॥ शुभः पुण्यस्य, अशुभः पापस्य ॥

આથી સ્પષ્ટ સમજાય તેમ છે કે-જે-જે-જીવો જેવા-જેવા-યોગમાં પ્રવર્તે છે, તે મુજબ તે-તે જીવો, અલ્પાધિક

કાર્મણ વર્ગણાઓનું ગ્રહણ કરે છે. આ સાથે વળી પણ કહ્યું છે કે—

"सकषायत्वाज्जीवः कर्मणो योग्यान्पुद्गलानादत्ते, स वन्धः"

આથી સ્પષ્ટ સમજાય તેમ છે કે–જે–જે–જીવો, જેવા–જેવા–તીવ્ર–મંદ કષાય–પરિણામદ્વારા, યોગપ્રવર્તન કરે છે તદ્‌–અનુસારે, તે–તે જીવોને શુભ તેમજ અશુભ પ્રકૃતિ–સ્થિતિ–રસ અને પ્રદેશ સ્વરૂપે તીવ્ર–મંદ–વિપાકી કર્મોનો બંધ થાય છે. આ સાથે વળી પણ કહ્યું છે કે :—

"उपयोगे धर्मः, તેમજ अणुवओगो दव्वं ॥

આથી સ્પષ્ટ સમજાય છે કે–જે–જે આત્માઓ–આત્માર્થશૂન્ય ભાવે–જે–જે યોગ પ્રવૃત્તિઓ કરે છે તે તે દ્રવ્ય ક્રિયાઓથી, તેઓને આત્મ–શુદ્ધિ નથી, પરંતુ ઉપર જણાવ્યા મુજબ કર્મબંધ પ્રાપ્ત થાય છે, જ્યારે જે–જે આત્માર્થી આત્માઓ જે જે ભાવે શાસ્ત્રાનુસારી સમ્યગ્દર્શન, જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધ–ઉપયોગભાવમાં વર્તે છે, તે અનુસારે, તેઓને આત્મશુદ્ધિ પ્રાપ્ત થાય છે.

૧૦૦ પ્રશ્ન:—સમ્યગ્જ્ઞાન થકી સમ્યગ્દર્શન થાય છે, કે–સમ્યગ્દર્શન થકી સમ્યગ્જ્ઞાન થાય છે ?

૧૦૦ ઉત્તર:—દ્રવ્ય સમ્યક્ શ્રુતરૂપ દ્વાદશાંગી (તદ્‌ અન્તર્ગત–નવે તત્ત્વો)ના જ્ઞાન થકી–સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. આ માટે કહ્યું છે કે:—"तन्निसर्गादधिगमाद्वा" તેમજ ચારિત્રહેતુક, ભાવ સમ્યગ્જ્ઞાન–તો ગ્રંથીભેદ થકી–

ક્ષાયોપશમાદિભાવે પ્રાપ્ત, સમ્યગ્દર્શનનું કાર્ય છે અર્થાત્ ગ્રંથીભેદ થકી સમ્યગ્દર્શન થયા પછી–સમસ્ત બોધ જ્ઞાન તે ભાવ સમ્યગ્જ્ઞાનપણાને પામે છે, એમ જાણવું.

આ માટે કહ્યું છે કે:—

" नादंसणीस्स नाणं, नाणेण विना न हुंति चरणगुणा "

**૧૦૧ પ્રશ્ન:**—શું સ્યાદ્‌વાદ જ્ઞાન જ પ્રમાણરૂપ છે? અને તે શું માત્ર શ્રુતજ્ઞાનના વિષયરૂપ જ છે?

**૧૦૧ ઉત્તર:**—મત્યાદિ કોઈ પણ જ્ઞાનનો, સ્વ–પર દ્રવ્ય–ગુણ–પર્યાય સંબંધી એક યા અનેક ધર્મોનો, આત્માર્થે –વિધિ નિષેધ સાપેક્ષ, યથાર્થ–અવિરૂદ્ધ સમ્યગ્બોધ તે પ્રમાણરૂપ છે, અન્યથા અપ્રમાણ જ્ઞાન જાણવું તેમાં શ્રુતજ્ઞાન, સ્વ–પર પ્રકાશક હોઇ, સ્યાદ્‌વાદનો વ્યવહાર મુખ્યતાએ શ્રુત સાપેક્ષ જાણવો.

**૧૦૨ પ્રશ્ન:**—આત્મા શુદ્ધપરિણામી છે કે અશુદ્ધ પરિણામી છે?

**૧૦૨. ઉત્તર:**—પ્રત્યેક આત્મા સ્વતઃ શુદ્ધ પરિણામી છે, તેમજ પરતઃ અશુદ્ધ પરિણામી છે.

**૧૦૩ પ્રશ્ન:**—સાચા મોક્ષ–પુરૂષાર્થી–આત્માના બાહ્ય જીવનની સાચી ઓળખાણ કરાવો?

**૧૦૩ ઉત્તર:**—ઉપરના પ્રશ્નનો ઉત્તર આપતાં થકાં

પ. પૂ. પ્રાતઃસ્મરણીય યોગીરાજ શ્રી ચિદાનંદજીએ જણાવ્યું છે કેઃ—

### પદ

નિરપક્ષ વિરલા કોઇ, અવધુ—નિરપક્ષ વિરલા કોઈ;
દેખ્યા જગ સહુ જોઇ, અવધુ, નિરપક્ષ વિરલા કોઇ;
અવધુ—નિ૦

સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઈ.
અવિનાશીકે ઘરકી બાતાં, જાનેંગે નર સોઈ—
અવધુ—નિ૦

રાવ રંકમે ભેદ ન જાણે, કનક ઉપલ સમ લેખે;
નારી નાગિણીકો નહિ પરિચય, તો શિવ મંદિર દેખે.
અવધુ—નિ૦

નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીશ્વર પુરા, નિત્ય ચઢતે ગુણ ઠાણે.
અવધુ—નિ૦

ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પરે નિત્યા, સુર ગિરિ સમ સુચી ધીરા.
અવધુ—નિ૦

પંકજ નામ ધરાય પંક શું, રહત કમળ જીમ ન્યારા;
ચિદાનંદ ઇસ્યાજન ઉત્તમ, સો સાહિબ કો પ્યારા.
અવધુ—નિ૦

---

શબ્દાર્થઃ—અવધુ=આત્મા, ઉપલ=પત્થર, સાયર=સમુદ્ર.

**૧૦૪. પ્રશ્ન**:—કર્મયોગ અને ધર્મયોગનું સ્વરૂપ સમજાવો ?

**૧૦૪. ઉત્તરઃ**—(૧) મિથ્યાત્વાદિ હેતુએ, મન-વચન અને કાયયોગ દ્વારા કરાતી પુન્ય-પાપરૂપ કર્મબંધની ક્રિયાઓને **અપારમાર્થિક કર્મયોગ જાણવો.**

(૨) મન-વચન અને કાયયોગ દ્વારા, મિથ્યાત્વ-અવ્રત અને કષાયરૂપ આશ્રવભાવોને રોકવા માટે, સમિતિ-ગુપ્તિરૂપ સંવરભાવની ક્રિયાઓને **પારમાર્થિક કર્મયોગ જાણવો.**

(૩) આત્માના, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાદિ ગુણો થકી સંસારિક સુખો મેળવવા માટે-જે-જે ધર્મકરણી કરાય તેને **અપારમાર્થિક ધર્મયોગ જાણવો.**

(૪) પ્રાપ્ત-ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાદિ આત્મિક ગુણો થકી-ક્ષાયિકભાવની પ્રાપ્તિ અર્થે-ગુણશ્રેણી ઉપર ચઢવા માટે-જે-જે આત્મકરણી કરવી તેને **પારમાર્થિક ધર્મયોગ જાણવો.**

**૧૦૫. પ્રશ્નઃ**—અન્યત્ર જણાવેલ, તામસિક-રાજસિક અને સાત્વિક વૃત્તિઓનું સાચું સ્વરૂપ સમજાવો ?

**૧૦૫. ઉત્તરઃ**—પાંચે ઇન્દ્રિયોના (૨૩) વિષયોને પોષવા માટે, કષાયની મુખ્યતાવાળો ઉત્કટ અવિવેકી પરિણામ-તે **તામસિકવૃત્તિ જાણવી,** તેમજ વિષય-કષાયને

પોષવા માટે પરોપકારિતા-સાપેક્ષ તપ-ત્યાગાદિનો પરિણામ, **તે રાજસિકવૃત્તિ જાણવી,** જ્યારે કેવળ આત્માર્થ સાધવા માટે, પરભાવનો ત્યાગ કરવા પૂર્વક, ક્ષાયોપશમિક આત્મિક ગુણો વડે, ક્ષાયિકભાવે **આત્મભાવમાં સ્થિર થવાની વૃત્તિ તે સાત્વિકવૃત્તિ જાણવી**-અન્યથા સમુચ્છિંમ-વૃત્તિ જાણવી.

**૧૦૬. પ્રશ્નઃ**—ક્રોધ-માન-માયા અને લોભ એ ચારે કષાયોને જીતવાનો અનુક્રમ બતાવો ?

**૧૦૬. ઉત્તરઃ—વ્યવહારનય દૃષ્ટિની મુખ્યતાએ,** જે ક્રોધને જીતે છે, તે માનને જીતે છે. જે માનને જીતે છે તે માયાને જીતે છે. જે માયાને જીતે છે તે લોભને જીતે છે. **જ્યારે નિશ્ચયનયની મુખ્યતાએ,** જે લોભને જીતે છે તે માયાને જીતે છે. જે માયાને જીતે છે તે માનને જીતે છે. જે માનને જીતે છે તે ક્રોધને જીતે છે. કષાય તે મોહનો પરિણામ છે, અને મોહ તો સમ્યગ્જ્ઞાન થકી જ જીતાય છે એમ જાણવું.

**૧૦૭. પ્રશ્નઃ**—પૂર્વાચાર્યોએ-આત્મ શુધ્ધ્યર્થે સામાન્ય-તયા કેવો ઉપદેશ આપેલો છે ?

**૧૦૭. ઉત્તર**—પૂર્વાચાર્ય રચિત **તત્ત્વબોધક** અષ્ટપદી.

(૧) રૂપાદિકકો દેખવો, કહન કહાવન કૂટ;
ઇંદ્રિય યોગાદિક બળે, એ સબ લૂંટાલૂંટ.

(૨) સ્વ-પર વિકલ્પે વાસના, હોત અવિદ્યા રૂપ;
તાતે બહુરિ વિકલ્પમય, ભરમજાળ અંધકૂપ.

(૩) દેહાદિક આતમ ભ્રમી, કલ્પે નિજ-પર ભાવ;
આતમ જ્ઞાની જગ લહે, કેવળ શુદ્ધ સ્વભાવ.

(૪) કેવળ આતમ બોધ હે, પરમારથ શીવ પંથ;
તામે જીનકૂં મગનતા, સોઇ ભાવ નિરગ્રંથ;

(૫) મોહ બાગુરી જાલ-મન, તામે મૃગ મત હોઉ;
પામે જે મુનિ નહિ પરે, તાકુ અસુખ ન હોઉ.

(૬) મુગતિ દુરિ તાકુ નહિ, જાકુ થિર સંતોષ;
દૂર મુગતિ તાકુ સદા, જાકુ અવિરત પોષ.

(૭) યોગા રંભીકુ અસુખ, અંતર બાહિર સુખ;
સિદ્ધ યોગીકું સુખ હે, અંનર બાહિર દુઃખ.

(૮) ત્યાગ-ગ્રહણ બાહિર કરે, મૂઢ કુશળ અતિરંગ;
બાહિર અંતર સિદ્ધકું, નહિ ત્યાગ અરૂ સંગ.

૧૦૮. પ્રશ્ન—વર્તમાન કાળને અનુલક્ષીને આત્માર્થે-હ્રેયોપાદેયતાનું સ્વરૂપ સમજાવો ?

૧૦૮. ઉત્તરઃ—વર્તમાન કાળમાં-હિતાહિત પ્રબો-ધક અષ્ટપદી.

(૧) રાગ–દ્વેષને કામ ક્રોધના, તાપને ત્યાગ મનાવીને;
અંધારે આથડતાં અંધો, સત્ય–ક્ષમા–ઉત્થાપીને.

(૨) આત્મતત્ત્વમાં ભ્રાંત ભિક્ષુકો, ધર્મના ધંધ મચાવે છે;
અહિંસા કાજે–હિંસાકારી, આરંભો–અપનાવે છે.

(૩) જેવું કરે તેવું સૌ પામે, નિશ્ચે શાણા સમજે;
પર પરિણતી અપની કરી માની, મુરખ કલેશ-ઉપાવે.

(૪) ધર્મ–કર્મનો કર્તા આતમ, ભોકતા પણ છે પોતે;
કર્મનું ફળ તે કર્મજ જાણી, ધર્મી ધર્મ વિમાસે.

(૫) સુખં ધર્માત્–દુઃખં પાપાત્,
એ અવિચળ સત્ય અવધારીને;
શાશ્વત સુખને સાધે બુધ જન,
કર્મના બંધન તોડીને.

(૬) સર્વકાળે જગમાં દીસે, પુન્ય–પાપનું યુદ્ધ;
બન્ને સાચા માની માચે, ધર્મ–મર્મમાં મુગ્ધ.

(૭) ભકિતવાદે, નગ્નતા–નાદે, ભ્રાંત ભગતડા નાચે છે;
વિષય–કષાયમાં મુગ્ધ–મિમાંસક
માયા–મમતા–પોષે છે.

(૮) કર્તા-કર્મને-ક્રિયા શુદ્ધિના, ત્રિવિધ એકત્વ તાલે;
સાધ્ય-સાધન શુદ્ધિએ સાધક,
અજર-અમર પદ સાધે.

शिवमस्तु सर्व जगतः, परहित-निरताभवंतुभूतगणाः ।
दोषा प्रयांतु नाशं, सर्वत्र सुखीभवतुलोकः ॥

× × ×

उपसर्गाः क्षयं यांति, छिद्यंते विघ्नवल्लयः
मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे
सर्व मंगल-मांगल्यं, सर्व कल्याण कारणम्
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम्

સંપાદક
સિદ્ધાંત પાક્ષિક
પંડિત શાંતિલાલ કેશવલાલની
સબહુમાન વંદના

